૧૫૦૦મી ઈદે મીલાદુન્નબી صلى الله عليه وسلم ની
ઉજવણી નિમિત્તે અણમોલ કિતાબ...

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

# ગુલદસ્તએ
# સીરતુન્નબી صلى الله عليه وسلم

:: અઝ ::

અતાએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હાફિઝ વ કારી હઝરત અલ્લામા

**મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી**

(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)

**અનુવાદક**

**પટેલ શબ્બીર અલી રઝવી**

(ખલીફા હુઝૂર તાજુશ્શરીઅ رحمة الله عليه, તંત્રી બરકાતે ખ્વાજા માસિક)

**અંજુમને રઝાએ મુસતફા/સુન્ની દા'વતે ઈસ્લામી**
C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ
પિન.૩૯૨૦૨૦, **મો. ૯૪૨૭૪૬૪૪૧૧, ૯૬૬૪૫૨૧૪૭૭**

પ્રકાશન નં. ૨૮૩ | આવૃત્તિ–૧ | પ્રત : ૩૦૦૦
૧૯–મુહર્રમુલ હરામ | હિ.સ. ૧૪૪૭ | જુલાઈ–૨૦૨૫

હદીયો રૂા. ૧૦૦/-

## અનુક્રમણિકા


| | |
|---|---|
| *તકરીઝે જલીલ (પ્રશંસાના ઉચ્ચ બે બોલ)* | 09 |
| **લેખકના બે બોલ** | 14 |
| **પ્રસ્તાવના** | 16 |
| ખૈરુલ અનામના આગમન પહેલાં દુનિયા ગુમરાહીથી ભરપુર હતી | 28 |
| યહૂદી કૌમ (ઈસ્રાઈલીઓ)ના હાલાત | 28 |
| નસારા (ઈસાઈ) કૌમના હાલાત | 30 |
| મજૂસી (અગ્નિપૂજક) કૌમના હાલાત | 32 |
| હિંદવાસીઓની હાલતો | 33 |
| અરબવાસીઓના હાલાત | 34 |
| **મુસ્તફા ﷺનું આગમન** | 38 |
| નૂરે મુસ્તફા ﷺ અદલા બદલી | 38 |
| વિલાદત પહેલાં બરકાતે મુસ્તફા ﷺનો ઝહૂર | 40 |
| ગયબી નિદા (પોકાર) | 41 |
| હઝરત અબ્દુલ્લાહ رضي الله عنهની વફાત | 41 |
| વિલાદત મુબારક | 42 |
| રબીઉલ અવ્વલના પીરના દિવસની પસંદગી | 43 |
| પીર (સોમવાર)નો રોઝો | 44 |
| નૂરાની વાદળ | 44 |
| કાબા ઝુકી ગયો ! | 46 |
| કિસ્રાનો મહેલ ધ્રુજી ઉઠયો | 46 |
| મૂર્તિ બોલી ઉઠી | 47 |
| **બિઅ્‌ષતે મુસ્તફા ﷺ (નબુવ્વતનું જાહેર થવું)** | 49 |
| વહીની શરૂઆત | 50 |

| | |
|---|---|
| પઢવાથી ઈન્કારનું કારણ | 51 |
| મક્કા તરફ પરત થવું | 51 |
| હુઝૂર ﷺ વરકા બિન નોફેલની પાસે | 52 |
| **રસૂલ ﷺને દુનિયામાં મોકલવાના હેતુઓ** | 55 |
| કુર્આનની તિલાવત | 55 |
| દિલોની સફાઈ | 56 |
| કુર્આન થકી તઝકિયા (સફાઈ) | 58 |
| ઝિક્રે ઈલાહી થકી તઝકિયા (સફાઈ) | 61 |
| નવાફિલ થકી તઝકિયા | 62 |
| રોઝાઓ થકી તઝકિયા (દિલોની સફાઈ) | 63 |
| તઝકિયા (દિલોની સાઈ)થી શું હાંસલ થાય ? | 66 |
| **કિતાબ તથા હિકમતની તાલીમ** | 72 |
| હુઝૂર ﷺનો ઈલ્મ | 72 |
| હુઝૂર ﷺની તાલીમ | 74 |
| મુસ્તફા ﷺની તાલીમની વિશિષ્ટતાઓ | 76 |
| અસલ ઈલ્મ | 78 |
| દીનનો ગલ્બો (દીનનું છવાઈ જવું) | 78 |
| હિદાયત તથા દીને હક્ક઼ | 79 |
| હિદાયતના મર્તબાઓ | 79 |
| વાંધો અને તેનો જવાબ | 80 |
| દીન શું છે ? | 81 |
| દીને હક્ક઼ શું છે ? | 85 |
| **નબી ﷺના મોજિઝાઓ** | 92 |
| મોજિઝો શું છે ? | 92 |

| | |
|---|---|
| ચાંદ બે ટુકડા થઈ ગયો | 93 |
| સૂરજ પલ્ટાઈ આવ્યો | 94 |
| બીમારોનું સાજા થવું | 95 |
| પથ્થરની શીલા વિખેરાય ગઈ | 96 |
| મૂર્તિઓ ગબડી પડી | 96 |
| પહાડોનું સલામ કરવું | 97 |
| પહાડનું હાલવું | 97 |
| મુઠ્ઠીભર માટીનો કમાલ | 97 |
| ઝાડ ચાલીને આવ્યું | 98 |
| લાકડાની તલ્વાર | 99 |
| જાનવરોનું સજદો કરવું | 100 |
| ઊંટની ફરિયાદ | 101 |
| ઉમ્મે સુલૈમ رضی اللہ عنہا ની રોટલીઓ | 101 |
| હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ની થેલી | 102 |
| ખાણામાં બરકત | 103 |
| મુબારક આંગળીઓથી નહેરો વહી | 103 |
| **સરાપાએ રસૂલ ﷺ** | 105 |
| મૂએ મુબારક | 105 |
| ચેહરે અન્વર | 106 |
| જબીને સઆદત (પેશાની મુબારક) | 109 |
| ભવાં મુબારક | 109 |
| મુબારક આંખો | 110 |
| કાન મુબારક | 112 |
| હોઠ મુબારક અને દાંત મુબારક | 113 |

| | |
|---|---|
| મોંઢુ મુબારક | 114 |
| ઝબાન મુબારક | 114 |
| દાઢી મુબારક | 115 |
| ગરદન તથા ખભો | 115 |
| પીઠ મુબારક | 115 |
| મુહરે નબુવ્વત | 116 |
| બગલ મુબારક | 116 |
| દસ્તો બાઝૂએ મુબારક (હાથો તથા બાવડાં) | 116 |
| પેટ મુબારક તથા સીના મુબારક | 117 |
| ગુઠણ મુબારક તથા મુબારક પગો | 117 |
| કૃદ મુબારક | 117 |
| **મુસ્તફા ﷺ ના અખ્લાક઼ તથા આદતો** | **119** |
| તવાઝોઅ–આજીજી નમ્રતા | 121 |
| હુસ્ને મુઆશેરત – સદ્ વહેવાર | 122 |
| હયા (શરમ) | 124 |
| વાયદાની પાબંદી | 125 |
| અદ્લ (ન્યાય) | 125 |
| વક઼ાર (પ્રતિષ્ઠા તથા પ્રભાવ) | 127 |
| ખોરાક વિશે હિદાયત | 127 |
| ખોરાક વિશે હિદાયત | 128 |
| અયાદત (બીમારપુર્સી) | 128 |
| ઈલાજ | 129 |
| સદક઼ો તથા હદિયો | 129 |
| **હુઝૂર ﷺના પ્રિય ખોરાકો** | **130** |

| | |
|---|---|
| ઘઉં તથા જવની રોટી | 130 |
| ચાવલ | 131 |
| બકરાનો ગોશ્ત | 131 |
| મરઘીનો ગોશ્ત | 132 |
| માછલી | 132 |
| પનીર (માખણ) | 133 |
| હરીરા (ગેંસ) | 133 |
| કદ્દુ શરીફ (દૂધી) | 133 |
| ષરીદ | 134 |
| સિરકો | 135 |
| ખજૂર | 136 |
| મધ | 137 |
| અંજીર | 137 |
| **નબવી દુઆઓ** | 139 |
| દુનિયા તથા આખેરતની ભલાઈઓ માટે | 139 |
| દરેક બલાથી નજાતના માટે | 139 |
| બેચેનીના સમયની દુઆ | 139 |
| બીમારીઓથી શિફા માટે | 140 |
| મુસીબત પર નેઅમલ બદલ (બદલો) મળવાની દુઆ | 140 |
| કરજ અદા થવાની દુઆ | 140 |
| માલદારી તથા ખુશહાલી માટે દુઆ | 141 |
| ખાવા ખાધા પછીની દુઆ | 141 |
| જ્યારે કોઈ નેઅમત મળે તો આ દુઆ પઢે | 141 |
| સૂવાની દુઆ | 141 |

| | |
|---|---|
| સૂઈને ઉઠો તો આ દુઆ પઢો | 141 |
| જ્યારે નવો પોશાક પહેરો તો આ દુઆ પઢો | 141 |
| સફરની દુઆ | 141 |
| **રિસાલત તથા નબુવ્વત** | 143 |
| નબીનો શાબ્દિક અર્થ | 143 |
| રસૂલ અને નબી | 143 |
| શું અકીદો રાખીએ ? | 143 |
| ઈસ્મતે અંબિયા (નબીઓ પવિત્રતા) | 144 |
| ઈલ્મે ગયબ | 145 |
| અંબિયા (નબીઓ) ની ફઝીલત | 146 |
| નબીઓની સંખ્યા | 146 |
| નબીઓના દરજાઓ | 147 |
| અંબિયાની હયાત | 148 |
| **જરૂરી નોંધ** | 148 |
| ખાતમુલ અંબિયા ﷺ વિશે ખાસ અક઼ીદા | 149 |
| હુઝૂર ﷺનો કમાલ | 150 |
| હુઝૂર ﷺની શફાઅત | 150 |
| હુઝૂર ﷺનો અધિકાર (અખત્યાર) | 151 |
| ખત્મે નબુવ્વત | 152 |
| **ઉમ્મત પર હુઝૂર ﷺના હક઼ો** | 153 |
| ઈમાન બિર્રસૂલ | 154 |
| રસૂલ ﷺની ઈત્તેબાઅ (પયરવી) | 154 |
| ઈતાઅતે રસૂલ (રસૂલ ﷺનું આજ્ઞાપાલન) | 156 |
| મહબ્બતે રસૂલ ﷺ | 157 |

| | |
|---|---|
| તાઝિમે રસૂલ ﷺ | 159 |
| રસૂલ ﷺની પ્રશંસા કરવી | 160 |
| દુરૂદ શરીફ | 161 |
| **અમુક દુરૂદના શબ્દો ફઝાઈલ સાથે** | **164** |
| દુરૂદે રઝવિય્યહ તથા તેના ફઝાઈલ તથા ફાયદાઓ | 164 |
| "દુરૂદે રઝવિય્યહ" પઢવાનો તરીક઼ો | 165 |
| દુરૂદે શિફા શરીફ | 166 |
| સલાતે હલ્લે મુશ્કિલાત (મુશ્કેલીઓ હલ માટેનું દુરૂદ) | 166 |
| પઢવાનો તરીકો | 167 |
| ઝિયારતે રોઝએ રસૂલ ﷺ | 167 |
| **મોહસિને ઈન્સાનિયત ﷺનો દુનિયાના ઈન્સાનોના નામે વિશ્વવ્યાપી સંદેશ** | **170** |
| **સીરતે મુસ્તફા ﷺનો આઈનો** | **174** |
| મુસ્તફા ﷺના જીવનના અમુક બનાવો એક  નજરમાં | 174 |
| હુઝૂર ﷺના પત્રો દુનિયાના રાજાઓના નામે | 177 |
| હુઝૂર ﷺના પત્રો દુનિયાના રાજાઓના નામે | 177 |
| હુઝૂર રહમતુલ્ લિલ્આલમીન ﷺની પાક બીવીઓ | 178 |
| **મુસ્તફા ﷺના ગઝવાત** | **179** |
| ઈદે મીલાદની સાબિતી અને મનાવવાનો તરીકો | 180 |
| સુન્નતે ઈલાહિયા | 182 |
| સહાબાએ કિરામ મીલાદ કેવી રીતે મનાવતા ? | 183 |
| મીલાદુન્નબી ﷺની હક઼ીક઼ત | 185 |
| ઈદે મીલાદ મનાવવાનો ફાયદો | 187 |


❀ ❀ ❀

# તકરીઝે જલીલ

## (પ્રશંસાના ઉચ્ચ બે બોલ)

**અઝ : હઝરત અલ્લામા મુફ્તી મુહમ્મદ ઝુબેર બરકાતી મિસ્બાહી**

*(ખતીબો ઈમામ ગૌષિયા મસ્જિદ, અબ્દુલગફૂર ખાન સ્ટ્રીટ, કુર્લા–મુંબઈ)*

વિશ્વ કક્ષાએ માનવોના પીડાજનક હાલાતને જોઈને એક સમજદાર દર્દમંદ માનવ લોહીનાં આસુંએ રડવા લાગે છે. જાહેરી માલ સંપત્તિ તથા દોલતની ભરમાર તો છે પણ દિલી તથા રૂહાની સુકૂન તો તદ્દન ખત્મ થઈ ચૂકેલ છે. ખાસ કરીને પશ્ચિમી દેશો સામાન્ય તથા ટેકનોલોજીમાં ઘણી પ્રગતિઓ તો કરી ચૂક્યા છે પણ ત્યાંના મોટાભાગના તથા અધિકતર રહેવાસીઓ સખત બેચેની તથા અસંતોષની જિંદગી ગુજારી રહ્યા છે. ઘણા બધા લોકોનો તો એ હાલ છે કે દિલી સુકુન ન મળવાના સબબે આત્મહત્યા કરવા માટે મજબૂર થાય છે અને આત્મહત્યા કરવા માટે નિતનવા તરીક઼ા અપનાવવામાં આવી રહ્યા છે. પશ્ચિમવાસીઓ ભૌતિક પ્રગતિઓની હદે પહોંચવા છતાં અસંખ્ય પરેશાનીઓમાં સપડાયેલા છે.

વૈજ્ઞાનિક પ્રગતિએ પશ્ચિમવાસીઓને એટલા વ્યસ્ત કરી આપ્યા છે કે રૂહના સંતોષ (આત્માના સંતોષ)ની તરફ તેમનું કોઈ ધ્યાન ન રહ્યું. આજે તેઓ પોતે પણ બેચેન છે અને દુનિયાને પણ બેચેન કરી રાખેલ છે.

એ જ પ્રમાણે આપસમાં પ્રેમભાવ તથા દોસ્તીનો અભાવ જે એકાંત, પીડા તથા ખુદબેઝારી (અસંતોષ)નો સબબ છે, એ પરેશાનીઓના કારણે એશ આરામના સામાન્ય અતિશયતા છતાં દિલી સંતોષથી વંચિત છે. તેમની નજીક જઈને તેમનાં દિલોની તલાશી લેવામાં આવે તો યક઼ીનન ! ૯૫% લોકો દુ:ખી જોવા મળે છે, તેમનાં દિલ મુઝાયેલાં બની ચૂક્યાં છે અને તેઓ અતિશય નિરાશાઓના સાયામાં ઘેરાયેલા છે. અત્યારે સમજબુઝવાળા દર્દમંદ ચિંતકોને અનુભવોની રોશનીમાં એ ખબર પડી ગઈ છે કે સામાન્ય

જે એમની પ્રગતિનું સૌથી મોટો દાદર છે એની પાસે પણ માનવ દિલોનાં દુ:ખોનો ઈલાજ બિલ્કુલ નથી.

આ પરેશાનીઓના હંગામાઓમાં ક્યાંક ઉમ્મીદની કિરણ નજર આવે છે તો તે સરવરે કાઈનાત ફખ્રે મૌજૂદાત મુહમ્મદર્રસૂલુલ્લાહ ﷺની હયાતે પાક તથા સીરતે તયબહ (પવિત્ર જિંદગી) છે. જે ધ્રુસ્કાં ભરી રહેલી ઈન્સાનિયત માટે મસીહા તથા ફિત્રી અને શાફી ઈલાજ છે અને માનવ જીવનને સમતોલ, ખુશ હાલ, પાકીઝા તથા બાબરકત બનાવવા માટે એક મહાન વસીલો (માધ્યમ) પણ છે. આજે પણ જો દુનિયાને આર્થિક તથા સામાજિક અમ્ન હાંસલ થઈ શકે છે તો તે સીરતે તયબહ (હુઝૂર ﷺની પવિત્ર જિંદગી) જ છે.

કાશ ! વર્તમાનકાળ સર્વ કોમો ખાસ કરી પશ્ચિમવાસીઓ હુઝૂરે અક્દસ ﷺની પવિત્ર જિંદગી (સીરતે તયબહ)નો પૂર્વગ્રહ તથા સંકૂચિત દષ્ટિના ચશ્મા કાઢીને ગંભીરતાપૂર્વક અભ્યાસ કરે તો યક઼ીનન ! તે નિરાશાઓની ચુંગાલમાંથી નીકળીને દિલી રાહત તથા સુકૂનની જન્નતમાં પહોંચી શકે છે, તેમના સમાજનું સુકૂન યથાવત થઈ જશે.

સરવરે કાઈનાત રૂહી ફિદા ﷺની સીરતે પાક (પવિત્ર જિંદગી)નો જે પાસાથી પણ અભ્યાસ કરવામાં આવે તે એટલી સમૃધ્ધ તથા સંપૂર્ણ જોવા મળશે કે દરેક યુગના માણસો માટે એનાથી બેહતર અન્ય કોઈ અમલનો નમૂનો છે જ નથી. આશ્ચર્યની વાત તો એ છે કે ૧૪૦૦ વરસોનો લાંબો અરસો પસાર થઈ ગયા બાદ પણ સીરતે તયબહ આજે પણ પોતાની અસલ સ્થિતિમાં મેહફૂઝ છે જ્યારે કે સમયની ક્રાંતિઓએ હજાર પાસાં બદલ્યાં, વિવિધ પ્રકારની પ્રકૃતિઓ પ્રદર્શિત થઈ, પૃથ્વીવાળાઓ પર વિવિધ સંસ્કૃતિઓ તથા સામાજિક અંદાઝની છાપો પડતી રહી, મોટાભાગના ધાર્મિક પેશવાઓની જિંદગીઓ તેમના મૃત્યુના અમુક વરસો પછી બદલી નાખવામાં આવી, પણ સરકારે દોઆલમ ﷺની પવિત્ર જિંદગી (જીવન ચરિત્ર) જેમની તેમ આજે પણ મેહફૂઝ તથા સલામત છે, તે ખુદ નથી બદલાયી પણ બગાડેલા માનવોના જાહેર તથા અંતરને બદલી નાખ્યાં. સીરતે

તયબહનો ગહરી નજરથી અભ્યાસ કર્યા બાદ એ મેહસૂસ થાય છે કે બાદશાહ હોય કે પ્રજા, સેનાપતિ હોય કે સૈનિક, અમીર હોય કે ગરીબ, પુરૂષ હોય કે સ્ત્રી, વૃધ્ધ હોય કે યુવાન, શહેરી હોય કે ગામડાવાસી હોય દરેકની ઉમદા તથા બેહતરીન જિંદગીના માટે આ જ માપદંડ ઘડવામાં આવેલ છે.

દીન તથા દુનિયાના વિભાજનનો ખયાલ પશ્ચિમની સૌથી મોટી કરૂણતા છે. એ વિભાજનના ખયાલથી સાંપ્રદાયિક ભેદભાવનો એહસાસ પેદા થયો જેણે આજે પૂરા માનવવંશને ટુકડા ટુકડા કરીને રાખી દીધેલ છે, એનુ જ પરિણામ આજે મૂડીવાદ તથા સામ્યવાદના જુલ્મના સ્વરૂપમાં જોવા મળે છે. આ જાલિમાના વ્યવસ્થાની તબાહીથી બચવાનો એક જ ઝરીયો સીરતે તયબહ (નબી ﷺનું પાક જીવનચરિત્ર) જ છે. કેમ કે હુઝૂર ﷺની પાકીઝા તાલીમાતે ખાનદાનો તથા કબીલાઓના ભેદભાવને તબાહી તથા બર્બાદીનો સૌથી મોટો રસ્તો ઠરાવીને ભાઈચારો તથા મહોબ્બત અને આપસી પ્રેમભાવ તથા દોસ્તીને એક મહાન નેઅમત ઠરાવી જેના આધાર પર અરબવાળાઓના દરમિયાન થનારી પૂરાણી કબીલાઓવાળી જંગોનો ખત્મો થઈ ગયો, આખી દુનિયાએ રાહત તથા સંતોષનો શ્વાસ લીધો. એની સ્પષ્ટ તર્જુમાની કુર્આન મુક઼દસની આ આયતે કરીમાથી થાય છે.

وَاذْكُرُوْا نِعْمَةَ اللّٰهِ عَلَيْكُمْ اِذْ كُنْتُمْ اَعْدَآءً فَاَلَّفَ بَيْنَ قُلُوْبِكُمْ فَاَصْبَحْتُمْ بِنِعْمَتِهٖ

اِخْوَانًا وَكُنْتُمْ عَلٰى شَفَا حُفْرَةٍ مِّنَ النَّارِ فَاَنْقَذَكُمْ مِّنْهَا

''અને અલ્લાહના એ એહસાનને યાદ કરો જ્યારે તમે એકબીજાના દુશ્મન હતા, પછી અલ્લાહે તમારા દિલોમાં ઉલ્ફત (મહોબ્બત) રાખી દીધી, બસ તમે તેની મહેરબાનીથી આપસમાં ભાઈ ભાઈ બની ગયા અને તમે જહન્નમના કિનારે પહોંચી ચૂક્યા હતા પછી તેણે તમને તેનાથી બચાવી લીધા.'' *(સૂ. આલે ઈમરાન, ૩/૧૦૩)*

આજે પણ દુનિયાને હુઝૂરે અક઼દસ ﷺની અતા કરેલી આ મહાન નેઅમતની સખત જરૂરત છે જેને સબબે માનવ સમાનતા અને ભાઈચારા

તથા મહોબ્બતનું વાતાવરણ સ્થાપિત થયું.

હું પૂરી ચેલેંજની સાથે કહી રહ્યો છું કે જે દિવસે પશ્ચિમવાળાઓ આ મહાન નેઅમત પામી લેશે તે દિવસથી વિશ્વ કક્ષાએ થનારા આતંકવાદનો ખાત્મો થઈ જશે અને સાથો સાથ જ તેઓ જે ભયાનક ભય તથા બેચેનીમાં સપડાયેલા છે એનાથી એમને મુક્તિ મળી જશે.

વર્તમાનકાળમાં વિશ્વકક્ષાએ અમુક દેશો તથા અમુક વ્યક્તિઓ ઈસ્લામ તથા મુસલમાનો વિરૂધ્ધ પ્રોપેગન્ડા (દુષ્પ્રચાર) કરવામાં મશગૂલ છે અને એના માટે પોતાની સર્વ શક્તિઓ ખર્ચી રહેલ છે, પણ ઈસ્લામ છે કે વૃધ્ધિ પામી રહ્યો છે, મોજાં મારતા સમુદ્રની જેમ ખૂબ જ ઝડપભેર વધતો જઈ રહ્યો છે જ્યારે કે મુસલમાનો પાસે એમની સરખામણીમાં ભૌતિક સબબો તથા માધ્યમો છે ન તો વિશ્વકક્ષાએ એવું કોઈ મિશન છે જે પ્રચાર માટે સક્રિય રીતે કાર્યરત હોય.

એના બારામાં અમે તો એ જ કહીશું કે રસૂલુલ્લાહ ﷺની તાલીમાત તથા આપની સીરતે પાકની પાકીઝગી જ છે જે સમજદાર દિમાગોને ઝંઝોળ ીને તેમના દિલો દિમાગમાં ઘર કરતી જઈ રહી છે. આપની સીરતે પાકે જ બગડેલા ઈન્સાનોના દિમાગ તથા મિજાઝને બદલી નાખ્યા, સખત દિલોને નરમ કરીને જાલિમોને રહમો કરમના આદી બનાવી દીધા.

અને અમારો તો એ દાવો છે કે આજે જે પૂરી દુનિયામાં ઈસ્લામ ફેલાય રહ્યો છે તે કોઈ અન્ય લાલચમાં નહીં બલ્કે કેવળ અને કેવળ હુઝૂરે અક્દસ ﷺના જીવનચરિત્રને જોઈને, કેમ કે જીવનચરિત્રનો તેમણે જ્યારે ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો તો તેઓ એટલા પ્રભાવિત થયા કે ઈસ્લામના દામનમાં આવીને સુકૂનની દોલત હાંસલ કરી લીધી.

હુઝૂર સરવરે કાયનાત ﷺની સીરતે તયબહ (જીવનચરિત્ર) પર દરેક દૌરમાં ઉલમાએ કિરામે કિતાબો લખી અને માનવ જગતની સામે એક અસરકારક જીવન બંધારણ રૂપે પેશ કર્યું. જેમનામાં કેટલીક કિતાબો તો એટલા પ્રમાણમાં વિગતવાર અને જાડી (મોટી) છે કે સામાન્ય મુસલમાન તેના અભ્યાસની હિંમત નથી કરી શકતો અને કેટલીક એટલા પ્રમાણમાં

સંક્ષિપ્ત છે કે દિમાગની પહોંચ નબી પાક ﷺના જીવનના મહત્વના પાસાંઓ સુધી નથી પહોંચવા પામતી, એટલા માટે એક એવી કિતાબની સખત જરૂરત મેહસૂસ કરવામાં આવી રહી હતી જે ટૂંકી તથા જામેઅ (સમૃધ્ધ) હોવાની સાથોસાથ ઉલમા તથા અવામ બંનેના માટે એક સમાન ફાયદાકારક હોય અને હયાતે નબવીનાં તે મહત્વનાં પાસાંઓ પર પ્રકાશ વેરવામાં આવ્યો હોય કે તેનો અભ્યાસ બંને જહાનની ખુશનસીબીઓ, બરકતો અને કામયાબી તથા કામરાનીની જમાનત પૂરો પાડી રહ્યો હોય.

અમીરે સુન્ની દાવતે ઈસ્લામી મૌલાના મુહમ્મદશાકિર અલી નૂરી مدظله العالی એ એ જરૂરતને મેહસૂસ કરીને પ્રસ્તુત કિતાબ "ગુલદસ્તએ સીરતુન્નબી ﷺ" સંપાદિત કરી. આ કિતાબમાં લેખકે જન્મ મુબારક પહેલાંના દુનિયાના હાલાત, તશરીફ આવરીના મકસદો, સરાપાએ રસૂલ, અખ્લાકો આદાતે રસૂલ અને આઈનએ સીરતુન્નબી ﷺ વગેરે પર ટૂંકાણમાં પણ સમૃધ્ધ ચર્ચા કરી છે. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની બારગાહમાં દુઆગો છું કે આ કિતાબને ખાસ તથા આમ લોકોમાં મકબૂલ ફર્માવે અને મુસ્લિમ ઉમ્મતને એના થકી દુનિયા તથા આખેરતમાં આ'લા કદર તથા મંઝિલત (મર્તબો) અતા ફર્માવે. આમીન

***–ફકીર બરકાતી મુહમ્મદ મિસ્બાહી અફી અન્હૂ***

*(૧–રબીઉલ અવ્વલ, હિ.સ. ૧૪૨૮)*

**હમ્દે બારી તઆલા**

શાયર : જનાબ 'જિગર' નવીપુરી, લંડન

હર હર કદમ, નસીબ હો ઐસી ડગર મુઝે
રેહતી હો જુસ્તજુ, તેરી શામો સહર મુઝે

ઈમાન કી દૌલત સે તુ ઐસા નવાઝ દે
યા રબ તેરે કરમ કા મિલે કોઈ દર મુઝે

કુદરત તેરી અયાં હૈ જમાને મેં ચાર સૂ
હૈ કુછ મસલેહત, ન આએ તુ નઝર મુઝે

કિસ તરહ જાન સકતા મૈં તેરે વુજૂદ કો
ખૈરુલ બશર દિખાતે ન રસ્તા અગર મુઝે

હર હાલ મેં તેરી રઝાસે હું મુતમઈન
તુને અતા કિયા હૈ કલ્બો જિગર મુઝે

# લેખકના બે બોલ

એક લાંબા અરસાથી એ ખયાલ દિમાગ હતો કે રહમતે આલમ નૂરે મુજસ્સમની ﷺ બઅષતે મુબારક (તશરીફ આવરી)ના હેતુઓ અને આપની હયાતે પાકના મહત્વનાં પાસાંઓ જે કુર્આન તથા હદીષમાં વર્ણવવામાં આવેલ છે તેને એકત્ર કરીને કિતાબી સ્વરૂપમાં પ્રકાશિત કરવામાં આવે કે જેથી તાજદારે કાઈનાત ﷺના મહાન કારનામાંઓથી લોકો બાખબર થાય અને આપની અઝમત તથા રિફઅત (ઉચ્ચતા) તેમનાં દિલોમાં બેસી જાય અને તેમની ઉલ્ફત તથા મહોબ્બતમાં જિંદગીની ઘડીઓ ગુજારવાનો સલીકો મયસ્સર થાય.

અલ્હમ્દુલિલ્લાહ ! આફ્રિકાના દોરામાં મોકા પર મલાવીથી જ્યારે અમે લુસાકા (ઝાંબિયા) પહોંચ્યા તો ૨૦ મુહર્રમુલ હરામ હિ.સ. ૧૪૨૮ જુમ્આના રોજ ફજરની નમાઝ બાદ અલ્હાજ અબ્દુલ્લાહ મીમ સાહબના દોલતખાના પર નબીયે અકરમ તાજદારે અરબો અજમ ﷺના મૂએ મુબારકને દિલ તથા નિગાહમાં વસાવીને આ કિતાબને લખવાનું શરૂ કર્યું એ ઉમ્મીદ પર કે કલમ મારો છે અને ઝિક્ર ખાલિકે લોહો કલમના મહબૂબનો, તો ઈન્શા અલ્લાહ ! મૂએ મુબારક તથા જુમ્આના દિવસની બરકતો તેમજ રહમતે આલમ ﷺની અનહદ ઈનાયતો જરૂર કામમાં સામેલ રહેશે.

આ કિતાબના સંપાદનનો મકસદ એના સિવાય કાંઈ નથી કે ઝિક્રે રહમતે આલમ ﷺના ત્યાગ તથા કુર્બાનીના બનાવો કોમની સામે પેશ કરીને ત્યાગ તથા કુર્બાનીની ભાવના મો'મિનોનાં દિલોમાં પેદા કરવામાં આવે, અને આ હકીર ફકીરને રસૂલે આઝમ ﷺની રઝા તથા ખુશ્નુદી હાંસલ થઈ જાય.

હકીકત તો એ છે કે જિંદગીભરમાં કોઈ એક કામ અલ્લાહ ﷻ એવું લઈ લે જેનાથી તેના પ્યારા મહબૂબ ﷺ રાજી થઈ જાય તો દુનિયા તથા આખેરત બંને સંવરી જાય. સાચુ કહ્યું છે ઈમામે અહલે સુન્નત, ફખ્રે ઝમીન, સૈયદી સરકાર આ'લા હઝરત ઈમામ અહમદ રઝાંખાં عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ એ.

*કામ વો લે લીજિયે તુમકો જો રાઝી કરે*
*ઠીક હો નામે 'રઝા' તુમપે કરોળોં દુરૂદ*

અને આ કિતાબના સંપાદનમાં એ મકસદ પણ નજરો સમક્ષ હતો કે ઝિક્રે રસૂલ ﷺના ઝરીયાથી ખયાલોની દુનિયામાં મદીના મુનવ્વરાની ગલીઓને ચૂમવા પહોંચી જઈએ અને પોતાની ક઼િસ્મત પર નાઝ કરતાં આ મુજબ ગણગણીએ :–

*ઉસ ગલીકા ગદા હૂં મૈં જિસમેં – માંગતે તાજદાર ફિરતે હૈં*

છેવટમાં વિનંતિ છે કે આ હક઼ીર ફક઼ીરથી કિતાબના સંપાદનમાં કોઈ લગ્ઝિશ રહી ગઈ હોય તો જાણ કરશો અને ઈમાન પર ખાત્માની દુઆ કરશો અને દુઆ કરશો કે તાજદારે કાઈનાત ﷺની મહોબ્બત તથા ઈતાઅતમાં જિંદગીની ઘડીઓ પસાર થઈ જાય.

*કરમે નબીના અભિલાષી*
***મુહમ્મદશાકિર અલી નૂરી***
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

**મુનવ્વર મેરી આંખોં કો મેરે શમ્સુદુહા કર**

મુનવ્વર મેરી આંખોં કો મેરે શમ્સુદુહા કર દે
ગમોં કી ધૂપ મેં વોહ સાયએ ઝુલ્ફે દુતા કર દે

જહાંબાની અતા કર દે ભરી જન્નત હિબા કર દે
નબી મુખ્તારે કુલ હૈ જિસ્કો જો ચાહે અતા કર દે

જહાંમે આમ પૈગામેં શહે અહમદ રઝા કર દે
પલટ કર પીછે ફિરસે તજવીદે વફા કર દે

નબીસે જો હો બેગાના ઉસે દિલસે જુદા કર દે
પિદર માદર બિરાદર માલો જાં ઉન્પે ફિદા કર દે

જહાંમેં ઉન્કી ચલતી હૈ વોહ દમમેં ક્યાસે ક્યા કર દે
ઝમીં કો આસ્માં કર દે સુરૈયા કો સરા કર દે

મુઝે ક્યા ફિક્ર હો 'અખ્તર' મેરે યાવર હૈ વોહ યાવર
બલાઓં કો જો મેરી ખુદ ગિરફતારે બલા કર દે

# ✻ પ્રસ્તાવના ✻

باسمہ‌تعالیٰ‌وبعون‌المصطفیٰ ﷺ

*સબ ચમકવાલે ઉજલોંમેં ચમકા કિયે*

*અંધે શીશોંમેં ચમકા હમારા નબી*

હઝરત આદમ અલા નબીય્યિના علیہ السلام થી લઈને હુઝૂર રહમતે આલમ ﷺ સુધી લગભગ એક લાખ ચોવીસ હજાર અથવા બે લાખ ચોવીસ હજાર અંબિયાએ કિરામ علیہم السلام તશરીફ લાવ્યા. સૌએ માણસોને એક જ પયગામ આપ્યો. જેમ કે કુર્આને કરીમમાં મૌજૂદ છે :–

وَ لَقَدْ بَعَثْنَا فِیْ كُلِّ اُمَّةٍ رَّسُوْلًا اَنِ اعْبُدُوا اللّٰهَ وَ اجْتَنِبُوا الطَّاغُوْتَ "અને બેશક ! દરેક ઉમ્મતમાં અમે એક રસૂલ મોકલ્યો કે અલ્લાહને પૂજો અને શૈતાનથી બચો." *(સૂ. નહ્‌લ, આ. ૩૫)*

દુનિયામાં જેટલા પણ અંબિયાએ કિરામ તશરીફ લાવ્યા સૌએ એક ખુદાની ઈબાદતની દાવત આપી અને સિરાતે મુસ્તકીમ પર (સીધા માર્ગે) ચાલવા હુકમ આપ્યો. ખુશનસીબોએ એ હઝરાતની દાવત પર લબ્બૈક કહીને ઈસ્લામની આગોશમાં પનાહ લીધી, અને જેઓ શક્કી તથા બદબખ્ત હતા તેઓ આ દાવતને કબૂલ કરવાથી મેહરૂમ રહ્યા.

અંબિયાએ કિરામ علیہم السلام ની મુક઼દ્દસ જમાઅતને દાવત તથા તબ્લીગની રાહમાં જે તકલીફો તથા મુસીબતોનો સામનો કરવો પડયો એના માટે કુર્આન તથા હદીષો ગવાહ છે. ભલાઈની દાવત આપનારા, બુરાઈથી રોકનારા, કામયાબીના ધોરી માર્ગે ચલાવનારા અને મઅબૂદે બરહક઼્ક઼ની બારગાહમાં નિયાઝમંદીથી પેશાની ઝુકાવવાની તાલીમ આપનારા આ મુક઼દ્દસ ગિરોહ (વર્ગ)ને માનવોથી કોઈ લાલચ કે લોભ ન હતો, બલ્કે તેઓ અલલ એલાન એ જ કહેતા હતા : اِنْ اَجْرِیَ اِلَّا عَلَى اللّٰهِ "મારો બદલો તો

નથી પણ અલ્લાહ પર.''

છતાં પણ ઘમંડ તથા અહંકારમાં ડૂબેલા લોકો નાફર્માની તથા બગાવતના ઝંડાને ઉઠાવીને દરેક પ્રકારની તકલીફ પહોંચાડવામાં વ્યસ્ત રહેતા અને અંબિયાએ કિરામ عَلَيۡهِمُ السَّلَام પોતાની જિમ્મેદારીઓનો ખૂબ જ સારી રીતે ખૂબીપૂર્વક સબ્રો રઝાની સાથે નિભાવતા ચાલ્યા જતા અને રાહે ખુદામાં આવનારી દરેક મુસીબતનું હસતે મુખે સ્વાગત કરીને દાવત તથા ઈર્શાદની ફરજો અંજામ આપતા રહ્યા. કેમ કે રહમતે આલમ ﷺને દરેક નબીનો કમાલ અતા કર્યો હતો, એટલે જે કમાલો અલગ અલગ રીતે અન્ય નબીઓમાં હતા તે તમામ કમાલો અલ્લાહે રહમતે આલમ ﷺની જાતમાં ભેગા કરી આપ્યા. કોઈક શાયરે શું સરસ કહ્યું છે :

*હુસ્ને યૂસુફ દમે ઈસા યદે બયઝા દારી*
*આંચે ખૂબાં હમા દારંદ તૂ તન્હા દારી*

દરેક નબીનું દાવત તથા તબ્લીગનું વર્તુળ ખાસ કૌમ અથવા પછી ખાસ કબીલા સુધી સીમિત રહ્યું પરંતુ રહમતે આલમ ﷺ કોઈ ખાસ કૌમ અને કોઈ ખાસ કબીલા માટે નબી બનીને નથી આવ્યા બલ્કે આદમની સર્વ ઔલાદ આપના દાવતનું સંબોધન પામનારા (મુખાતબ) હતા. જેમ કે અલ્લાહ عَزَّوَجَلَّએ ફર્માવ્યું : قُلۡ يٰۤاَيُّهَا النَّاسُ اِنِّىۡ رَسُوۡلُ اللّٰهِ اِلَيۡكُمۡ جَمِيۡعًا ''તમે ફર્માવો ! હે લોકો ! હું તમારા સૌની તરફ અલ્લાહનો રસૂલ છું.''

*(સૂ. અઅ્રાફ, આ. ૧૫૭)*

પયગંબરે આ'ઝમ ﷺ કુલ બની નૂએ ઈન્સાની (સર્વ માનવો) માટે નબી બનાવીને મોકલવામાં આવ્યા, જેથી દરેક માનવી પર હુઝૂર ﷺ પર ઈમાન લાવવું ફર્ઝ છે. એટલા માટે કે હુઝૂર ﷺ કેવળ નબી બનીને તશરીફ નથી લાવ્યા બલ્કે આખરી નબી બનીને તશરીફ લાવ્યા, હવે હુઝૂર ﷺ બાદ કોઈ નવો નબી આવશે નહીં.

ઈતિહાસ સાક્ષી છે કે આ દૌરમાં પણ લોકોની પ્રગતિ તથા ઉન્નતી હુઝૂર ﷺના ફર્માનની પયરવીમાં જ સમાયેલ છે. જે લોકોએ હુઝૂર ﷺની

રિસાલત તથા નબુવ્વતનો સ્વીકાર કર્યો અને તાલીમે રસૂલ ﷺ પર અમલ કરતા રહ્યા તેઓ દુનિયાના નકશા પર કામયાબ તથા કામરાનની હૈસિયતથી છવાઈ ગયા. હુઝૂર ﷺએ ગુલામોને તાજદાર બનાવી દીધા અને જે લોકોએ ઈન્કાર કર્યો તેઓ સગા હોવા છતાં પણ જહન્નમના અઝાબને પાત્ર થયા.

મોહસિને ઈન્સાનિયત રહમતે આલમ ﷺ સર્વ માનવ જાતને હિદાયતની દોલતથી માલામાલ કરવા માટે તશરીફ લાવ્યા. જેમ કે કુર્આને પાકમાં છે :–

وَمَآ اَرْسَلْنٰكَ اِلَّا كَآفَّةً لِّلنَّاسِ بَشِيْرًا وَّ نَذِيْرًا وَّلٰكِنَّ اَكْثَرَ النَّاسِ لَا يَعْلَمُوْنَ ٥

"અને હે મહબૂબ ! અમે તમને મોકલ્યા પણ (એવી રિસાલત સાથે જે સર્વ લોકોને ઘેરનારી છે) ખુશખબરી આપતા અને ડર સંભળાવતા, પરંતુ ઘણુ લોકો નથી જાણતા." *(સૂ. સબા, આ. ૨૮)*

આ આયતથી જાણવા મળ્યું કે હુઝૂર સૈયદે આલમ ﷺની રિસાલત આમ (સર્વ સામાન્ય) રિસાલત છે કે સર્વ ઈન્સાન એના ઘેરાવમાં છે, ગોરા હોય કે કાળા, અરબી હોય કે અજમી, આગલા હોય કે પાછલા સૌના માટે આપ રસૂલ છે અને તેઓ સૌ આપના ઉમ્મતી છે.

હુઝૂર સૈયદે કૌનેન ﷺ ઈર્શાદ ફર્માવે છે, "મને પાંચ ચીજો એવી અતા ફર્માવવામાં આવી છે જે મારાથી પહેલાં કોઈને આપવામાં ન આવી : (૧) એક મહીનાના અંતરના રૂઆબથી મારી મદદ કરવામાં આવી. (૨) સર્વ પૃથ્વીનું પટ મારા માટે મસ્જિદ અને પાક કરવામાં આવ્યું કે જ્યાં મારા ઉમ્મતીને નમાઝનો સમય થાય ત્યાં નમાઝ પઢી લે. (૩) મારા માટે ગનીમતો હલાલ કરવામાં આવી જે મારાથી પહેલાં કોઈના માટે હલાલ ન હતી. (૪) મને શફાઅતનો મર્તબો અતા કરવામાં આવ્યો. (૫) અન્ય અંબિયા ખાસ પોતાની કૌમની તરફ મોકલવામાં આવતા હતા અને હું સૌની તરફ મોકલવામાં આવ્યો છું. *(મુસ્લિમ, તિર્મિઝી, ઈબ્ને માજહ)*

મારા પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ ! આ હદીષે પાકમાં

રસૂલે કાઈનાત ﷺના ખાસ ફઝાઈલનું વર્ણન છે જેમનામાં એક મહત્વની ફઝીલત આપની રિસાલતનું આમ હોવું છે જે સર્વ જિન્નો તથા માનવોને સમાવે છે.

એક અન્ય મક઼ામ પર રબનો ઈર્શાદ છે :– تَبٰرَكَ الَّذِیْ نَزَّلَ الْفُرْقَانَ عَلٰی عَبْدِهٖ لِیَكُوْنَ لِلْعٰلَمِیْنَ نَذِیْرَا ۙ "ઘણી બરકતવાળો છે જેણે ઉતાર્યું કુર્આન પોતાના બંદા પર જે સર્વ આલમને ડર સંભળાવનાર છે. *(સૂ. ફુર્કાન, આ–૧)*

ઉપરોક્ત આયતે કરીમામાં હુઝૂર ﷺની આમ રિસાલતનું વર્ણન છે કે આપ સર્વ કાઈનાત (સૃષ્ટિ)ની તરફ રસૂલ બનાવીને મોકલવામાં આવ્યા, જિન્નત હોય કે માનવી કે ફરિશ્તા કે અન્ય મખ્લૂક઼ો સૌ આપના ઉમ્મતી છે, કેમ કે عَالَم (આલમ) અલ્લાહ સિવાયનાને કહે છે અને عَالَمમાં સૌ સામેલ છે, ફરિશ્તાઓને એનાથી બહાર કરવા વિના દલીલ છે.

અને નબી અકરમ ﷺએ ખુદ આદેશ ફર્માવ્યો : اُرْسِلْتُ اِلَی الْخَلْقِ كَافَّةً એટલે "હું સર્વ ખલ્ક઼ની તરફ રસૂલ બનાવીને મોકલવામાં આવ્યો છું." હઝરત મુલ્લા અલી ક઼ારી رحمۃ اللہ علیہએ મિર્ક઼ાતમાં આ હદીષની શરહમાં ફર્માવ્યું, "સર્વ મૌજૂદાતની તરફ જિન હોય કે ઈન્સાન, ફરિશ્તાઓ કે પ્રાણીઓ કે નિર્જીવ ચીજો, હુઝૂર પૂરી મખ્લૂક઼ના નબી છે. આ મસ્અલાની સંપૂર્ણ તેહક઼ીક઼ હઝરત ઈમામ કુસ્તલાની رحمۃ اللہ علیہની મવાહિબે લદુન્નિયામાં છે, જેને વિગત વધુ જાણવી હોય તે એ કિતાબનો અભ્યાસ કરે.

ખુદા તઆલાનો આદેશ છે : وَمَآ اَرْسَلْنٰكَ اِلَّا رَحْمَةً لِّلْعٰلَمِیْنَ "અને અમે તમને નથી મોકલ્યા પણ રહમત સર્વ ઈન્સાનો માટે." *(સૂ. અંબિયા, આ. ૧૦૭)*

આ આયતે કરીમામાં ખુદ રબ્બુલ આલમીન પોતાના મહબૂબની શાન જાહેર કરી રહ્યો છે કે જો હું સર્વ કાઈનાતનો પાલનહાર છું તો મારો મહબૂબ સર્વ કાઈનાતના માટે રહમત જ રહમત છે. આ લક઼બથી કોઈ નબીને

અલ્લાહે નવાઝયા નથી. આ લકબ કેવળ અને કેવળ હુઝૂર ખાતમે પયગંબરાં ﷺને અતા કર્યો છે. આખુ કુર્આન એના માટે સાક્ષી છે, જેથી આમ રિસાલતની સાથે આમ રહમત પણ મૌજૂદ છે અને ખુદ રહમતે આલમ ﷺએ પોતાની દુઆઓથી લઈને પોતાની ફિકર (ચિંતન)માં કદી કૌમને સામેલ નથી કરી અને ન કબીલાને અને હમવતનને, બલ્કે જ્યારે પણ દુઆ કરી સર્વ ઉમ્મતના માટે દુઆ કરી. અને જન્મતી વખતે અને વિસાલના વખતે દુઆ કરી તો પણ સર્વ ઉમ્મતના માટે દુઆ કરી. જેથી આવી અઝમતવાળા રસૂલની ઉમ્મતમાં હોવા પર આપણે જેટલો ગર્વ લઈએ ઓછો છે. તે લોકો કેટલા કમનસીબ છે જેઓ ઈસ્લામ અને પયગંબરે ઈસ્લામના હવાલાથી ગુસ્તાખીપૂર્ણ વર્તાવ કરે છે અને ઈસ્લામને ફસાદ (ઝઘડા) ફેલાવનારો મઝહબ કહે છે.

કાશ ! આવા લોકો પોતાની આંખોએથી પૂર્ણગ્રહના ચશ્મા હટાવીને રહમતે આ'લમ ﷺની સીરતે પાકનો અભ્યાસ કરતા તો તેમને ખબર પડી જાત કે પૂરી દુનિયાને અમ્નો સલામતીનો ગહવારા (અમ્નનું સ્થળ) અને ઝઘડાળુ કૌમને શાંતિના ઝંડાધારી કોણે બનાવ્યા ?

આજે આતંકવાદના નામ પર મુસ્લિમ જગત પર ચઢાઈ કરનારી પશ્ચિમી તથા યહૂદી શક્તિઓને કોણ સમજાવે કે જે ધર્મના માનવાવાળાઓને તમે આતંકવાદી કહો છો ઈન્સાફ પસંદ અવામ (પબ્લિક) એ જ ધર્મને કબૂલ કરવાના માટે બેચેન તથા બેક઼રાર છે, અને આતંકવાદનો ઢોંગ રચનારી આ જાલિમ તથા સામ્રાજ્યવાદી (લોકોને ગુલામ બનાવનારી) શક્તિઓ ઈસ્લામને આતંકવાદ કહી રહી છે. આતંકવાદને મિટાવવાના નામ પર ખુદ આતંકવાદ અને નિર્દોષ મુસલમાનો પર જુલ્મ તથા જબરદસ્તી કરીને ન્યાયપ્રિય પબ્લિકની આંખમાં ધૂળ નથી ફેંકી શકાતી.

આવો ! જુઓ કે રહમતે આલમ ﷺએ કેવી રીતે આતંકવાદનો ખાત્મો કર્યો અને દુનિયાને અમ્નનો ગહવારો (શાંતિનું સ્થાન) બનાવ્યો.

પ્રથમ તો આજના આતંકવાદ અને રહમતે આલમ ﷺના જમાનાના આતંકવાદમાં ઘણો ફરક છે. આજનો આતંકવાદી અન્યોની

વસ્તીઓ તથા ઘરોને ઉજાડે છે, બાળકો બાળકીઓને યતીમ કરે છે, અને તેમને મોતને ઘાટ ઉતારીને મા બાપની આંખોનું નૂર છીનવી લે છે. આવા ત્રાસવાદી સમાજમાં અમુક જ હોય છે. પરંતુ રહમતે આલમ ﷺના દૌરે પાકમાં આતંકવાદી અધિક સખત દિલ હતા અને અમુક નહીં બલ્કે દરેક ઘરમાં આતંકવાદી મૌજૂદ હતા.

ઈતિહાસ સાક્ષી છે કે જાહિલિયતના દૌરમાં જો કોઈ ઘરમાં બાળકીનો જન્મ થતો તો બાપ તેને પોતાના માટે શરમની વાત સમજતો અને પોતાના જ હાથો વડે પોતાની જ પુત્રીને જીવતી દફન કરી દેતો ! કેવા ત્રાસવાદી હતા એ જમાનાના લોકો જેઓ પોતાના જ જિગરના ટુકડાને પોતાના જ હાથો વડે જીવતો દફન કરવામાં કોઈ ખચકાટ પણ મેહસૂસ કરતા ન હતા. પરંતુ રહમતે આલમ ﷺએ એ આતંકવાદીઓ (ત્રાસવાદીઓ)ના પથ્થર જેવા દિલને પોતાની તાલીમ તથા તર્બિયતના થકી એવા મીણ બનાવી દીધા કે પુત્રીને મારી નાખવાની રસમનો ખાત્મો કરીને રાખી દીધો. અને દુનિયાએ પોતાની માથાની આંખો વડે જોયું કે પોતાની પુત્રીઓને જીવતી દફનાવી દેનારાઓ હવે કેવળ પોતાની જ પુત્રીઓની પરવરિશ નથી કરી રહ્યા બલ્કે બીજાઓની પુત્રીઓની જિમ્મેદારી લઈને આતંકવાદને મૂળમાંથી ઉખાડી ફેંકવાની કોશિશમાં વ્યસ્ત થઈ ગયા.

બતાવો ! આ ત્રાસવાદીઓને અમ્ન પસંદ કોણે બનાવ્યા ?! સ્વીકારવું પડશે કે રહમતે આલમ ﷺએ જ તેમની જિંદગીમાં ક્રાંતિમય તબદીલી પેદા કરી. આજે પણ જો દુનિયા આતંકવાદથી મુક્તિ મેળવવા ચાહે છે તો રસૂલેપાક ﷺના દામનમાં આવી જાય અને મુસ્તફા ﷺની તાલીમાતને આમ કરે અને પૂર્વગ્રહના ચશ્મા તોડીને સ્વીકાર કરે કે ઈસ્લામ અને પયગંબરે ઈસ્લામ ﷺ જ આતંકવાદના ખાત્માનો ઝરીયો છે. ખૈર, વાત આગળ નીકળી ગઈ. વાત ચાલી રહી હતી કે હુઝૂર રહમતે આલમ ﷺની શાને રહમતે સર્વ આલમને ઘેરેલ છે. અલ્લાહ તઆલાની રબૂબિયત જ્યાં જ્યાં છે હુઝૂર ﷺની રહમત ત્યાં ત્યાં છે અને આ શરફ (બુઝુર્ગી) અંબિયામાં કેવળ મારા પ્યારા આકા મુહમ્મદે અરબી ﷺને મયસ્સર થયો.

હવે આપ જુઓ કે કાર્યક્ષેત્ર જેટલુ વિશાળ હશે તો તકલીફો પણ એટલી જ વધારે હશે. એ જ કારણે અન્ય અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام ની તકલીફો તથા મુસીબતોની સરખામણી જો આપણે રહમતે આલમ ﷺ ની મુસીબતો તથા પીડાઓ સાથે કરીએ છીએ તો આપની તકલીફો તથા મુસીબતો સૌથી અધિક જોવા મળે છે. જેમ કે નબુવ્વતની ઝબાન આ હકીકતથી પર્દો ઉઠાવે છે : "રાહે ખુદામાં સર્વ નબીઓથી વધુ મને સતાવવામાં આવ્યો છે." *(અલ્ બિદાયા વન્નિહાયા, ભાગ–૩)*

અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام ની સરખામણીમાં દાવત માટેની જમીન પણ સરકાર રહમતે આલમ ﷺ ને સખત કઠીન આપવામાં આવી. દરેક નબી ગુલો લાલાની (હરીયાળી) જમીન પર તશરીફ લાવ્યા પરંતું તાજદારે કાઈનાત ﷺ રેતીના રણમાં મોકલવામાં આવ્યા જ્યાં ન હરીયાળી ન લીલોતરી ન પાણી બલ્કે ડગલે ને પગલે જમીન તથા આસ્માનની ગરમીનો તાપ માણસની ચામડી તથા દિમાગને દઝાડે છે. જમીન તો પથ્થરની હતી જ, માનવ પથ્થરની ઈબાદત કરતાં કરતાં પથ્થરો જેવા સખત તરીન થઈ ચૂક્યા હતા. એવામાં રસૂલે આ'ઝમ ﷺ ને પથ્થર દિલ ઈન્સાનોના દિલોમાં તૌહીદની શમ્અ જલાવવાની જિમ્મેદારી સોંપવામાં આવી. દુનિયાએ જોયું કે પથ્થર દિલ માનવોને ૨૩ વર્ષના નબુવ્વતના દૌરમાં પોતાની મહોબ્બત અને પોતાના દિલનશીન અખ્લાક઼ તથા કમાલો વડે એવા સંવાર્યા કે અંબિયા સિવાય માનવ ઈતિહાસમાં એવા ઈન્સાન નથી મળતા. કોઈને સિદ્દીકે઼ અકબર, કોઈને ફારૂકે઼ આ'ઝમ, કોઈને ઉષ્માને ગની અને કોઈને હૈદરે કર્રાર જેવા અજોડ માનવી બનાવીને દુનિયાના દરેક લીડર તથા રહનુમાના માટે એક નિશાન છોડી આપ્યું કે તમારાથી થઈ શકે તો લાવો આ રસૂલેપાક ﷺ ના શાગિર્દો જેવા તારાઓ !

યાદ રાખશો ! દરેક નબીના કમાલોનો સ્વીકાર એ આપણુ ઈમાન છે. અમે ન કોઈ નબીના કમાલોનો ઈન્કાર કરીને ઈમાનથી હાથ ધોઈ શકીએ છીએ અને ન તેમના મર્તબાઓમાં કમી કરવામાં સપડાયને અલ્લાહના ગઝબને દાવત દઈ શકીએ છીએ. આપણે તો કુર્આને મુક઼દ્દસના આ કાનૂનના

આમિલ છીએ અને રહીશું :–

قُوْلُوْآ اٰمَنَّا بِاللّٰهِ وَ مَآ اُنْزِلَ اِلَيْنَا وَ مَا اُنْزِلَ اِلٰی اِبْرٰهٖمَ وَ اِسْمٰعِيْلَ وَ اِسْحٰقَ وَيَعْقُوْبَ وَ الْاَسْبَاطِ وَمَا اُوْتِیَ مُوْسٰی وَ عِيْسٰی وَمَا اُوْتِیَ النَّبِيُّوْنَ مِنْ رَّبِّهِمْ لاَ نُفَرِّقُ بَيْنَ اَحَدٍ مِّنْهُمْ وَ نَحْنُ لَهٗ مُسْلِمُوْنَ

"આ પ્રમાણે કહો કે અમે ઈમાન લાવ્યા અલ્લાહ પર, અને એના પર જે અમારા તરફ ઉતર્યું અને જે ઉતારવામાં આવ્યું ઈબ્રાહીમ તથા ઈસ્માઈલ તથા ઈસ્હાક તથા યાકૂબ અને એમની ઔલાદ પર, અને જે અતા કરવામાં આવ્યા મૂસા તથા ઈસા, અને જે અતા કરવામાં આવ્યા બાકી નબીઓ અમારા રબની પાસેથી, અમે એમનામાં કોઈનામાં ઈમાનમાં ફરક નથી કરતા અને અમે અલ્લાહની હુઝૂર ગરદન રાખેલા છીએ." *(સૂ. બક઼રહ, ૨/૧૬૩)*

જેથી આપણે દરેક નબી પર ઈમાન રાખીએ છીએ અને દરેક નબીના કમાલો તથા મોજિઝાઓને માનનારા છીએ. એટલા માટે કે એક નબીનો પણ ઈન્કાર અસલમાં સર્વ નબીઓનો ઈન્કાર છે.

જેવો કે અલ્લાહ ﷻએ ઈર્શાદ ફર્માવ્યો :–

وَ قَوْمَ نُوْحٍ لَّمَّا كَذَّبُوا الرُّسُلَ اَغْرَقْنٰهُمْ وَ جَعَلْنٰهُمْ لِلنَّاسِ اٰيَةً

"અને નૂહ (عليه السلام)ની ક઼ૌમને જ્યારે તેમણે રસૂલોને જૂઠલાવ્યા અમે તેમને ડૂબાડી દીધા અને તેમને લોકોના માટે નિશાની કરી દીધા."

*(સૂ. ફુર્ક઼ાન, આ. ૩૭)*

નૂહ عليه السلامની ક઼ૌમનું રસૂલોને જૂઠલાવવાથી મુરાદ બનાવની રૂએ સર્વ રસૂલોને નથી કેવળ હઝરત નૂહ عليه السلامને જૂઠલાવવું હતું, પરંતુ કુર્આને એક રસૂલને જૂઠલાવવાને રસૂલોને જૂઠલાવવું ઠરાવ્યું, કેમ કે દરેક નબીની દાવત એક જ રહી કે અલ્લાહની બંદગી કરો અને તાગૂત (શૈતાન)થી બચો. એટલા માટે કોઈ એકનો ઈન્કાર હક઼ીક઼તમાં એ તૌહીદની દાવતનો ઈન્કાર છે જેના માટે અલ્લાહ ﷻએ એમને મોકલ્યા.

કુર્આને પાકમાં છે :–

وَقَالُوْا كُوْنُوْا هُوْدًا اَوْ نَصٰرٰى تَهْتَدُوْا ط قُلْ بَلْ مِلَّةَ اِبْرٰهِيْمَ حَنِيْفًا ط وَمَا كَانَ مِنَ
الْمُشْرِكِيْنَ o قُوْلُوْآ اٰمَنَّا بِاللّٰهِ وَ مَآ اُنْزِلَ اِلٰى اِبْرٰهِيْمَ وَ اِسْمٰعِيْلَ وَ اِسْحٰقَ وَ يَعْقُوْبَ وَ
الْاَسْبَاطِ وَمَآ اُوْتِيَ مُوْسٰى وَ عِيْسٰى وَمَآ اُوْتِيَ النَّبِيُّوْنَ مِنْ رَّبِّهِمْ ج لَانُفَرِّقُ بَيْنَ اَحَدٍ مِّنْهُمْ
وَنَحْنُ لَهٗ مُسْلِمُوْنَ o فَاِنْ اٰمَنُوْا بِمِثْلِ مَآ اٰمَنْتُمْ بِهٖ فَقَدِ اهْتَدَوْا ج وَاِنْ تَوَلَّوْا فَاِنَّمَا هُمْ فِيْ
شِقَاقٍ ج فَسَيَكْفِيْكَهُمُ اللّٰهُ ج وَهُوَ السَّمِيْعُ الْعَلِيْمُ o

''અને કિતાબી બોલ્યો, યહૂદી કે નસ્રાની થઈ જાવ રાહ પામશો. તમે ફર્માવો, બલ્કે અમે તો ઈબ્રાહીમનો દીન લઈએ છીએ જે દરેક બાતિલથી અલગ હતા અને મુશ્રિકોમાંથી ન હતા. એવું કહો કે અમે ઈમાન લાવ્યા અલ્લાહ પર અને એના પર જે અમારી તરફ ઉતર્યું અને જે ઉતારવામાં આવ્યું ઈબ્રાહીમ તથા ઈસ્લામ તથા ઈસ્હાક઼ તથા યાકૂબ અને તેમની ઔલાદ પર, અને જે અતા કરવામાં આવ્યા બાકી અંબિયા પોતાના રબની પાસેથી, અમે એમનામાંથી કોઈના પર ઈમાનમાં ફરક નથી કરતા, અને અમે અલ્લાહની હુઝૂર ગરદન રાખેલા છીએ. પછી જો તેઓ પણ એ જ પ્રમાણે ઈમાન લાવે જેવું તમે લાવ્યા ત્યારે તો તેઓ હિદાયત પામી ગયા, અને જો મોં ફેરવે તો તેઓ નર્યી હઠમાં છે. તો હે મહબૂબ ! નજીકમાં જ અલ્લાહ તેમના તરફથી તમને કિફાયત કરશે, અને તે જ છે સાંભળતો જાણતો.

*(સૂ. બક઼રહ, ૨/૧૩૫ થી ૧૩૭)*

મારા પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ ! યહૂદી તથા નસારા (ઈસાઈઓ)એ પોત પોતાના દીનમાં ફેરફાર તથા તબદીલી કરીને દીનની અસલ સૂરતને મિટાવી દીધી હતી. તેમનામાંથી દરેક પોતાના સ્વરચિત દીનને દીને ઈલાહી બતાવતો હતો, અને તેને નજાતનો ઝરીયો સમજીને લોકોને કહેતો હતો કે જો નજાત ચાહો છો તો અમારા દીનમાં સામેલ થઈ જાવ. યહૂદી કહેતા હતા કે અમારો દીન હક્ક઼ છે, નસારા દાવો કરતા હતા કે નસરાનિયત હક્ક઼ છે. અલ્લાહ તબારક વ તઆલા બંનેની બુરાઈ વર્ણવીને ઈર્શાદ ફર્માવે છે કે દીને ઈબ્રાહીમીમાં ફેરફાર તથા તબદીલી કરીને તમે નવા દીન બનાવી લીધા. તમારા સ્વ રચિત બાતિલ અકીદાઓથી હઝરત ઈબ્રાહીમ عليه السلامને દૂરનો પણ કોઈ સંબંધ નથી, ન તે યહૂદી હતા ન નસ્રાની,

તે તો ઈસ્લામના દાઈ હતા, તેમનો દીન દીને ઈસ્લામ જ હતો.

એક જગાએ પરવરદિગારે આલમ ફર્માવે છે :–

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا اٰمِنُوْا بِاللّٰهِ وَ رَسُوْلِهٖ وَ الْكِتٰبِ الَّذِىْ نَزَّلَ عَلٰى رَسُوْلِهٖ وَ الْكِتٰبِ الَّذِىْ اُنْزِلَ مِنْ قَبْلُ ؕ وَ مَنْ يَّكْفُرْ بِاللّٰهِ وَ مَلٰٓئِكَتِهٖ وَ كُتُبِهٖ وَ رُسُلِهٖ وَ الْيَوْمِ الْاٰخِرِ فَقَدْ ضَلَّ ضَلٰلًاۢ بَعِيْدًا ○

"હે ઈમાનવાળાઓ ! ઈમાન રાખો અલ્લાહ અને અલ્લાહના રસૂલ પર અને એ કિતાબ પર જે પોતાના તે રસૂલ પર ઉતારી, અને એ કિતાબ પર જે પહેલાં ઉતારી. અને જે ન માને અલ્લાહ અને તેના ફરિશ્તાઓ અને કિતાબો અને રસૂલો અને કયામતને તો જરૂર તે દૂરની ગુમરાહીમાં પડયો.

*(સૂ. અંબિયા, આ. ૧૩૬)*

આ આયતના હેઠળ હઝરત અલ્લામા મુફતી અહમદ યારખાં સાહબ કિબ્લા નઈમી قدس سرہٗ લખે છે : "હે તે લોકો ! જેઓ ઈમાન લાવી ચૂક્યા હજી પોતાના પર સંતુષ્ઠ ન થાવ, હજી મંઝિલ દૂર છે. રાહમાર ઘણા છે, ઈમાન પર મરતા દમ સુધી કાયમ રહો કે અલ્લાહ પર તેના રસૂલ મુહમ્મદ ﷺ પર અને એ કિતાબ પર જે એમના પર ધીરે ધીરે ઉતરી, અને સર્વ કિતાબો પર જે આગલા નબીઓ પર ઉતરી, ઈમાન સ્વીકારેલા રહો. એમાંથી કોઈ ચીજનો ઈન્કાર પોતાના દિલમાં ન આવવા દો. યાદ રાખો કે ઘણો પૂરાણો મુસલમાન પણ જો અલ્લાહ તઆલા અથવા તેના ફરિશ્તાઓ અથવા એની કોઈ કિતાબ અથવા તેના કોઈ રસૂલનો અથવા કયામતનો ઈન્કાર કરી બેસે તો તે એવો નીચલી કક્ષાનો ગુમરાહ થશે જેને ઈમાનથી કોઈ સંબંધ ન રહેશે.

ફર્માને બારી તઆલા છે :–

اِنَّ الَّذِيْنَ يَكْفُرُوْنَ بِاللّٰهِ وَ رُسُلِهٖ وَ يُرِيْدُوْنَ اَنْ يُّفَرِّقُوْا بَيْنَ اللّٰهِ وَ رُسُلِهٖ وَيَقُوْلُوْنَ نُؤْمِنُ بِبَعْضٍ وَّ نَكْفُرُ بِبَعْضٍ وَّ يُرِيْدُوْنَ اَنْ يَّتَّخِذُوْا بَيْنَ ذٰلِكَ سَبِيْلًا ○ اُولٰٓئِكَ هُمُ الْكٰفِرُوْنَ حَقًّا ج وَ اَعْتَدْنَا لِلْكٰفِرِيْنَ عَذَابًا مُّهِيْنًا ○ وَ الَّذِيْنَ اٰمَنُوْا بِاللّٰهِ وَ رُسُلِهٖ وَ لَمْ يُفَرِّقُوْا بَيْنَ اَحَدٍ مِّنْهُمْ اُولٰٓئِكَ سَوْفَ يُؤْتِيْهِمْ اُجُوْرَهُمْ ط وَ كَانَ اللّٰهُ غَفُوْرًا رَّحِيْمًا ○

''તેઓ જેઓ અલ્લાહ તથા રસૂલને નથી માનતા અને ચાહે છે કે અલ્લાહથી તેના રસૂલોને જુદા કરી આપે, અને કહે છે કે અમે કોઈકના પર ઈમાન લાવ્યા અને કોઈકના મુન્કિર થયા, અને ચાહે છે કે ઈમાન તથા કુફ્રની વચ્ચે કોઈ માર્ગ કાઢી લે, એ જ છે ઠીક ઠીક કાફિર. અને અમે કાફિરોના માટે બેઈજ્જતીનો અઝાબ તૈયાર કરી રાખ્યો છે. અને તેઓ જેઓ અલ્લાહ અને તેના સર્વ રસૂલો પર ઈમાન લાવ્યા અને એમનામાંથી કોઈના પર ઈમાનમાં ફરક ન કર્યો તેમને નજીકમાં જ અલ્લાહ તેમના સવાબ આપશે, અને અલ્લાહ બખ્શનાર મહેરબાન છે. *(સૂ. નિસાઅ, આ. ૧૫૦થી ૧૫૨)*

મારા પ્યારા આકા ﷺના પ્યારા દીવાનાઓ ! અલ્લાહ તઆલાની સુન્નત છે કે ઉમ્મતે મુસ્તફા ﷺની હિદાયતના માટે ક્યારેક તેમની સમક્ષ સારા લોકોના અમલો અને કારનામાંઓનો ઉલ્લેખ કરે છે છે જેથી આ ઉમ્મત સારા અમલોની પ્રતિ વળે, અને ક્યારેક બુરા લોકોના બુરા અમલોનો ઉલ્લેખ પણ કરે છે જેથી એ બુરા અમલોથી ઉમ્મતે મુસ્તફા ﷺ બચે અને દૂર રહેવાની કોશિશ કરે. આ આયતે કરીમામાં પણ યહૂદીઓ, નસરાનીઓનાં કુકર્મો, કરતૂતો અને બદઅક઼ીદગીઓથી સાવચેત કરીને તેમના બુરા અંજામથી માહિતગાર કરવામાં આવી રહ્યા છે. જેથી આપણે એમનાથી સબક હાંસલ કરીએ. જેમ કે ઈર્શાદ થયો, હે મુસલમાનો ! યક઼ીન કરી લો કે આ યહૂદી તથા ઈસાઈ વગેરે જેઓ હક઼ીક઼તમાં અલ્લાહની જાત તથા સિફતોના પણ મુન્કિર છે અને સર્વ નબીઓના પણ મુન્કિર છે, કેમ કે તેઓ મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺનો ઈન્કાર કરીને અલ્લાહ તઆલા અને તેના સર્વ નબીઓનો ઈન્કાર કરે છે તેઓ તો એવું ચાહે છે કે અલ્લાહ તઆલા અને તેના રસૂલોમાં જુદાઈ કરી દે કે અલ્લાહ તઆલાને તો માનવા, જાણવા, આજ્ઞાપાલન કરવાને પાત્ર જાણે પણ તેના રસૂલોને એના પાત્ર ન જાણે. તેઓ એના દાવેદાર છે કે અમે અમુક રસૂલો પર તો ઈમાન ધરાવીએ છીએ અને અમુકના મર્તબા તથા દરજા તથા નબુવ્વતનો ઈન્કાર કરીએ છીએ. તેમનો ઈરાદો છે કે ન તો મો'મિનોની જેમ અલ્લાહ તઆલા તથા સર્વ રસૂલો પર ઈમાન જ લાવે અને ન મુશ્રિકો તથા નાસ્તિકો વગેરે

કાફિરોની જેમ સૌનો ઈન્કાર જ કરી દે. તેઓ ઈમાન તથા કુફ્રની વચ્ચે એક અધિક માર્ગ કાઢવા ચાહે છે, જ્યારે કે ઈમાન તથા કુફ્રની વચ્ચે કોઈ અન્ય માર્ગ નથી, બે જ રસ્તાઓ છે : ઈમાન અથવા કુફ્ર.

જાણી લેશો એવા લોકો પાકા કાફિર છે જેમનામાં ઈમાનનો અંશ પણ નથી, અમે એવા સર્વ કાફિરો માટે આખેરતમાં તે અઝાબ તૈયાર કરી રાખ્યો છે જે કાયમી પણ હશે અને સખત પીડાજનક પણ, અને સાથોસાથ તેમના માટે ખૂબ જ બેઈજ્જતીનો અઝાબ પણ, જેથી તમો એ ચીજોમાં કાંઈ પણ અસમંજસ ન કરો.

ઉપરોક્ત આયતની સ્પષ્ટતા બાદ આપ સારી રીતે સમજી ગયા હશો કે આપણે જેવી રીતે હુઝૂર રહમતે આલમ ﷺને નબી તથા રસૂલ માનીએ છીએ એવી જ રીતે અલ્લાહના જેટલા પણ નબીઓ તથા રસૂલો તશરીફ લાવ્યા એ સૌના પર પણ આપણે ઈમાન રાખીએ છીએ. એમનામાંથી કોઈને પણ જૂઠલાવતા નથી, અલ્બત્ત આપણા આકા જનાબ અહમદે મુજતબા મુહમ્મદ મુસ્તફા ﷺ અલ્લાહના આખરી નબી બનીને તશરીફ લાવ્યા, હવે હુઝૂર રહમતે આલમ ﷺ બાદ કોઈ નવો નબી આવશે નહીં.

## દર્દે દિલ કર મુઝે અતા યા રબ

દર્દે દિલ કર મુઝે અતા યા રબ — દે મેરે દર્દ કી દવા યા રબ
લાજ રખ લે ગુનાહગારોં કી — નામ રહમાન હૈ તેરા યા રબ
તૂને મેરે ઝલીલ હાથોં મેં — દામને મુસ્તફા દિયા યા રબ
દે કે લેતે નહીં કરીમ કભી — જો દિયા જિસકો દે દિયા યા રબ
ઈસ નિકમ્મે સે કામ લે ઐસે — યે નિકમ્મા હો કામ કા યા રબ
બે સબબ બખ્શ દે ન પૂછ અમલ — નામ ગફ્ફાર હૈ તેરા યા રબ
તેરી જાનિબ યે મુશ્ત ખાક ઉળે — ભેજ ઐસી કોઈ હવા યા રબ
દૌલતેં ઐસી નેઅમતેં ઈતની — બે ગરઝ તૂ ને કી અતા યા રબ
ન ભરે ઝખ્મે દિલ હરે હોકર — રહે ગુલશન હરા ભરા યા રબ
ટેસ કમ ન હો દર્દે ઉલ્ફત કી — દિલ તળપતા રહે મેરા યા રબ
અહલે સુન્નત કી હર જમાઅત પર — હર જગહ હો તેરી અતા યા રબ
દુશ્મનોં કે લિએ હિદાયત કી — તુઝ સે કરતા હૂં ઈલ્તેજા યા રબ
તૂ 'હસન' કો ઉઠા હસન કર કે — હો મઅલ ખૈર ખાતેમા યા રબ

# ખૈરુલ અનામના આગમન પહેલાં દુનિયા ગુમરાહીથી ભરપુર હતી

હુઝૂર રહમતે આલમ ﷺના આગમન પહેલાં દુનિયાની હાલતો કેવી હતી અને ધર્મના નામ પર લોકો કઈ કઈ બુરાઈઓ તથા ગુમરાહીઓમાં સપડાયેલા હતા ? આમ તો દુનિયામાં ઘણી ક઼ૌમો આબાદ હતી પરંતું તે ક઼ૌમો જેઓ પોતાની અલગ અલગ સંસ્કૃતિ ધરાવતી હતી, જેમની પોતાની એક જીવન પધ્ધતિ હતી. તેઓ યહૂદી, ઈસાઈ, અગ્નિપૂજક (મજૂસી), હિંદુ તથા અરબ ક઼ૌમ હતી. નબી કરીમ ﷺના આગમન પહેલાં એ ક઼ૌમોની હાલતો શું હતી તેનો અભ્યાસ કરીએ :

**યહૂદી ક઼ૌમ (ઈસ્રાઈલીઓ)ના હાલાત :** હઝરત યાકૂબ عليه السلامના સાહબઝાદા યહૂદાની ઔલાદ એ જ અસલમાં યહૂદી છે. પરંતુ હવે જે યહૂદી બોલવામાં આવે છે તો એનાથી મુરાદ બની ઈસ્રાઈલના સર્વ બાર કબીલાઓ છે. હઝરત સુલૈમાન عليه السلامના નબુવ્વતના દૌરમાં જ યહૂદી મૂર્તિપૂજા તથા બેદીનીમાં પડી ગયા હતા. જેમ કે અલ્લાહ તબારક વ તઆલાએ બખ્ત નસરને તેમના પર સવાર કર્યો. તેણે તેમને ખતમ કરવાનું તથા વિવિધ પ્રકારની ઈજાઓ આપવાનું શરૂ કરી આપ્યું. ત્યારબાદથી એ સતત જેલોમાં કેદ કરવું, તડીપાર કરવું, ગુલામી તથા મઝલૂમીની જિંદગી ગુજારવા માટે મજબૂર થઈ ગયા. જ્યારે કુસ્તુન્તીન પહેલાએ ઈસાઈ ધર્મને અપનાવ્યો, ત્યારબાદથી તેની હાલત બદથી બદતર થઈ ગઈ. દુનિયાના કોઈ દેશમાં નામની પણ તેમની સલ્તનત બાકી રહી ન હતી અને તેમને ક઼ૌમની હૈસિયતથી ક્યાંય પણ સ્વીકારવામાં આવતા ન હતા. કોઈ પણ દેશમાં તેમને આઝાદ વતનીઓની જેમ જીવંત રહેવાનો હક્ક઼ હાંસલ ન હતો. مَلْعُوْنِيْنَ اَيْنَمَا ثُقِفُوْٓا (ફિટકાર પામેલા જ્યાં ક્યાંય પણ મળે પકડવામાં આવે. સૂ. અહઝાબ, ૩૩/૬૧)ના હેઠળ દુનિયામાં દરેક જગાએ તેઓ ઝિલ્લત તથા બેઈજ્જતીની જિંદગી ગુજારી રહ્યા હતા. દીની પડતીની એ હાલત હતી કે કેટલાય ફિર્કાઓમાં વહેંચાઈ ચૂક્યા હતા.

હઝરત મૂસા કલીમુલ્લાહ علی نبینا وعلیہ الصلوٰۃ والسلام ના પવિત્ર યુગથી લઈને હઝરત ઈસા રૂહુલ્લાહ علیہ السلام ની નબુવ્વતના દૌર સુધી જેટલા નબીઓ અને મહાન રસૂલો તશરીફ લાવ્યા તેઓ તેમને સૌને જૂઠાડવામાં અને તકલીફો આપવામાં હમેશાં વ્યસ્ત રહ્યા. તેમણે અલ્લાહની નાઝિલ કરેલી કિતાબોનો ન કેવળ ઈન્કાર કર્યો બલ્કે તેમાં ફેરફાર તથા હેરફેરના મહાન જુર્મમાં સપડાયા. તેમની વચ્ચે રહનુમાઈ માટે હકીકતમાં અલ્લાહની કોઈ કિતાબ ન રહી ગઈ હતી એટલા માટે તેઓ પોતાના પેશવાઓની મનઘડત ખબરો અને તેમના સ્વરચિત ફત્વાઓ પર જ વિશ્વાસ કરતા હતા. તેઓ જેને હરામ કહેતા તેને હરામ સમજતા અને જેને હલાલ બતાવતા તેને હલાલ સમજતા. મુરદારખોરી, વ્યાજમય લેણદેણ અને અન્ય અલ્લાહના હરામ કરેલામાં ઉઘાડાછોગે પડતા. એને કુર્આન મુકદ્દસે આ પ્રમાણે વર્ણન કરેલ છે :

وَ اَخۡذِهِمُ الرِّبٰوا وَ قَدۡ نُهُوۡا عَنۡهُ وَ اَكۡلِهِمۡ اَمۡوَالَ النَّاسِ بِالۡبَاطِلِ ؕ وَ اَعۡتَدۡنَا لِلۡكٰفِرِيۡنَ مِنۡهُمۡ عَذَابًا اَلِيۡمًا ۝

"અને (એમના પર લઅનત કરી) એટલા માટે કે તેઓ વ્યાજ લેતા જ્યારે કે તેમને એનાથી મના કરવામાં આવેલ હતું અને લોકોનો માલ નાહક ખાય જતા, અને એમનામાં જેઓ કાફિર થયા અમે તેમના માટે દર્દનાક અઝાબ તૈયાર કરી રાખ્યો છે." *(સૂ. નિસાઅ, આ. ૧૬૧)*

તેમના આ જ સર્વ બુરા અમલો તથા કબીરા ગુનાહોના આધાર પર અલ્લાહ તઆલાએ તેમને બેઈજ્જતી તથા અપમાનના દર્દનાક અઝાબમાં સપડાવી દીધા. અલ્લાહ તબારક વ તઆલાએ એ કૌમની હિદાયતના માટે એક પછી એક નબીઓ તથા રસૂલો મોકલ્યા પરંતુ એ ઈસ્રાઈલીઓએ ન કદી તેમની તાઝીમ કરી ન તો તેમની સહાય કે સપોર્ટ કર્યો, બલ્કે કેટલાય નબીઓ દા.ત. હઝરત ઝકરિયા, હઝરત યહ્યા તથા હઝરત શઅયા વગેરે عَلَيۡهِمُ السَّلَامُ ને નાહક કત્લ પણ કર્યા. અલ્લાહ તબારક વ તઆલા તેમના આ બદતરીન ઈતિહાસને આ રીતે વર્ણવે છે : تَوۡحِيد فِي التَّثۡلِيث "અને તેમના પર નિયુક્ત કરી દેવામાં આવી ખુવારી અને નાદારી અને ખુદાના ગઝબમાં

પલટયા. એ બદલો હતો એનો કે તેઓ અલ્લાહની આયતોનો ઈન્કાર કરતા હતા અને નબીઓને નાહક્ શહીદ કરતા હતા. એ બદલો હતો તેમની નાફર્માનીઓનો અને હદથી વધવાનો." *(સૂ. બક્રહ, ૨/૬૧)*

હુઝૂર રહમતે આલમ ﷺની બઅષત (આગમન) સુધી તેઓ આ સર્વ બદ અમલીઓ અને ગુમરાહીઓમાં સપડાયેલા હતા. પછી હુઝૂર મોહસિને ઈન્સાનિયત ﷺએ ગુમરાહ તથા બદઆમાલ કૌમની સુધારણાનો ઈરાદો કર્યો અને એવું ચાહ્યું કે આ કૌમ પણ અન્ય કૌમોની જેમ બાઈજ્જત થઈ જાય. એ જ ખયાલથી હુઝૂર રહમતે આલમ ﷺએ મદીના પહોંચતાં જ તેમની સાથે કરાર કરીને સમાન સામાજિક હક્કોથી તેમને સરફરાઝ કર્યા અને શરીઅતે મુતહ્હરાના હુકમોને પેશ કરીને તેમના અકીદાઓની સુધારણા કરી અને દીની અતિરિકતતાનો બોજ તેમના ખભાઓએથી દૂર કર્યો.

## ★ નસારા (ઈસાઈ) કૌમના હાલાત ★

હઝરત ઈસા ઈબ્ને મરયમ علیہ السلامએ બની ઈસ્રાઈલના બાર કબીલાઓ સામે રુશ્દો હિદાયતની તાલીમના માટે પોતાના બાર શાગિર્દો (સાથીઓ) પસંદ કર્યા હતા. આપે જેવો કે હક્ક છે તે પ્રમાણે તેમને ઈલ્મ તથા હિકમતથી નવાઝયા, પરંતું આપના આસ્માન પર તશરીફ લઈ ગયા બાદ તેમની વચ્ચે સખત મતભેદો પેદા થઈ ગયા જેનાથી કેટલાય ફિર્કા ફૂટી નીકળ્યા. આ ફિર્કાબંદીમાં બૂલસ નામના યહૂદીએ ખાસ કરીને મહત્વનો રોલ ભજવ્યો. એ હઝરત ઈસા علیہ السلام તથા તેમના સાથીઓને તકલીફો આપતો હતો, પરંતુ હઝરત ઈસા علیہ السلام જ્યારે આસ્માન પર ઉઠાવી લેવામાં આવ્યા તો એ ઈસાઈ બનીને ગુમરાહ કરવામાં વ્યસ્ત થઈ ગયો જેના કારણે હઝરત ઈસા علیہ السلامના અનુયાયીઓ કેટલાય ફિર્કાઓમાં વહેંચાય ગયા અને દરેક ફિર્કાએ આપના વિશે અલગ અલગ અકીદા બનાવી લીધા.

નસ્તૂરી આપને ખુદાનો પુત્ર કહેતા હતા. મરકૂસી કહેતા કે ખુદા ત્રણ છે અને હઝરત ઈસા علیہ السلام એમનામાંથી એક છે. ત્રણ ખુદા કોણ છે ? તેની

સ્પષ્ટતામાં પણ ઘણા મતભેદો હતા. હઝરત સદરુલ અફાઝિલ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ છઠ્ઠા પારાની એક આયતની તફસીરમાં લખે છે : નસ્તૂરી આપને ખુદાનો પુત્ર કહેતા હતા. મરકૂસી કહેતા કે એ ત્રણમાંથી ત્રીજા છે. અને એ કલમાના ખુલાસામાં પણ મતભેદો હતા. અમુક લોકો ત્રણ અકનૂમ માનતા હતા. અને કહેતા હતા કે બાપ, બેટા, રૂહુલ કુદ્દસ. બાપથી જાત, પુત્રથી ઈસા, રૂહુલ કુદ્દસથી તેમનામાં હુલૂલ કરનારી (પ્રવેશી જનારી) હયાત મુરાદ લેતા હતા. તો તેમની નજીક ઈલાહ (ખુદા ત્રણ હતા અને એ ત્રણને એક બતાવતા હતા تَوْحِيدفِى التَّثْلِيث તથા تَوْحِيدفِى التَّثْلِيث ના ચક્કરમાં સપડાયેલા હતા. અમુક કહેતા હતા કે ઈસા નાસૂતિયત અને ઉલૂહિયતના સંગમ છે, માની તરફથી તેમનામાં નાસૂતિયત આવી અને બાપની તરફથી ઉલૂહિયત આવી. !العیاذباللّٰہ تعالٰی

કુર્આને મુકદ્દસ તેમની બદ અકીદગીઓને વર્ણવીને આ મુજબ બુરાઈ વર્ણવે છે : لَقَدْ كَفَرَ الَّذِيْنَ قَالُوْٓا اِنَّ اللّٰهَ هُوَ الْمَسِيْحُ ابْنُ مَرْيَمَ "બેશક ! કાફિર છે તેઓ જેઓ કહે છે કે અલ્લાહ એ જ મસીહ મરયમનો પુત્ર છે." (સૂ. માઈદા, ૫/૭૨) لَقَدْ كَفَرَ الَّذِيْنَ قَالُوْٓا اِنَّ اللّٰهَ ثَالِثُ ثَلٰثَةٍ "બેશક ! કાફિર છે તેઓ જેઓ કહે છે અલ્લાહ ત્રણ ખુદાઓમાંનો ત્રીજો છે. *(સૂ. માઈદા, ૫/૭૩)*

આ સર્વ બદ અકીદગીઓની સાથોસાથ કફફારાનો મસ્અલો ઈસાઈઓની જડોને ખોખલી કરી રહ્યો હતો એના કારણે નેક અમલોથી નિઃઆકર્ષણ પેદા થઈ ગયું હતું. હઝરત ઈસા નજાત અપાવનાર હોવાના અકીદાની આડમાં દરેક ફિર્કો પોતાની નફસાની ખ્વાહિશાતની સંપૂર્ણપણે પયરવી કરતો હતો. અખ્લાકનું પૂરા સમાજમાં ક્યાંય નામો નિશાન પણ ન હતું. દરેક જણ સ્વરચિત અકીદા તથા હુકમો થકી પોતાની ખ્વાહિશોની પૂર્ણતામાં આઝાદ હતો. એમનામાંથી અમુકનો એ ખયાલ હતો કે હઝરત મરયમ અને હઝરત ઈસા علی نبینا وعلیہما الصلوٰۃ والسلام ના સદકામાં મુદ્દલે તેમને અઝાબમાં પકડવામાં જ નહીં કરવામાં આવે, અને અમુક યહૂદીઓની જેમ એ અકીદા રાખતા હતા કે કેવળ અમુક જ દિવસો માટે તેઓ અઝાબમાં

સપડાશે, ત્યાર બાદ તેમને હમેશાં માટે જન્નતમાં દાખલ કરી દેવામાં આવશે.

તેમની બઈજ્જતી તથા ફજેતી અને બદઅક્રીદગીની એ જ હાલત હતી કે અલ્લાહના આખરી પયગંબર રહમતુલ્ લિલ્આલમીન ﷺ દુનિયામાં જલ્વાગર થયા, પછી આપની પેશ કરેલી તાલીમાત તથા ફર્માનોના પરિણામે શામ, મિસર, તથા ઈરાક વગેરેના ઈસાઈઓને અમ્નો અમાનની જિંદગી મયસ્સર આવી અને પોતાના ગલત તથા સ્વરચિત માન્યતાઓને સુધારવાનો મોકો મળ્યો.

## ★ મજૂસી (અગ્નિપૂજક) કૌમના હાલાત ★

યાફ્ષ બિન નૂહ બિન નૂહ عليه السلام ની ઔલાદમાં એક શખ્સ પેદા થયો જેના કાન જન્મથી જ ઘણા જ નાના હતા અને વાળ ઘણા જ લાંબા હતા, એના કારણે એનું નામ મેખ ગોશ રાખવામાં આવ્યું જે અરબી "મજૂસ" શબ્દથી ઓળખાયું. આ મઝહબનો અસલ સ્થાપક આ જ છે. તેણે પોતે પોતાને અવતાર (આસ્માની પયગંબર) કહેવાનું શરૂ કર્યું અને લોકોને બતાવ્યું કે આગ મઝહરે ઈલાહી છે. લોકો પાસે આગ મંગાવ્યા કરતો જેના કારણે તે લોકોમાં આગવાળો નબી મશહૂર થયો. તેણે લોકોને બતાવ્યું કે આગ જ રોશનીની ખાલિક્ છે અને અંધારું અંધકારનું ખાલિક્ છે. આ રીતે આગ તથા અંધારુ એ બંનેવ એ દીનના ખાલિક્ની હેસિયત ઠર્યા. આગને લોકો શક્તિ અને નેકીનો શ્રોત, અને અંધકારને બદીનો ખાલિક્ સમજવા લાગ્યા. આગના જ્યારે ભડકા ઊંચા થતા તો લોકો એ એતેક્ાદ (માન્યતા) કરતા કે ખાલિક્ જાગી રહ્યો છે. અને અંગારાઓના બારામાં એ અક્રીદો રાખતા કે ખાલિક સૂઈ રહ્યો છે. રાત દિવસ અગ્નિકુંડમાં લાકડીઓ સળગાવવામાં આવતી. દિવસમાં ખુશબોદાર લાકડીઓ અને રાતમાં સંદલથી શરૂ કરતા, અને પછી સામાન્ય લાકડીઓ સળગાવતા. મજૂસ હાબિલનો રહેવાસી હતો, પછી એ મઝહબ ઈરાનમાં આવ્યો. પહેલાં તો તેને અવામી (પબ્લિકના) મઝહબની હેસિયત હાંસલ રહી પછી બાદમાં ઈરાની બાદશાહ ગસ્તાશુબે તેને કાનૂની હેસિયત આપીને હુકૂમતનો મઝહબ બનાવી દીધો.

એક બાદશાહનો મોટો વજીર ઝરતુશ્ત હતો તેણે આ મઝહબના પયગંબર હોવાનો દાવો કર્યો અને એક ખૂબ જ મોટો અગ્નિકુંડ બનાવ્યો અને સર્વ લોકો થકી તેની પૂજા કરાવતો હતો. ઈબાદતના માટે બુધનો દિવસ નિશ્ચિત હતો. તે લોકો થકી સફો બનાવડાવીને આગની ઈબાદત કરાવડાવતો અને ખુદ ઈમામ બનીને રહેતો. લોકો તેના હુકમથી અગ્નિકુંડ સામે સજદો કરતા, તેની સામે ઉભા રહીને હાથ બાંધીને દુઆઓ કરતા. તેણે એક મઝહબી કિતાબ પણ બનાવી જેનું નામ આરથા રાખ્યું. પહેલાંથી જે મજૂસી મઝહબ ચાલ્યો આવતો હતો તેમાં કેટલાક વધારા કર્યા અને કેટલીક પાબંદીઓ વધારી જેના કારણે તેને મજૂસી મઝહબના સ્થાપક બીજાની હૈષિયત હાંસલ છે. તે સો વરસો સુધી જીવતો રહ્યો. ત્યારબાદ આ મઝહબને ખૂબ મજબૂતી તથા ખ્વાતિ મળતી રહી. આ મઝહબ રોમા તથા અમેરિકા સુધી પહોંચી ગયો. તેનો ત્રીજો સ્થાપક હીરાકલેટસ છે.

આ ધર્મના અનુયાયીઓ દાઢી મૂડાવવાને ધર્મનું પાલન સમજતા, મૂંછો મોટી રાખતા, માથાના વાળ કાનો સુધી લાંબા કરતા અને ઉઘાડા માથે રહેતા, લાંબુ એક પ્રકારનું કપડુ અને કમર પર જનોઈ રાખતા.

નબી ﷺના આગમન સુધી આ ક઼ૌમની આ જ હાલત રહી પછી જ્યારે સરવરે કાઈનાત ﷺની તાલીમાતથી એ ક઼ૌમ માહિતગાર થઈ ત્યારે તેમની સમક્ષ દીને હક્ક઼નો અસલી ચહેરો જાહેર થયો અને હુઝૂર રહમતે આલમ ﷺની રહમતભરી તાલીમાતે અન્ય કોમોની જેમ આ ક઼ૌમને પણ જબરદસ્તી તથા જોર જુલમથી અને દીની બેઝારી અને ગુમરાહી તથા મઝહબી આવારગીથી નજાત અતા ફર્માવી.

## ★ હિંદવાસીઓની હાલતો ★

હિંદુસ્તાન દેશ પર અહીં વસનારી કોમોનો પુરાણો ઈતિહાસ તદન અંધકારમય છે. મહાભારત (જેવો કે હિંદુઓનો ખયાલ છે) જંગ પછી આ ક઼ૌમ અને આ દેશ સતત પડતી પામતો રહ્યો. સર્વ હિંદુસ્તાની બે વિભાગોમાં વહેંચાય ગયા હતા. અને બંનેવ વરસો સુધી એકબીજા સાથે લડતા ઝઘડતા રહ્યા. ત્યાં

સુધી કે એક સમય એવો આવ્યો કે એ કૌમની થોડીક વ્યક્તિઓ રહી ગઈ. હઝરત ઈસા عليه السلامના આગમનના લગભગ છસો વરસ પહેલાં આ દેશમાં બૌધ્ધ ધર્મ જાહેર થયો અને વરસો સુધી એ ધર્મ પોતાના અનુયાયીઓમાં વધારો કરતો રહ્યો. પછી એક સમય એવો પણ આવ્યો કે એ ધર્મ પણ પડતીનો શિકાર થઈ ગયો. ત્યારબાદ હિંદુસ્તાનની હાલત બદથી બદતર થઈ ગઈ. હિંદુ કોમ ફિસ્કો ફુજૂર તથા બુરા કામો અને ગુનાહોમાં સપડાયને રહી ગઈ. બૌધ્ધ મઝહબના ખત્મ થયા બાદ હિંદુસ્તાની કેટલાય વિભાગોમાં વહેંચાય ગયા અને દેશભરમાં સેંકડો દેવતાઓની પૂજા થવા લાગી કોઈ વીજળી પાણીને પૂજતુ, કોઈ ઝાડ, સાપ, વાનર, ગાય વગેરેની પૂજા કરતુ, કોઈ ઈંટો તથા પથ્થરોને પોતાનો ખુદા માનતુ. આ દેશમાં માનવો ચાર વર્ગોમાં વહેંચાય ગયા હતા : બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર. શુદ્રોની સાથે અતિશય અમાનવીય વર્તાવ વર્તવામાં આવતો, કોઈ શુદ્રને બાહ્મણના ઘાટથી પાણી પીવાનો હક્ક હાંસલ ન હતો. દારૂ, જુગાર, બદકારીને મઝહબનો લિબાસ પહેરાવી દેવામાં આવ્યો હતો.

પછી જ્યારે સિંધ તથા અન્ય સમુદ્રી માર્ગોએ થઈને રસૂલુલ્લાહ ﷺની રહમતની તાલીમના ફયઝ પામેલા મુબલ્લિગોએ આ દેશની વાટ પકડી તો અહીંના રહેવાસીઓ હક્કથી પરિચિત થવા લાગ્યા અને તેમને પોતાની અસંસ્કારિકતા અને બાતિલ પરસ્તીનો એહસાસ થયો જેના પરિણામે હજારો બલ્કે લાખોએ ઈસ્લામના દામનથી જોડાવામાં જ ભલાઈ સમજી અને તેને જ નજાતનો શ્રેષ્ઠ માર્ગ સમજીને ઈસ્લામના વર્તુળમાં દાખલ થવા લાગ્યા.

## ★ અરબવાસીઓના હાલાત ★

અરબસ્તાનની હાલત દુનિયાના સર્વ દેશોથી બદતરીન હતી. હિજાઝવાસીઓ મઝહબી એતબારથી પોતાના સંબંધને હઝરત ઈબ્રાહીમ عليه السلامથી ગર્વભેર સંબંધિત કરતા. આમ તો હઝરત ખલીલ عليه السلامની કેટલીક રસમો અરબોમાં રિવાજ પામેલી હતી. એ અલગ વાત છે કે એ રસમોનાં સ્વરૂપ વિકૃત થઈ ચૂક્યાં હતાં, તેમના અંદાઝ બદલાય ચૂક્યા હતા.

દા.ત. મિલ્લતે ઈબ્રાહીમીની જેમ એ લોકો પણ હજ કરતા પરંતું નગ્ન થઈને. એમની જેમ આ લોકો પણ કુર્બાની આપતા. મહેમાનનવાઝી તથા વાયદો પાળવામાં પોતાનું દષ્ટાંત પોતે જ હતા. તદ્ઉપરાંત કેટલીક અચ્છાઈઓ પણ અરબોમાં હતી, પરંતું તેમનામાં રહેલી બુરાઈઓ પર નજર કરવામાં આવે તો અચ્છાઈઓ બિલ્કુલ નહીંવત જોવા મળે છે.

બદકારી તથા ઝિનાકારી તથા અન્ય બુરા કામો પર શર્મિંદા થવાને બદલે ફખ્ર કર્યા કરતા હતા અને શેઅરોના થકી તેમને મશહૂર કરતા. શરાબપાન અને એ જ પ્રમાણે અન્ય નશીલી ચીજો એમનામાં આમ હતી. તેમને કોઈ અયબની નજરે જોતુ ન હતું. બાંદીઓ તથા લોંડીઓ નાચગાન, મનોરંજન માટે પાળવામાં આવતી હતી, તેમના થકી ઝિનાનો કારોબાર ચાલતો હતો અને તેની આવક તેમના માલિક લઈ લેતા હતા. કોઈ સ્ત્રીને વારસાના માલમાંથી કોઈ હિસ્સો મળતો ન હતો. સ્ત્રીઓ તથા બાળકો પોતાનાં માબાપ તથા અન્ય સગાંઓના વારસાથી સદંતર મેહરૂમ હતાં. કેવળ બાલિગ પુરૂષોને જ વારસદાર સમજવામાં આવતા હતા. જો કોઈનો પતિ મૃત્યુ પામતો તો તેનો કોઈ પણ નજીકનો સગો ત્યાં સુધી કે ખુદ તેનો મત્રાઈ પુત્ર તેણી પર હક્ક઼ જમાવીને પોતાની પત્ની બનાવી દેતો. સ્ત્રીની રઝામંદીને કદાપિ ગણત્રીમાં લેવામાં ન આવતી. બેપર્દગી અને અંગ પ્રદર્શન પૂરા સમાજમાં આમ હતાં. ઘણી જ બેહયાઈની સાથે સ્ત્રીઓ પોતાના શરીરનું પ્રદર્શન કરતી. શરીફ ખાનદાનોનો હાલ એ હતો કે પોતાની પુત્રીઓને જીવતી જમીનમાં દફન કરી દેતા. અથવા ઊંડા કૂવાઓમાં ધકેલીને મારી નાખતા, એના પર ગર્વ પણ કરવામાં આવતો અને તેને શરાફત પણ સમજવામાં આવતુ. જૂગારબાજી પ્રિય ખેલ હતો અને ઠેક ઠેકાણે જૂગારખાનાં મૌજૂદ હતાં. વહેમ પરસ્તી તથા નાપાક રૂહોની માન્યતા આમ હતી. કેટલાય કાલ્પનિક દેવતા તથા દેવીઓ બનાવી લેવામાં આવ્યાં હતાં. તેમના ચિત્ર વિચિત્ર ચહેરાઓ તથા સ્વરૂપો નિશ્ચિત કરવામાં આવતાં અને એના પ્રમાણે મૂર્તિઓ બનાવવામાં આવતી. દરેક કબીલાની લગભગ અલગ અલગ મૂર્તિ હતી, લગભગ આખુ અરબસ્તાન મૂર્તિ પૂજાનું શિકાર હતું. મૂર્તિઓને સજદો

કરવામાં આવતો, તેમનાથી મન્નતો માનવામાં આવતી. ઊંટ, ગાય, બકરી વગેરેની કુર્બાનીઓ પેશ કરવામાં આવતી. હુબલ, વુદ, સુવાઅ, યગૂષ, યઊક, નસર, લાત, મનાત, ઉઝ્ઝા, દવાર, અસાફ, નાઈલા, અબઅબ અને એમના જેવી સેંકડો મૂર્તિઓને અરબ ખુદા માનતા હતા.

મામૂલી મામૂલી વાતો પર જંગો છેડાય જતી અને વરસો સુધી એકબીજાનું લોહી વહાવવામાં આવતુ અને કેટલીય પેઢીઓ સુધી એ જંગોની અસર બાકી રહેતી. હસબ તથા નસબ પર ખૂબ જ ગર્વ કરવામાં આવતો અને દરેક કબીલો બીજા કબીલાને હકીર તથા ઝલીલ (હલકો) સમજતો અને એકબીજાને બેઈજ્જત કરવાની કોશિશમાં લાગેલો રહેતો.

ખૈબરમાં વસેલા યહૂદી તથા ઈસાઈ ભલે પોતાને અહલે કિતાબ કહેતા હતા પરંતું તેમની હાલત અન્ય અરબોથી અધિક અલગ ન હતી.

મારા પ્યારા આકા ﷺના પ્યારા દીવાનાઓ ! અન્ય દેશોના રહેવાસીઓની જેમ બલ્કે તેમનાથી પણ વધીને અરબવાસીઓ અલ્લાહની નાફર્માની તથા ગુનાહોમાં સપડાયેલા હતા. લગભગ ૩૬૦ મૂર્તિઓને પૂજનારા એ અરબોની તકદીર એ વખતે જગમગી ઉઠી જ્યારે અલ્લાહના પ્યારા મહબૂબ દાનાએ ખુફાયા વ ગુયૂબ રહમતુલ્ લિલ આલમીન ﷺ ઈ.સ. ૫૭૧માં રુશ્દો હિદાયત અને હક્ક તથા સદાકતના પયકર બનીને જલ્વાગર થયા અને આપે તે મહાન ક્રાંતિ સર્જી કે જેની નૂરાની અસરોથી આખી દુનિયા ખાસ કરીને અરબથી બુરાઈ અને બદઅમલીનો દૌર તેના અંજામ પર પહોંચ્યો, જેની બરકતોથી ગુમરાહી તથા બેદીનીની રોકથામ થઈ ગઈ. પાછલી રબની કિતાબોમાં જે બશારત આપવામાં આવી હતી કે ખાતમુન નબીય્યીન જ્યારે તશરીફ લાવશે તો આખી દુનિયાથી કુફ્ર તથા શિર્કના ઘટાટોપ અંધકારોને દૂર કરીને ઈસ્લામના સૂરજનાં નૂરાની કિરણોથી આખી દુનિયાને મુનવ્વર કરી આપશે, પૂરી થઈ ચૂકી હતી. અલ્લાહ તબારક વ તઆલાએ એનો ઉલ્લેખ આ રીતે કર્યો :–

اَلَّذِيْنَ يَتَّبِعُوْنَ الرَّسُوْلَ النَّبِيَّ الْاُمِّيَّ الَّذِيْ يَجِدُوْنَهٗ مَكْتُوْبًا عِنْدَهُمْ فِي التَّوْرٰةِ وَ
الْاِنْجِيْلِ ؗ يَاْمُرُهُمْ بِالْمَعْرُوْفِ وَيَنْهٰهُمْ عَنِ الْمُنْكَرِ وَيُحِلُّ لَهُمُ الطَّيِّبٰتِ وَيُحَرِّمُ
عَلَيْهِمُ الْخَبٰٓئِثَ وَيَضَعُ عَنْهُمْ اِصْرَهُمْ وَالْاَغْلٰلَ الَّتِيْ كَانَتْ عَلَيْهِمْ

''તે જેઓ ગુલામી કરશે તે રસૂલ વિના પઢયે ગયબની ખબર આપનારાની જેને લખેલુ પામશે પોતાની પાસે તૌરાત તથા ઈન્જીલમાં, તે તેમને ભલાઈનો હુકમ આપશે અને બુરાઈથી મના કરશે અને સુથરી ચીજો તેમના માટે હલાલ કરશે અને ગંદી ચીજો તેમના પર હરામ કરશે અને તેમના પરથી તે બોજ અને ગળાના ફંદા જે તેમના પર હતા ઉતારી દેશે.''

*(સૂ. અઅ્રાફ, આ. ૧૫૭)*

## ★ સુલ્તાને દો જહાં صلی اللہ علیہ وسلم ★

આયા હૂં બનકે સાઈલ સુલ્તાને દો જહાં
રહમત હો ફિરસે માઈલ સુલ્તાને દો જહાં
ઈઝ્ઝો વક઼ાર દે દો ઈસ્લામો મુસ્લિમીં કો
ખામા હોં અબ તો બાતિલ સુલ્તાને દો જહાં
બે કસ હૂં નાતવાં હૂં દર પર મૈં આ પળા હૂં
મો'મિન બના દો કામિલ સુલ્તાને દો જહાં
મૌજોંમેં રંજો ગમ કી કશ્તી મેરી ફંસી હૈ
મુઝકો અતા હો સાહિલ સુલ્તાને દો જહાં
ઉલ્ફતમેં અપની મુઝકો ઐસા ઘુમા લો આક઼ા
ખૂદસે ન હોઉં મૈં ગાફિલ સુલ્તાને દો જહાં
દુન્યા કે શરસે મુઝકો બહરે ખુદા બચા લો
દામનમેં કર લો દાખિલ સુલ્તાને દો જહાં
દરપે બુલાતે રહના બિગળી બનાતે રહના
ઈઝ્ઝત રહે યે હાસિલ સુલ્તાને દો જહાં
ગિરયાં હૈ ક઼લ્બે **'શાકિર'** કર દો કરમ ભી વાફિર
અપનોં મેં કર લો શામિલ સુલ્તાને દો જહાં

# મુસ્તફા ﷺનું આગમન

## ★ નૂરે મુસ્તફા ﷺ અદલા બદલી ★

હુઝૂર રહમતે આલમ ﷺના વાલિદે ગિરામી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્દુલ મુત્તલિબ رضی اللہ عنہ એટલા પ્રમાણમાં હસીનો જમીલ હતા અને તેમના હુસ્નો જમાલની ખ્યાતિ એટલી અધિક હતી કે કુરેશની સ્ત્રીઓ તેમની પત્ની થવાની તમન્ના કરતી હતી, ત્યાં સુધી કે કેટલીક સ્ત્રીઓ રસ્તામાં ઉભી રહીને તેમને પોતાના પ્રતિ ધ્યાનિત કરવાની કોશિશ કરતી.

અહલે કિતાબને પણ કેટલી નિશાનીઓથી ખબર પડી ગઈ હતી કે હુઝૂર રહમતે આલમ ﷺનો વજૂદ મુબારક હઝરત અબ્દુલ્લાહની પીઠમાં છે. જેથી કિતાબી તેમની સાથે દુશ્મની કરવા લાગ્યા અને તેમને ખતમ કરવાના મનસૂબા બનાવવા લાગ્યા.

એક વખતનો બનાવ છે કે હઝરત અબ્દુલ્લાહ શિકારના માટે તશરીફ લઈ ગયા હતા એવામાં અહલે કિતાબની એક ઘણી જ મોટી જમાઅત શામની તરફથી તલવાર ખેંચીને હઝરત અબ્દુલ્લાહના કત્લના ઈરાદા સાથે જાહેર થઈ. હુઝૂરે અકરમ ﷺના નાના હઝરત વહબ બિન મુનાફ પણ એ જ જંગલમાં મૌજૂદ હતા. તેમણે જોયું કે કેટલાક સવાર જેમની શકલો સૂરત દુનિયાના લોકોથી મળતી નથી, ગયબથી જાહેર થયા અને હઝરત અબ્દુલ્લાહની પાસેથી તેમને દૂર કરવા લાગ્યા. હઝરત વહબ બિન મુનાફે ઘરે આવીને પોતાનાં ઘરવાળાંઓને કહ્યું કે, હું ચાહું છું કે આપણી પુત્રી સૈયદા આમિનાના નિકાહ હઝરત અબ્દુલ્લાહ બિન અબ્દુલ મુત્તલિબ સાથે કરી આપું. અને પછી એ વાત પોતાના દોસ્તોના થકી હઝરત અબ્દુલ મુત્તલિબની ખિદમતમાં પહોંચાડી. હઝરત અબ્દુલમુત્તલિબ પણ એવું જ ચાહતા હતા કે હઝરત અબ્દુલ્લાહની શાદી થઈ જાય, એના બારામાં તે કોઈ એવી સ્ત્રીની તલાશમાં હતા કે હસબ તથા નસબની ઉચ્ચતા અને પાકદામનીમાં વિશિષ્ટ હોય. હઝરત આમિના બિન્તે વહબ رضی اللہ عنہاમાં આ

ખૂબીઓ (ગુણો) મૌજૂદ હતી. હઝરત અબ્દુલ મુત્તલિબે આ રિશ્તાને પસંદ કર્યો અને હઝરત અબ્દુલ્લાહના તેમની સાથે નિકાહ કરી આપ્યા.

રિવાયતમાં મળે છે કે હઝરત અબ્દુલ્લાહ બની અસદની એક સ્ત્રી સામેથી પસાર થયા. તેણી ખાનએ કાબાની પાસે ઉભી હતી અને તેનુ નામ રુકૈસા કે કતીલા બિન્તે નુફેલ હતું. જ્યારે એ સ્ત્રીની નજર હઝરત અબ્દુલ્લાહ પર પડી તો તેણી આપના હુસ્નો જમાલ પર આશિક થઈ ગઈ અને કહેવા લાગી, એ સો ઊંટો જે તમારા પર ફિદા કરવામાં આવ્યા છે મારા જિમ્મે છે, હું પેશ કરીશ. હઝરત અબ્દુલ્લાહ તેણીની એ વાત પર શરમાઈ ગયા અને ઈન્કાર કરીને આગળ નીકળી ગયા.

બીજા દિવસે એક ખશ્અમઈ સ્ત્રીએ જે જ્યોતિષવિદ્યામાં નિષ્ણાત અને ઘણી માલદાર હતી, તેણીએ પણ પોતાના માલના થકી હઝરત અબ્દુલ્લાહને લોભાવવા ચાહ્યા. એ જ પ્રમાણે ઘણી સ્ત્રીઓએ પેશકશ કરી, પણ હઝરત અબ્દુલ્લાહ કોઈની જાળમાં ન આવ્યા. જ્યારે ઘરે તશરીફ લાવ્યા તો હઝરત આમિના رضی اللہ عنہا થી ઝુફાફ (પ્રથમ મિલન) થયું અને નૂરે મુહમ્મદી ﷺ તેમની પીઠ મુબારકથી તબદીલ થઈને આમિનાના રહમ (ગર્ભ)માં જલ્વાફગન થયું અને તેણી સગર્ભા થઈ ગયાં. આ મિનાના દિવસો હતા. પછી જ્યારે બીજીવાર તે સ્ત્રી સામેથી હઝરત અબ્દુલ્લાહ ગુજર્યા તો એ સ્ત્રીએ હઝરત અબ્દુલ્લાહની પેશાનીમાં તે નૂર મુબારક ન પામ્યું તો તેણી તેમને કહેવા લાગી, શું પહેલી વાર મારી પાસેથી ગયા બાદ તમે કોઈ સ્ત્રીથી સોહબત કરી છે ? આપે ફર્માવ્યું, હા ! મેં મારા નિકાહમાં આવેલી બીવી આમિના બિન્તે વહબ સાથે ઝુફાફ કર્યો છે. એ ખશ્અમઈ સ્ત્રીએ કહ્યું, હવે મારે તમારાથી કોઈ લેવા દેવા નથી, હું તો એ નૂર મુબારકની તલબગાર હતી જે તમારી પેશાની જલ્વા અફરોઝ હતું હવે તે બીજાના નસીબમાં ચાલ્યું ગયું.

જે રાતે નૂરે મુસ્તફા ﷺ સૈયદા આમિનાના ગર્ભમાં તબદીલ થયું એ રાતે આલમે મલકૂતમાં નિદા કરવામાં આવી કે સર્વ જહાનને અન્વારે કુદ્સથી મુનવ્વર કરી દેવામાં આવે અને જમીન તથા આસ્માનના સર્વ ફરિશ્તા ખુશી તથા આનંદમાં ઝુમી ઉઠે, અને જન્નતના દરવાજાને હુકમ

થયો કે તે ફિરદોસે આ'લાને ખોલી દે અને સર્વ જહાનને ખુશ્બુઓ વડે મોઅત્તર કરી દે અને જમીન તથા આસ્માનના દરેક તબકા અને દરેક સ્થળ માં ખુશખબરી સંભળાવી આપે કે નૂરે મુહમ્મદી ﷺ આજની રાતે આમિના رضی اللہ عنہاના રહમ (ગર્ભ)માં મુન્તકિ઼લ થઈ ચૂક્યું છે.

હઝરત અલ્લામા શયખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ આ વર્ણવ્યા બાદ ફર્માવે છે : ''એવું કેમ ન થતું કે તમામ ખૈરાત તથા બરકતો, કરામતો તથા સઆદત અને અન્વાર તથા અસ્રાર (રાઝો)નું મૂળ (ઉગમસ્થાન), અસલ ઉસૂલે બની આદમ આ આલમમાં તશરીફ લાવનાર છે અને તેના જાહેર થવાનો સમય નજીક આવી પહોંચ્યો છે. યક઼ીનન ! સર્વ જહાનવાળાઓએ મુનવ્વર તથા મુશર્રફ તથા મસ્રૂર (ખુશ) થવું જોઈએ.

## ★ વિલાદત પહેલાં બરકાતે મુસ્તફા ﷺનો ઝહૂર ★

આ રાતની સવારમાં રૂએ જમીનની સર્વ મૂર્તિઓ ઊંધી જોવા મળી, શૈતાનોનું આસ્માનો પર ચઢવું મના ઠરાવવામાં આવ્યું, અને દુનિયાના સર્વ બાદશાહોના તખ્ત ઉલ્ટાવી દેવામાં આવ્યા, અને એ રાતે દરેક ઘર રોશન તથા મુનવ્વર થયું અને કોઈ જગા એવી ન હતી જે અન્વારે કુદ્સથી જગમગી રહી ન હોય અને કોઈ જાનવર એવું ન હતું જેને બોલવાની શક્તિ આપવામાં ન આવી હોય અને તેણે બશારત ન આપી હોય. પૂર્વના પક્ષીઓએ પશ્ચિમનાં પક્ષીઓને ખુશખબરીઓ આપી.

કુરેશનો એ હાલ હતો કે તે સખત દુકાળ તથા ઘણી જ તંગીમાં સપડાયેલા હતા જેથી સર્વ ઝાડો સૂકાય ગયાં હતાં, અને સર્વ જાનવરો કમજોર તથા દૂબળાં થઈ ગયાં હતાં. પછી હક્ક઼ તઆલાએ વરસાદ મોકલ્યો, જહાનભરને હરીયાળુ લીલોતરીવાળુ કર્યું, ઝાડોમાં તરોતાઝગી આવી. ખુશી તથા મસર્રત (આનંદ)ની એવી લહેરો દોડી કે કુરૈશે એ વરસનું નામ ''સનતુલ ફતહિ વલ્ઈબ્તિહાજ'' રાખ્યું.

સૈયદા આમિના رضی اللہ عنہا ફર્માવે છે કે હુઝૂરે અકરમ ﷺ મારા પેટમાં હતા કે એકવાર મારાથી એક એવું નૂર નીકળ્યું જેનાથી આખુ જહાન

મુનવ્વર થઈ ગયું અને મેં બસરાના મહોલ્લાઓ જોયા. બસરા શામની તરફ એક શહેરનું નામ છે.

## ★ ગયબી નિદા (પોકાર) ★

હઝરત આમિના رضی اللہ عنہا ફર્માવે છે કે હું ખ્વાબ તથા જાગૃતિની દરમિયાની હાલતમાં હતી એવામાં કોઈએ પોકાર કર્યો, હે આમિના ! તમે હમલથી છો. જાણે કે હું જાણતી ન હતી કે હું હમલથી છું. ત્યારબાદ બતાવ્યું કે અફઝલુલ ખલ્ક઼થી સગર્ભા છું. (એટલે કે તમારા પેટમાં અફઝલુલ ખલ્ક઼ ﷺનું નૂર જલ્વાગર છે) એ વખતે મને જાણવા મળ્યું કે હું સગર્ભા છું. અને ફર્માવે છે કે સગર્ભાવસ્થાના દરેક મહીનામાં આસ્માન તથા જમીનની દરમિયાન એ અવાજ સાંભળ્યા કરતી કે તમને મુબારક થાય ! તે સમય નજીક આવી પહોંચ્યો છે કે અબુલ ક઼ાસિમ ﷺ દુનિયામાં જલ્વા અફરોઝ થનારા છે જે સાહિબે ખૈરો બરકત છે.

## ★ હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہની વફાત ★

મારા પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ ! હઝરત સૈયદા આમિના رضی اللہ عنہا ના પેટ મુબારકથી રસૂલુલ્લાહ ﷺ સિવાય અન્ય કોઈ ફરઝંદ પેદા ન થયું અને ન હઝરત અબ્દુલ્લાહથી પણ હુઝૂર ﷺના સિવાય કોઈ અન્ય ફરઝંદ પેદા થયું.

હુઝૂર નબીયે અકરમ નૂરે મુજસ્સમ ﷺ હજી માના પેટમાં હતા એવામાં હઝરત અબ્દુલ્લાહની મદીના મુનવ્વરામાં વફાત થઈ. એ દિવસોમાં તે વેપાર અર્થે કુરૈશની સાથે હતા. જ્યારે પરત થતાં મદીના મુનવ્વરા થઈને પસાર થવાનું થયું તો કાફલાથી અલગ થઈને પોતાના ભાઈઓની પાસે જેઓ બની નજારમાંથી હતા ત્યાં થોભી ગયા. જ્યારે કાફલાના લોકો મદીના મુનવ્વરા પહોંચ્યા તો હઝરત અબ્દુલ મુત્તલિબે હઝરત અબ્દુલ્લાહના બારામાં પૂછયું, તો કાફલાવાળાઓએ બતાવ્યું કે અમે તેમને બીમાર છોડયા છે. ત્યારબાદ હઝરત અબ્દુલ્લાહનો ઈન્તેકાલ થઈ ચૂક્યો હતો અને તેમને દારે નાબિગામાં દફન કરવામાં આવી ચૂક્યા હતા.

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે કે જયારે હઝરત અબ્દુલ્લાહે વફાત પામી તો ફરિશ્તાઓએ દુઆ કરી કે, હે અમારા રબ ! અમારા સરદાર મુહમ્મદ મુસ્તફા ﷺ જે તારા નબી અને તારા હબીબ છે તેઓ યતીમ થઈ ગયા. હક્ક તઆલાએ ઈર્શાદ ફર્માવ્યો, એમનો હું હાફિઝ, નાસિર તથા કફીલ છું, એમના પર સલાતો સલામ મોકલો અને એમના માટે બરકતો માગો અને એમના માટે દુઆઓ કરો.

## ★ વિલાદત મુબારક ★

હુઝૂરે અકરમ ફખ્રે આદમો બની આદમ ﷺ માના પેટમાં સંપૂર્ણ નવ મહીના રહ્યા. મોહતરમા માએ આમ સ્ત્રીઓની જેમ કોઈ પ્રકારનો બોજ, વજન, દર્દ તથા તબીઅતની બેચેની મેહસૂસ નથી કરી.

હઝરત સૈયદા આમિના رضی اللہ عنہا ફર્માવે છે કે મને માલૂમ જ ન હતું કે હું સગર્ભા છું, કેવળ એટલુ હતું હેઝ (માસિક) બંધ થઈ ગયુ હતું.

હઝરત સૈયદા આમિના ફર્માવે છે કે જ્યારે મારા પર એ હાલત છવાઈ જે સામાન્યપણે સ્ત્રીઓને ડીલીવરી વખતે દર્દ વગેરે થાય છે તો હું ઘરમાં એકલી હતી અને હઝરત અબ્દુલ મુત્તલિબ તવાફમાં હતા. એ વખતે મેં એક અઝીમ અવાજ સાંભળ્યો જેનાથી હું ભયભીત થઈ ગઈ. ત્યારબાદ મેં જોયું કે એક સફેદ પક્ષીની પાંખ મારા સીનાને ઘસી રહ્યું છે, તો મારો ખૌફ તથા તે દર્દ જતુ રહ્યું. પછી મેં જોયું કે મારી પાસે એક સફેદ શરબતનો પ્યાલો લાવવામાં આવ્યો. મેં એને પીધો અને સુકૂન તથા કરાર હાંસલ થયો. પછી મેં નૂરનો એક બુલંદ મીનાર જોયો, ત્યારબાદ મારી પાસે ઊંચા કદવાળ ી સ્ત્રીઓ જોઈ જેમનાં કદ અબ્દે મુનાફની છોકરીઓની જેમ ખજૂરના ઝાડોની જેમ છે. મેં આશ્ચર્ય કર્યું કે આ શું છે ?! આ ક્યાંથી આવી ગઈ ?! એના પર એમનામાંથી એકે કહ્યું, હું આસિયા (ફિરઔનની પત્ની) છું. બીજીએ કહ્યું, હું મરયમ બિન્તે ઈમરાન છું અને આ સ્ત્રીઓ હૂરો છે. અને મારો હાલ ઘણો જ સખત થઈ ગયો. અને દરેક ઘડી અઝીમથી અઝીમતર અવાજો સાંભળતી જેનાથી ભય જણાતો હતો. એ દરમિયાન મેં જોયું કે એક ફર્શ જમીન તથા આસમાન વચ્ચે ખેંચવામાં આવ્યું, અને મેં જોયું કે જમીન તથા

આસમાન વચ્ચે ઘણા બધા લોકો ઉભા છે જેમના હાથોમાં ચાંદીના આફતાબે (લોટાઓ) છે. પછી મેં જોયું કે પક્ષીઓનું એક ટોળુ મારી સામે આવ્યું, ત્યાં સુધી કે મારો ઓરડો તેમનાથી ભરાય ગયો. તેમની ચાંચો ઝમુર્રદની અને તેમની પાંખો યાકૂતની હતી. અને હક્ક઼ તઆલાએ મારી આંખોથી પર્દો ઉઠાવી દીધો અને મેં પૂર્વ તથા પશ્ચિમને જોયાં. અને મેં જોયું કે ત્રણ ઝંડા છે, એક પૂર્વમાં એક પશ્ચિમમાં અને એક ખાનએ કાબાની ઉપર ખોસેલો છે. પછી મને ડીલીવરી સમયનું દર્દ થયું અને મુહમ્મદ ﷺ જન્મ પામ્યા. તે વખતે મેં જોયું કે આપ સજદામાં છે અને બંનેવ મુસબ્બિહ (કલમાની) આંગળીઓ આસ્માનની તરફ ઉઠાવેલા છે અને આજીજી જેમ રૂદન કરે છે. ત્યાર બાદ મેં એક સફેદ વાદળ જોયું જેને એમણે મારી નજરોથી છુપાવી દીધા, અને મેં કોઈનો અવાજ સાંભળ્યો જે કહી રહ્યો હતો, એમને જમીનની પૂર્વ દિશાઓ તથા પશ્ચિમની દિશાઓની સૈર કરાવો અને તેમના શહેરોનો દૌરો કરાવો કે જેથી ત્યાંના રહેવાવાળા આપના નામ મુબારક અને નઅત તથા સૂરતને પહેચાની લે અને જાણી લે કે આપની સિફત "માહી" કે જે શિર્કની અસરોને ખતમ તથા નષ્ટ કરશે.

મારા પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ ! હુઝૂર ﷺની વિલાદતના બારામાં સૌથી અધિક સહીહ તથા મશહૂર ક઼ૌલ એ છે કે અસ્હાબે ફીલના બનાવના પંચાવન દિવસ બાદ ૧૨ રબીઉલ અવ્વલ ૨૦ એપ્રિલ ઈ.સ. ૫૭૧ના રોજ સોમવારે આપની વિલાદત થઈ છે. હિજાઝવાળાઓના અમલથી પણ એ જ સાબિત થાય છે, કેમ કે તેઓ મૌલુદુન્નબી (નબી ﷺના જન્મ સ્થળ)ની ઝિયારતને ૧૨ રબીઉલ અવ્વલે જ જાય છે અને એ જ દિવસે મીલાદ શરીફની મેહફિલ કરે છે.

## ★ રબીઉલ અવ્વલના પીરના દિવસની પસંદગી ★

અલ્લાહ તબારક વ તઆલાએ હુઝૂર સૈયદે આલમ ﷺની વિલાદતે પાકના માટે માહે રબીઉલ અવ્વલ અને પીર (સોમવાર)ના દિવસની પસંદગી કરીને એ સ્પષ્ટ કરી આપ્યું કે દુનિયાની કોઈ ચીજ હુઝૂર રહમતુલ્ લિલ્આલમીન ﷺને કોઈ બુઝુર્ગી નથી આપી શકતી બલ્કે દુનિયાની દરેક

ચીજ રસૂલુલ્લાહ ﷺથી સંબંધિત થયા બાદ મુકદસ તથા બુઝુર્ગ થઈ જાય છે. એને જ હઝરત શયખ અબ્દુલહકક્ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ આ પ્રમાણે ફર્માવે છે :

''હક્ક એ છે કે હુઝૂરે અકરમ ﷺએ કોઈ જમાના સાથે શરાફત કે ઉચ્ચતા પ્રાપ્ત નથી કરી બલ્કે જમાનાએ આપનાથી શરાફત તથા ઉચ્ચતા પામી છે, જેવી રીતે કે અન્ય મુકદસ સ્થાનો છે. મકાનને મકાનવાળાથી શરાફત તથા બુઝુર્ગી હાંસલ થાય છે, અને એ જ હિકમત છે કે હુઝૂર ﷺની વિલાદત મુબારકા કોઈ એવા મહીનામાં નથી થઈ જે બુઝુર્ગી તથા બરકતની સાથે મશહૂર હોય, જેમ કે માહે મુહર્રમ, માહે રજબ, માહે રમઝાન વગેરે અને આ જ હિકમત દિવસની છે. કેમ કે સર્વ દિવસોમાં જુમ્આનો દિવસ અફઝલ છે અને એ જ દિવસે આદમ علیہ السلام પેદા થયા. અને એ દિવસમાં એક ઘડી એવી છે કે એ ઘડીમાં જે દુઆ માગવામાં આવે તે કબૂલ થશે. પરંતું એ ઘડી આ ઘડીને ક્યાં પહોંચી શકે છે કે જે ઘડીમાં સૈયદુલ મુરસલીન ﷺ જન્મ પામ્યા.

## ★ પીર (સોમવાર)નો રોઝો ★

મદારિજુન્નબુવ્વતમાં છે કે પીરના દિવસે રોઝો રાખવો એ લેહાજથી કે એ દિવસને હુઝૂર ﷺની વિલાદત શરીફથી બુઝુર્ગી તથા કરામત હાંસલ થઈ છે, એ મુસ્તહબ છે.

હદીષ શરીફમાં છે કે હુઝૂર ﷺ પીરના દિવસે રોઝો રાખ્યા કરતા હતા, અને જ્યારે એ દિવસે રોઝો રાખવાનુ કારણ પૂછવામાં આવ્યું તો ફર્માવ્યું, હું એ દિવસે પેદા થયો અને એ જ દિવસે મારા પર વહી નાઝિલ કરવામાં આવી. *(રવાહુ મુસ્લિમ)*

## ★ નૂરાની વાદળ ★

હઝરત અલ્લામા શયખ અબ્દુલ હક્ક મહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ મદારિજુન્નબુવ્વતમાં ફર્માવે છે, સૈયદા આમિના ફર્માવે છે કે જ્યારે હુઝૂરને સૂવડાવવામાં આવ્યા તો એક ઘણુ જ મોટુ નૂરાની વાદળ જોયું જેમાં

ઘોડાઓના હણહણવાના અને વાદળોના ફળફળાવાનો અને લોકોના વાતો કરવાના અવાજો સાંભળ્યા, ત્યાં સુધી કે તે વાદળે હુઝૂર ﷺને ઢાંકી લીધા અને મારી નજરોથી ગાયબ થઈ ગયા. એ વખતે મેં એક પોકાર કરનારને પોકારતાં સાંભળ્યો, તે કહી રહ્યો હતો, હુઝૂરને જમીનના સર્વ ખૂણાઓમાં ફેરવો અને જિન તથા ઈન્સાનની રૂહો પર ગશ્ત કરાવો, ફરિશ્તાઓ, પક્ષીઓ, ચરનારાઓને ઝિયારત કરાવો અને તેમને હઝરત આદમ علیہ السلامના અખ્લાક઼, હઝરત શીષની મઅરેફત, હઝરત નૂહની શુજાઅત, હઝરત ઈબ્રાહીમની ખુલ્લત (દોસ્તી), હઝરત ઈસ્માઈલની ઝબાન, હઝરત ઈસ્હાક઼ની રઝા, હઝરત સાલેહની ફસાહત, હઝરત લૂતની હિકમત, હઝરત યાકૂબની બશારત, હઝરત મૂસાની સખ્તી, હઝરત ઐયૂબનો સબ્ર, હઝરત યૂનુસની તાઅત (ફર્માંબરદારી), હઝરત યૂશઅનો જેહાદ, હઝરત દાઊદનો લહન (લહેજો) અને અવાજ, હઝરત દાન્યાલની મહોબ્બત, હઝરત ઈલ્યાસનો વક઼ાર, હઝરત યહ્યાની ઈસ્મત અને ઈસાના ઝોહદના પયકર બનાવો અને તમામ નબીઓના અખ્લાક઼ના દરિયામાં ડૂબકી મરાવો. (علیہم السلام)

હઝરત સૈયદા આમિના رضی اللہ عنہا ફર્માવે છે, ત્યારબાદ તે વાદળ મારાથી હટી ગયું તો મેં જોયું કે લીલા રેશમી કપડામાં હુઝૂર ખૂબ લપેટાયેલા છે અને ઝરણાની જે તે રેશમથી પાણી ટપકી રહ્યુ છે અને કોઈ કહેવાવાળો કહી રહ્યો છે, માશા અલ્લાહ ! માશા અલ્લાહ ! હુઝૂરને સર્વ દુનિયા પર કેવી શાન સાથે મોકલવામાં આવ્યા ? દુનિયાની કોઈ મખ્લૂક઼ એવી નથી જે આપના ફર્માનની તાબે ન હોય. સૌને આપની કુદરતના કબજામાં આપવામાં આવ્યાં છે. પછી જ્યારે મેં આપની તરફ નજર કરી તો મેં જોયું કે જાણે આપ ચૌદમી રાતના ચાંદની જેમ ચમકી રહ્યા છે અને આપના જિસ્મે અત્હરથી મુશ્ક તથા અંબરની લહેરો ઉઠી રહી છે અને ત્રણ શખ્સો ઉભા છે : એકના હાથમાં ચાદીનો લોટો છે, બીજાના હાથમાં લીલા ઝમર્રુદની થાળી છે અને ત્રીજાના હાથમાં સફેદ રેશમ છે. ત્યારબાદ તેમણે એક વીંટી કાઢી જેનાથી જોનારાઓની નજરો ઝપકી ગઈ. પછી તેને સાતવાર ધોઈ અને એ

વીંટી વડે આપના ખભાઓની વચ્ચે મોહર કરી અને રેશમમાં લપેટીને ઉઠાવી લીધા અને થોડીવાર પોતાની આગોશમાં લઈને મને સુપ્રત કરી દીધા.

## ★ કાબા ઝુકી ગયો ! ★

હઝરત અબ્દુલ મુત્તલિબથી નકલ થયેલ છે કે તે ફર્માવે છે કે હું વિલાદતની રાતે કાબાની પાસે હતો. જયારે અડધી રાત થઈ તો મેં જોયું કે કા'બા મકામે ઈબ્રાહીમની તરફ ઝુકયો અને સજદો કર્યો અને એનાથી આ રીતનો તકબીરનો અવાજ આવ્યો :–

اَللّٰهُ اَكْبَرُ اَللّٰهُ اَكْبَرُ رَبُّ مُحَمَّدِنِ الْمُصْطَفٰى اَلْآنَ قَدْ طَهَّرَنِىْ رَبِّىْ مِنْ اَنْجَاسِ الْاَصْنَامِ وَاَرْجَاسِ الْمُشْرِكِيْنَ

"અલ્લાહ બુલંદો બાલા છે, અલ્લાહ બુલંદો બાલા (મહાન ઉચ્ચ) છે. તે રબ છે મુહમ્મદ મુસ્તફાનો. હવે મને મારો રબ મૂર્તિઓની નાપાકી અને મુશ્રિકોની નાપાકીથી પાક ફર્માવશે." અને ગયબથી અવાજ આવ્યો, "રબ્બે કા'બાની કસમ ! કા'બાને બરગુઝીદગી (પસંદીદગી) મળી. ખબરદાર થઈ જાવ ! કા'બાને તેમનો ક઼િબ્લો, તેમનું રહેઠાણ ઠરાવ્યું અને તે મૂર્તિઓ જે કાબાની આસપાસ ફિટ કરેલી હતી ટુકડા થઈ ગઈ. અને સૌથી મોટી મૂર્તિ જેને હુબલ કહેતા હતા મોંઢાભેર ગબડી પડી હતી. નિદા આવી કે સૈયદા આમિનાથી મુહમ્મદ પેદા થઈ ગયા અને રહમતનું વાદળ તેમના પર ઉતરી આવ્યું છે.

## ★ કિસ્રાનો મહેલ ધ્રુજી ઉઠયો ★

હુઝૂર રહમતે આલમ ﷺના જન્મ વખતે આમ તો અસંખ્ય બરકતો અને નિશાનીઓ પ્રદર્શિત થઈ પરંતું સૌથી વધુ મશહૂર તથા રોશન અને હેરત તથા આશ્ચર્યમાં નાખનારી વાત કિસ્રાના મહેલનું ધ્રુજવું, કાંપવું અને તેના ચૌદ કંગુરાઓનું પડી જવું છે. અને અમુક ઉલમાએ ચૌદની સંખ્યાથી એ પ્રતિ નિર્દેશ થવું મુરાદ લીધુ છે કે એમની બાદશાહી ચૌદ માણસો સુધી હશે. જેમ કે ચાર વરસમાં દસ લોકોએ બાદશાહી કરી અને બાકીના માટે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہના સુધી એક પછી એક બાદશાહી કરી.

એ જ દરમિયાન ફારસ (ઈરાન)ના સૌથી મોટા કાઝી જેમને તેઓ "હૌબદાં" કહે છે તેણે ખ્વાબ જોયો કે મજબૂત તથા તગડાં ઊંટ અને ચુસ્ત તથા ચાલાક અરબી ઘોડાઓ દોડતા આવી રહ્યા છે. દજલાને પાર કરીને શહેરોમાં ફેલાય ગયા છે. સ્વપ્નની તાબીર બતાવનારાઓએ એની એ તાબીર આપી કે અરબના શહેરોમાં કોઈ બનાવ ઉપસ્થિત થશે જેના કારણે અજમના દેશો ફતહ તથા તાબા હેઠળ થશે. કિસ્રાએ હાલની ખોજમાં કેટલાક લોકોને જ્યોતિષોની પાસે અને ખાસ કરીને "સતીહ"ની પાસે મોકલ્યા જે જ્યોતિષ વિદ્યામાં સૌથી વધુ જાણકાર હતો. જેથી કિસ્રાના એલચી સતીહ પાસે આવ્યા તો તે મૃત્યુની સકરાતમાં સપડાયેલો હતો. તેમણે સલામ કરી અને કિસ્રાની સલામી પહોંચાડી. તેનાથી કોઈ જવાબ સાંભળવામાં ન આવ્યો. અમુક શેઅરો પઢયા જેમાં કિસ્રાનો સવાલ છુપાયેલો હતો અને તેના હાલની હક઼ીક઼તની તલબ હતી. સતીહે જ્યારે એ શેઅરોને સાંભળ્યા તો હસીને કહેવા લાગ્યો, એ સમય છે જ્યારે કુર્આનની તિલાવત થશે અને અસાવાળો જાહેર થશે, એટલે મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺ મબ્ઊષ થશે. (તશરીફ લાવશે) વાદીએ સમાદા જારી થશે અને સાવી દરિયો સૂકાઈને પાણી ઉતરી જશે, ફારસ (ઈરાન)નો અગ્નિકુંડ ઓલવાય જશે, સતીહની જિંદગીનું ઝાડ આ દુનિયામાં ન રહેશે. સતીહ આટલી વાત કહીને ગબડી પડયો અને મરી ગયો.

## ★ મૂર્તિ બોલી ઉઠી ★

મુસ્તફા ﷺના જન્મની રાતે જાહેર થનારી નિશાનીઓમાંથી એક નિશાની મૂર્તિઓનું ઉંધા મોંભેર પડવું અને તેમનું ઝલીલોખાર થવું. કુરેશની એક મૂર્તિ હતી. તેઓ દર વર્ષે તે મૂર્તિની પાસે આવતા અને ઈદ તથા જશ્ન મનાવતા અને તેની સામે એતેકાફ કરતા. એક રાતે તેમણે જોયું કે એ મૂર્તિ ઊંધી પડેલી છે તો તેમણે ઉઠાવીને તેની જગાએ ઉભી કરી પરંતું તે બીજીવાર ગબડી પડી, ફરીથી ઉભી કરી તો ત્રીજીવાર ફરી પડી ગઈ. જ્યારે તેમણે આ સ્થિતિનો અનુભવ કયો તો ખૂબ જ ગમગીન તથા દુઃખી થયા અને તેને તેની જગાએ મજબૂત રીતે બાંધી દીધી, તે વખતે મૂર્તિની અંદરથી આ અવાજ સાંભળ્યો, તે કહી રહી હતી :–

تَرَدّٰی بِمَوْلُوْدٍ اَضَآءَتْ بِنُوْرِہٖ
جَمِیْعُ فُجَاجِ الْاَرْضِ بِالشَّرْقِ وَ الْغَرْبِ
وَ خَرَّتْ لَہُ الْاَوْثَانُ طُرًّا وَّ رَعَدَتْ
قُلُوْبُ مُلُوْکِ الْاَرْضِ جَمْعًا مِّنَ الرُّعْبِ

''જન્મ પામનારને ચાદર ઓઢાડવામાં આવી જેના કિરણોથી જમીનની પૂર્વ દિશાઓ તથા પશ્ચિમ દિશાઓના માર્ગો રોશન થઈ ગયા અને તેની ગરમીથી સર્વ મૂર્તિઓ પડી ગઈ અને તેના રોઅબ તથા દબદબાથી જમીનના બાદશાહોનાં દિલ ધ્રુજી ઉઠયાં.''

★★★

**કલામુલ્ ઈમામ ઈમામુલ્ કલામ**

અઝ : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિસે બરેલવી رضی اللہ عنہ

સૂના જંગલ રાત અંધેરી છાઈ બદલી કાલી હે
સોનેવાલે જાગતે રહીયો ચોરોં કી રખવાલી હે
યે જો તુઝ કો બુલાતા હે યે ઠગ હે માર હી રખેગા
હાએ મુસાફિર દમ મેં ન આના મત કૈસી મતવાલી હે
સોના પાસ હે સૂના બન હે સોના ઝહેર હે ઉઠ પ્યારે
તૂ કહતા હે નીંદ હે મીઠી તેરી મત હી નિરાલી હે
બાદલ ગર્જે બિજલી તળપે ધક સે કલેજા હો જાએ
બન મેં ઘટા કી ભયાનક સૂરત કૈસી કાલી કાલી હે
સાથી સાથી કેહ કે પૂકારું સાથી હો તો જવાબ આએં
ફિર ઝુંઝલા કર સર દે પટકું ચલ રે મૌલા વાલી હે
તુમ તો ચાંદ અરબ કે હો પ્યારે તુમ તો અજમ કે સૂરજ હો
દેખો મુઝ બેકસ પે સબને કૈસી આફત ડાલી હે
શહદ દિખાએ ઝહર પિલાએ કાતિલ ડાઈન શૌહર કુશ
ઈસ મુર્દાર પે કયા લલચાના દુન્યા દેખી ભાલી હે
વો તો નિહાયત સસ્તા સૌદા બેચ રહે હૈં જન્નત કા
હમ મુફલિસ કયા મોલ ચૂકાએં અપના હાથ હી ખાલી હે
મૌલા તેરે અફવો કરમ હો મેરે ગવાહ સફાઈ કે
વરના **''રઝા''** સે ચોર પે તેરી ડિગ્રી તો ઈકબાલી હે

# બિઅ્ષતે મુસ્તફા ﷺ

## (નબુવ્વતનું જાહેર થવું)

જ્યારે હુઝૂરે અક્દસ ﷺની મુક્દસ જિંદગીનું ચાલીસમુ વરસ શરૂ થયું તો અચાનક આપની ઝાતે અક્દસમાં કેટલાય ફેરફાર ઉપસ્થિત થવા લાગ્યા. અચાનક આપ એકાંત પ્રિય થઈ ગયા. એકાંતમાં બેસીને ખુદાની ઈબાદત કરવાનો જઝબો ખૂબ જ વધી ગયો. મોટાભાગનો સમય આપને ચિંતન મનનમાં વ્યસ્ત જોવામાં આવતા અને આપ મોટાભાગનો સમય અલ્લાહની કુદરતના મુશાહેદા અને કાઈનાતે આલમના નિરીક્ષણમાં વ્યસ્ત રહેતા. હુઝૂર સૈયદે આલમ ﷺને સારા સારા ખ્વાબ દેખાતા, અને ખ્વાબમાં જે કાંઈ જોતા બિલ્કુલ એવું જ થતું. મક્કા મુકર્રમાથી લગભગ ત્રણ માઈલના અંતરે હેરા પહાડ આવેલો હતો જેને જબલે નૂર પણ કહેવામાં આવે છે. આપ કેટ કેટલાયે દિવસોનું ખાવા પાણી સાથે લઈને એ ગુફામાં મોટાભાગે જવા લાગ્યા. એ જગાથી હુઝૂર કા'બાના જમાલ વડે આંખો મુબારકને રોશન પણ કર્યા કરતા અને ઈબાદતે ઈલાહી પણ કરતા અને રબ્બુલ ઈઝ્ઝત પ્રતિ ધ્યાનિત થઈને આલમે ઈસ્તેગરાક્માં બેસ્યા પણ કરતા. હઝરત ઈબ્રાહીમ علیہ السلامની શરીઅતમાંથી જે કાંઈ આપની નજીક સાબિત હતું અથવા દરેક તે ચીજ જે આપની નજીક આગલા અંબિયાએ કિરામ علیہم السلامની શરીઅતમાં સાબિત હતી અથવા જે આપની દષ્ટિએ મુસ્તહસન હતી એના પર અમલ કરતા હતા. આપ આપના કાશાનએ અક્દસથી થોડુક ખાવા લઈ જયા કરતા હતા, અને જ્યારે ખાવા ખતમ થઈ જતુ અને ઘરવાળાઓ પ્રતિ ધ્યાન જતુ તો પહાડથી ઉતરીને આવતા. ત્યારબાદ આપ તોશો (ભાથુ) લઈને ફરીથી તશરીફ લઈ જતા. અમુક રિવાયતોમાં આવ્યું છે કે હુઝૂરે અકરમ ﷺ દર વર્ષે એકવાર મક્કાની વસ્તીથી બહાર તશરીફ લઈ જતા એક મહીના માટે હેરામાં એકાંતવાસ રહેતા.

## ★ વહીની શરૂઆત ★

જ્યારે વહીના દિવસો નજીક આવ્યા તો આપે એકાંતવાસ તથા ઈબાદતમાં અતિશય વધારો કરી દીધો અને એનો પ્રબંધ શરૂ કરી દીધો એકાએક આપના પર વહીનો ઝહૂર થયો, વહી ઉતરી અને કુર્આન મજીદ નાઝિલ થયું. જેથી જ્યારે હુઝૂરે અકરમ ﷺની બારગાહમાં ફરિશ્તો વહી લઈને હાજર થયો તો તેણે કહ્યું, હે મુહમ્મદ ! (ﷺ) તમને ખુશ ખબરી થાય કે હું જિબ્રઈલ છું અને મને હક્ક તઆલાએ આપની પાસે મોકલ્યો છે. આપ ઉમ્મતની તરફ ખુદાના રસૂલ છો. આપ જિન તથા ઈન્સાનને કલ્મએ તયબહ لَآ اِلٰہَ اِلاَّ اللہُની દાવત આપો. અને કહ્યું : اِقْرَأْ પઢો ! હુઝૂરે ફર્માવ્યું : مَااَنَابِقَارِی "હું પઢવાવાળો નથી." ત્યારબાદ જિબ્રઈલે પોતાની આગોશમાં લીધા અને પૂરી ઉષ્માભેર મુઆનિકા કર્યો (ગળે મળ્યા) પછી છોડીને કહ્યું : اِقْرَأْ પઢો ! હુઝૂરે ફરી ફર્માવ્યું, مَااَنَابِقَارِی "હું પઢવાવાળો નથી." ફરિશ્તાએ બીજીવાર ફરી આપને પૂરી શક્તિભેર પોતાના સીના સાથે ચિપકાવ્યા અને છોડીને કહ્યું, اِقْرَأْ પઢો ! હુઝૂરે ફરી ફર્માવ્યું, مَااَنَابِقَارِی "હું પઢવાવાળો નથી." ત્રીજીવાર ફરી ફરિશ્તાએ આપને પૂરા જોરની સાથે પોતાના સીના સાથે લગાડીને છોડયા અને કહ્યું :

اِقْرَأْ بِاسْمِ رَبِّکَ الَّذِیْ خَلَقَ خَلَقَ الْاِنْسَانَ مِنْ عَلَقٍ اِقْرَأْ وَ رَبُّکَ الْاَکْرَمُ الَّذِیْ عَلَّمَ بِالْقَلَمِ عَلَّمَ الْاِنْسَانَ مَالَمْ یَعْلَمْ

"પઢો ! તમારા રબના નામથી જેણે પેદા કર્યા. માણસને જામેલા લોહીથી બનાવ્યો પઢો અને તમારો રબ જ સૌથી મોટો કરીમ જેણે કલ્મથી લખવાનુ શીખવ્યું, માણસને શીખવાડયું જે ન જાણતો હતો. "

*(સૂ. અલક, ૯૬/૧ થી ૫)*

હઝરત જિબ્રઈલ علیہ السلامનું આગોશમાં લઈને દબાવવું એ એક પ્રકારનું હુઝૂરે અકરમ ﷺના વજૂદે ગિરામીમાં મલકૂતી અન્વાર દાખલ કરીને તસર્રુફ કરવું હતું કે આપ વહીને કબૂલ કરવા માટે તૈયાર થાય અને તેના સિવાયનાથી ખાલી તથા બેધ્યાન થઈ જાય, તેમજ એમાં એ કૌલના વજનદાર

હોવાની તરફ નિર્દેશ છે જે આપની તરફ ઈલ્કા થનારો છે.

ત્યારબાદ હઝરત જિબ્રઈલ عليه السلامએ જમીન પર પગ માર્યો અને ઝરણુ કાઢયું, એનાથી વુઝૂ કર્યું જે કુલ્લી કરવા, નાકમાં પાણી નાખવા, ચહેરો તથા બંનેવ હાથ પગો ધોવા અને માથાનો મસહ કરવા પર આધારિત હતું. આ ફેઅલ (અમલ) થકી હુઝૂર ﷺને વુઝૂ કરવાનુ શીખવવાનો હેતુ હતો. તેના પછી હુઝૂરે પણ વુઝૂ કર્યું. પછી જિબ્રઈલે એક ખોબો પાણી લઈને હુઝૂરે અકરમ ﷺના ચેહરએ અન્વર પર છાંટી આપ્યું અને આગળ વધીને બે રકાત નમાઝ પઢાવી, હુઝૂર તેમના મુકતદી બન્યા. ત્યારબાદ જિબ્રઈલે અર્ઝ કર્યું કે આ રીતે વુઝૂ કરવું અને નમાઝ પઢવું છે. પછી જિબ્રઈલ عليه السلام આસ્માન પર ચઢી ગયા અને હુઝૂર ﷺ મક્કા તરફ વળ્યા.

## ★ પઢવાથી ઈન્કારનું કારણ ★

હઝરત જિબ્રઈલ عليه السلامના વારંવાર اِقْرَأْ (પઢો) અર્ઝ કરવા પર હુઝૂર ﷺ مَااَنَابِقَارِی (હું પઢનાર નથી) એટલા માટે ફર્માવી રહ્યા હતા કે આપ ગારે હિરામાં ઝિકે ઈલાહીથી લુત્ફઅંદૂઝ થઈ રહ્યા હતા. દિલ મુબારક પર અજીબ કૈફનો આલમ છવાયેલો હતો, એટલા માટે આપે એ માન્ય ન કર્યું કે દિલ મુબારક જે મહબૂબે હક઼ીક઼ીની યાદમાં સરશાર (મસ્ત) છે અને જેના પર તલ્લીનતાની આ'લા તરીન કૈફિયત છવાયેલી છે તે કોઈ બીજાની પ્રતિ ધ્યાનિત થઈ જાય. પછી જ્યારે જિબ્રઈલે અમીને ચોથીવાર એ જ મહબૂબે હક઼ીક઼ીના નામની બરકતથી પઢવાની ગુઝારિશ કરી તો આપ તેમની તરફ ધ્યાનિત થયા અને સૂરએ ઈકરાની પાંચ આયતો તિલાવત કરી.

## ★ મક્કા તરફ પરત થવું ★

એ વખતે એ આલમ હતો કે દરેક વનસ્પતિ તથા પથ્થર કહેતું હતું : اَلسَّلَامُ عَلَيْكَ يَا رَسُوْلَ الله જ્યારે હુઝૂર મક્કા તરફ પરત ફર્યા તો આપનું દિલ મુબારક અને કાન પટ્ટીઓનો ગોશ્ત ધ્રુજી રહ્યો હતો, જેવું ભય તથા ગભરાહટના સમયે થતુ રહેતુ હોય છે અથવા જેવું કે ગાયને ઝબહના વખતે થતુ હોય છે.

હુઝૂરે અકરમ ﷺએ ઉમ્મુલ મો'મિનીન હઝરત સૈયદા ખદીજા رضی اللہ عنہاની પાસે આવીને ફર્માવ્યું : زَمِّلُوْنِی زَمِّلُوْنِی "મને કંબલ ઓઢાડો ! મને કંબલ ઓઢાડો !" તેમણે આપના શરીર મુબારક પર કંબલ રાખી અને ચેહરએ અન્વર પર ઠંડા પાણીના છાંટા આપ્યા કે જેથી ખૌફ દૂર થાય. આપે હઝરત સૈયદા ખદીજતુલ કુબ્રા رضی اللہ عنہاથી સર્વ બનાવ વર્ણવ્યો અને ફર્માવ્યું : لَقَدْ خَشِیْتُ عَلٰی نَفْسِی "મને ડર છે કે હું ક્યાંક ખતરામાં ન પડી જાઉં." હઝરત સૈયદા ખદીજાએ અર્ઝ કર્યું :–

كَلَّا وَاللّٰهِ لَا يُخْزِيْكَ اللّٰهُ اَبَدًا اِنَّكَ لَتَصِلُ الرِّحْمَ وَ تَصْدُقُ الْحَدِيْثَ وَ تَحْمِلُ الْكَلَّ وَ تُكْسِبُ الْمَعْدُوْمَ وَ تُقْرِى الضَّيْفَ وَ تُعِيْنُ عَلٰى نَوَائِبِ الْحَقِّ........

"આપ ગમ ન કરો અને ખુશ રહો કેમ કે અલ્લાહ તઆલા આપને કોઈ ખતરામાં ન નાખશે અને ન આપને કોઈની આગળ ઝલીલ તથા બેઈજ્જત થવા દેશે. યક઼ીનન ! અલ્લાહ તઆલા આપની સાથે અચ્છાઈ જ ફર્માવશે, કેમ કે આપ સિલએ રહમી (સગાંથી સદ્‌વર્તાવ) કરો છો, અયાલ (બીવી બચ્ચાં)નો બોજ ઉઠાવો છો, રિયાઝ તથા મુજાહિદા કરો છો, મહેમાનનવાઝી કરો છો, બેકસો તથા મજબૂરોની દસ્તગીરી (મદદ) કરો છો, મોહતાજો તથા ગરીબો સાથે ભલાઈ કરો છો, લોકો સાથે હુસ્ને અખ્લાક઼થી પેશ આવો છો, લોકોની સચ્ચાઈમાં તેમની મદદ અને તેમની બુરાઈથી પરહેઝ કરો છો, યતીમોને પનાહ આપો છો, સાચુ બોલો છે અને અમાનતો અદા કરો છો."

## ★ હુઝૂર ﷺ વરક઼ા બિન નોફેલની પાસે ★

જ્યારે હુઝૂરે અકરમ ﷺએ પોતાનો હાલ મુબારક વર્ણવ્યો તો સૈયદા ખદીજા رضی اللہ عنہا ખૂબ જ ખુશ થયાં. ત્યારબાદ સૈયદા ખદીજા આ હાલતના સમર્થન તથા મજબૂતીના હેતુથી હુઝૂર ﷺને પોતાના કાકાના પુત્ર વરક઼ા બિન નોફેલ પાસે લઈ ગયાં. વરકા બિન નોફેલ ખૂબ જ વૃધ્ધ હતા. તે કુરેશના તૌર તરીકા અને જાહિલિયતની રસ્મોથી નીકળીને હક઼ીક઼ીદીને ઈસ્વી અપનાવીને મુવહ્હિદ બની ગયા હતા. એમને ઈન્જીલનો ઈલ્મ

સારી રીતે આવડતો હતો અને તે ઈન્જીલથી અરબી ભાષામાં કાંઈક લખ્યા કરતા હતા. ઈબ્રાની ભાષા પણ જાણતા હતા. તેમને સૈયદા ખદીજાએ કહ્યું, હે મારા કાકાના પુત્ર ! તમારા ભત્રીજાની વાત તો સાંભળો, તે શું કહે છે ? વરક઼ાએ હુઝૂરને પૂછયું, શું વાત છે ? હુઝૂર ﷺએ પોતાનો સર્વ હાલ જે ગુજરી ચૂક્યો હતો તેમને વર્ણવી આપ્યો. એ સાંભળીને વરક઼ાએ કહ્યું, આ તે નામૂસ (સન્માન) છે જે હઝરત મૂસા علیہ السلام પર નાઝિલ થયું હતું. હે મુહમ્મદ ! (ﷺ) આપને મુબારક તથા ખુશી થાય કે આપ અલ્લાહના રસૂલ છો. હું ગવાહી આપુ છું કે આપ તે નબી છે જેની બશારત હઝરત ઈસા علیہ السلامએ આપી કે મારા બાદ એક રસૂલ મોકલવામાં આવશે જેનું નામ નામી અહમદ છે.

નજીક છે કે આપ કાફિરો સાથે જેહાદ તથા જંગ માટે નિયુક્ત થાવ. કાશ ! હું એ દિવસ સુધી જીવંત રહેતો અને જવાન, મજબૂત અને શક્તિવાન હોતો જ્યારે આપની ક઼ૌમ આપને આ જગાએથી કાઢશે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, શું તે મને અહીંથી કાઢી મૂકશે ? વરક઼ાએ કહ્યું, હા ! આપ જે કાંઈ લઈને તશરીફ લાવ્યા છો તેના જેમ કોઈ એક શખ્સ લઈને નથી આવ્યો. તેમ છતાં તેમનાથી દુશ્મની કરવામાં આવી અને તેમને ઈજાઓ પહોંચાડવામાં આવી. મતલબ એ કે સુન્નતે ઈલાહી આ પ્રમાણે જારી છે કે કાફિર લોકો હમેશાં નબીઓના દુશ્મન રહ્યા છે અને કોઈ નબી એવો નથી આવ્યો જેની સાથે કાફિરોએ દુશ્મની ન કરી હોય. જો મેં આપનો તે દિવસ પામ્યો તો હું આપની પૂરેપૂરી મદદ કરીશ.

પછી થોડાક અરસા બાદ વરક઼ા મૃત્યુ પામ્યા અને દાવતના જાહેર થવાનો જમાનો તેમણે ન પામ્યો, પરંતું તે હુઝૂર પર ઈમાન લાવનારાઓ અને આપનું સમર્થન કરનારાઓમાંથી છે.

ત્યારબાદ કેટલાક દિવસો સુધી વહી ઉતરવાનો ક્રમ બંધ થઈ ગયો અને હુઝૂર ﷺ વહીના ઈન્તેઝારમાં બેચેન તથા બેકરાર રહેવા લાગ્યા. ત્યાં સુધી કે એક દિવસ હુઝૂર ﷺ ક્યાંક ઘરથી બહાર તશરીફ લઈ જઈ રહ્યા હતા એવામાં કોઈએ મુહમ્મદ ! કહીને આપને પોકાર્યા. આપે

આસ્માનની તરફ માથુ ઉઠાવીને જોયું તો એ જોયું કે તે જ ફરિશ્તો (જિબ્રઈલ عليه السلام) જે ગારે હિરામાં આવ્યો હતો તે આસ્માન તથા જમીનની વચ્ચે એક ખુરશી પર બેઠો છે. આ મન્ઝર જોઈને આપના મુબારક દિલમાં એક ખૌફની કેફિયત પેદા થઈ ગઈ અને આપ ઘરે આવીને સૂઈ ગયા અને ઘરવાળાંને કહ્યું કે મને કંબલ ઓઢાડો. જેથી આપ કંબલ ઓઢીને સૂતેલા હતા કે એકાએક આપ પર સૂરએ મુદ્દષ્ષિરની શરૂની આયતો નાઝિલ થઈ અને રબ તઆલાનું ફર્માન ઉતરી પડયું કે :

يَآيُّهَا الْمُدَّثِّرُ o قُمْ فَاَنْذِرْ o وَ رَبَّكَ فَكَبِّرْ o وَ ثِيَابَكَ فَطَهِّرْ o وَ الرُّجْزَ فَاهْجُرْ

"હે ચાદર ઓઢનાર ! ઉભા થઈ જાવ ! પછી ડર સંભળાવો અને તમારા રબની બડાઈ બોલો અને તમારાં કપડાં પાક રાખો અને મૂર્તિઓથી દૂર રહો." *(બુખારી–૧/૩)*

**વો સરવરે કિશ્વરે રિસાલત, જો અર્શપર જલ્વા ગર હુએ થે**

વો સરવરે કિશ્વરે રિસાલત, જો અર્શપર જલ્વા ગર હુએ થે
નયે નિરાલે તરબ કે સામાં, અરબ કે મેહમાન કે લિએ થે

બહાર હૈં શાદિયાં મુબારક, ચમન કો આબાદિયાં મુબારક
મલક ફલક અપની અપની લયમેં, યહ ઘર અનાદિલ કા બોલતે થે

વહાં ફલક પર યહાં ઝમીંમેં, રચી થી શાદી મચી થી ધૂમેં
ઉધરસે અન્વાર હંસતે આતે, ઈધરસે નફહાત ઉઠ રહે થે

યહ છૂટ પળતીથી ઉન્કે રુખ કી, કે અર્શ તક ચાંદની થી
વો રાત કયા ઝગમગા રહી થી, જગા જગા નસ્બ આઈને થે

નઈ દુલ્હન કી ફબનમેં કા'બા, નિખરકે સંવરા સંવર કે નિખરા
હજર કે સદકે મેં કમર કે ઈક તિલમેં, રંગ લાખોં બનાવ કે થે

ઉતાર કર ઉન્કે રુખકા સદકા, યહ નૂર કા બટ રહા થા બાળા
કે ચાંદ સૂરજ મચલ મચલ કર, જબીં કી ખૈરાત માંગતે થે

નબીએ રહમત શફીએ ઉમ્મત, **'રઝા'** પે લિલ્લાહ હો ઈનાયત
ઉસે ભી ઉન ખિલ્અતોંસે હિસ્સા, જો ખાસ રહમત કે વાં બટે થે

ષનાએ સરકાર હૈ વઝીફા, કુબૂલે સરકાર હૈ તમન્ના
ન શાઈરી કી હવસ ન પરવા રવીથી કયા કૈસે કાફલે થે

# રસૂલ ﷺને દુનિયામાં મોકલવાના હેતુઓ

મારા પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ ! આપણા દિમાગોમાં એ ખયાલ આવતો હશે કે છેવટે અલ્લાહ ﷻએ અંબિયા તથા રસૂલોને શા માટે મોકલ્યા અને તેમના દુનિયામાં આવવાનું શું કારણ હતું. એના બારામાં કેટલીક વિગત રજૂ કરીએ છીએ. અલ્લાહ તઆલાએ રસૂલોને દુનિયામાં મબ્ઊષ ફર્માવ્યા (મોકલ્યા) એનાં અમુક કારણો છે :–

## ★ કુર્આનની તિલાવત ★

અલ્લાહ ﷻએ કુર્આન મુક઼દ્દસમાં ઈર્શાદ ફર્માવ્યો :–

كَمَآ اَرْسَلْنَا فِيْكُمْ رَسُوْلاً مِّنْكُمْ يَتْلُوْا عَلَيْكُمْ اٰيٰتِنَا وَ يُزَكِّيْكُمْ وَ يُعَلِّمُكُمُ الْكِتٰبَ وَ الْحِكْمَةَ وَيُعَلِّمُكُمْ مَّا لَمْ تَكُوْنُوْا تَعْلَمُوْنَ۝

"જેવો અમે તમારામાં મોકલ્યો એક રસૂલ તમારામાંથી કે તમારા પર અમારી આયતો તિલાવત કરે છે અને તમને પાક કરે છે અને કિતાબ તથા પુખ્તા ઈલ્મ શીખવાડે છે અને તમને તે તાલીમ આપે છે જેનો તમને ઈલ્મ ન હતો." *(સૂ. બક઼રહ, ૨/૧૫૧)*

તફસીરે નઈમીના કર્તા હઝરત મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ આ આયતની તફસીરનો ખુલાસો આ પ્રમાણે વર્ણવે છે : હે મુસલમાનો ! કા'બાની નેઅમત પ્રથમ નેઅમત નથી, બલ્કે એનાથી પહેલાં તમારા પર અન્ય પણ નેઅમતો થઈ ચૂકી કે તમને બાકીની ઉમ્મતોથી અફઝલ કર્યા, તમને બેહતરીન દીન અતા કર્યો અને સૌથી વિશેષ એ કે તમારામાં પોતાનો આ મહાન પયગંબર મોકલ્યો જે માથાથી પગ સુધી અલ્લાહની રહમત છે. આમ તો એમનાં તમારા પર લાખો એહસાન છે, પણ પાંચ એહસાનો એકદમ જાહેર છે : **એક** એ કે તમારા સુધી રબની આયતો પહોંચાડે છે, તમને પઢીને સંભળાવે છે અને પઢતાં શીખવાડે છે, તમારા શબ્દો સહીહ કરાવે છે, તિલાવતના આદાબ બતાવે છે, બલ્કે તેને લખવાની પધ્ધતિ બતાવે છે. વળી

તમને શિર્ક, મૂર્તિપૂજા, કુફ્ર તથા ગંદા અખ્લાક઼, બદતમીઝી, અદાવત, આપસના ઝઘડા, જંગ, શારીરિક નાપાકી, સારાંશ કે દરેક જાહેરી તથા બાતિની અયબોથી પાક કરે છે કે અરબ જેવા સખ્ત દેશને જે ઈન્સાનિયતથી પડી ચૂક્યો હતો અને જ્યાંના રહેવાસી માનવ રૂપમાં જાનવર બની ચૂક્યા હતા તેમને જગતના મુઅલ્લિમ બનાવી દીધા. મૂર્તિપૂજકોને ખુદા પરસ્ત, ડાકૂઓને રહબર, શરાબીઓને મહોબ્બતે ઈલાહીના મતવાલા, બેશર્મોને શર્મિલા, જાહિલોને આલિમ અને ન જાણે કોને શું શું બનાવી દીધા. સારાંશ કે મખ્લૂક઼ને ખાલિક઼ સુધી પહોંચાડી આપી. એની સાથોસાથ તમને રબની કિતાબનાં રહસ્યો, પોતાની વાણીનાં રાઝો શીખવાડે છે, અને તમને દીન તથા દુનિયાની એ સર્વ વાતો બતાવે છે જેનાથી તમે બેખબર હતા અને ગયબી ઈલ્મોના એ દરવાજા ખોલે છે જે આજ સુધી બંધ હતા. સારાંશ કે તે પોતે પણ રહમત છે અને હજારો ન મિટનારી નેઅમતો તમારા માટે પોતાની સાથે લાવ્યા છે.

મારા પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ ! અલ્લાહ ﷻએ આ આયતે કરીમામાં મબ્ઊષ થનાર નબી ﷺની કેટલીક સિફતો (ગુણો)ને વર્ણવી છે. એ સિફતો અસલ નબી ﷺના દુનિયામાં મોકલવાના હેતુઓને સ્પષ્ટ કરી રહી છે. લોકોને કુર્આન પઢીને સંભળાવવું, તેમની સફાઈ (તઝકિયા) કરવી, કિતાબ તથા હિકમતની તાલીમ એ હુઝૂર સરવરે કાઈનાત ﷺની બઅષતના એ હેતુઓમાંથી છે જેમને હુઝૂર રહમતે આલમ, નૂરે મુજસ્સમ ﷺ પોતાની સર્વ જાહેરી પવિત્ર જિંદગીમાં અંજામ આપતા રહ્યા. આવો, આપણે એ મક઼સદોને વિગતવાર જોઈએ જેથી આપણે એ સમજી શકીએ કે હબીબે ખુદા, તાજદારે અંબિયા ﷺનું મિશન શું હતું અને કયા હેતુની પરિપૂર્ણતા માટે આપને મોકલવામાં આવ્યા હતા.

## ★ દિલોની સફાઈ ★

કુર્આને મુક઼દ્દસમાં હુઝૂર સરવરે કાઈનાત ﷺનો બીજો વસ્ફ (ગુણ) એ વર્ણવવામાં આવી રહ્યો છે કે આપ લોકોને સુથરા કરે છે, એટલે લોકોનાં

દિલો અને રૂહોને પાકીઝા કરે છે. મુસલમાનોને બુરા અકીદાઓ, બુરી રસ્મો, બુરા અમલો વગેરેથી ખૂબ જ પાક તથા સાફ કરે છે. લોકોને નેક અમલો માટે તૈયાર કરે છે કે જેના કારણે તેઓ ગુનાહોની ગંદકી મેલથી (કે જે નફસ પર હોય છે) ધોવાઈને પાક તથા સાફ થઈ જાય છે. કેમ કે હુઝૂર સરવરે કાઈનાત ﷺની એ જિમ્મેદારી છે કે અવામ (સામાન્ય લોકો)ને દાવત આપીને તેમને એવા અમલો માટે તૈયાર કરે જેમના કારણે તેમને કુફ્ર તથા શિર્ક, ગુનાહો તથા પાપોથી સફાઈ તથા પાકીઝગી હાંસલ થઈ શકે.

એક બગડેલા સમાજની સુધારણા અને સદીઓના લાગેલા કાટને દિલોથી છોડાવવો આસાન કામ તો ન હતું. અને દિલોને સમાર્યા વિના કેવળ કિતાબ તથા હિકમતની તાલીમ કેવી રીતે લાભ પહોંચાડતી ?! એટલા માટે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે તાજદારે કાઈનાત ﷺને પ્રથમ તઝકિયા (પાક સાફ કરવાનો) હુકમ કર્યો અને કિતાબ તથા હિકમતની તાલીમનો હુકમ કર્યો.

તઝકિયા (સફાઈ દિલની) માટે અલ્લાહ ﷻએ મહબૂબના અંદાઝને જે તરીકાથી વર્ણવ્યો એમાં પહેલાં તિલાવત અને એના થકી દિલોના કાટને (મેલને) દૂર કરવો. જાહેર વાત છે કે જ્યારે એક સામાન્ય માનવી જ્યારે કોઈ હોદ્દા પર બિરાજમાન થાય અને તેના તરફથી કોઈ પૈગામ આવી જાય તો એને વાંચીને તેની અસરો માનવીઓના દિલો પર પડે છે અને ખુશી તથા ગમની અસરો ચહેરાઓથી જાહેર થાય છે, તો ખાલિકના કલામની અસરો કેમ માનવ દિલો પર અસરઅંદાઝ ન થશે ? કલામ કોઈ અન્ય ભાષામાં તો ન હતું કે તેને સમજવું મશ્કેલ હોય બલ્કે અરબની ભૂમી પર અરબી ભાષામાં કુર્આન અરબવાસીઓની જિંદગીઓમાં ક્રાંતિ સર્જવા માટે એક અરબી પયગંબર ﷺ પોતાની કૌમી ભાષામાં તિલાવત કરી રહ્યો હોય તો તેને સમજવું આસાન છે.

મારા પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ ! ઉપરોક્ત આયતમાં તઝકિયા (દિલની સફાઈ કરવા)ને નબી કરીમ ﷺના દુનિયામાં આગમનના હેતુ રૂપે વર્ણવવામાં આવેલ છે. મુઅલ્લિમે ઈન્સાનિયત સરકારે દો આલમ ﷺએ આ દુનિયામાં મબઊષ થયા (આવ્યા) બાદ લોકોનાં

દિલોને કેવી રીતે પાક તથા સાફ કર્યાં અને તેમનાં દિલોમાં મઅરેફતે ઈલાહીની તજલ્લીઓને કેવી રીતે વસાવી, આવો એનું પણ ટૂંકમાં નિરીક્ષણ કરી લઈએ :

## ★ કુર્આન થકી તઝકિયા (સફાઈ) ★

કુર્આને મુકૃદસની તિલાવતની અસરો દિલોના મેલને ખૂબ ઝડપથી દૂર કરી દે છે. નબી અકરમ ﷺએ ખુદ લોકોને કુર્આને મુકૃદસ તિલાવત કરીને સંભળાવ્યું, તેમને કષરતથી (ખૂબ જ અધિક પ્રમાણમાં) તિલાવત કરવાની તાકીદ કરી. ઈતિહાસ સાક્ષી છે કે તઝકિયાનો આ અંદાઝ એટલો અસરકારક પુરવાર થયો કે ફારૂકે આ'ઝમ જેવા જલીલુલ કદર સહાબીથી લઈને મોટા મોટા શાયરો અને મોટા મોટા કબીલાઓના સરદારો કુર્આન મુકૃદસને સાંભળીને હુઝૂર રહમતે આલમ ﷺને દિલ દઈ બેઠા અને હમેશાના માટે અસનામ (મૂર્તિઓ)ની મહોબ્બત અને ગુનાહોની લિજ્જતને દિલથી કાઢી નાખી. ઈતિહાસમાં બાઝમીર મોમિનોના એવા વિવિધ બનાવો મળશે જેનાથી એ અંદાઝો થઈ જશે કે હકૃીકૃતમાં દિલોની સફાઈના માટે કુર્આને મુકૃદસની તિલાવતથી વધીને કોઈ બીજો તરીકો નથી હોઈ શકતો. કુર્આન મુકૃદસને સાંભળીને જે અસરો પડી તેનો એક નમૂનો ઈતિહાસના પૃષ્ઠો પરથી જોઈએ:

મક્કાના કાફિરોએ જ્યારે દિન પ્રતિ દિન મુસલમાનોની વધી રહેલી સંખ્યા જોઈ તો એક દિવસે સૌએ ભેગા મળીને એ મશવરો કર્યો કે મુહમ્મદ (ﷺ)ને કૃત્લ કરી દેવામાં આવે, પણ સવાલ એ પેદા થયો કે કોણ કત્લ કરે ? મજમામાં એલાન થયું કે, છે કોઈ બહાદુર જે મુહમ્મદને કૃત્લ કરી આપે ? એ એલાન પર પૂરો મજમો તો ખામોશ રહ્યો, પણ હઝરત ઉમરે કહ્યું કે હું એમને કત્લ કરીશ ! લોકોએ કહ્યું, બેશક ! તમે જ તેમને કૃત્લ કરી શકો છો. પછી હઝરત ઉમર ઉઠયા અને ત્લવાર લટકાવીને ચાલી નીકળ્યા. એ જ ખયાલમાં જઈ રહ્યા હતા કે એક સાહબ કબીલા ઝહરાના જેમનું નામ હઝરત નુઐમ હતું તેમણે પૂછયું કે, હે ઉમર ! ક્યાં જઈ રહ્યા છો ? કહ્યું કે, મુહમ્મદ (ﷺ)ને કૃત્લ કરવા જઈ રહ્યો છું. હઝરત નુઐમે કહ્યું કે, તું

પહેલાં તારા ઘરની ખબર લે ! તારી બહેન ફાતિમા બિન્તે ખત્તાબ અને બનેવી સઈદ ઈબ્ને ઝયદ બંનેવ પોતાના બાપદાદાનો દીન છોડીને મુસલમાન થઈ ચૂક્યાં છે ! આ સાંભળીને હઝરત ઉમરને અતિશય ગુસ્સો આવ્યો અને પોતાની બહેનના ઘરે આવ્યા. ત્યાં હઝરત ખબ્બાબ رضی اللہ عنہ દરવાજો બંધ રાખીને બંનેવ પતિ પત્નીને કુર્આન મજીદ પઢાવી રહ્યા હતા. હઝરત ઉમર رضی اللہ عنہ એ દરવાજો ખોલવા કહ્યું તેમનો અવાજ સાંભળીને હઝરત ખબ્બાબ رضی اللہ عنہ ઘરના એક હિસ્સામાં છુપાય ગયા. બહેને દરવાજો ખોલ્યો તો આપ ઘરમાં પ્રવેશ્યા અને પૂછયું, તમે લોકો શું કરી રહ્યાં હતાં ? અને એ અવાજ કોનો હતો ? આપના બનેવીએ વાત ટાળ દીધી અને કોઈ સ્પષ્ટ જવાબ ન આપ્યો. કહેવા લાગ્યા કે મને જાણ થઈ છે કે તમે લોકોએ આપણા બાપદાદાનો દીન છોડીને બીજો દીન અપનાવી લીધો છે ?! બનેવીએ કહ્યું, હા ! બાપદાદાનો દીન બાતિલ છે અને બીજો દીન હક્ક઼ છે.

આ સાંભળતાં જ એકદમ તૂટી પડયા અને તેમની દાઢી પકડીને ખેંચી અને જમીન પર પટકીને ખૂબ માર્યા. તેમની બહેન છોડાવવા માટે દોડયાં તો તેમના મોં પર એક મુક્કો એટલા જોરથી માર્યો કે તેણી લોહીથી લથપથ થઈ ગયાં. છેવટે તેણી પણ હઝરત ઉમરની જ બહેન હતાં, કહેવા લાગ્યાં કે ઉમર ! અમને એટલા માટે મારી રહ્યા છો કે અમે મુસલમાન થઈ ગયાં છીએ ?! કાન ખોલીને સાંભળી લો ! કે તમે મારી મારીને અમારા લોહીનું એક એક ટીપુ કાઢી લો એ શક્ય છે પરંતુ અમારા દિલેથી ઈમાન કાઢી લો એ કદાપિ નથી થઈ શકતુ. અને આપનાં બહેને કહ્યું કે હું ગવાહી આપુ છું કે અલ્લાહ સિવાય કોઈ મઅબૂદ (પૂજા, ઈબાદતને પાત્ર) નથી અને મુહમ્મદ ﷺ અલ્લાહના બંદા અને તેના રસૂલ છે. બેશક ! અમે લોકો મુસલમાન થઈ ગયા છીએ, તમારાથી જે થઈ શકે કરી લો ! બહેનના જવાબ અને તેમને લોહીમાં તરબતર જોઈને ઉમરનો ગુસ્સો ઠંડો પડી ગયો. આપે ફર્માવ્યું કે, સારું ! મને એ કિતાબ આપો જે તમે લોકો પઢી રહ્યાં હતાં કે જેથી હું પણ તેને પઢું. આપની બહેને કહ્યું કે તમે નાપાક છો અને આ પવિત્ર કિતાબને પાક લોકો જ હાથ લગાડી શકે છે. હઝરત ઉમરે ખૂબ જ આગ્રહ કર્યો પણ

તે ગુસ્લ વિના આપવા તૈયાર ન થયાં. છેવટે હઝરત ઉમરે ગુસલ કર્યું પછી કિતાબ લઈને પઢી. એમાં સૂરએ તાહા લખેલી હતી તેને પઢવાનું શરૂ કર્યું. જ્યારે આ આયત પર પહોંચ્યા :–

اِنَّنِیۡۤ اَنَا اللّٰہُ لَاۤ اِلٰہَ اِلَّاۤ اَنَا فَاعۡبُدۡنِیۡ وَ اَقِمِ الصَّلٰوۃَ لِذِکۡرِیۡ ''બેશક ! હું અલ્લાહ છું, મારા સિવાય કોઈ મઅબૂદ નથી, તો મારી ઈબાદત કરો અને મારી યાદના માટે નમાઝ કાયમ કરો.'' *(સૂ. તાહા, ૨૦/૧૪)*

તો હઝરત ઉમર رضی اللہ عنہ કહેવા લાગ્યા કે મને મુહમ્મદ ﷺની ખિદમતમાં લઈ ચાલો. જે વખતે હઝરત ખબ્બાબ رضی اللہ عنہએ આ આયત સાંભળી તો આપ બહાર નીકળી આવ્યા અને કહ્યું કે, હે ઉમર ! હું તમને ખુશખબરી આપુ છું કે કાલે જુમેરાતની રાતમાં સરકારે અક્દસ ﷺએ દુઆ માગી હતી કે, ''યા ઈલાહલ આલમીન ! ઉમર તથા અબૂ જહલમાં જે તને મહબૂબ તથા પ્યારો હોય એનાથી ઈસ્લામને કુવ્વત અતા ફર્માવ.'' લાગે છે કે રસૂલુલ્લાહ ﷺની દુઆ તમારા હક્કમાં કબૂલ થઈ ગઈ.

એ વખતે રસૂલુલ્લાહ ﷺ સફા પહાડી નજીક હઝરત અરકમ رضی اللہ عنہના મકાનમાં હાજર હતા. હઝરત ખબ્બાબ رضی اللہ عنہ આપને સાથે લઈને રસૂલે ખુદા ﷺની ખિદમતમાં હાજર થવાના ઈરાદાથી ચાલ્યા. હઝરત અરકમ رضی اللہ عنہના દરવાજા પર હઝરત હમ્ઝા, હઝરત તલ્હા અને કેટલાક અન્ય સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ હિફાઝત અને નિગરાની માટે બેઠેલા હતા. હઝરત હમ્ઝા رضی اللہ عنہએ આપને જોઈને ફર્માવ્યું કે ઉમર આવી રહેલ છે, જો અલ્લાહ તઆલાને તેમની ભલાઈ મંજૂર છે ત્યારે તો એ મારા હાથથી બચી જશે, અને જો એમની નિય્યત કાંઈ અલગ છે તો અત્યારે એમને કત્લ કરવા ખૂબ જ આસાન છે, એ દરમિયાનમાં આકાએ દો આલમ ﷺ પર આ હાલાતના બારામાં વહી નાઝિલ થઈ ચૂકી હતી. સરકારે અક્દસ ﷺએ મકાનથી બહાર તશરીફ લાવીને હઝરત ઉમરનો દામન અને તેમની તલ્વાર પકડી લીધી અને ફર્માવ્યું, હે ઉમર ! શું આ ઝઘડો તમે ત્યાં સુધી કરતા રહેશો જ્યાં સુધી કે તમારા પર ઝિલ્લત તથા બેઈજ્જતી લાગુ ન થઈ જાય ?! આ સાંભળતાં જ હઝરત

ઉમર رضی اللہ عنہ એ કહ્યું, اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَ اَشْهَدُ اَنَّكَ عَبْدُ اللّٰهِ وَ رَسُوْلُهٗ "હું ગવાહી આપુ છું કે અલ્લાહ સિવાય કોઈ મઅબૂદ નથી, અને હું ગવાહી આપુ છું કે આપ અલ્લાહ તઆલાના બંદા અને તેના રસૂલ છે." *(તારીખુલ ખુલફા)*

મારા પ્યારા આકા ﷺના પ્યારા દીવાનાઓ ! વર્ણવેલ બનાવોથી એ વાત બિલ્કુલ સ્પષ્ટ થઈ ગઈ કે કુર્આને મુકદ્દસ એક એવી અઝીમ કિતાબ અને દિલોની સફાઈનો એક એવો મહાન ઝરીયો છે કે જો કોઈ કાફિર તેને સાંભળે તો તેની અસરથી તેને ઈમાનની દોલત નસીબ થાય, જો કોઈ ગુનેહગાર તેની તિલાવત કરે અથવા દિલની ગહરાઈઓથી સાંભળે તો તેના દિલમાં ગુનાહોથી નફરત અને નેકીઓની મહોબ્બત પેદા થાય. એ જ કારણે અલ્લાહ عزوجل એ જયાં કુર્આને મુકદ્દસની તિલાવત થઈ રહી હોય તો શ્રોતાઓને ખામોશ રહેવા અને ધ્યાનપૂર્વક સાંભળવાનો હુકમ ફર્માવ્યો. ખુદા તઆલાનો ઈર્શાદ છે : وَ اِذَا قُرِئَ الْقُرْاٰنُ فَاسْتَمِعُوْا لَهٗ وَ اَنْصِتُوْا لَعَلَّكُمْ تُرْحَمُوْنَ "અને જ્યારે કુર્આન પઢવામાં આવે તો તેને કાન લગાડીને સાંભળો અને ખામોશ રહો કે તમારા પર રહમ થાય." *(સૂ. અઅ્રાફ, આ. ૨૦૪)*

સારાંશ કે આ આયતમાં કુર્આને મુકદ્દસને ખામોશ રહીને ધ્યાનપૂર્વક સાંભળવાને રહમો કરમની પ્રાપ્તિનો ઝરીયો બતાવવામાં આવેલ છે, એમાં કામયાબીનો રાઝ છુપાએલો છે. મતલબ કુર્આન દરેક માનવ વર્ગ માટે દિલોની સફાઈનો કીમીયાઈ નુસ્ખો છે, જેના થકી દરેક મોટો અને નાનો, દરેક અપૂર્ણ તથા સંપૂર્ણ ફાયદો ઉઠાવી શકે છે.

## ★ ઝિક્રે ઈલાહી થકી તઝકિયા (સફાઈ) ★

અલ્લાહના રસૂલ ﷺએ કુર્આનની તિલાવતથી તો દિલોની સફાઈ કરી જ પણ સાથોસાથ ઝિક્રે ઈલાહીના થકી પણ આપે લોકોના દિલો પર લાગેલા કાટને દૂર કર્યો. આપ લોકોને દરેક હાલતમાં ઝિક્રે ઈલાહી કરવાનો હુકમ ફર્માવતા અને ખુદ આપનો હાલ એ હતો કે આપની દરેક અદાથી ઝિક્રે ઈલાહીની સદાઓ બુલંદ થતી હતી. એમની જલ્વત (જાહેર સ્થિતિ)માં અલ્લાહના ઝિક્રની ગુંજ થતી, તેમની ખલ્વત (એકાંત)માં અલ્લાહના ઝિક્રની

રિફાકત હોતી. તેમની ઝબાન મુબારક ઝાકિર હતી, તેમનું મુનવ્વર દિલ ઝિક્રથી આબાદ હતું. તેમનું રૂવે રવું તેમના રબનો ઝિક્ર કરતું હતું, તે કોઈ પળ પોતાના રબના ઝિક્રથી ગાફિલ ન થયા, ત્યાં સુધી કે સૂતા તો પણ કલ્બે સલીમ (મુબારક દિલ) ઝિક્રે ઈલાહીમાં વ્યસ્ત રહેતું. આ જ કૈફિયતને ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ને બતાવી કે اِنَّ عَيْنَىَّ تَنَامَانِ وَ لَا يَنَامُ قَلْبِىْ "મારી આંખો તો સૂએ છે પણ મારું દિલ નથી સૂતુ."

આપે ખુદ ઝિક્રે ઈલાહી કર્યું અને લોકોને પણ અલ્લાહનો ઝિક્ર કરવાનો હુકમ કર્યો, જેના કારણે જમીનના ખૂણે ખૂણે اَشْهَدُ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ ની સદાઓ ગુંજવા લાગી.

## ★ નવાફિલ થકી તઝકિયા ★

દરેક મુસલમાન આકિલ બાલિગ પર દિવસમાં પાંચ વખતની નમાઝો ફર્ઝ છે. તેને અદા કર્યા વિના છૂટકારો નથી. પણ આપણે નબવી હદીષોનો અભ્યાસ કરીએ તો જાણવા મળશે કે નબી અકરમ ﷺ એ પોતાના માનવાવાળાઓને ફર્ઝોની સાથોસાથ નફલોની પાબંદીનો પણ દર્સ આપ્યો છે. આપે ખુદ રાતો પર રાતો નવાફિલમાં ગુજારી છે.

જ્યારે આપણે તેની હિકમત પર વિચારણા કરીશું તો એ વાત બિલ્કુલ સ્પષ્ટ થઈ જશે કે નવાફિલની કષરત (અતિ અધિકતા)નો મકસદ પણ દિલની સફાઈ છે. આપ ઉમ્મતના હાદી તથા રહનુમા બનીને તશરીફ લાવ્યા હતા જેથી આપે ખુદ નફ્લ નમાઝો પઢી જે જેથી આપનુ અનુસરણ કરતાં આપની ઉમ્મત પણ નફલોની પાબંદી કરે જેના આધારે આ ઉમ્મતના દિલની પાકી તથા સફાઈ થઈ જાય.

અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબ ﷺ ને નફ્લનો હુકમ આપતાં ફર્માવ્યું : وَمِنَ اللَّيْلِ فَتَهَجَّدْ بِهٖ نَافِلَةً لَّكَ عَسٰٓى اَنْ يَّبْعَثَكَ رَبُّكَ مَقَامًا مَّحْمُوْدًا ○ "અને રાતના અમુક અમુક હિસ્સામાં તહજ્જુદ કરો એ ખાસ તમારા માટે અધિક છે. નજીક છે કે તમને તમારો રબ એવી જગાએ ઉભા કરે જ્યાં સૌ તમારી હમ્દ કરે." *(સૂ. બની ઈસ્રાઈલ, આ. ૭૯)*

હદીષે કુદસીમાં છે કે અલ્લાહ ﷻ ઈર્શાદ ફર્માવે છે, બંદો નવાફિલ થકી હમેશાં કુર્બ (રબની નઝદીકી) હાંસલ કરતો રહે છે, ત્યાં સુધી કે તેને મહબૂબ બનાવી લઉં છું, અને જો તે મારાથી સવાલ કરે તો તેને આપીશ, અને પનાહ માગે તો પનાહ આપીશ.

આ હદીષથી સ્પષ્ટ થયું કે નવાફિલ થકી દિલોની સફાઈ થાય છે અને તઝકિયાએ કુલૂબ (દિલોની સફાઈ) વિના અલ્લાહનો કુર્બ હાંસલ જ નથી થઈ શકતો.

## ★ રોઝાઓ થકી તઝકિયા (દિલોની સફાઈ) ★

રોઝો પણ દિલોને સુથરા કરવાનો અને એમાં નૂરે ઈલાહીને વસાવવાનો એક મહત્વનો ઝરીયો છે. રમઝાનના રોઝાઓ સિવાય સરકારે દો આલમ ﷺએ ખાસ દિવસોમાં પોતે પણ રોઝાની વ્યવસ્થા કરી અને પોતાના અનુયાયીઓને પણ તેની તાકીદ કરી છે.

રોઝાનો હુકમ ફર્માવતાં અલ્લાહ ﷻએ ઈર્શાદ ફર્માવ્યો :

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا كُتِبَ عَلَيْكُمُ الصِّيَامُ كَمَا كُتِبَ عَلَى الَّذِيْنَ مِنْ قَبْلِكُمْ لَعَلَّكُمْ تَتَّقُوْنَ ۝

"હે ઈમાનવાળાઓ ! તમારા પર રોઝા ફર્ઝ કરવામાં આવ્યા જેવા કે તમારાથી આગ લાઓ પર ફર્ઝ કરવામાં આવ્યા હતા, એ ઉમ્મીદ પર કે તમને પરહેઝગારી મળે." *(સૂ. બક્રહ, ૨/૧૮૩)*

આ આયતથી જાણવા મળ્યું કે રોઝાઓની ફર્ઝિયતનો અસલ મકસદ તક્વો છે, અને તક્વો શું છે એના બારામાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ત્રણવાર સીનાની તરફ ઈશારો કરીને ફર્માવ્યું : اَلتَّقْوٰى هٰهُنَا "તક્વો અહીં છે."

એટલે કે તક્વો દિલની એ કૈફિયતનું નામ છે જેની પ્રાપ્તિ પછી માનવ ગુનાહથી ડરે છે અને ખૌફે ઈલાહીના કારણે ગુનાહથી ખચકાટ અનુભવે છે, અને જ્યારે દિલમાં એ કૈફિયત પેદા થઈ ગઈ તો જાણે ઈન્સાનના દિલની સફાઈ થઈ ગઈ અને તેનું દિલ પાક તથા સાફ થઈ ગયું.

કેમ કે માણસના દિલમાં ગુનાહોની ખ્વાહિશો સામાન્યપણે હયવાની

કુવ્વતની અધિકતાથી પેદા થાય છે, રોઝા રાખવાથી હયવાની શક્તિ ઓછી થઈ જાય છે. એ જ કારણે જે નવયુવાન આર્થિક મજબૂરીઓના કારણે નિકાહ નથી કરી શકતા અને સાથોસાથ નફસાની ખ્વાહિશો પર કાબૂ પણ નથી રાખતા તેમનો ઈલાજ રસૂલુલ્લાહ ﷺએ રોઝો બતાવ્યો છે અને ફર્માવ્યું છે કે વાસનાને તોડવા અને ઓછી કરવા માટે રોઝા શ્રેષ્ઠ ચીજ છે.

રસૂલે ગિરામી વક઼ાર ﷺએ અરબવાસીઓનાં દિલોને સાફ સુથરાં કરી આપ્યાં તો પરિણામ એ આવ્યું કે લોકો ગુનાહોથી દૂર રહેવા લાગ્યા, બુરા અમલોથી પરહેઝ કરવા લાગ્યા. ચોરી, શરાબપાન, ઝિનાકારી, બદકારી, લૂટમાર, જૂગાર, ઘમંડ, દુનિયાની મહોબ્બત, લડાઈ ઝઘડા અને એના જેવી સર્વ બુરાઈઓથી આખો સમાજ પાક તથા સાફ થઈ ગયો. જો માનવી હોવાના તકાઝા હેઠળ કદીક કોઈથી કોઈક ગુનોહ થઈ પણ જતો તો તરત જ બારગાહે નબવીમાં હાજર થઈ જતો અને તેના વજૂદપર ગુનાહનો જે ધબ્બો લાગ્યો છે આપ તેને સાફ સુથરો કરી આપતા. એના અનુસંધાનમાં કેટલાક બનાવો જોઈ લઈએ :

હઝરત ઈમામ મુસ્લિમ પોતાની સહીહમાં નક઼લ ફર્માવે છે કે, રસૂલુલ્લાહ ﷺની પાસે હઝરત માઈઝ ઈબ્ને માલિક અસ્લમી رضی اللہ عنہ હાજર થયા અને કહેવા લાગ્યા કે, યા રસૂલલ્લાહ ! ﷺ મારાથી ખતા થઈ ગઈ છે, હું ઝિનામાં પડી ગયો છું અને ચાહું છું કે આપ મને પાક તથા સાફ કરી આપો. આપે તેમને પરત કરી દીધા. બીજા દિવસે તે ફરી આવ્યા અને કહેવા લાગ્યા, યા રસૂલલ્લાહ ! ﷺ હું ઝિનાનો મુજરિમ છું. આપે બીજીવાર પરત કરી આપ્યા અને તેમના ઘરવાળાથી પૂછયું કે તેમની સમજમાં કોઈ પ્રકારની કોઈ ખરાબી તો નથી અથવા કોઈ આદત વિરૂધ્ધ વાત તો નથી જોવા મળતી ?! તેમણે જવાબ આપ્યો કે અમે તો એટલુ જ જાણીએ છીએ કે તે અચ્છા ખાસા સમજદાર માણસ છે. પછી ત્રીજીવાર માઈઝ બિન માલિક આવ્યા તો આપે પૂછયું તો જવાબ એક સરખો મળ્યો. ચોથીવાર જ્યારે તો આપે તેમને સંગસાર કરવાનો હુકમ આપ્યો.

એ જ પ્રમાણે ગામિદિયા આવી અને કહેવા લાગ્યાં, યા રસૂલુલ્લાહ !

મારાથી ઝિનાની ગલતી થઈ ગઈ છે, પાક કરી આપો ! આપે તેમને પરત કરી આપ્યાં. બીજા દિવસે ફરી આવ્યાં અને કહેવા લાગ્યાં, આપ અમને શા માટે પરત કરો છો ? હું સગર્ભા પણ છું ! આપે ફર્માવ્યું કે, તો પછી જાવ અને જ્યારે બાળજન્મ થઈ જાય ત્યારે આવજો. જન્મ આપવાથી ફારિગ થયાં તો ફરી આવ્યાં, પુત્ર કપડામાં લપેટેલો હતો. કહેવા લાગ્યાં, આ મારો બાળક છે. આપે ફર્માવ્યું, જાવ ! દૂધ પીવડાવો, જ્યારે કાંઈક ખાવા લાગે તો આવજો. જ્યારે દૂધ છોડાવ્યું તો ફરી આવ્યાં. છોકરાના હાથમાં રોટીનો ટુકડો હતો. કહેવા લાગ્યાં, હે અલ્લાહના નબી ! હું દૂધ પીવડાવવાથી પણ ફારિગ થઈ ગઈ અને એ ખાવા પણ ખાવા લાગ્યો. આપે છોકરો એક મુસલમાનને સોંપ્યો અને હદ (સજા) કાયમ કરવાનો હુકમ આપ્યો. તો લોકોએ તેમને સંગસાર કરી આપ્યાં.

મારા પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ ! આજે દરેક વ્યક્તિ એવું ચાહે છે કે દુનિયાથી બુરાઈઓનો ખાત્મો થઈ જાય. દરેક સમાજ એવું ચાહે છે કે તેના સભ્યો બુરાઈઓથી દૂર રહે. પૂરી દુનિયાના હાકિમો પોતાના દેશમાંથી બુરાઈઓના ખાત્માની કોશિશ કરે છે પરંતું તેઓ એ કોશિશમાં નિષ્ફળ છે. ઈસ્લામ ધર્મની એ અનોખી વિશિષ્ટતા છે કે એણે બુરાઈઓના સબબોનો ખાત્મો કર્યો, જુર્મોની રોકથામના નીતિ નિયમો નિશ્ચિત કર્યા. આજે પણ જો દુનિયામાં વસનાર દરેક શખ્સ ઈસ્લામના ઉસૂલ (ક઼ાનૂનો)ને અપનાવી લે, દુનિયાનો દરેક હાકિમ ઈસ્લામી કાનૂનને લાગુ કરી આપે તો યક઼ીનન ! અમુક દિવસોની અંદર બુરાઈઓ તથા બેહયાઈઓ પૂરી દુનિયાથી ખત્મ થઈ શકે છે.

ઈસ્લામના બાની (સ્થાપક) ﷺએ દિલોને પાક કર્યા, નફસની સફાઈ કરી, દિમાગોને નેકીઓ તરફ વાળ્યાં, પરિણામ એ આવ્યું કે પૂરો સમાજ આપોઆપ અમ્નનું કેન્દ્ર (શાંતિ નિકેતન) બની ગયો અને પૂરા સમાજથી બરાઈઓનો ખાત્મો થઈ ગયો. દિલના બારામાં આપ ખુદ ઈર્શાદ ફર્માવે છે :

اَلاَ اِنَّ فِیْ بَدَنِ الْاِنْسَانِ مُضْغَةً اِذَا صَلُحَتْ صَلُحَ الْجَسَدُ كُلُّهٗ وَ اِذَا فَسَدَتْ فَسَدَ الْجَسَدُ كُلُّهٗ اَلاَ وَ هُوَ الْقَلْبُ

''ખબરદાર ! બશેક ! ઈન્સાનના શરીરમાં ગોશ્તનો એક ટુકડો એવો છે કે જો તે સહીહ રહે તો આખુ શરીર સહીહ રહે અને જો તે ખરાબ થઈ જાય તો પૂરુ શરીર ખરાબ થઈ જાય. ખબરદાર ! તે દિલ છે.''

આ ફર્માને રસૂલ આખી કાઈનાત માટે એવો મહાન નુસ્ખો છે કે જો એના પર વિચારણા કરીને અમલ કરવામાં આવે તો પૂરી દુનિયાથી બુરાઈઓના ખાત્માના માટે આ જ એક ફોર્મ્યુલા પૂરતી છે. એટલા માટે નબીયે કૌનેન ﷺએ ઈસ્લામી વર્તુળમાં દાખલ થનારાઓના દિલોની સફાઈ કરી અને તેમને પાક કર્યા. રહમતે આલમ ﷺએ માનવ સમાજને એવા પાકીઝા ઈન્સાન અતા કર્યા કે તેમનાથી પહેલાં એમની જેવો અંબિયા સિવાય કોઈ નથી મળી શકતો.

## ★ તઝકિયા (દિલોની સફાઈ)થી શું હાંસલ થાય ? ★

મારા પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ ! અખ્લાક઼ી એતબારથી અરબવાસીઓમાં ઘણી બધી બીમારીઓ ભરેલી હતી. શરાબ સામાન્યપણે પીવામાં આવતી હતી, અને ગર્વ રૂપે તેને અરબી શાયરો પોતાના સાહિત્યો તથા શાયરીમાં વર્ણન કર્યા કરતા હતા. શરાબની દુકાનો ઠેક ઠેકાણે જોવા મળતી હતી અને નિશાની રૂપે તેના પર ઝંડા લહેરાવવામાં આવતા હતા. જાહિલિયતના (ઈસ્લામ પહેલાના) જમાનામાં જુગાર મોટાઈ અને શયખીની વાત હતી અને જે લોકો જુગાર ન રમતા હતા તેમને કમ હિંમત તથા મુર્દા દિલ કહેવામાં આવતા હતા ! મામલો ત્યાં સુધી પહોંચી જતો કે લોકો જુગારમાં પોતાનાં ઘરબારને દાવ પર રાખી દેતા અને પછી હારેલો શખ્સ અફસોસ સાથે પોતાની મહેનતથી કમાયેલ સરમાયો અન્યોના હાથોમાં જોતો, અને પરિણામે આપસમાં નફરત તથા અદાવતની આગ ભડકી ઉઠતી. ઘણીવાર મામલો ત્યાં સુધી પહોંચી જતો કે જંગની નોબત આવી જતી.

અરબવાસીઓ તથા યહૂદી વ્યાજમય લેણદેણ કર્યા કરતા હતા. એના લીધે અતિશય બેરહમી અને સખ્ત દિલીનાં પ્રદર્શનો થતાં. ઝિનાને અરબવાસી કાંઈક અધિક અયબદાર ન સમજતા અને ઝિનાના બનાવો

અરબવાસીઓમાં ખૂબ જ અધિક પ્રમાણમાં જોવા મળતા. તેના ઘણા પ્રકારો તથા તરીકાઓ રિવાજ પામેલ હતા. તવાયફખાના અને ધંધાદારી સ્ત્રીઓના અડ્ડા પણ મૌજૂદ હતા અને શરાબખાનાઓમાં પણ તેમની વ્યવસ્થા હતી. તેમની વચ્ચે નાની નાની વાતો પર જંગો છોડાયા કરતી હતી, જે વંશ પરંપરાગત બાકી રહ્યા કરતી હતી.

ઈસ્લામના બાની ﷺની બઅષતના બાદ અલ્લાહ ﷻએ આપને લોકોના દિલોનો તઝકિયા (સફાઈ) કરવા અને તેમના દિલોને મઅબૂદે બરહક્ક તરફ વાળવાનો હુકમ ફર્માવ્યો. આપે અરબવાસીઓનાં દિલોને એ પ્રમાણે પાક તથા સાફ કરી આપ્યાં હતાં કે આપની ઝબાનથી નીકળનારા સર્વ હુકમો તેઓ પોતાને માટે લાઝિમ (અનિવાર્ય) સમજવા લાગ્યા અને આપની મના કરેલી દરેક ચીજથી પરહેઝ કરવા લાગ્યા.

શરાબ પીવું જે વખતે જાઈઝ હતું એ વખતે અરબવાસીઓમાં તેને પાણીની જેમ પીવામાં આવતુ હતું, જેથી તેમનાથી શરાબની આદત છોડાવવું અતિશય મુશ્કેલ કામ હતું, જેથી અલ્લાહ ﷻએ હિકમતે અમલીથી ક્રમે ક્રમે તેમને શરાબ પીવાથી મના કર્યું, અને છેવટે જ્યારે ક્રમે ક્રમે શરાબ હરામ હોવાનો હુકમ નાઝિલ થયો તો અરબવાસીઓ આ ગંદી બીમારીથી નજાત પામી ગયા. સૌ પ્રથમ મક્કા મુકર્રમામાં આ આયત નાઝિલ થઈ : وَمِنْ ثَمَرَاتِ النَّخِيْلِ وَالْاَعْنَابِ تَتَّخِذُوْنَ مِنْهُ سَكَرًا "અને ખજૂર તથા દ્રાક્ષનાં ફળોમાંથી કે એનાથી નબીઝ બનાવો છો." *(સૂ. નહ્લ, આ. ૬૭)*

આ આયત નાઝિલ થયા બાદ પણ શરાબને રાબેતા મુજબ પીવામાં આવતી હતી. મદીના મુનવ્વરા હિજરત કર્યા બાદ હઝરત ઉમર અને મઆઝ ઈબ્ને જબલ رضی اللہ عنہما એ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ શરાબના બારામાં કોઈ ખાસ હુકમ આપો, આ તો માનવ બુધ્ધિને ખત્મ કરનારી ચીજ છે. તો આ આયતે કરીમા નાઝિલ થઈ :

وَيَسْئَلُوْنَكَ عَنِ الْخَمْرِ وَالْمَيْسِرِ قُلْ فِيْهِمَآ اِثْمٌ كَبِيْرٌ وَّمَنَافِعُ لِلنَّاسِ وَاِثْمُهُمَآ اَكْبَرُ مِنْ نَّفْعِهِمَا

''તમારાથી શરાબ તથા જુગારનો હુકમ પૂછે છે, તમે ફર્માવી દો કે એ બંનેમાં મોટો ગુનોહ છે અને લોકોના કાંઈક દુનિયવી લાભ પણ, અને એમનો ગુનોહ એમના નફા કરતાં મોટો છે.'' *(સૂ. બકરહ, ૨/૨૧૯)*

આ આયતે કરીમામાં મુસલમાનોને એનાથી કાંઈક નફરત અપાવવામાં આવી. આ આયતે કરીમાના નુઝૂલ બાદ ઘણા બધા લોકોએ શરાબ છોડી આપી, પણ કેટલાક લોકો પીતા પણ રહ્યા. પછી ફરી એકવાર હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફને ત્યાં સહાબાએ કિરામની દાવત હતી. ખાધા પછી શરાબનો દૌર ચાલ્યો એટલામાં મગરિબની નમાઝનો સમય આવી ગયો. હઝરત અલી رضی اللہ عنہ ને ઈમામ બનાવવામાં આવ્યા. આપે નમાઝમાં સૂરએ કાફિરૂન પઢી. નશાના કારણે દરેક જગાએ ''લા'' છૂટી ગયું, એટલે કે اَعْبُدُ مَا تَعْبُدُوْنَ પઢયું, ત્યારે આ આયત નાઝિલ થઈ : وَلَا تَقْرَبُوا الصَّلٰوةَ وَاَنْتُمْ سُكَارٰى ''નશાની હાલતમાં નમાઝની નજીક ન જાવ.'' *(સૂ. નિસાઅ, આ. ૪૩)*

ત્યારબાદથી શરાબનો ઉપયોગ ખૂબ જ ઓછો થઈ ગયો અને જે લોકો પીતા પણ હતા તેઓ કયાં તો ઈશા બાદ પીતા હતા અથવા ફજર બાદ. પછી એતબાન ઈબ્ને માલિકે કેટલાક લોકોની દાવત કરી જેમનામાં હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ પણ હતા. ખાધા પછી શરાબ પીવડાવવામાં આવી, તો નશાના કારણે કેટલાક લોકો આપસમાં લડી પડયા અને ઘાયલ થઈ ગયા. આ મામલો નબી કરીમ ﷺની બારગાહમાં પેશ થયો. એ વખતે હઝરત ઉમરે દુઆ કરી : મૌલા ! શરાબના વિશે પૂરું વર્ણન નાઝિલ ફર્માવ ! તો આ આયતે કરીમા નાઝિલ થઈ અને શરાબ કતઅન (સદંતર) હરામ કરી દેવામાં આવી :–

يٰاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِنَّمَا الْخَمْرُ وَ الْمَيْسِرُ وَ الْاَنْصَابُ وَ الْاَزْلَامُ رِجْسٌ مِّنْ عَمَلِ الشَّيْطٰنِ فَاجْتَنِبُوْهُ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ ○ اِنَّمَا يُرِيْدُ الشَّيْطٰنُ اَنْ يُّوْقِعَ بَيْنَكُمُ الْعَدَاوَةَ وَ الْبَغْضَآءَ فِى الْخَمْرِ وَ الْمَيْسِرِ وَيَصُدَّكُمْ عَنْ ذِكْرِ اللّٰهِ وَعَنِ الصَّلٰوةِ فَهَلْ اَنْتُمْ مُّنْتَهُوْنَ

''હે ઈમાનવાળાઓ ! શરાબ તથા જુગાર અને મૂર્તિ અને પાંસા

(ચોસર) નાપાક જ છે, શૈતાની કામ, તો એનાથી બચતા રહેજો કે તમે ભલાઈ પામો. શૈતાન એવું જ ચાહે છે કે તમારામાં વેર તથા દુશ્મની કરાવી દે શરાબ અને જુગારમાં, અને તમને અલ્લાહની યાદ અને નમાઝથી રોકે તો શું તમે એનાથી દૂર થયા ?!" *(સૂ. માઈદા, ૫/૯૦,૯૧)*

હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે એ દિવસે અમારા ઘરે મુસલમાનોની દાવત હતી જેમાં શરાબનો દૌર ચાલી રહ્યો હતો. અમારા ઘરમાં ઘણાં માટલાં શરાબનાં હતાં, કે અચાનક પોકારનારનો અવાજ કાનમાં આવ્યો. મારા પિતાએ કહ્યું, અનસ ! સાંભળીને તો આવો કે કેવો પોકાર છે ? મેં પરત આવીને બતાવ્યું કે શરાબ હરામ થવાની પોકાર થઈ રહી છે. આ વાત સાંભળીને મજલિસવાળાઓની એ હાલત થઈ કે જેમના હાથમાં જામ હતો તેમણે ત્યાં જ ફેંકી દીધો, જે માટલાથી શરાબ ભરી રહ્યો હતો તેણે ત્યાં જ પ્યાલો તોડી નાખ્યો, જેના મોમાં હતી તેણે કોગળો કરી નાખ્યો, જે મોં સુધી પ્યાલો લઈ ગયો હતો તેણે ત્યાંથી જ પરત કરી લીધો, પછી મેં દંડા વડે સર્વ માટલાં ફોડી નાખ્યાં. એ દિવસે મદીનાની ગલીઓમાં વરસાદના પાણી જેમ શરાબ વહેતી હતી. સૂકાય જવા છતાં જમીનથી કેટલાય મહીનાઓ સુધી શરાબની ગંધ આવતી રહી.

મારા પ્યારા આકા ﷺના પ્યારા દીવાનાઓ ! અરબવાસીઓ આટલો પૂરાણો રિવાજ અને આટલી પૂરાણી આદતને છોડી આપે એ વાતના એંધાણ ઓછા હતાં પણ નબી ﷺની તઝકિયા (સફાઈ)નું પરિણામ એ થયું કે શરાબની હુર્મત (હરામ હોવા)નો હુકમ નાઝિલ થતાં જ શરાબથી પરહેઝનો જઝબો જાગી ઉઠયો અને સર્વ ઈમાનવાળાઓ શરાબથી પરહેઝ કરવા લાગ્યા. એ જ પ્રમાણે જુગારના સંબંધે કુર્આન મુકદસે સખ્તીથી મના કર્યું અને પછી ઈસ્લામના આગોશમાં આવનાર દરેક વ્યક્તિ આ બે બીમારીઓથી સંપૂર્ણપણે નજાત પામનારા બલ્કે નજાત આપનારા પણ બની ગયા. આ છે یزکیھمની તફસીર.

એ જ પ્રમાણે તેમની દરમિયાન જંગો તથા લડાઈઓની એટલી સરગર્મીઓ હતી કે નાની નાની વાતો પર વરસો સુધી એક કબીલો બીજા કબીલાથી લડતો રહેતો. એના અનુસંધાનમાં અવસ તથા ખઝરજની હાલતો નોંધપાત્ર છે.

મદીના મુનવ્વરાની આસપાસ યહૂદીના બે ફિર્કા રહેતા હતા. બની કુરૈઝા અને બની નઝીર અને ખાસ મદીનામાં મુશ્રિકોના બે વર્ગો હતા અવસ અને ખજરઝ. બની કુરૈઝા અવસના હલીફ (કરાર કરી એકબીજાનો સાથ આપનારા) હતા અને બની નઝીર ખઝરજના. એટલે કે દરેક કબીલાએ પોતાના હલીફની સાથે કસમપૂર્વક કરાર કરી લીધો હતો કે જો અમારામાંથી કોઈના પર કોઈ હુમ્લો પણ કરે તો બીજો તેની મદદ કરશે. આ અવસ તથા ખઝરજ લગભગ સો વરસથી આપસમાં જંગ કરતા રહેતા હતા. જેમાં બની કુરૈઝાને અવસની અને બની નઝીર ખઝરજની મદદ માટે આવતા હતા. હવે જંગ એ રીતે થતી હતી કે અવસ બની કુરૈઝા એક તરફ અને ખઝરજ તથા બની નઝીર બીજી તરફ થઈને ખૂબ જ ખૂના મરકી કરતા હતા જેના કારણે બની કુરૈઝાને બની નઝીર અને બની નઝીરને બની કુરૈઝા કત્લ કરતા હતા અને તેમનાં ઘર વેરાન કરતા હતા અને તેમને તડીપાર કરી દેતા હતા. પરંતુ જ્યારે બની નઝીર અવસના હાથે કે બની કુરૈઝા ખઝરજના હાથે પકડાઈ જતા તો તેઓ તેમને માલ આપીને છોડાવી લેતા. એટલે કે બની કુરૈઝાને બની નઝીર અને બની નઝીર બની કુરૈઝા છોડાવતા તેમ છતાં કે જો એ જ શખ્સ જંગના વખતે એમના મોકા પર આવી જાત તેને કત્લ કરવા કદાપિ સંકોચ ન કરતા. જ્યારે લોકો તેમને કહેતા કે તમે જાતે જ તેમને કત્લ તથા તડીપાર કરો છો અને પછી પોતે જ કેદથી આઝાદ કરાવો છો, તો આ શું હરકત છે ?! તો તેઓ કહેતા કે અમને તૌરાતમાં અમારી કૌમના કેદીઓને છોડાવવાનો હુકમ આપવામાં આવ્યો છે. જ્યારે તેમને સવાલ થતો કે, તો પછી તમે એમની સાથે જંગ શા માટે કરો છો ? તો કહેતા કે અમારા હલીફને બેઈજ્જતીથી બચાવવા માટે. કુર્આને મુકદ્દસમાં ઈર્શાદ કરવામાં આવ્યો, ''હે યહૂદ ! તમારાથી ચાર વાયદા લેવામાં આવ્યા હતા : આપસમાં જંગ ન કરશો. કોઈને તડીપાર ન કરશો, પોતાની કૌમની સામેવાળા દુશ્મનને મદદ ન કરશો અને કેદીઓ ને છોડાવજો. એનો શું મતલબ કે તમે ત્રણ હિકમતોને ન તો ન માની અને એક પર અમલ કયો ? શું અમુક કિતાબ માનવાને પાત્ર છે અને અમુક ઈન્કારને પાત્ર છે ? જે કોમ આવી હરકત કરશે તે દુનિયામાં બેઈજ્જત અને આખેરતમાં સખત

અઝાબની મુસ્તહિક થશે. જેથી દુનિયામાં તો તેમની બેઈજ્જતી થઈ કે હિ.સ. ૩માં બની કુરૈઝા મુસલમાનોના હાથે કત્લ કરી દેવામાં આવ્યા કે એક દિવસમાં તેમના સાતસો માણસો માર્યા ગયા, અને બની નઝીરને મદીના મુનવ્વરાથી કાઢીને ખૈબરમાં રાખવામાં આવ્યા. અને હઝરત ઉમર رضی اللہ عنہના જમાનામાં ત્યાંથી પણ કાઢી મૂકવામાં આવ્યા. એ લોકો બારગાહે મુસ્તફવીથી એવા નીકળ્યા કે હજી સુધી તેમનું કોઈ ઠેકાણુ નથી. આજે પણ જર્મની વગેરેના કાઢી મૂકાયેલા યહૂદી દર બદર માર્યા માર્યા ફરી રહ્યા છે અને કયામત સુધી એવા જ ફરશે.

હુઝૂર ﷺએ અવસ તથા ખઝરજ કબીલાને ઈમાનની દોલત આપ્યા બાદ તેમના દિલોની એ રીતે સફાઈ કરી કે તેમને આપસમાં એક જાન બે શરીરમાં બનાવી દીધા. હવે એ જ જમાઅતોનું નામ અન્સાર છે જેમની ઘણી ફઝીલતો છે અને જેમની જાની તથા માલી કુર્બાનીઓની કયામત સુધી યાદગાર રહેશે, બલ્કે એવું સમજો કે એ કૌમ જ ઈસ્લામના ફેલાવાનો ઝરીયો બની.

**ઝુલ્મતેં ચીરતા ખુર્શિદે મુનવ્વર નિકલા**

શાઇર : "આકિબ" ખરકાતી (પેટલાદ)

કોહે ફારાં સે મેરા હાદીઓ રહબર નિકલા
ઝુલ્મતેં ચીરતા ખુર્શિદે મુનવ્વર નિકલા
નૂર કા ઐસા સમંદર હૈં હમારે આક઼ા
જિસકી હર બુંદ કે સીને મેં સમંદર નિકલા
પર્દએ નૂર સે લોગોં કી હિદાયત કે લિયે
એક નૂરી બશરી જામા પહનકર નિકલા
જાને ક્યા હાલ હુઆ હોગા દિલે કા'બા કા
જિસ ઘડી મક્કે સે વો ખત્મે પયંબર નિકલા
નૂર મેં ડૂબ ગયા એક જહાને તારીક
જબ નકાબ ઉલ્ટે હુએ નૂરા કા પૈકર નિકલા
દિલે નાકામ મેં કોહરામ મચા હૈ ઈસ પર
મુઝસે અચ્છા તો દરે યાર કા પથ્થર નિકલા
ફૂંક ડાલેગા ઝમાને કો ક઼યામત હોગી
શોલએ ઈશ્ક઼ અગર સીનેસે બાહર નિકલા
મૈં જિસે ઢુંઢતા ફિરતા થા જહાં મેં હર સૂ
વહી જલ્વા તો મેરે સીને કે અંદર નિકલા
હશ્ર કે દિન ઉઠે **'આક઼િબ'** કે લિયે ભી યે શોર
ક઼બ્ર સે દેખો વો મદ્દાહે પયમ્બર નિકલા

# કિતાબ તથા હિકમતની તાલીમ

## ★ હુઝૂર ﷺનો ઈલ્મ ★

આવો હવે અમે આપના દુનિયામાં આગમન (બઅષત)નો મક્સદ ''ઉમ્મતની તાલીમ''ને સમજીએ. સૌ પ્રથમ એ જાણી લેવું જોઈએ કે હુઝૂર ﷺ કેવળ ખુદાનો પૈગામ બંદાઓ સુધી પહોંચાડવા નથી આવ્યા, કેવળ ખુદા તઆલાના હુકમો બંદાઓ સુધી પહોંચાડવા જ નથી આવ્યા બલ્કે તેમની સ્પષ્ટતા તથા ખુલાસો પણ આપની જિમ્મેદારી હતી. આપ ઉમ્મતની તર્બિયત તથા તાલીમની જિમ્મેદારી લઈને મબ્ઊષ થયા. આપ અલ્લાહના બંદાઓથી જેહાલતના અંધકારને દૂર કરવા આવ્યા. માનવજીવનના દરેક ક્ષેત્રના સંબંધે હિદાયતો આપવા માટે આપનું આગમન થયું છે એટલા મોટા કામના માટે જરૂરી હતું કે આપને એવા કામિલ ઈલ્મ વડે નવાઝવામાં આવે કે આપની તાલીમમાં કોઈ પ્રકારની કોઈ ઉણપ ન રહે, અને ન તો કોઈ શંકા કુશંકાનો અવકાશ હોય. દુનિયાનો કોઈ મુઅલ્લિમ આપની તાલીમને ચેલેંજ કરવા ન પામે, અને કેવળ આપની જ તાલીમાત પર અમલ કરીને આખુ જગત બંને જહાનની કામયાબીને ભેટી શકે.

દુનિયા તો એવું સમજે છે કે આપ ''ઉમ્મી'' છે પરંતું મુઅલ્લિમે હક઼ીક઼ી ખુદાએ વહદહૂ લાશરીકે આપને વિના વાસ્તાએ પોતાના ઈલ્મના ખજાનાથી એટલા માલામાલ કરી આપ્યા કે આપનો ઈલ્મ વિશાળતાઓની અંતિમ મંઝિલ અને ઉચ્ચતાના આખરી દરજાએ પહોંચી ગયો. આવો ઈલ્મ ન દુનિયાના ટીચરો આપી શકે છે અને ન તો દુનિયાની કિતાબોથી હાંસલ કરી શકાય છે. એ જ કારણે ન તો આપને કોઈના શાગિર્દ બનાવવામાં આવ્યા અને ન તો તાલીમ પ્રાપ્તિ માટે કિતાબોના મોહતાજ કરવામાં આવ્યા. આ જ હક઼ીક઼તને અલ્લાહ તબારક વ તઆલાએ આ પ્રમાણે સ્પષ્ટ કરી : وَعَلَّمَکَ مَالَمْ تَکُنْ تَعْلَمُ ''અને આપને શીખવાડી આપ્યું જે કાંઈ આપ જાણતા ન હતા.'' (સૂ. નિસાઅ્ ૪/૧૧૩) આપના ઈલ્મમાં હવે કોઈ પ્રકારની કોઈ

કમી નથી રહી ગઈ. દુનિયાના દરેક ચીજનો ઈલ્મ આપને અતા ફર્માવી દીધો. એ જ કારણે જ્યારે અક્કલ તથા બુધ્ધિ ઈન્સાફ તથા દિયાનતદારીથી (પ્રમાણિકપણે) કુર્આને પાક અને હદીષોનો અભ્યાસ કરવામાં આવે છે તો એ હક઼ીક઼ત તદન ઉઘડીને સામે આવી જાય છે કે રસૂલે ગિરામી વકાર ﷺએ જેવી રીતે જમાનાના હાલાત વિશે હુકમો અતા કર્યા છે તેવી જ રીતે આપે માજીના બનાવો અને પાછલા બનાવોને પણ વર્ણવેલ છે અને આગાહીઓ પણ કરી છે. તેમજ ભાવિના ખતરાઓનો નિર્દેશ કર્યો છે. સારાંશ કે આપની તાલીમ મુબારક ભૂતકાળ, વર્તમાન તથા ભવિષ્યની માલૂમાત અને દરેક જમાનામાં કામ આવનારા હુકમોથી લબરેઝ છે.

અન્ય અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَامنી સરખામણીમાં અલ્લાહ عَزَّوَجَلَّએ હુઝૂર ﷺને અધિક ઈલ્મ અતા કર્યો. હઝરત આદમ علیہ السلامને ચીજોનાં નામ શીખવાડયાં, જેમ કે કુર્આન મુક઼દસમાં ફર્માવ્યું : وَعَلَّمَ اٰدَمَ الۡاَسۡمَآءَ كُلَّهَا "અલ્લાહ તઆલાએ આદમને સર્વ ચીજોનાં નામ શીખવાડયાં." *(સૂ. બકરહ, ૨/૩૧)*

હઝરત ઈસા علیہ السلامને કિતાબ તથા હિકમતનો ઈલ્મ અતા ફર્માવ્યો. કુર્આન મુક઼દસમાં છે : وَيُعَلِّمُهُ الۡكِتٰبَ وَالۡحِكۡمَةَ وَالتَّوۡرٰىةَ وَالۡاِنۡجِيۡلَ "અને અલ્લાહ શીખવશે કિતાબ તથા હિકમત અને તૌરાત અને ઈન્જીલ."

*(સૂ. આલે ઈમરાન, આ. ૨૮)*

હઝરત ખિઝર علیہ السلامને પોતાના તરફથી ઈલ્મ અતા કર્યો. જેમ કે ઈર્શાદ થયો : وَعَلَّمۡنٰهُ مِنۡ لَّدُنَّا عِلۡمًا "અને અમે તેને અમારી પાસેનો ઈલ્મ આપ્યો." *(સૂ. કહફ, ૧૮/૬૫)*

હઝરત દાઊદ علیہ السلامને બખ્તર બનાવવાનુ શીખવ્યું અને ઈર્શાદ ફર્માવ્યો : وَعَلَّمۡنٰهُ صَنۡعَةَ لَبُوۡسٍ لَّكُمۡ لِتُحۡصِنَكُمۡ مِّنۡۢ بَاۡسِكُمۡ فَهَلۡ اَنۡتُمۡ شٰكِرُوۡنَ "અને અમે તેને તમારો એક પહેનાવો બનાવવાનું શીખવ્યું કે તમને તમારી આંચથી બચાવે, તો શું તમે શુક્ર કરશો ?" *(સૂ. અંબિયા, આ. ૮૦)*

જ્યારે હુઝૂર ﷺને ઈલ્મના અલંકારથી સજાવવાનું થયું તો કોઈ ખાસ ચીજનાં નામ ન શીખવ્યાં અને કોઈ ખાસ ઈલ્મ ન બખ્શ્યો બલ્કે અન્ય

અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَامُની અંદર જે ખૂબીઓ મૌજૂદ હતી તે સર્વ ખૂબીઓને હુઝૂર ﷺની જાતમાં એકત્ર કરી દીધી. જેટલા ઈલ્મો સર્વ અંબિયાને અતા કરવામાં આવ્યા હતા તે સર્વ ઈલ્મો પોતાના હબીબ ﷺને અતા કરી આપ્યા બલ્કે ઈલ્મે માકાન વમાયકૂન (ભૂત, વર્તમાન, ભાવિ)ની દોલતથી હુઝૂર ﷺની જાતને મુશર્રફ ફર્માવી દીધી. જેવું કે કુર્આને મુક્દસમાં અલ્લાહ عَزَّوَجَلَّએ ઈર્શાદ ફર્માવ્યો : وَعَلَّمَكَ مَا لَمْ تَكُنْ تَعْلَمُ وَكَانَ فَضْلُ اللّٰهِ عَلَيْكَ عَظِيْمًا ''અને તમને શીખવાડી આપ્યું જે કાંઈ તમે જાણતા ન હતા અને અલ્લાહનો તમારા પર મહાન ફઝ્લ છે.'' *(સૂ. નિસાઅ, ૪/૧૧૩)*

## ★ હુઝૂર ﷺની તાલીમ ★

અલ્લાહ તબારક વ તઆલાએ ફર્માવ્યું : وَيُعَلِّمُكُمُ الْكِتٰبَ وَالْحِكْمَةَ ''તમને કિતાબ તથા હિકમતની જાણકારી અતા ફર્માવે છે.'' *(સૂ. બક્રહ, ૨/૧૫૧)* કિતાબની તાલીમથી એ મુરાદ છે કે કુર્આને કરીમ, તેના અર્થ, હુકમો તથા રહસ્યો શીખવાડે છે. અને હિકમતની તાલીમથી મુરાદ મુબારક હદીષોના તે આદેશો તથા હિદાયતો છે જેને ન કોઈ મન્સૂખ (રદ) કરી શકે, ન કોઈ પોતાની બુધ્ધિ થકી નીચી દેખાડી શકે. وَيُعَلِّمُكُمْ مَّا لَمْ تَكُوْنُوْا تَعْلَمُوْنَ ''તમને તે ચીજો દેખાડે છે જે તમે નથી જાણતા.'' *(સૂ. બક્રહ, ૨/૧૫૧)* એનાથી મુરાદ ઈસ્લામી અકીદાઓની તાલીમ, ખુદા તઆલાના હુકમો પર અમલ કરીને દેખાડવું, સૃષ્ટિના સર્જનની શરૂઆતથી લઈને કયામત સુધીના હાલાતની ખબર આપવી અને ભાવિના ખતરાઓ તથા બનાવોથી સાવચેત કરવું અને તેનાથી બચવાનો રસ્તો બતાવવું છે. *(માખૂઝ અઝ તફસીરે નઈમી)*

મારા પ્યારા આકા ﷺના પ્યારા દીવાનાઓ ! આ હુઝૂર રહમતે આલમ ﷺની તાલીમે પાકનું જ પરિણામ છે કે મૂર્તિપૂજા કરવાવાળા ખુદાના બંદા બની ગયા. શરાબનોશી કરીને મસ્ત રહેનારા ખુદાની ઈબાદતમાં લિજ્જત મેહસૂસ કરવા લાગ્યા. હરામકારી, ડાકૂગીરી કરનારા બીજાઓના રહબર બની ગયા. જેમનાં દિલો જેહાલતના અંધકારોથી કાળાં થઈ

ચૂક્યાં હતાં તેઓ ઈલ્મના પયકર બની ગયા અને ખુદાઈ રહસ્યોના રાઝદાર બની ગયા. પૂરી દુનિયા મળીને પણ કોઈ એક એવો ઉસ્તાદ નથી પેશ કરી શકતી કે જેના શાગિર્દોમાં દુનિયા તથા આખેરતના દરેક ઈલ્મો કલાઓના સેનાપતિ જોવામાં આવે. એ એકલી હુઝૂરે અન્વર ﷺની જાત છે કે જેમની મુકદ્દસ બારગાહના તર્બિયત પામેલા (ટ્રેઈન્ડ)ઓમાં દરેક પ્રકારના ઈલ્મો વિદ્યાઓના નિષ્ણાત તથા કામિલ જોવા મળે છે. કોણ નથી જાણતા કે સૈયદના સિદ્દીકે અકબર તથા ફારૂકે આ'ઝમ رضی اللہ عنہما જેવી રીતે ઝોહદો તક્વા અને શરીઅતની પાબંદીમાં પોતાનું દષ્ટાંત પોતે જ હતા, તેવી જ રીતે જહાંબાની અને દેશ પર હુકૂમત કરવામાં દુનિયાનો કોઈ માનવી તેમની બરાબરીનો દાવો નથી કરી શકતો. હઝરત ઉષ્માનગની رضی اللہ عنہ જેવી રીતે શરમ તથા હયા, ઈમાન તથા ઈકાનમાં કામિલ તથા પરિપૂર્ણ હતા તેવી જ રીતે ગરીબો, ફકીરો ખાસ કરીને યતીમોથી મહોબ્બત અને તેમની સહાય તથા કેળવણીનો કામિલ જઝબો જે એમનામાં હતો તે અમને કોઈ અન્યની જાતમાં જોવા નથી મળતો. હઝરત અબ્દુર્રહમાન પણ સખાવતમાં પોતાનું દષ્ટાંત પોતે જ હતા. ઝોહદો કનાઅતમાં હઝરત સલમાન ફારસી અને હઝરત અબૂ દર્દા رضی اللہ عنہما અનુપમ તથા અજોડ છે. મૌલાએ કાઈનાત رضی اللہ عنہ એક તરફ શુજાઅત તથા બહાદુરીમાં પોતાનો ઊંચો મકામ ધરાવે છે તો બીજી તરફ તે તથા અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہما હકીકતો તથા મઅરેફતોના અસીમ કિનારા વિનાનાં સમુદ્ર જોવા મળે છે. એ જ પ્રમાણે હઝરત ખાલિદ બિન વલીદ અને હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہما સેનાપતિ પણ તથા કમાન્ડરીની એવી અજોડ કાબેલિયતોથી સજ્જ થયેલ હતા જેના પર ઈસ્લામના દુશ્મનો આજે પણ આશ્ચર્યમય તથા પરેશાન છે. સારાંશ હુઝૂર રહમતે આલમ ﷺની મુકદ્દસ તાલીમથી ફયઝયાબ થનારા સહાબા જેવી રીતે તકવા તથા પાકીઝગી, ઈબાદત તથા રિયાઝતના પયકર હતા. બુધ્ધિ તથા શાણપણમાં કામિલ હતા તેવી જ રીતે દુનિયવી તથા આખેરતના ઈલ્મો વિદ્યાઓના જાણકાર હતા. એ એકલી હુઝૂર સૈયદે આલમ ﷺની જાત છે જેમની ઈલ્મી બારગાહથી ઈલ્મ તથા ઈર્ફાન, મઅરેફત તથા હિકમતના

એટલા પ્રમાણમાં ઝરણા ફૂટયાં હોય અને જેમના શાગિર્દ દુનિયા તથા આખેરતના દરેક ઈલ્મો વિદ્યાથી ન કેવળ જાણકાર બન્યા બલ્કે તેના શેહ સવાર નિષ્ણાત રહ્યા છે.

## ★ મુસ્તફા ﷺની તાલીમની વિશિષ્ટતાઓ ★

હુઝૂર તાજદારે મદીના ﷺએ દુનિયાની સામે જે તાલીમાત પેશ કરી છે તેમની એક વિવિશિષ્ટતા એ પણ છે કે આપ ફર્ઝો તથા ખુદા તઆલાના હુકમોના બયાનની સાથોસાથ તેના કારણો તથા હિકમતો પણ વર્ણવી આપ્યા કરતા હતા. જેનો ફાયદો એ થતો કે લોકોની સામે અલ્લાહ તઆલાના નાઝિલ કરેલા હુકમોના ફાયદા જાહેર થઈ જતા જેના સબબે લોકો શરીઅતે મુસ્તફા ﷺ બઅખ્તિયાર તથા ખુશીપૂર્વક કરવા લાગી જતા. બલ્કે હકીકત તો એ છે કે અલ્લાહના રસૂલ ﷺએ શરીઅતે રૂહાની તિબ્બ (સારવાર)ના રૂપે પેશ કરેલ છે. અને એ સમજાવ્યું છે કે જો આ જુર્મ કરશો તો તમારુ આ રૂહાની અંગ નિષ્ક્રિય તથા નકામુ થઈ જશે. જો એ ગુનાહ કરશો તો તમારા શરીરમાં આ રૂહાની બીમારી પેદા થશે જેથી જો રૂહાની બીમારીઓથી બચવા ચાહો છો તો જુર્મો કરવાનું છોડી આપો. જો તમારા શરીર સહી સલામત રાખવા ચાહો છો તો દિલની સફાઈની ફિકર કરો કેમ કે اِذَاصَلُحَتْ صَلُحَ الْجَسَدُ كُلُّهٗ وَاِذَافَسَدَتْ فَسَدَالْجَسَدُ كُلُّهٗ જો દિલ સહીહ છે તો આખુ શરીર સહીહ તથા સાલિમ છે અને જો દિલમાં ખરાબી પેદા થઈ ગઈ તો આખુ શરીર ગભરાહટવાળુ થઈને રહી જશે.

સારાંશ કે એ દિમાગમાં બેસાડી લેવું જોઈએ કે હુઝૂર સરવરે કાઈનાત ﷺ ઉમ્મત સુધી કેવળ પયગામે ઈલાહી પહોંચાડવા જ ન આવ્યા હતા, બલ્કે તેની સ્પષ્ટતા તથા તફસીર અને ખુલાસો પણ આપની જિમ્મેદારીમાં હતો, કેમ કે આપ મુઅલ્લિમે કાયનાત બનાવીને મોકલવામાં આવ્યા છે. અને એ પણ યાદ રાખશો કે આપ કેવળ તાલીમ જ નહીં બલ્કે આપની અદાઓ પણ શરીઅતે પાકનો હિસ્સો છે. જો રબ્બે કરીમના હુકમો પર, તેના પ્યારા હબીબ ﷺની અદાઓ પ્રમાણે અમલ કરીશું તો જ આપણા

અમલો મકબૂલ થશે, કેમ કે રસૂલ જ મુઅલ્લિમે શરીઅત છે, એ જ શરીઅતના પયકર છે, તેમનો ઈલ્મ તથા તેમનો અમલ આપણી જિંદગીને સમારવા, સુધારવા માટે બેહતરીન નમૂનો છે. એટલા માટે તો ફર્માવવામાં આવ્યું :

لَقَدْ كَانَ لَكُمْ فِيْ رَسُوْلِ اللّٰهِ اُسْوَةٌ حَسَنَةٌ لِّمَنْ كَانَ يَرْجُوا اللّٰهَ وَالْيَوْمَ الْاٰخِرَ وَذَكَرَ اللّٰهَ كَثِيْرًا

"બેશક ! તમને રસૂલુલ્લાહ ﷺની પયરવી બેહતર છે, એના માટે કે અલ્લાહ અને પાછલા દિવસની ઉમ્મીદ ધરાવતો હોય અને અલ્લાહને ખૂબ યાદ કરો." *(સૂ. અહઝાબ, ૩૩/૨૧)*

એ જ કારણે કુર્આને મુકદ્દસમાં વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ વગેરે સર્વ ચીજોનો ટૂંકમાં હુકમ આપવામાં આવ્યો છે, ચાહે તે ઈબાદતોથી સંબંધિત હોય કે મામલાઓ સંબંધે હોય અથવા હદો તથા તાઝીરાત (શરઈ સજાઓ તથા દંડ) હોય એમાં ટૂંકાણ છે. તેની વિસ્તારપૂર્વકની તાલીમ રસૂલુલ્લાહ ﷺની દર્સગાહથી જ મળે છે કે જેથી ઉમ્મત માટે શરીઅત પર અમલ આસાન થાય, તેમજ ગુલામ હમેશાં આકાના મોહતાજ રહે, તેમને જ પોતાના રહબર તથા રહનુમા તથા કાઈદ સ્વીકાર કરે, દરેક હુકમનું પાલન કરતી વખતે તેમના દિમાગમાં આકાનાં ખયાલ મૌજૂદ હોય. તેમના અમલો રસૂલ ﷺના વસીલાથી મકબૂલ થાય, હમેશાં હમેશ રસૂલનું નામ બાકી રહે, તેમનો ઝિક્ર બુલંદ રહે અને وَرَفَعْنَا لَكَ ذِكْرَكَની હિકમત પૂરી થતી રહે.

કુર્આન મુકદ્દસે એ પણ એલાન કરી આપ્યુ છે કે હુઝૂર ﷺ એવા મુઅલ્લિમ છે જે દરેક ચીજની તાલીમ આપે છે ? وَيُعَلِّمُكُمْ مَّا لَمْ تَكُوْنُوْا تَعْلَمُوْنَ "અને તમને એ તાલીમ આપે છે જેનો તમને ઈલ્મ ન હતો." *(સૂ. બકરહ, ૨/૧૫૧)* એ એવા મુઅલ્લિમ છે કે જેમની તાલીમમાં કોઈ પ્રકારની શંકા કુશંકાને સ્થાન નથી રહેતું. કેમ કે وَمَا يَنْطِقُ عَنِ الْهَوٰى اِنْ هُوَ اِلَّا وَحْيٌ يُّوْحٰى (અને તે કોઈ વાત પોતાની ખ્વાહિશથી નથી કહેતા, એ તો નહીં પણ વહી જે તેમને કરવામાં આવે છે. સૂ. નજ્મ, ૫૩/૩,૪)ના પ્રમાણે હુઝૂર પોતાની મરજીથી કાંઈ નથી શીખવાડતા, એમની તાલીમનો એક એક અક્ષર ખુદા તઆલાની તાલીમના તદન મુજબ હોય છે. એટલા માટે એમની તાલીમાત પર

અમલ અલ્લાહની રઝા પામવાનો યકીની તથા એક એકલો જ ઝરીયો છે. એટલા માટે રસૂલના હુકમોને અપનાવવાનો આમ હુકમ જારી કરવામાં આવ્યો :

وَمَآ اٰتٰكُمُ الرَّسُوْلُ فَخُذُوْهُ وَمَا نَهٰكُمْ عَنْهُ فَانْتَهُوْا وَاتَّقُوا اللّٰهَ اِنَّ اللّٰهَ شَدِيْدُ الْعِقَابِ

''અને જે કાંઈ તમને રસૂલ અતા કરે તે લઈ લો અને જેનાથી મના કરે તેનાથી દૂર રહો અને અલ્લાહથી ડરો ! બેશક ! અલ્લાહનો અઝાબ સખત છે. *(સૂ. હશ્ર, આ. ૭)*

## ★ અસલ ઈલ્મ ★

મારા પ્યારા આકા ﷺના પ્યારા દીવાનાઓ ! ઈલ્મના જેવી રીતે અસંખ્ય ફઝાઈલ તથા ફાયદા છે તેવી જ રીતે એનો સૌથી મોટો ફાયદો એ છે કે તે એક એવી રોશની છે જેની મદદથી બંદો અલ્લાહ ﷻની મઅરેફત હાંસલ કરે છે. અલ્લામા નકી અલીખાં عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانُ લખે છે : اَلْعِلْمُ بَابُ اللّٰهِ الْاَقْرَبُ وَالْجَهْلُ اَعْظَمُ حِجَابٍ بَيْنَكَ وَبَيْنَ اللّٰهِ ''ઈલ્મ અલ્લાહની મઅરેફત (ઓળખ)નો સૌથી નિકટનો દરવાજો છે, અને જેહાલત બંદા તથા અલ્લાહની દરમિયાન સૌથી મોટો હિજાબ (આડ) છે.''

અલ્લાહ ﷻએ કુર્આને મુકદ્દસમાં ઈર્શાદ ફર્માવ્યો :–

وَالرّٰسِخُوْنَ فِى الْعِلْمِ يَقُوْلُوْنَ اٰمَنَّا بِهٖ كُلٌّ مِّنْ عِنْدِ رَبِّنَا وَمَا يَذَّكَّرُ اِلَّآ اُولُوا الْاَلْبَابِ

''અને તે લોકો જેઓ ઈલ્મમાં પાકા છે, કહે છે : અમે ઈમાન લાવ્યા સૌ અમારા રબની પાસેથી છે, અને નસીહત નથી માનતા પણ બુધ્ધિશાળી.''

*(સૂ. આલે ઈમરાન, ૩/૭)*

આ આયતમાં એ વાતની સ્પષ્ટતા છે કે ઈલ્મ જ એક એવી દોલત છે જેના થકી અસલ ઈમાન દિલમાં વસી શકે છે. તો સારાંશ અસલ ઈલ્મ મઅરેફતે ખુદાવંદી છે અને નબી કરીમ ﷺની કિતાબ તથા હિકમતની તાલીમ સાથે લોકોને ખુદાની મઅરેફત કરાવવા તશરીફ લાવ્યા છે.

## ★ દીનનો ગલ્બો (દીનનું છવાઈ જવું) ★

મારા પ્યારા આકા ﷺના પ્યારા દીવાનાઓ ! અલ્લાહ ﷻએ

કુર્આન મુક઼દસમાં સરકાર રહમતે આલમ ﷺના આગમનના જે મક઼સદો વર્ણવ્યા એમાંથી એક મક઼સદ દીનનો ગલ્બો (દીનનું છવાઈ જવું) છે. અલ્લાહ ﷻ ઈર્શાદ ફર્માવે છે :

هُوَ الَّذِیٓ اَرْسَلَ رَسُوْلَهٗ بِالْهُدٰی وَ دِیْنِ الْحَقِّ لِیُظْهِرَهٗ عَلَی الدِّیْنِ كُلِّهٖ وَ لَوْ كَرِهَ الْمُشْرِكُوْنَo

"એ જ છે જેણે પોતાના રસૂલ હિદાયત અને સાચા દીનની સાથે મોકલ્યા કે તેને સર્વ દીનો પર ગાલિબ (વિજયી) કરે, ભલે મુશ્રિકો માથુ લગાડીને પડયા રહે." *(સૂ. તૌબા, ૯/૩૩)*

## ★ હિદાયત તથા દીને હક્ક઼ ★

હિદાયતનો અર્થ છે રહબરી કરવી, અથવા મંઝિલે મક઼સૂદનો પતો બતાવવો. હિદાયત બે પ્રકારની હોય છે : એક ફક્ત રસ્તો બતાવવું, બીજુ હેતુ સુધી પહોંચાડવું. જો હિદાયત શબ્દ બાદ اِلٰی અથવા لام લાવવામાં આવે તો એનાથી મુરાદ રસ્તો બતાવવું થાય છે. જેમ કે કુર્આને મુક઼દસમાં વર્ણન થયેલ છે : اِنَّكَ لَتَهْدِیْٓ اِلٰی صِرَاطٍ مُّسْتَقِیْمٍ "અને બેશક ! તમે જરૂર સીધી રાહ બતાવો છો." (સૂ. શૂરા, ૪૨/૫૨) અને اِنَّ هٰذَا الْقُرْاٰنَ یَهْدِیْ لِلَّتِیْ هِیَ اَقْوَمُ "બેશક ! આ કુર્આન તે રાહ બતાવે છે જે સૌથી સીધી છે." (સૂ. બની ઈસ્રાઈલ, ૧૭/૯) અને اِلٰی અથવા لام વિના કેવળ હિદાયત શબ્દ વર્ણન થયો હોય તો એનાથી મુરાદ "ઈસાલે અલલ મત્લૂબ" એટલે હેતુ સુધી પહોંચાડી દેવું છે. જેમ કે : اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِیْمَ (અમને સીધા રસ્તે ચલાવ. સૂ. ફાતિહા, ૧/૫)

## ★ હિદાયતના મર્તબાઓ ★

હિદાયતના કેટલાયે મર્તબાઓ છે. કાફિરો માટે ઈમાન હિદાયત છે, મો'મિનના માટે તક઼વો હિદાયત છે. મુત્તક઼ીના માટે તકવાનો કમાલ હિદાયત છે. મક઼બૂલોના માટે કુર્બે ઈલાહી હિદાયત છે. મુક઼ર્રિબોના માટે કુર્બનો કમાલ હિદાયત છે.

## ★ વાંધો અને તેનો જવાબ ★

કેટલાક લોકો એવું કહે છે કે નબી ﷺને કોઈ ચીજનો અખત્યાર નથી, કેમ કે અલ્લાહ તઆલાએ ખુદ ફર્માવ્યું اِنَّکَ لَا تَھْدِیْ مَنْ اَحْبَبْتَ وَلٰکِنَّ اللّٰہَ یَھْدِیْ مَنْ یَّشَآءُ "બેશક ! એ નથી કે તમે જેને પોતાની તરફથી ચાહો હિદાયત કરી આપો, હા ! અલ્લાહ હિદાયત ફર્માવે છે જેને ચાહે." *(સૂ. ક઼સસ઼, આ. ૬૫)*

મુસ્લિમ શરીફમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે આ આયત અબૂ તાલિબના હક્ક઼માં નાઝિલ થઈ. નબી કરીમ ﷺએ તેમને તેમના મૃત્યુ વખતે ફર્માવ્યું, હે કાકા ! કહો : "લાઈલાહ ઈલ્લલ્લાહ" હું તમારા માટે ક઼યામતના દિવસે ગવાહ બનીશ. તેમણે કહ્યું કે જો મને કુરૈશનાં શરમ અપાવવાનો અંદેશો ન હોત તો હું જરૂર ઈમાન લાવીને તમારી આંખ ઠંડી કરતો. ત્યારબાદ અબૂ તાલિબનો ઈન્તેકાલ થઈ ગયો એના પર આ આયતે કરીમા નાઝિલ થઈ અને નબી કરીમ ﷺને એવું કહી દેવામાં આવ્યું કે આપને અધિકાર નથી બલ્કે અલ્લાહ જ જેને ચાહે હિદાયત આપી શકે છે.

**આનો જવાબ** : એ છે કે હિદાયતના બે અર્થો છે : **પ્રથમ** : દીનના રસ્તાની રહનુમાઈ કરવી, અને તેના નીતિ નિયમોથી માહિતગાર કરવું જેને اِرَاءَۃُ الطَّرِیْق કહે છે. **બીજુ** : હક્ક઼ પર ચાલતા કરી દેવું. નબી કરીમ ﷺ اِرَاءَۃُ الطَّرِیْق એટલે દીને હક્ક઼નો રસ્તો દેખાડવા માટે મબ્ઊષ થયા (તશરીફ લાવ્યા) હતા. આપની જિમ્મેદારી કેવળ લોકોને સાચા માર્ગની તરફ દાવત આપવાની છે ન કે લોકોને દીને હક્ક઼ પર ચાલતા રાખવું. અને જેવું કે ઉપર વર્ણન થયું કે હિદાયત શબ્દ પછી જ્યારે اِلیٰ અથવા لام હોય તો એનાથી મુરાદ રાહે હક્ક઼ની રહનુમાઈ થાય છે અને જો હિદાયત શબ્દ વિના اِلیٰ અથવા لام વર્ણન થયેલ હોય તો એનાથી મુરાદ દીન પર ક઼ાયમ રાખવું થાય છે. જેથી વાંધો ઉઠાવનારાઓ જે આયતને દલીલ રૂપે પેશ કરે છે કે આ આયતમાં હિદાયત શબ્દ કોઈ વાસ્તા વિના વર્ણન થયેલો છે જેથી

એનાથી મુરાદ ઈસ્લામ દીન પર કાયમ રાખવું થશે, અને જાહેર છે કે એ નબી કરીમ ﷺની જિમ્મેદારી ન હતી. આપની જિમ્મેદારી તો કેવળ રહનુમાઈ (માર્ગદર્શન કરવું) હતી. અને દીન પર કાયમ રાખવું અલ્લાહના ફઝ્‌લ પર આધારિત છે. તે જેને ચાહે દીન પર કાયમ રાખે, જેને ચાહે દીનથી દૂર કરી દે.

## ★ દીન શું છે ? ★

મારા પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ ! ઉપરોક્ત આયતે કરીમામાં ફર્માવવામાં આવ્યું કે નબી કરીમ ﷺને અલ્લાહ તઆલાએ હિદાયત અને દીને હક઼્‌ની સાથે મોકલ્યા. હિદાયતના બારામાં આપે કેટલીક તફસીલ જોઈ અને હવે દીન શું છે ? તથા દીને હક઼્ શું છે ? એના બારામાં થોડીક લીટીઓ વાંચશો.

હઝરત તમીમદારીથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :

اَلدِّيْنُ النَّصِيْحَةُ ثَلاَثًا قُلْنَا لِمَنْ قَالَ لِلّٰهِ وَ لِكِتَابِهٖ وَ لِرَسُوْلِهٖ وَ لِأَئِمَّةِ الْمُسْلِمِيْنَ وَ عَامَّتِهِمْ

"દીન નસીહત તથા ખૈર ખ્વાહી (શુભેચ્છા)નું નામ છે, આવું હુઝૂરે ત્રણ વાર ફર્માવ્યું. અમે અર્ઝ કરી કે, આ કોના માટે ? ફર્માવ્યું, અલ્લાહ અને તેની કિતાબ અને તેના રસૂલ અને ઈસ્લામી સુલ્તાનો અને સર્વ મુસ્લિમો માટે" *(બુખારી, મુસ્લિમ)*

વર્ણવેલ હદીષ શરીફમાં દીનને ખૈર ખ્વાહી સાથે સરખાવેલ છે. આ હદીષ જવામિઉલ કલમમાંથી છે. આ હદીષથી દીનના મિઝાજ અને તેની વિશાળતાનો સારી રીતે અંદાઝો કરી શકાય છે. દીન વ્યક્તિગત તથા સામૂહિક બંનેવ જ પ્રકારના મામલાઓ તથા મસાઈલમાં આપણી રહનુમાઈ કરે છે. તે એક તરફ તો ખુદાથી આપણો સંબંધ મજબૂત કરે છે, બીજી તરફ ખુદાના બંદાઓના હક઼્‌ોના બારામાં આપણને આપણી ફરજોથી માહિતગાર કરે છે.

નુસ્હનો મૂળ અર્થ છે મિલાવટ અને ખોટથી પાક સાફ હોવું. મધને મીણ વગેરેથી અલગ કરીને તેને સાફ કરી લે છે તો نَصَحْتُ الْعَسَلَ કહે છે.

નુસ્હનો સંબંધ વાણી તથા વર્તન બંને સાથે હોય છે. કોઈને સહીહ મશ્વરો આપવાને અને તેની ખૈરખ્વાહીને પણ નસીહત કહે છે, એટલા માટે કે મુખ્લિસપણે સંબંધનો એ તક઼ાદો છે કે માણસને જે કોઈની સાથે નિઃસ્વાર્થ સંબંધ હોય તે તેનો બદખ્વાહ (બુરુ ચાહનાર) કદાપિ ન હોય, બલ્કે તેનો શુભેચ્છક હોય. જરૂરત હોય તો પોતાના નેક મશ્વરાઓથી તેને વંચિત ન રાખે.

આ નુસ્હ તથા ખૈર ખ્વાહી તથા ઈખ્લાસ (નિઃસ્વાર્થપણુ) દરેક હાલતમાં હોવું અનિવાર્ય છે. એ દીન પણ હોવું અનિવાર્ય છે અને માનવીના કિરદારની અસલ હુસ્નો ખૂબી અને તેની શક્તિ તથા તાક઼ત પણ એ જ છે. ઘણા બધા ફરજો તથા જિમ્મેદારીઓ મજબૂરીની હાલતમાં સાકિત થઈ (ઉઠી) જાય છે, પરંતું નુસ્હ તથા ખૈર ખ્વાહીનો જઝબો દરેક સંજોગોમાં હોવો જરૂરી છે. જેમ કે કુર્આનમાં છે :

لَيْسَ عَلَى الضُّعَفَآءِ وَ لَا عَلَى الْمَرْضٰى وَ لَا عَلَى الَّذِيْنَ لَا يَجِدُوْنَ مَا يُنْفِقُوْنَ حَرَجٌ
اِذَا نَصَحُوْا لِلّٰهِ وَ رَسُوْلِهٖ وَ مَا عَلَى الْمُحْسِنِيْنَ مِنْ سَبِيْلٍ وَّ اللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ

''કમજોરો પર કાંઈ વાંધો નથી અને ન બીમારો પર, અને એમના પર જેમનામાં ખર્ચવાની શક્તિ ન હોય, જ્યારે અલ્લાહ વ રસૂલના ખૈર ખ્વાહ રહે. નેકીવાળાઓ પર કોઈ રાહ નથી, અને અલ્લાહ બખ્શનાર મહેરબાન છે. *(સૂ. તૌબા, આ. ૯૧)*

ખુદાના માટે નુસ્હનો મતલબ એ છે કે બંદો પોતાના અને પોતાના ખુદાના દરમિયાન કોઈ પ્રકારની ઉણપને રહેવા ન દે, તે ખુદાની મહોબ્બત અને વફાદારીમાં તદન મુખ્લિસ થઈને રહે.

ખુદાની કિતાબના માટે નુસ્હ તથા ખૈર ખ્વાહી એ છે કે તેની તિલાવતનો હક્ક઼ અદા કરે, તેની આયતોમાં ચિંતન મનન અને તદબ્બુર (દીર્ઘ દષ્ટિ)થી કામ લે. તેના દરેક હુકમની સામે આજ્ઞાપાલનનું માથુ નમાવી દે. સર્વ આલમને તેના તરફ દાવત આપી. આપણી સૌથી મોટી આરઝૂ એ હોય કે ખુદાની કિતાબની રહનુમાઈમાં માનવોના વૈચારિક તથા અમલી મસાઈલનું નિવારણ થાય. આ કિતાબના સર્વ હુકમો તથા ક઼ાનૂનો જમીનમાં જારી તથા

લાગુ થાય. આ કિતાબ મુઅત્તલ (બેકાર) થઈને કદાપિ ન રહી જાય.

ખુદાના રસૂલ ﷺની ખૈર ખ્વાહી અને આપના મુખ્લિસાના સંબંધનો અર્થ એ છે કે આપની સાથે મહોબ્બતનો સંબંધ જળવાયેલો છે, આપના મિશનને લઈને ઉઠે. જે દીને હક્કને કાયમ કરવા માટે આપ દુનિયામાં તશરીફ લઈ આવ્યા હતા તે દીનને કાયમ કરવા માટે જિદ્દો જેહદ કરવામાં આવે અને તેના માટે તન મન ધનથી મહેનત કરવામાં આવે. આપની સુન્નત તથા આપના તરીકાની સરખામણીમાં કોઈ બીજી ચીજને કદાપિ અગ્રતા આપવામાં ન આવે. આપના કૌલ તથા અમલ (વાણી તથા વર્તન)ની સામે કોઈની રાય કે અમલને કદાપિ અગ્રતા આપવામાં ન આવે.

મુસલમાનોના ઈમામો અથવા તેમના સરબરાહો (માર્ગદર્શકો)ની ખૈરખ્વાહીનો મતલબ એ થાય છે કે ભલાઈમાં તેમની સાથે સહકાર કરવામાં આવે. જેમ કે હદીષમાં છે : اَفْضَلُ الْجِهَادِ مَنْ قَالَ كَلِمَةَ حَقٍّ عِنْدَ سُلْطَانٍ جَائِرٍ "બેહતરીન જેહાદ તે શખ્સનો છે જેણે ખોટા સત્તાધારી સામે હક્ક વાત કહી."

આમ મુસલમાનોની ખૈર ખ્વાહી એ છે કે જો તેઓ ભટકતા હોય તો તેમની સુધારણાની ફિકર કરે, તેમનામાં ઈલ્મે દીનના પ્રચારની ગોઠવણ કરે, તેમને ઈજા ન પહોંચાડે, તેમના અયબોની પર્દાપોશી કરે, ખૈર ખ્વાહીમાં તેમને પોતાના નફસની બરાબર જાણે. તેમનામાં જેઓ મઝલૂમ હોય તેમને બેકસીની (નિરાધાર) હાલતમાં ન છોડે, તેમનું સમર્થન કરે, ખુશી તથા ગમમાં તેમની સાથે રહે. જરૂરતમંદો તથા હાજતમંદોની હાજત પૂરી કરવામાં ગફલતથી કામ ન લે, તેમને પોતાના ભાઈ સમજે અને તેમને પોતાના ભાઈ સમજીને તેમની સાથે વહેવાર રાખે, તેમની સાથે આપણો વર્તાવ હમદર્દી તથા દર્દમંદીનો હોય. કુર્આનમાં છે : اِنَّمَا الْمُؤْمِنُوْنَ اِخْوَةٌ "મુસલમાન મુસલમાન ભાઈ છે." *(સૂ. હુજુરાત, ૪૯/૧૦)*

આપ જો કુર્આન ઉઠાવીને જુઓ તો અલ્લાહ તબારક વ તઆલાએ વિવિધ અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام ના મિશનને ખૈર ખ્વાહી ઠરાવ્યું. જેમ કે કુર્આને મુકદ્દસ હઝરત સાલેહ علیہ السلام નો ઝિક્ર કરતાં ફર્માવે છે :

"અને وَقَالَ يٰقَوْمِ لَقَدْ اَبْلَغْتُكُمْ رِسَالَةَ رَبِّىْ وَنَصَحْتُ لَكُمْ وَلٰكِنْ لَّا تُحِبُّوْنَ النّٰصِحِيْنَ કહ્યું, હે મારી કૌમ ! બેશક ! મેં તમને મારા રબની રિસાલત પહોંચાડી આપી અને તમારું ભલું ચાહ્યું પણ તમે ખૈર ખ્વાહોના ગર્ઝી (પસંદ કરનારા) જ નથી." *(સૂ. અઅરાફ, ૭/૭૯)*

બીજી જગાએ હઝરત શોએબ عليه السلامનો ઉલ્લેખ કરતાં પણ એ જ ફર્માવ્યું : وَقَالَ يٰقَوْمِ لَقَدْ اَبْلَغْتُكُمْ رِسَالَةَ رَبِّىْ وَنَصَحْتُ لَكُمْ فَكَيْفَ اٰسٰى عَلٰى قَوْمٍ كٰفِرِيْنَ "અને કહ્યું, હે મારી કૌમ ! હું તમને મારા રબની રિવાયત પહોંચાડી ચૂક્યો છું અને તમારા ભલા ખાતર નસીહત કરી તો શાથી ગમ કરું કાફિરોનો."

*(સૂ. અઅરાફ, આ. ૯૩)*

હઝરત નૂહ عليه السلامનો ઝિક્ર કરતાં ફર્માવ્યું :–

اُبَلِّغُكُمْ رِسٰلٰتِ رَبِّىْ وَاَنْصَحُ لَكُمْ وَاَعْلَمُ مِنَ اللّٰهِ مَا لَا تَعْلَمُوْنَ "તમને મારા રબની રિસાલતો પહોંચાડતો અને તમારું ભલુ ચાહતો, અને હું અલ્લાહની તરફથી તે ઈલ્મ ધરાવું છું જે તમે નથી ધરાવતા." *(સૂ. અઅરાફ, આ. ૬૨)*

એ જ પ્રમાણે હઝરત હૂદ عليه السلام તથા અન્ય નબીઓનો ઉલ્લેખ કરતાં પણ કુર્આને મુકદ્દસમાં નસીહતનો શબ્દ વર્ણન થયેલો છે. સારાંશ એ કે પાછલા અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَامُના મિશનને નસીહત ઠરાવ્યું અને હદીષ શરીફમાં ફર્માવવામાં આવ્યું કે, "દીન નસીહત છે." અને કુર્આને મુકદ્દસમાં ફર્માવવામાં આવ્યું : اِنَّ الدِّيْنَ عِنْدَ اللّٰهِ الْاِسْلَامُ "બેશક ! અલ્લાહને ત્યાં ઈસ્લામ જ દીન છે." *(સૂ. આલે ઈમરાન, આ. ૧૯)*

જેથી સાબિત થયું કે સર્વ અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَامُનું મિશન દીને ઈસ્લામની દાવતને આમ કરવાનું જ હતું.

એક મકામ પર અલ્લાહ ﷻએ હઝરત ઈબ્રાહીમ عليه السلامની એક દુઆનો ઉલ્લેખ કરતાં ઈર્શાદ ફર્માવ્યો : رَبَّنَا وَاجْعَلْنَا مُسْلِمَيْنِ لَكَ وَمِنْ ذُرِّيَّتِنَا "(ઈબ્રાહીમ عليه السلامએ દુઆ કરી) હે અમારા રબ ! અને અમને કર તારી હુઝૂર ગરદન રાખનાર અને અમારી ઔલાદમાં એક ઉમ્મત તારી આજ્ઞાંકિત. *(સૂ. બકરહ, ૨/૧૨૮)*

આયતે કરીમાથી સાફ જાહેર છે કે હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ દીને ઈસ્લામ ખુદ તથા પોતાની ઔલાદના કાયમ રહેવાની દુઆ કરી.

બીજી જગાએ ફર્માવ્યું : اِذْقَالَ لَهٗ رَبُّهٗٓ اَسْلِمْ قَالَ اَسْلَمْتُ لِرَبِّ الْعٰلَمِيْنَ "જ્યારે તેને તેના રબે ફર્માવ્યું, ગરદન રાખ ! અર્ઝ કરી, મેં ગરદન રાખી એના માટે જે રબ છે સર્વ જહાનનો." *(સૂ. બક઼રહ, ૨/૧૩૧)*

આ આયતે કરીમામાં એ વાતની સ્પષ્ટતા છે કે અલ્લાહ તઆલાએ હઝરત ઈબ્રાહીમ علیہ السلامને ઈસ્લામ પર રહેવાનો હુકમ કર્યો.

અન્ય અંબિયાએ કિરામે પણ પોતાની ઔલાદને દીને ઈસ્લામ પર જ કાયમ રહેવાની તાકીદ અને વસિયત કરી, એનો ઉલ્લેખ કરતાં કુર્આને મુક઼દસે ફર્માવ્યું :

فِطْرَتَ اللّٰهِ الَّتِىْ فَطَرَ النَّاسَ عَلَيْهَا لَا تَبْدِيْلَ لِخَلْقِ اللّٰهِ ذٰلِكَ الدِّيْنُ الْقَيِّمُ وَلٰكِنَّ اَكْثَرَ النَّاسِ لَا يَعْلَمُوْنَ

"અને એ જ દીનની વસિયત કરી ઈબ્રાહીમે પોતાના પુત્રોને અને યાકૂબે કે, હે મારા બેટાઓ ! બેશક ! અલ્લાહે આ દીન તમારા માટે પસંદ કરી લીધો છે તો ન મરશો પણ મુસલમાન." *(સૂ. બક઼રહ, ૨/૧૩૨)*

## ★ દીને હક્ક઼ શું છે ? ★

મારા પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ ! દરેક મઝહબને દીન કહેવામાં આવે છે પણ દીને હક્ક઼ (સાચો દીન) શું છે તેનો ફરક કરવો એક મહત્વનો મસ્અલો છે. દીને હક્ક઼ શું છે ? એના હવાલાથી કુર્આને મુક઼દસમાં ઈર્શાદ થયો : اِنَّ الدِّيْنَ عِنْدَ اللّٰهِ الْاِسْلَامُ "બેશક ! દીન અલ્લાહની નજીક ઈસ્લામ જ છે." (સૂ. આલે ઈમરાન, ૩/૧૯) આ આયતથી સાફ જાહેર છે કે ઈસ્લામ દીન જ દીને હક્ક઼ અને દીને ઈલાહી છે જેની દાવત આપવા માટે અંબિયાએ કિરામ તશરીફ લાવ્યા અને તમામ દીનો પર જેને ગાલિબ (સરસાઈવાળો) કરવા માટે અલ્લાહ عزوجلએ પોતાના પ્યારા મહબૂબ ﷺને મોકલ્યા.

દીને હક્ક઼ની અધિક સ્પષ્ટતા આ આયતથી થાય છે :–

فِطْرَةَ اللّٰهِ الَّتِی فَطَرَ النَّاسَ عَلَیْهَا لَا تَبْدِیْلَ لِخَلْقِ اللّٰهِ ذٰلِکَ الدِّیْنُ الْقَیِّمُ وَ لٰکِنَّ اَکْثَرَ النَّاسِ لَا یَعْلَمُوْنَ

"અલ્લાહનો રાખેલો પાયો જેના પર લોકોને પેદા કર્યા, અલ્લાહની બનાવેલી ચીજ ન બદલવી, એ જ સીધો દીન છે પણ ઘણા લોકો નથી જાણતા" *(સૂ. રૂમ, ૩૦/૩૦)*

આ આયતની સ્પષ્ટતા કરતાં પ્રખ્યાત મુફસ્સિર સદરુલ અફાઝિલ અલ્લામા મૌલાના સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ ફર્માવે છે : ફિત્રતથી મુરાદ ઈસ્લામ ધર્મ છે. અર્થ એ છે કે અલ્લાહ તઆલાએ ખલ્ક઼ (મખ્લૂક઼)ને ઈમાન પર પેદા કરી. જેવું કે બુખારી તથા મુસ્લિમની હદીષ છે કે દરેક બાળકને ફિત્રત પર પેદા કરવામાં આવે છે. એટલે આ અહદ (વાયદા) પર જે اَلَسْتُ بِرَبِّکُمْ (શું હું તમારો રબ નથી ?) ફર્માવીને લેવામાં આવ્યો હતો. બુખારી શરીફની હદીષમાં છે કે પછી તેનાં મા બાપ તેને યહૂદી, નસ્રાની કે મજૂસી (અગ્નિપૂજક) બનાવી લે છે. આયતમાં હુકમ આપવામાં આવ્યો છે કે દીને ઈલાહી પર કાયમ રહો જેના પર અલ્લાહ તઆલાએ મખ્લૂકને પેદા કરી છે.

આયત : هُوَ الَّذِیْۤ اَرْسَلَ رَسُوْلَهٗ بِالْهُدٰی وَ دِیْنِ الْحَقِّ لِیُظْهِرَهٗ عَلَی الدِّیْنِ کُلِّهٖ (તે જ છે જેણે પોતાનો રસૂલને હિદાયત તથા સાચા દીન સાથે મોકલ્યો કે તેને સર્વ દીનો પર ગાલિબ કરે. સૂ. તૌબા, ૯/૩૩)ની તફસીર કરતાં મશહૂર મુફસ્સિર હઝરત અલ્લામા મુફ્તી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે هُدٰی થી મુરાદ કુર્આન મજીદ છે અને દીને હક઼્ક઼થી મુરાદ ઈસ્લામ છે, અથવા هُدٰی થી મુરાદ હુઝૂર صلی اللہ علیہ وسلم ખુદ હિદાયતવાળા હોવું અને દીને હક઼્ક઼થી મુરાદ લોકોને હિદાયત આપવું છે. દીનથી મુરાદ મિલ્લત છે. الحق ક્યાં તો રબ તઆલાનું નામ છે, એટલે કે અલ્લાહની પસંદીદા મિલ્લત અથવા હક઼્ક઼નો અર્થ સહીહ, બાતિલનું વિરૂધ્ધાર્થી છે અથવા હક઼્ક઼નો અર્થ મજબૂત, નાકાબિલે નસ્ખ (રદ ન થઈ શકે તેવું). આ અર્થથી કેવળ દીને

મુહમ્મદી હક્ક઼ છે બાકી પાછલા નબીઓના દીન નસ્ખને પાત્ર હતા. એટલે કે રબ તઆલાએ પોતાના મહબૂબને કુર્આન તથા ઈસ્લામથી મૌસૂફ કરીને મોકલ્યા. અથવા ખુદ હિદાયતવાળા અને લોકોના હાદી બનાવીને મોકલ્યા. لِيُظْهِرَهٗ عَلَى الدِّيْنِ كُلِّهٖ એમાં ઈરસાલ (મોકલવાની) હિકમત દર્શાવી. يُظْهِر ઈઝહારથી બન્યું છે અર્થ ગાલિબ કરવું. હવે ખુલાસો એ થયો કે, અલ્લાહ તઆલા દીને ઈસ્લામ અથવા કુર્આનને તમામ દીનો પર ગાલિબ (સવાર) કરે, અને તમામ દીનોનો નાસિખ કરી આપે, પણ ખુદ મન્સૂખ ન થાય. અથવા હુઝૂર મુહમ્મદ મુસ્તફા ﷺને તમામ દીનોના બાનીઓ, તેમના સરદારો પર ગાલિબ કરે કે તેમની ચર્ચા, તેમનો ઝિક્રે ખૈર, તેમની ઈજ્જત, તેમની નઅતખ્વાની સર્વ દીનોના બાનીઓ કરતાં અધિક થાય.

જોઈ લો, આજે પણ ઈસ્લામની મુક઼દસ કિતાબ સર્વ મઝહબી કિતાબો તૌરાત, ઈન્જીલ, ઝબૂર, વેદ, શાસ્ત્રો પર ગાલિબ છે. આ જ કુર્આનના હાફિઝ છે, આ જ કુર્આનની તફસીરો એક લાખ કરતાં વધુ લખવામાં આવી ચૂકી છે, આ જ કુર્આન સૌથી વધુ છપાય છે, આ જ કુર્આન સૌથી વધુ પઢવામાં આવે છે, આ જ કુર્આન વિના સમજયે પણ લુત્ફ આપે છે. સાંભળનારાઓને તડપાવી દે છે. ઈસ્લામની મસ્જિદો સર્વ ઈબાદતખાનાઓ પર ગાલિબ છે. ઈસ્લામનું મક્કા તથા મદીના સર્વ દીનોના મુક઼દસ સ્થાનો પર ગાલિબ છે કે તેની હજ તથા ઝિયારત દર વર્ષે થાય છે, જેનું દષ્ટાંત નથી મળતુ. ઈસ્લામનો રમઝાન તથા રબીઉલ અવ્વલ સર્વ દીનોની પવિત્ર તારીખો પર ગાલિબ છે. હુઝૂર ﷺ સર્વ દીનોના પેશવાઓ પર ગાલિબ છે. આજે પણ જેટલી ચર્ચા, જેટલી નઅતો હુઝૂરની છે એટલી કોઈની નથી. એક લાખ કરતાં વધુ હુઝૂર ﷺના જીવનચરિત્રો, ઈતિહાસો લખવામાં આવ્યા. હુઝૂર ﷺના ગુલામોમાં જ અવલિયા અલ્લાહ છે, અન્ય કોઈ દીનમાં નથી. ક઼સીદા (પ્રશંસા ગીતો) હુઝૂર ﷺના, મદીના મુનવ્વરા શહેરના જેટલા લખવામાં આવ્યા છે એટલા કોઈ શહેરના નથી લખવામાં આવ્યા, ત્યાં સુધી કે મદીના પાકના ગલી કૂચાઓના પણ. ત્યાની દરેક ચીજનો ઈતિહાસ લખવામાં આવ્યો. આ છે لِيُظْهِرَهٗ عَلَى الدِّيْنِ كُلِّهٖની તફસીર.

રસૂલુલ્લાહ ﷺને દીનના ગલ્બા માટે જ્યારે મૌલા ﷻએ મબઉષ ફર્માવ્યા (મોકલ્યા) તો આ રાહમાં રહમતે આલમ ﷺએ કેટલી તકલીફો વેઠી એના પર એક ઉડતી નજર કરીએ છીએ.

તે હિજાઝ મુક઼દ્દસ જેણે રસૂલે આ'ઝમ ﷺને સાદિક તથા અમીનના લક઼બથી મુશર્રફ કર્યા હતા, જ્યારે એ જ હિજાઝના માનવાવાળાઓ સમક્ષ અલ્લાહનો ખયાલ તથા ઈસ્લામની દાવત પેશ કરવામાં આવી તો કદીક રસૂલે આ'ઝમ ﷺ પર દાવતના જવાબમાં પથ્થરોની વર્ષા, મહેણા ટોણાઓની વર્ષા, અને શબ્દોનાં તીર વરસાવવામાં આવ્યાં. કદીક દીનના ગલબાના મક઼સદથી રોકવા માટે માલ તથા હુસ્નની લાલચો આપવામાં આવી પણ દાઈએ બરહક઼ ﷺ પોતાના મક઼સદમાં અટલ રહ્યા અને આ દીનના ગલ્બાના માટે હમેશાં પ્રયત્નશીલ રહ્યા અને કોઈ પણ લાલચની તરફ ધ્યાન ન ધર્યું.

લોકોએ જ્યારે જોયું કે ઝર, જમીન તથા જોરૂની લાલચ અને શબ્દોનાં તીર રસૂલે આ'ઝમ ﷺને મકસદથી હટાવવામાં કામ ન લાગ્યાં તો તેમણે જુલ્મ તથા ઝિયાદતી અને ભય તથા દહશત (આતંક)ના થકી દીનના ગલબાના મકસદથી રોકવાની કોશિશ કરી. પરંતુ ઈતિહાસ સાક્ષી છે કે ઉમ્મતની ખૈર ખ્વાહી અને દીને ઈસ્લામ થકી માનવ સમાજને અમ્નનું સ્થાન બનાવવાના માટે રસૂલે રહમત ﷺએ દરેક મુસીબતો વેઠી, સામાજિક બહિષ્કાર કરવામાં આવ્યો, હિજરતની તકલીફો ઉઠાવી, આક્ષેપબાજીઓ તથા સળગતા અંગારાંઓ પર પોતાના ગુલામોને તડપતા જોયા, પરંતુ દાવતનું કામ તથા દીનના ગુલામોને તડપતા જોયા, પરંતુ દાવતનું કામ તથા દીનના ગલ્બાની જિદ્દો જેહદ ચાલુ રાખી અને દુનિયાએ જોયું કે ૨૩ વરસની ટૂંકી મુદ્દતમાં પોતાના હેતુને પૂર્ણતા સુધી ખૂબ જ સારી રીતે પહોંચાડયો. છેવટે દીનના ગલ્બાથી માનવોનો શું ફાયદો હતો જેના માટે હુઝૂર ﷺએ આટલી બધી તકલીફો વેઠી ? શું માણસોની આર્થિક સમસ્યાનો હલ અથવા કેટલીક હદ સુધી તાલીમની વૃધ્ધિ ? શું આ જ મક઼સદ દીનના ગલ્બાનો હતો ? તો જાણી લેવું જોઈએ કે કેટલીક હદ સુધી આર્થિક

તથા તાલીમી સમસ્યાનુ નિવારણ કરવું એ દીનના ગલ્બા માટે જરૂરી તો છે પરંતું હક઼ીક઼તમાં દીનના ગલ્બાનો મક઼સદ શું હતો એને સમજવાની જરૂરત છે.

હઝરત ઈસા علیہ السلامને આસ્માન પર ઉઠાવી લેવામાં આવ્યા બાદથી હુઝૂર ﷺની તશરીફ આવરી સુધી લાક઼ાનૂનિયતનો માહોલ રહ્યો હતો અને માણસ પોતાના વજૂદના ઉપયોગના તરીક઼ાથી બેખબર હતો અને સામાજિક વ્યવસ્થાઓથી અજાણતાએ પૂરા સમાજને બેચેન તથા બેક઼રાર કરી આપ્યો હતો. સંતોષ નામની કોઈ ચીજ સમાજમાં જોવા જ મળતી ન હતી. દરેક શક્તિવાળો કમજોર પર જુલ્મના પહાડ તોડતો, વ્યાજમય લેણદેણના થકી ગરીબોનું લોહી ચૂંસવામાં આવતું હતું. વિધવાઓની આહો પુકારથી આસ્માન કાંપી ઉડતુ હતું અને યતીમોની ચીસોથી દર્દમંદ દિલ તડપી ઉઠતાં. એવું લાગતુ હતું કે માનવ સમાજમાં લાકાનૂનિયતે જીવવું મુશ્કેલ કરી આપ્યું છે. અલ્લાહ ﷻએ અશ્રફુલ મખ્લૂક઼ાતની બેક઼રારી તથા બેચેની અને આહો પુકારને સાંભળી લીધી અને એક નરમ દિલ અને રહમત તથા રાહતવાળા રસૂલ ﷺને પાકીઝા દીન આપીને મોકલ્યા અને દુનિયાએ જોયું કે ૨૩ વરસની ટૂંકી મુદ્દતમાં રહઝનો (ડાકૂઓ)ને રહબર બનાવી દીધા, જેહાલતની વાદીઓમાં ભટકનારાઓને ઈલ્મનો ચિરાગ અતા કર્યો અને ઈન્સાનિયતના મક઼ામથી અજ્ઞાત લોકોને ઈન્સાનની હક઼ીક઼તથી માહિતગાર કર્યા. દુનિયા માનવા પર મજબૂર થઈ ગઈ કે સદીઓની જંગો ઈસ્લામ દીનના જ થકી ખત્મ થઈ શકે છે અને આ દીનના સિવાય ક્યાંય પણ માનવોની મહાનતાનો તે ખયાલ જે માનવનો હક્ક઼ છે તે નથી મળી શકતો. વર્ગોની (વર્ણોની) ખેંચતાણ, અમીરોની પ્રધાનતા, યતીમો તથા વિધવાઓનું શોષણ આ સર્વ બુરાઈઓ ઈસ્લામ ધર્મ થકી જ ખત્મ થઈ અને દીનના ગલ્બાથી મુરાદ અને અમ્નો શાંતિથી ભરપુર, પુર સુકૂન ખુદાને ઓળખનાર સમાજની સ્થાપ્ના જ હતું, જેને કાંટાળી ઝાડીઓએથી પસાર થઈને ઝખ્મોથી ચૂર થઈને રસૂલે આ'ઝમ ﷺએ સ્થાપિત કર્યો. અલ્લાહના વાયદા لَاَغۡلِبَنَّ اَنَا وَرُسُلِیۡના પ્રમાણે અલ્લાહના રસૂલ ﷺ ગાલિબ થયા (સરસાઈ પામ્યા) અને આપનો દીન હમેશાં ગાલિબ રહ્યો.

વર્તમાન પરિસ્થિતિને જોઈને કુર્આને મુકદસની હકીકતને જૂઠલાવી નથી શકાતી. આજે જો કોઈ એવો ખયાલ કરતો હોય કે શક્તિના જોર પર અને જૂઠા પ્રોપેગન્ડાઓ થકી આ દીનને ફેલાવાથી રોકવામાં આવી શકે છે અને તેનુ અસ્તિત્વ બાકી ન રહેશે તો એ ખ્વાબ તો હોય શકે છે પણ હકીકત નહીં. આ દીન વધવાના માટે આવેલો છે, નષ્ટ થવા માટે નહીં, પોતાની સચ્ચાઈઓની બિના પર વંશિક તથા વર્ગમય ખેંચતાણના ખાત્મા તથા અદ્લો ઈન્સાફના મહાન કાનૂનના લીધે, સમાનતાના પાઠની બુનિયાદ પર એ વધતો જશે, દુનિયાની કોઈ શક્તિ તેને રોકી શકશે નહીં. અલ્લાહ ﷻએ રોકનારાઓને નિરાશ કરી આપ્યા છે અને પયગંબરે આ'ઝમ ﷺએ જે ખુશખબરી અરફાતના મેદાનમાં સંભળાવી દીધી : اَلْيَوْمَ يَئِسَ الَّذِيْنَ كَفَرُوْا مِنْ دِيْنِكُمْ ''આજે તમારા દીનની તરફથી કાફિરોની આશા તૂટી ગઈ.'' *(સૂ. માઈદા, ૫/૩)*

ઈસ્લામ ધર્મ પર આક્ષેપબાજી અને અસંતોષ વ્યક્ત કરનારાઓને રસૂલે આ'ઝમ ﷺએ પોતાના કિરદાર તથા સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَને સાક્ષી રૂપે માનવ સમાજમાં એ રીતે પેશ કર્યા કે જે ઈસ્લામ કિતાબોમાં મેહફૂઝ હતો સહાબાએ પોતાના અમલો તથા કિરદાર વડે તેના સાચા હોવાની સાક્ષી આપી અને ખુદ રસૂલે આ'ઝમ ﷺએ પણ અરફાતના મેદાનમાં તબ્લીગ તથા નબુવ્વતની જિમ્મેદારી અદા કરવા સંબંધે સહાબાથી ગવાહી લીધી. સહાબાએ એકી ઝબાને અલ્લાહની અમાનત અને નબુવ્વતની જિમ્મેદારીની અદાયગી પર ગવાહી આપી. અને પછી સરકાર ﷺએ સહાબાની ગવાહી પર અલ્લાહને ગવાહ બનાવ્યો, તો મારા મૌલાએ પણ નબુવ્વતના કાર્યને અંજામ આપવા સંબંધી ગવાહી આપતાં ઈર્શાદ ફર્માવ્યું : وَكَفٰى بِاللّٰهِ شَهِيْدًا (અને અલ્લાહ પૂરતો છે ગવાહ. સૂ. નિસાઅ, ૪/૭૯)

જાણવા મળ્યું કે દીનના ગલ્બાની (સરસાઈની) જિમ્મેદારી નિભાવતાં અલ્લાહના રસૂલ ﷺએ પોતાના માનનારાઓને એ સબક આપ્યો કે તમે મારી ઉમ્મત છો, મારા મિશન અને દીનના ગલ્બાની કોશિશમાં એ રીતે

લાગેલા રહેજો કે હું ખુદ ગવાહી આપું કે મારા ગુલામે મારા મિશનને પોતાની જિંદગીના અંતિમ શ્વાસ સુધી સીનાથી લગાડેલ રાખ્યું અને તેને લાગુ પાડવા માટે અમલી રીતે કોશિશ કરતો રહ્યો..

મારા પ્યારા આકા ﷺના પ્યારા દીવાનાઓ ! અલ્લાહના અતા કરેલા દીનથી પોતાનો અતૂટ સંબંધ કાયમ કરો અને રસૂલ ﷺની કુર્બાનીનો લેહાઝ રાખો. જે દીન ૧૪૦૦ વરસો પહેલાં પોતાને માનનારાઓને ઈજ્જત તથા વકારનો તાજ અતા કરી શકે છે તે દીન આજે આપણને પણ આપણો ખોયેલો વકાર આપી શકે છે. બસ શર્ત એટલી જ છે કે મૌખિક દીનના ઈકરાર સાથે સાથે અમલી રીતે તેને અપનાવી લો. એનું હુસ્ન (સુંદરતા) અમલના સ્વરૂપમાં દુનિયાની સામે જાહેર થશે તો દુનિયા ઈસ્લામના દામનમાં પનાહ લેવા માટે બેચેન થઈ જશે.

આજે પશ્ચિમી પબ્લિક ઈસ્લામની તરફ લલચાએલી નજરો વડે જોઈ રહી છે અને દિલનો અવાજ તેમને ઈસ્લામની પ્રતિ ધ્યાનિત કરી રહ્યો છે કે સુકૂન ચાહો છો તો આવો સમાનતાના ઝંડાધારી અને માનવ હક્કોનો મુહાફિઝ ઈસ્લામ ધર્મ પોતાનો ફેલાવેલ સ્થિતિમાં છે એમાં પનાહ હાંસલ કરી લો. અલ્હમ્દુ લિલ્લાહ ! આ દૌરમાં ઘણી સંખ્યામાં પશ્ચિમી તથા યૂરોપી પબ્લિક ઈસ્લામના આગોશમાં પનાહ લઈ રહી છે, ખાલિકની મઅરેફત હાંસલ કરવાની કોશિશ કરી રહી છે અને ખુદાની બારગાહમાં સજદામાં માથુ રાખી રહી છે.

અલ્લાહ ﷻ બુધ્ધીહિનને બુધ્ધિ તથા હિદાયતની દોલત અને બેઅમલને અમલની દોલતથી માલામાલ ફર્માવે અને હુસ્ને ઈસ્લામને (ઈસ્લામની ખૂબીઓને) માણસો સામે પેશ કરવાની તૌફીક અતા કરે. આમીન.



# નબી ﷺના મોજિઝાઓ

## ★ મોજિઝો શું છે ? ★

અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام હઝરાતથી તેમની નબુવ્વતની સચ્ચાઈ જાહેર કરવા માટે કોઈ એવી આશ્ચર્યકારક ચીજનું જાહેર થવું જે આદત મુજબ (સામાન્ય નિયમ પ્રમાણે) નથી થયા કરતી એ જ સામાન્ય નિયમ વિપરિત જાહેર થનારી ચીજનું નામ મોજિઝો છે. મોજિઝો કેમ કે નબીની સચ્ચાઈ જાહેર કરવા માટે એક ખુદાવંદી નિશાની હોય છે એટલા માટે મોજિઝાના માટે જરૂરી છે કે તે આદત (સામાન્ય નિયમ) વિરૂધ્ધ હોય એટલે જાહેરી સબબો અને સામાન્ય નિયમોની બિલ્કુલ જ વિરૂધ્ધ હોય. નહીં તો જાહેર છે કે કાફિરો એને જોઈને કહી શકે છે કે આ તો ફલાણા સબબથી થયું છે અને આવું તો હમેશાં સામાન્યપણે થતુ રહે છે. આ કારણે મોજિઝાના માટે આ અનિવાર્ય (લાઝમી) શર્ત છે, બલ્કે એ મોજિઝાના ભાવાર્થમાં સામેલ છે કે તે કોઈ ન કોઈ રીતે સામાન્ય આદત મુજબના સબબો, પ્રચલિત આદતોની વિરૂધ્ધ હોય અને જાહેરી સબબો તથા કારણોની દખલથી બિલ્કુલ જ અલિપ્ત હોય, કે જેથી જેને જોઈને કાફિરો એ માનવા માટે મજબૂર થઈ જાય કે આ ચીજનો કોઈ જાહેરી સબબ પણ નથી અને નિયમાનુસાર કદી એવું થતુ રહેતુ પણ નથી એટલા માટે વિના શંકાએ આ ચીજનું કોઈ શખ્સથી જાહેર થવું માનવ શક્તિઓ બહારનું કારનામુ છે, જેથી યક઼ીનન ! આ શખ્સ અલ્લાહની તરફથી મોકલવામાં આવેલો અને તેનો નબી છે.

જે શખ્સ નબી ન હોય અને નબુવ્વતનો દાવો કરે તે કોઈ આદત વિરૂધ્ધ કામ પોતાના દાવા પ્રમાણે જાહેર નથી કરી શકતો, નહીં તો જૂઠા તથા સાચામાં ફરક ન રહેશે. નબીથી જે વાત સામાન્ય આદત (નિયમ) વિરૂધ્ધ નબુવ્વત પહેલાં જાહેર થાય તેને "ઈરહાસ" કહે છે, અને વલીથી જો એવી વાત બહાર પડે તેને "કરામત" કહે છે, અને સામાન્ય મોમિનોથી બહાર

પડે તેને "મઊનત" કહે છે અને બેબાક ફાજિરો અથવા કાફિરોથી જે એના જેમ (માફક) જાહેર થયું તેને "ઈસ્તિદરાજ" કહે છે અને એમનાથી ઉલ્ટુ જાહેર થાય તો "એહાનત" છે.

હુઝૂરે અક્દસ ﷺના મોજિઝાઓની સંખ્યાને હજાર બેહજારની ગણત્રીઓથી ગણવું અતિશય મુશ્કેલ છે. આપની મુક્દસ જાત સર્વ આગલા નબીઓ عَلَيْهِمُ السَّلَامના મોજિઝાઓનો સમૂહ તથા બરઝખે કુબ્રા છે. અને તેમના ઉપરાંત ખુદાવંદે કુદુસે આપને બીજા અન્ય અસંખ્ય મોજિઝાઓ અતા ફર્માવ્યા છે જે કોઈ નબી તથા રસૂલને નથી આપવામાં આવ્યા. એટલા માટે એવું કહેવું સૂરજ કરતાં અધિક ચમકતી હકીકત છે કે આપની મુક્દસ જિંદગીની દરેક પળો મોજિઝાઓની એક દુનિયા તથા સામાન્ય નિયમ વિરૂધ્ધ ઘટનાઓનો એક મહાન આલમ છે.

આવો ! હવે મહોબ્બતની નિગાહથી રસૂલે પાક ﷺના અમુક મોજિઝાઓ વિશે જુઓ અને તમારા દિલમાં હુઝૂર ﷺની મહોબ્બત મજબૂત કરો.

## ★ ચાંદ બે ટુકડા થઈ ગયો ★

હુઝૂર ખાતમુન્નબીય્યીન સૈયદુલ મુરસલીન ﷺના મોજિઝાઓમાં "શક્કુલ કમર"નો મોજિઝો ઘણો જ અઝીમુશશાન અને નિર્ણાયક મોજિઝો છે. હદીષોમાં આવ્યું છે કે મક્કાના કાફિરોએ આપનાથી માગણી કરી કે આપ આપની નબુવ્વતની સચ્ચાઈ પર દલીલ રૂપે કોઈ મોજિઝો કે કોઈ નિશાની બતાવો, એ વખતે આપે એ લોકોને "શક્કુલ કમર"નો મોજિઝો દેખાડયો કે ચાંદ બે ટુકડા થયેલો જોવા મળ્યો.

જેમ કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ, હઝરત અનસ બિન માલિક, હઝરત જુબેર બિન મુત્ઈમ, હઝરત અલી બિન અબી તાલિબ, હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર, હઝરત હુઝૈફા બિન યમાન વગેરે رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن એ આ બનાવની રિવાયત કરી છે.

આ રિવાયતોમાં સૌથી અધિક સહીહ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને

મસ્ઊદ رضی اللہ عنہની રિવાયત છે. આપ એ સમયે મૌજૂદ હતા. આપે આ મોજિઝાને પોતાની આંખો વડે જોયો હતો. તેમનું બયાન છે કે હુઝૂર ﷺના જમાનામાં ચાંદ બે ટુકડા થઈ ગયો. એક ટુકડો પહાડની ઉપર અને એક ટુકડો પહાડની નીચે દેખાય રહ્યો હતો. આપે કાફિરોને આ મન્ઝર બતાવીને તેમને જણાવ્યું કે ગવાહ થઈ જાવ ! ગવાહ થઈ જાવ !

*(બુખારી, ૨/૭૨૧,૭૨૨)*

## ★ સૂરજ પલ્ટાઈ આવ્યો ★

હુઝૂરે અક઼દસ ﷺના આસ્માની મોજિઝાઓમાં સૂરજ પાછો પરત આવવાનો મોજિઝો પણ ઘણો જ અઝીમુશ્શાન મોજિઝો અને નબુવ્વતની સચ્ચાઈની એક એકદમ ઉઘાડી નિશાની છે. એનો બનાવ એ પ્રમાણે છે કે હઝરત બીબી અસ્મા બિન્તે અમીસ رضی اللہ عنہાનું બયાન છે કે ''ખૈબર''ની પાસે ''સહબા'' સ્થળે હુઝૂર ﷺ અસરની નમાઝ પઢીને હઝરત અલી رضی اللہ عنہની ગોદમાં પોતાનું સર મુબારક રાખીને સૂઈ ગયા અને આપના પર વહી નાઝિલ થવા લાગી. હઝરત અલી رضی اللہ عنہ સર મુબારકને પોતાની ગોદમાં લઈને બેસેલા રહ્યા, ત્યાં સુધી કે સૂરજ ડૂબી ગયો અને આપને એ જણાયું કે હઝરત અલી رضی اللہ عنہની અસરની નમાઝ કઝા થઈ ગઈ. તો આપ ﷺએ આ દુઆ કરી કે, ''યા અલ્લાહ ! યક઼ીનન ! અલી તારી અને તારા રસૂલની ઈતાઅત (ફર્માંબરદારી)માં હતા, જેથી તું સૂરજને પરત પલ્ટાવી દે કે જેથી અલી અસરની નમાઝ અદા કરી લે.''

હઝરત બીબી અસ્મા બિન્તે અમીસ رضی اللہ عنہا કહે છે કે મેં મારી આંખો વડે જોયું કે ડૂબેલો સૂરજ પલ્ટી આવ્યો અને પહાડોની ટોચો પર અને જમીનની ઉપર દરેક બાજુ તડકો ફેલાય ગયો. *(મદારિજુન્નબુવ્વત, ૨/૨૫૨)*

ઉપરોક્ત બંનેવ મોજિઝાઓનો ઉલ્લેખ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ આ પ્રમાણે કરે છે :–

*તેરી મર્ઝી પા ગયા સૂરજ ફિરા ઉલ્ટે ક઼દમ*
*તેરી ઉંગલી ઉઠ ગઈ મહકા કલેજા ચિર ગયા*

## ★ બીમારોનું સાજા થવું ★

મારા પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ ! હુઝૂર નબી અકરમ ﷺનો એક મહાન મોજિઝો એ છે કે આપના દસ્તે અક઼્દસથી કેટલાય બીમારોને પળવારમાં શિફા થઈ. જેમ કે હઝરત સઅદ ઈબ્ને અબી વક્ક઼ાસ, હઝરત સલમા બિન અકૂઅ, અને હઝરત સુહેલ બિન સઅદ ત્રણ દાર્શનિક સાક્ષીઓથી રિવાયત છે કે ગઝવએ ખૈબરમાં જ્યારે આપે ઝંડો અતા કરવા માટે હઝરત અલી ઈબ્ને અબૂ તાલિબને તલબ કર્યા, તો જાણવા મળ્યું કે તેમની આંખોમાં આશૂબે ચશ્મ (આંખો આવવી) છે અને એ એટલુ સખત હતું કે હઝરત સલમા બિન અકૂઅ આપનો હાથ પકડીને હુઝૂર ﷺની બારગાહમાં લાવી રહ્યા હતા. આપે તેમની આંખોમાં પોતાનું લુઆબે દહન (થૂંક મુબારક) ચોપડી આપ્યું અને દમ કરી દીધો તો એ જ સમયે આપની આંખો સારી થઈ ગઈ. એવું જણાતુ હતું કે આંખોમાં કદી દર્દ હતું જ નહીં. *(બુખારી વ મુસ્લિમ)*

એ જ પ્રમાણે ગઝવએ ખૈબરમાં હઝરત સલમા બિન અકૂઅની ટાંગમાં તલ્વારનો ઝખ્મ લાગી ગયો. તે હુઝૂર ﷺની પાસે આવ્યા. આપે એ ટાંગો પર ત્રણ વાર દમ કરી આપ્યો તો પછી તેમને કોઈ તકલીફ મેહસૂસ ન થઈ, કેવળ નિશાની રહી ગઈ હતી. *(બુખારી)*

એક રિવાયતમાં છે કે આપ એક સફરમાં જઈ રહ્યા. રસતામાં એક સ્ત્રી બાળકને લઈને સામે આવી અને કહ્યું, યા રસૂલલ્લાહ ! આને દિવસમાં કેટલીયવાર કોઈ બલાનો દૌરો થાય છે. આપે બાળકને ઉઠાવીને કાઠલાની સામે રાખ્યો અને ત્રણવાર કહ્યું, હે ખુદાના દુશ્મન ! નીકળ ! હું ખુદાનો રસૂલ છું. પછી છોકરાને એ સ્ત્રીના હવાલે કરી આપ્યો. સફરથી પરત થયા તો તે સ્ત્રી બે ઘેટાં લઈને હાજર થઈ અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મારો આ હદિયો કબૂલ ફર્માવો. ખુદાની ક઼સમ ! ફરી બાળકની પાસે તે બલા નથી આવી. આપે એક ઘેટુ કબૂલ કરી લીધું અને બીજાને પરત કરી આપ્યું.

મુહમ્મદ બિન હાતિબ رضی اللہ عنہ એક સહાબી છે. એ જ્યારે બાળક હતા

તો પોતાની માની ગોદથી સરકીને આગમાં પડી ગયા અને થોડાક દાઝી ગયા. તેમનાં મા તેમને લઈને હુઝૂર રહમતે આલમ ﷺની ખિદમતમાં આવ્યાં. આપે આપનું લુઆબે દહન (થૂક મુબારક) તેમના પર ઘસ્યું અને દુઆ પઢીને દમ કરી આપ્યો. તેમનાં માનું બયાન છે કે હું બાળકને લઈને ત્યાંથી ઉઠવા પણ પામી ન હતી એટલામાં બાળકનો ઝખ્મ સારો થઈ ગયો.

*(ખસાઈસે કુબ્રા)*

## ★ પથ્થરની શીલા વિખેરાય ગઈ ★

ગઝવએ ખંદકના બનાવમાં મળે છે કે સહાબાએ કિરામ મદીનાની ચારેવ બાજુ કાફિરોના હુમ્લાથી બચવા માટે ખાઈ (ખંદક) ખોદી રહ્યા હતા. સંજોગોવસાત એક ખૂબ જ સખત ચટ્ટાન (શીલા) નીકળી આવી. સહાબાએ કિરામે પોતાની સામૂહિક શક્તિ વડે દરેક રીતે તેને તોડવા ચાહ્યું પણ તે કોઈ રીતે તૂટી ન શકી. ત્રિકમ, પાવડા તેના પર પડી પડીને ઉછળી જતા હતા. જ્યારે લોકોએ મજબૂર થઈને ખિદમતે અક્દસમાં આ બનાવ રજૂ કર્યો તો આપ ખુદ ઉઠીને તશરીફ લાવ્યા અને ત્રિકમ હાથમાં લઈને એક ઘા માર્યો તો શીલા રેતીના ઢગલાઓની જે તૂટીને વિખેરાઈ ગઈ.

*(બુખારી, ૨/૫૮૮)*

## ★ મૂર્તિઓ ગબડી પડી ★

એ દરેક શખ્સ જાણે છે કે ફતહે મક્કાથી પહેલાં ખાનએ કા'બામાં ૩૬૦ મૂર્તિઓની પૂજા થતી હતી. ફતહે મક્કાના દિવસે હુઝૂરે અક્દસ ﷺ કા'બા શરીફ તશરીફ લઈ ગયા. એ વખતે દસ્તે મુબારકમાં એક લાકડી હતી અને આપ ઝબાને અક્દસથી આ આયત તિલાવત કરી રહ્યા હતા કે, جَآءَ الْحَقُّ وَزَهَقَ الْبَاطِلُ ط اِنَّ الْبَاطِلَ كَانَ زَهُوْقًا "હક્ક આવ્યું અને બાતિલ નષ્ટ થયું, યકીનન ! નષ્ટ થવાને જે પાત્ર હતું." *(સૂ. બની ઈસ્રાઈલ, ૧૭/૮૨)*

આપ આપની લાકડી વડે જે મૂર્તિ તરફ ઈશારો કરતા તે સ્પર્શ થયા વિના કેવળ ઈશારો કરતાં જ ધડાક દઈને જમીન પર ગબડી પડતી હતી.

*(મદારિજુન્નબુવ્વત, ૨/૨૯૦)*

## ★ પહાડોનું સલામ કરવું ★

હઝરત અલી رضی اللہ عنہ ફર્માવે છે કે એકવાર હું હુઝૂરે અકરમ ﷺની સાથે મક્કા મુકર્રમામાં એક તરફ નીકળ્યો તો મેં જોયું કે જે ઝાડ તથા પહાડ સામે આવતો એનાથી اَلسَّلَامُ عَلَيْكَ يَا رَسُوْلَ الله નો અવાજ આવે છે અને હું ખુદ એ અવાજને મારા કાનોથી સાંભળી રહ્યો હતો. *(તિર્મિઝી, ૨/૨૦૩)*

એ જ પ્રમાણે હઝરત જાબિર બિન સમુરહ رضی اللہ عنہ કહે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે મક્કામાં એક પથ્થર છે જે મને સલામ કર્યા કરતો હતો. હું હજી પણ તેને ઓળખુ છું. *(તિર્મિઝી, ૨/૨૦૩)*

## ★ પહાડનું હાલવું ★

બુખારી શરીફની આ રિવાયત છે કે એક દિવસ હુઝૂર ﷺ પોતાની સામે હઝરત અબૂબક્ર, હઝરત ઉમર, હઝરત ઉષ્માન رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَને લઈને ઓહદ પહાડ પર ચઢયા. પહાડ (ખુશીના આવેશમાં) ઝુમીને હલવા લાગ્યો. એ વખત આપે પહાડને ઠોકર મારીને ફર્માવ્યું કે, "થોભી જા !" અત્યારે તારી પીઠ પર એક પયગંબર છે અને એક સિદ્દીક઼ છે અને બે (હઝરત ઉમર તથા ઉષ્માન) શહીદ છે. *(બુખારી, ૨/૫૧૯)*

## ★ મુઠ્ઠીભર માટીનો કમાલ ★

મુસ્લિમ શરીફની હદીષમાં હઝરત સલ્મા બિન અકૂઅ رضی اللہ عنہથી રિવાયત છે કે જંગે હુનૈનમાં જ્યારે કાફિરોએ હુઝૂર ﷺને ચારેવ તરફથી ઘેરી લીધા તો આપ પોતાની સવારીથી ઉતરી પડયા અને જમીનથી એક મુટ્ઠી માટી લઈને કાફિરોના ચહેરાઓ પર ફેંકી અને شَاهَتِ الْوُجُوْهُ ફર્માવ્યું, તો કાફિરોના લશ્કરમાં કોઈ એક માણસ પણ બાકી ન રહ્યો જેની બંને આંખો માટીથી ભરાઈ ન ગઈ હોય, જેથી તેઓ સૌ પોત પોતાની આંખો ચોળતા ચોળતા પીઠ ફેરવીને ભાગી ગયા અને હાર પામ્યા અને હુઝૂર ﷺએ તેમના ગનીમતના માલોને મુસલમાનો વચ્ચે વહેંચી આપ્યા. *(મિશ્કાત, ૨/૫૩૪)*

એ જ પ્રમાણે હિજરતની રાતમાં હુઝૂર ﷺએ કાશાનએ નબુવ્વતનો

ઘેરાવ કરનારા કાફિરો પર જ્યારે એક મુટ્ઠી માટી ફેંકી તો એ મુટ્ઠીભર માટી તમામ કાફિરોનાં માથાંઓ પર પડી ગઈ. *(મદારિજ, ૨/૫૭)*

## ★ ઝાડ ચાલીને આવ્યું ★

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું કે અમે લોકો રસૂલુલ્લાહ ﷺની સાથે એક સફરમાં હતા. એક ગામડાવાસી આપની પાસે આવ્યો. આપે તેને ઈસ્લામની દાવત આપી. એ ગામડાવાસીએ સવાલ કર્યો કે શું આપની નબુવ્વત પર કોઈ ગવાહ પણ છે ? આપે ફર્માવ્યું કે હા ! આ ઝાડ જે મેદાનના કિનારે છે તે મારી નબુવ્વતની ગવાહી આપશે. જેથી આપે તે ઝાડને બોલાવ્યું અને તરત જ જમીનને ચીરતુ પોતાની જગાએથી ચાલીને બારગાહે અક્દસમાં હાજર થઈ ગયું, અને તેણે મોટા અવાજે ત્રણવાર આપની નબુવ્વતની ગવાહી આપી. પછી આપે તેને ઈશારો કર્યો તો તે ઝાડ જમીનમાં ચાલતુ ચાલતુ પોતાની જગાએ પહોંચી ગયું.

મુહદ્દિષ બઝ્ઝાર તથા ઈમામ બયહકી તથા ઈમામ બગ્વીએ હદીષમાં આ રિવાયત પણ લખી છે કે એ ઝાડે બારગાહે અક્દસમાં આવીને : اَلسَّلَامُ عَلَیْکَ یَارَسُوْلَ اللّٰہِ કહ્યું. ગામડાવાસી આ મોજિઝો જોતાં જ મુસલમાન થઈ ગયો અને અકીદતના જોશમાં અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! ﷺ મને ઈજાઝત આપો કે હું આપને સજદો કરું. આપે ઈર્શાદ ફર્માવ્યો કે જો હું ખુદા સિવાય કોઈ બીજાને સજદો કરવાનો હુકમ આપતો તો હું સ્ત્રીઓને હુકમ આપતો કે તેણીઓ પોતાના પતિઓને સજદો કરે. આવું કહીને આપે તેને સજદો કરવાની ઈજાઝત ન આપી. પછી તેણે અર્ઝ કર્યું કે યા રસૂલલ્લાહ ! ﷺ જો આપ ઈજાઝત આપો તો હું આપના દસ્તે મુબારક અને પગોને ચૂમું ? આપે તે એની ઈજાઝત આપી દીધી, જેથી તેણે આપના પવિત્ર હાથો તથા મુબારક પગોને દીવાનગીભરી અકીદતની સાથે ચૂમી લીધા.

*(ઝુર્કાની, ૫/૧૨૮ થી ૧૨૧)*

એ જ પ્રમાણે હઝરત જાબિર رضی اللہ عنہ કહે છે કે સફરમાં એક મંઝિલ પર હુઝૂર ﷺ ઈસ્તિંજા કરવા માટે મેદાનમાં તશરીફ લઈ ગયા પણ

ક્યાંય કોઈ આડવાળી જગા જોવા ન મળી. હા ! અલ્બત્ત ! એ મેદાનમાં બે ઝાડ જોવા મળ્યાં જેઓ એકબીજાથી ઘણા દૂરી પર હતાં, આપે એક ઝાડની ડાળી પકડીને ચાલવાનો હુકમ આપ્યો તો એ ઝાડ એ રીતે આપની સાથે સાથે ચાલવા લાગ્યું જેવી રીતે મહારવાળુ ઊંટ મહાર પકડનારની સાથે ચાલવા લાગે છે. પછી આપે બીજા ઝાડની ડાળી પકડીને તેને પણ ચાલવનાનો ઈશારો કર્યો તો તે પણ ચાલી નીકળ્યું અને બંનેવ ઝાડ એકબીજાથી મળી ગયાં અને આપે તેની આડમાં પોતાની હાજત દૂર કરી. ત્યારબાદ આપે હુકમ આપ્યો તો એ બંનેવ ઝાડ જમીન ચીરતાં ચીરતાં ચાલી નીકળ્યાં અને પોત પોતાની જગાએ પહોંચીને ઉભાં થઈ ગયાં. *(ઝુર્કાની, ૫/૧૩૧,૧૩૨)*

**નોંધ** : આ જ તે મોજિઝો છે જેને હઝરત અલ્લામા બુશૈરી رحمۃ اللہ علیہ એ પોતાના ક઼સીદા બુર્દામાં લખેલ છે :

جَاۤءَ تْ لِدَعْوَتِهِ الْاَشْجَارُ سَاجِدَةً
تَمْشِىْ اِلَيْهِ عَلٰى سَاقٍ بِلاَ قَدَمٖ

એટલે આપના બોલાવવા પર ઝાડો સજદો કરતાં કરતાં અને પગો વિના પોતાની પિંડલીથી ચાલીને આપની પાસે હાજર થયાં. તેમજ પ્રથમ હદીષથી સાબિત થયું કે દીનદાર બુઝુર્ગો દા.ત. ઉલમા તથા મશાઈખની તાઝીમના માટે તેમના હાથ, પગોને બોસો દેવો જાઈઝ છે.

## ★ લાકડાની તલ્વાર ★

જંગે બદરના દિવસે ઉ઼ક્કાશા બિન મિહસિન رضی اللہ عنہ ની તલ્વાર તૂટી ગઈ તો હુઝૂર ﷺ એ તેમને ઝાડની એક ડાળી આપીને ફ઼ર્માવ્યું, "તમે આના વડે જંગ કરો." તે ડાળી તેમના હાથમાં આવતાં જ એક ખૂબ જ ઉમદા તથા બેહતરીન તલ્વાર બની ગઈ જેનાથી તે જીવનભર સર્વ લડાઈઓમાં જંગ કરતા રહ્યા, ત્યાં સુધી કે હઝરત અમીરુલ મોમિનીન અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ ના ખિલાફતકાળમાં તે શહાદતથી સરફરાઝ થઈ ગયા.

એ જ પ્રમાણે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને જહશ رضی اللہ عنہ ની તલ્વાર જંગે ઓહદના દિવસે તૂટી ગઈ હતી તો તેમને પણ રસૂલુલ્લાહ ﷺ એ એક

ઝાડની ડાળી આપીને ઈર્શાદ ફર્માવ્યો કે, "તમે આના વડે લડો." તે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને જહશ رضی اللہ عنہના હાથમાં આવતાં જ એક બર્રાક઼ તલ્વાર બની ગઈ. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને જહશ رضی اللہ عنہની આ તલ્વારનું નામ عُرْجُوْن હતું. એ બનૂ અબ્બાસના ખલીફાઓની હુકૂમતના દૌર સુધી બાકી રહી, ત્યાં સુધી કે ખલીફા મોઅ્‌તસિમ બિલ્લાહના એક અમીરે એ તલ્વારને બાવીસ દીનારમાં ખરીદી. અને હઝરત અક્કાશા رضی اللہ عنہની તલ્વારનું નામ عَوْن હતું. આ બંનેવ તલ્વારો હુઝૂરે અકરમ ﷺના મોજિઝા અને આપના તસર્રુફાતની યાદગારો છે.

## ★ જાનવરોનું સજદો કરવું ★

હદીષોની મોટાભાગની કિતાબોમાં અમુક શબ્દોના ફેરફારની સાથે આ રિવાયત વર્ણન થયેલી છે કે એક અન્સારીનું ઊંટ બગડી ગયું હતું અને તે કોઈના કાબૂમાં આવતુ ન હતું બલ્કે લોકોને કરડવા માટે હુમ્લો કર્યા કરતુ હતું. લોકોએ હુઝૂર ﷺને જાણ કરી. આપે ખુદ તે ઊંટની પાસે જવાનો ઈરાદો કર્યો તો લોકોએ આપને રોકયા કે યા રસૂલલ્લાહ ! ﷺ આ ઊંટ લોકોને દોડીને કૂતરાની જેમ કરડી ખાય છે. આપે ફર્માવ્યું, "મને એનો કોઈ ડર નથી !" આવું કહીને આપ આગળ વધ્યા તો ઊંટે આપની સામે આવીને પોતાની ગરદન રાખી દીધી અને આપને સજદો કર્યો. આપે આપનો પ્રેમાળ હાથ ફેરવી દીધો તો તે બિલ્કુલ જ નરમ પડી ગયું અને આજ્ઞાંકિત થઈ ગયું અને આપે તેને પકડીને તેના માલિકના હવાલે કરી આપ્યું. પછી એ ઈર્શાદ ફર્માવ્યો કે ખુદાની દરેક મખ્લૂક જાણે તથા માને છે કે હું અલ્લાહનો રસૂલ છું પરંતું જિન્નો તથા માણસોમાંથી જે કાફિરો છે તેઓ મારી નબુવ્વત ઈક઼રાર નથી કરતા. સહાબાએ કિરામે ઊંટને સજદો કરતુ જોઈને અર્ઝ કરી કે, જ્યારે જાનવર આપને સજદો કરે છે તો અમે માણસોએ તો સૌથી પ્રથમ આપને સજદો કરવો જોઈએ ! આ સાંભળીને આપે ઈર્શાદ ફર્માવ્યો, જો કોઈ માણસનું બીજા માણસને સજદો કરવું જાઈઝ હોત તો હું સ્ત્રીઓને હુકમ આપતો કે તેણીઓ પોતાના પતિઓને સજદો કર્યા કરે. *(મિશ્કાત, ૨/૫૪૦)*

## ★ ઊંટની ફરિયાદ ★

એકવાર હુઝૂરે અક્દસ ﷺ એક અન્સારીના બાગમાં તશરીફ લઈ ગયા. ત્યાં એક ઊંટ ઉભુ રહીને જોરથી ચીસો પાડી રહ્યું હતું. જ્યારે તેણે આપને જોયા તો એકદમ જોરથી રડવા લાગ્યું અને તેની બંને આંખોએથી આસું વહેવા માંડયાં. આપે નજીક જઈને તેના માથા અને તેની કાનપટ્ટી પર પોતાનો પ્રેમાળ હાથ ફેરવ્યો તો તે સાંત્વન પામીને તદ્દન ખામોશ થઈ ગયું. પછી આપે લોકોને પૂછયું કે આ ઊંટનો માલિક કોણ છે ? લોકોએ એક અન્સારીનું નામ બતાવ્યું. આપે તરત જ તેમને બોલાવ્યા અને ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ આ જાનવરોને તમારા કબજામાં આપીને તેમને તમારા આધિન કરી આપ્યાં છે. તમારા લોકો પર લાઝિમ છે કે તમે જાનવરો પર રહમ કર્યા કરો. તમારા આ ઊંટે મારાથી તમારી શિકાયત કરી છે કે તમે એને ભૂખ્યુ રાખો છો અને તેની શક્તિ કરતાં વધુ તેનાથી કામ લઈને તેને તકલીફ આપો છો. *(અબૂ દાઊદ, ૧/૩૫૨)*

## ★ ઉમ્મે સુલૈમ رضی اللہ عنہاની રોટલીઓ ★

એક દિવસે હઝરત અબૂ તલ્હા رضی اللہ عنہ પોતાના ઘરમાં આવ્યા અને પોતાનાં પત્ની હઝરત ઉમ્મે સુલૈમ رضی اللہ عنہاને કહ્યું કે શું તમારી પાસે ખાવાની કોઈ ચીજ છે ? મેં હુઝૂર ﷺની કમજોર અવાજથી એ મેહસૂસ કર્યું કે આપ ભૂખ્યા છે. ઉમ્મે સુલૈમ رضی اللہ عنہاએ જવની થોડીક રોટલીઓ ઓઢણીમાં લપેટીને હઝરત અનસ رضی اللہ عنہના હાથે આપની ખિદમતમાં મોકલી આપી. હઝરત અનસ رضی اللہ عنہ જ્યારે બારગાહે નબુવ્વતમાં પહોંચ્યા તો આપ મસ્જિદે નબવીમાં સહાબાએ કિરામના મજમામાં બેઠેલા હતા. આપે પૂછયું કે શું અબૂ તલ્હાએ તમારા હાથે ખાવા મોકલ્યું છે ? તેમણે કહ્યું, જી હા ! આ સાંભળીને આપ આપના સહાબાની સાથે ઉઠયા અને હઝરત અબૂ તલ્હાના મકાનની પાસે તશરીફ લાવ્યા. હઝરત અનસ رضی اللہ عنہએ દોડીને બીબી ઉમ્મે સુલૈમને એ ખબર આપી કે હુઝૂર ﷺ એક જમાઅતની સાથે આપણા ઘરે તશરીફ લાવી રહ્યા છે. હઝરત અબૂ તલ્હા رضی اللہ عنہએ મકાનથી નીકળીને ખૂબ જ ઉષ્માભેર આપનું સ્વાગત કર્યું. આપે તશરીફ લાવીને

હઝરત બીબી ઉમ્મે સુલૈમને ફર્માવ્યું કે જે કાંઈ તમારી પાસે હોય લાવો ! તેમણે એ જ થોડીક રોટીઓ પેશ કરી આપી જેમને હઝરત અનસ رضی اللہ عنہની સાથે બારગાહે રિસાલતમાં મોકલી હતી. આપના હુકમથી એ રોટીઓનો ચૂરો બનાવવામાં આવ્યો અને હઝરત બીબી ઉમ્મે સુલૈમે એ ચૂરા પર સાલન રૂપે ઘી નાખી દીધું. આ થોડીક રોટીઓમાં આપના મોજિઝામય તસર્રુફાતથી એટલા પ્રમાણમાં બરકત થઈ કે આપ દસ દસ માણસોને મકાનમાં બોલાવીને ખવડાવતા રહ્યા અને તે લોકો ખૂબ જ પેટ ભરીને ખાતા અને જતા રહેતા, ત્યાં સુધી કે સિત્તેર અથવા એંસી માણસોએ ખૂબ જ ભરપેટ થઈને ખાય લીધું. *(બુખારી, ૧/૫૦૫, બાબે અલામાતિન્નબુવ્વહ)*

## ★ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہની થેલી ★

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہનું બયાન છે કે હું હુઝૂરે અકદસ ﷺની બારગાહે અક્દસમાં હાજર થયો તો આપે મને થોડીક ખજૂરો અતા કરી. તો મેં અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! ﷺ આ ખજૂરોમાં બરકતની દુઆ ફર્માવી દો. આપે એ ખજૂરોને એકત્ર કરીને બરકતની દુઆ કરી આપી અને ઈર્શાદ ફર્માવ્યો કે તમે એને તમારા તોશાદાનમાં રાખી લો અને તમે જ્યારે ચાહો હાથ નાખીને એમાંથી કાઢયા કરો, પરંતુ કદી તોશાદાન ખંખેરીને બિલ્કુલ ખાલી ન કરશો.

જેથી હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ત્રણ વરસો સુધી એ ખજૂરોને ખાતા રહ્યા બલ્કે કેટલાય મણ એમાંથી ખૈરાત પણ કરી ચૂક્યા પણ તે ખત્મ ન થઈ.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ હમેશાં જોલીને પોતાની કેડ પર બાંધેલ રહેતા હતા ત્યાં સુધી કે હઝરત ઉષ્માન رضی اللہ عنہની શહાદતના દિવસે અતિશય લાગણીસભર અને દર્દભર્યા લહેજામાં આ શેઅર પઢતા પઢતા હરતા ફરતા હતા કે :–

لِلنَّاسِ هَمٌّ وَلِی هَمَّانِ بَيْنَهُمْ
هَمُّ الْجِرَابِ وَهَمُّ الشَّيْخِ عُثْمَانَا

"લોકોના માટે એક ગમ છે, અને મારા માટે બે ગમ છે, એક થેલીનો

ગમ અને બીજો શયખ ઉષ્માન رضی اللہ عنہનો ગમ.

## ★ ખાણામાં બરકત ★

ગઝવએ અહઝાબમાં સર્વ મુહાજિરો અને અન્સાર ખંદક ખોદી રહ્યા હતા. હઝરત જાબિર رضی اللہ عنہએ જોયું કે હુઝૂર રહમતે આલમ ﷺ સખત ભૂખ્યા છે. તે પોતાની પત્નીની પાસે આવ્યા અને પૂછયું કે તમારી પાસે કાંઈ ખાવાનું છે ? તેમણે એક સાઅ જવ કાઢયા અને ઘરમાં એક બકરી હતી. હઝરત જાબિર رضی اللہ عنہએ તેને ઝબહ કરી અને પત્નીએ આટો ગુંદયો. ગોશ્ત દેગચીમાં ચઢાવવામાં આવ્યો તો હઝરત જાબિર رضی اللہ عنہ હુઝૂર ﷺને લેવા ચાલ્યા. બીવીએ કહ્યું કે જુઓ ! સરકાર ﷺની સાથે અધિક લોકોને લાવીને મને બેઈજ્જત ન કરશો. હઝરત જાબિર આવ્યા અને ચૂપકેથી રહમતે આલમ ﷺના કાનમાં કહ્યું કે અમે ખાવાની વ્યવસ્થા કરી છે તો આપ થોડાક સાથીઓ સાથે તશરીફ લઈ ચાલો. હુઝૂર ﷺએ સર્વ ખંદકવાળાંઓને પોકાર્યા કે, આવો ! જાબિરે દાવતે આમ કરી છે, અને હઝરત જાબિરને કહ્યું કે જ્યાં સુધી હું ન આવુ ત્યાં સુધી ચૂલેથી દેગચી ન ઉતારવામાં આવે અને રોટી ન પકવવામાં આવે. હુઝૂર ﷺ તમામ લોકોને લઈને રવાના થયા. હઝરત જાબિર ઘરમાં આવ્યા તો બીવીએ ભલુબુરુ કહેવાનું શરૂ કર્યું. તેમણે કહ્યું , હું શું કરું ! તમે જે કહ્યું હતું તેનું મેં પાલન કર્યું હતું. જ્યારે હુઝૂર રહમતે આલમ ﷺ તશરીફ લાવ્યા તો આપની સામે આટો પેશ કરવામાં આવ્યો. આપે એમાં પોતાનું લુઆબે દહન (થૂક મુબારક) મિલાવી દીધું અને બરકતની દુઆ કરી. એ જ પ્રમાણે દેગચીમાં પણ લુઆબે દહન નાખ્યું અને બરકતની દુઆ કરી. ત્યારબાદ આપે રોટી પકવવા અને સાલન કાઢવાનો હુકમ આપ્યો, લગભગ એક હજાર માણસો હતા. સૌ ખાયને પરત ગયા પણ ગોશ્ત તથા આટામાં કોઈ કમી ન આવી.

*(બુખારી શરીફ)*

## ★ મુબારક આંગળીઓથી નહેરો વહી ★

હદીષોની તલાશ તથા શોધથી ખબર પડે છે કે આપની મુબારક

આંગળીઓથી લભગભ ૧૩ મોકાઓએ નહેરો વહેતી થઈ, એમાંથી કેવળ એક મોકાનો અહીં ઉલ્લેખ કરવામાં આવે છે.

હિ.સ. ૬માં રસૂલુલ્લાહ ﷺ ઉમરાનો ઈરાદો કરીને મદીના મુનવ્વરાથી મક્કા મુકર્રમાના માટે રવાના થયા. અને હુદૈબિયાના મેદાનમાં ઉતરી પડયા. માણસોની અધિકતાના કારણે હુદૈબિયાનો કૂવો સૂકાય ગયો અને હાજર રહેલાઓ પાણીના એક એક ટીપાના મોહતાજ થઈ ગયા. એ વખતે રહમતે આલમ ﷺના દરયાએ રહમતમાં જોશ આવી ગયો અને આપે એક મોટા પ્યાલામાં પોતાનો દસ્તે મુબારક રાખી દીધો તો આપની મુબારક આંગળીઓથી એ રીતે પાણીની નહેરો વહેવાની શરૂ થઈ ગઈ કે પંદરસોનું લશ્કર તૃપ્ત થઈ ગયું. લોકોએ વુઝૂ તથા ગુસ્લ પણ કર્યું, જાનવરોને પણ પીવડાવ્યું, તમામ મશકો તથા વાસણોને પણ ભરી લીધાં, પછી આપે પ્યાલામાંથી દસ્તે મુબારકને ઉઠાવી લીધો અને પાણી ખત્મ થઈ ગયું.

હઝરત જાબિર رضی اللہ عنہથી લોકોએ પૂછયું કે, એ વખતે તમે લોકો કેટલા માણસો હતા ? તેમણે ફર્માવ્યું કે અમે લોકો પંદરસોની સંખ્યામાં હતા પણ પાણી એટલા પ્રમાણમાં અધિક હતું કે لَوْ كُنَّا مِائَةَ اَلْفٍ لَكَفَانَا જો અમે લોકો એક લાખ પણ હોત તો સૌને એ પાણી પૂરતુ થઈ જતું.

*(મિશ્કાત, ૨/૩૨, બાબુલ મોજિઝાત)*

સુબ્હાનલ્લાહ ! આ જ હસીન મંઝરની તસ્વીરકશી કરતાં સૈયદી આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہએ શું સરસ ફર્માવ્યું :

*ઉંગ્લિયાં હૈં ફૈઝ પર તૂટે હૈં પ્યાસે ઝુમકર*
*નદ્દિયાં પંજાબે રહમતકી હૈં જારી વાહ ! વાહ !*

આ હદીષ બુખારી શરીફમાં પણ છે અને હઝરત જાબિર رضی اللہ عنہના સિવાય હઝરત અનસ તથા હઝરત ઈબ્ને આઝિબ رضی اللہ عنہماની રિવાયતોથી પણ આંગળીઓએથી પાણીની નહેરો વહેતી થવાની હદીષો રિવાયત થયેલી છે.

# સરાપાએ રસૂલ ﷺ

મારા પ્યારા આકા ﷺના પ્યારા દીવાનાઓ ! અલ્લાહ ﷻએ નબી અકરમ નૂરે મુજસ્સમ ﷺને સર્વ અવ્વલીન તથા આખરીનથી વિશિષ્ટ અને અફઝલ તથા આ'લા બનાવ્યા. એ જ પ્રમાણે સૂરતના જમાલ (ચહેરાની ખૂબસૂરતી)માં પણ અજોડ અનુપમ બનાવ્યા. સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ એકાંત તથા જાહેર, સફર તથા મક઼ામમાં જમાલે જહાંઆરાને જોતા રહ્યા. તેમણે હબીબે પાક ﷺના ફઝ્લો કમાલની જે તસ્વીરકશી કરી છે એને સાંભળીને એ જ કહેવું પડે છે જે કોઈ મદ્દાહે રસૂલે કહ્યું છે :–

لَمْ یَخْلُقِ الرَّحْمٰنُ مِثْلَ مُحَمَّدٍ
اَبَدًا وَ عِلْمِیْ اَنَّہٗ لَا یَخْلُقٗ

એટલે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે હુઝૂર ﷺના જેવો પેદા કરેલ જ નથી અને હું એ જ જાણુ છું કે તે કદી પેદા કરશે નહીં. *(હયાતુલ હયવાન, ૧/૪૨)*

આપ માથાના વાળથી લઈને પગોના નખો સુધી અલ્લાહ ﷻની કુદરતના મંઝર છે. થોડીક લીટીઓ સરકારે દો આલમ ﷺના સરાપાએ અક઼દસના હવાલાથી ટૂંકાણમાં નકલ કરીએ છીએ જેથી આપણા દિલોમાં આપની ઉલ્ફત તથા મહોબ્બત ઔર વધી જાય.

## ★ મૂએ મુબારક ★

હુઝૂર સૈયદે આલમ ﷺના સર મુબારકના વાળ ન તો બહુ વાંકળીયા હતા ન તો ખૂબ જ સીધા બલ્કે બંનેની વચ્ચેના હતા. આપના બાલ મુબારક કેટલા લાંબા હતા એના હવાલાથી વિવિધ રિવાયતો છે. કોઈ રિવાયતમાં છે કે આપના મૂએ મુબારક અડધા કાન સુધી હતા, કોઈ રિવાયતમમાં છે કે કાનોની પટ્ટી સુધી હતા, કોઈની રિવાયતમાં એ મળે છે કે કાનો પટ્ટીથી થોડાક મોટા અને ખભાઓથી ઓછા હતા. કોઈ રિવાયતમાં એ મળે છે કે

ખભાઓ પર પડતા હતા. એ રિવાયતમાં વર્ગીકરણની સ્થિતિ એ છે કે જ્યારે આપ બાલ મુબારક કપાવી નાખતા હતા તો અડધા કાનો સુધી રહી જતા, પછી વધીને કાન અથવા ખભા મુબારક સુધી પહોંચી જતા.

હુઝૂરે અક્દસ ﷺએ હજ્જુલ વિદાઅમાં જ્યારે પોતાના મુક્દસ વાળ ઉતરાવ્યા તો તે સહાબાએ કિરામમાં તબર્રુક રૂપે વહેંચાયા, અને સહાબાએ કિરામે ખૂબ જ અક઼ીદતની સાથે એ મૂએ મુબારકને પોતાની પાસે મેહફૂઝ રાખ્યા અને એને પોતાની જાનો કરતાં અધિક અઝીઝ રાખતા હતા. હઝરત બીબી ઉમ્મે સલમા رضی اللہ عنہاએ એ મુક઼્દસ બાલોને એક શીશીમાં રાખી લીધા હતા. જ્યારે કોઈ માણસને નજર લાગી જતી અથવા કોઈ બીમારી થતી તો આપ એ શીશીને પાણીમાં ડૂબાડીને આપતાં હતાં અને એ પાણીથી શિફા હાંસલ થતી હતી. *(બુખારી શરીફ, ૨/૮૫૭)*

*વો કરમ કી ઘટા ગેસૂએ મુશ્ક સા*
*લક્કએ અબ્રે રહમત પે લાખોં સલામ*
*હમ સિયાહકારોંપે યા રબ તપિશે મહશરમેં*
*સાયા અફગન હો તેરે પ્યારે કે પ્યારે ગેસૂ*

## ★ ચેહરે અન્વર ★

અલ્લાહ ﷻએ પોતાના પ્યારા મહબૂબ દાનાએ ગુયૂબ ﷺને એટલા હસીનો જમીલ બનાવ્યા કે આપનાથી પહેલાં અને આપના બાદ કોઈ આપના જેવો થયો, ન થશે. આપના હુસ્નો જમાલની તારીફ કરતાં જીભો સૂકાય જશે, અવરાક (પૃષ્ઠો) ખત્મ થઈ જશે પણ જેવો કે હક્ક઼ છે તેવી આપની તારીફ નથી કરી શકાતી.

ખસાઈસે કુબ્રામાં આ રિવાયત વર્ણન થયેલી છે. હઝરત અબૂ નુએૈમ رضی اللہ عنہ ફર્માવે છે :–

أُعْطِیَ یُوْسُفُ مِنَ الْحُسْنِ مَا فَاقَ بِهِ الْاَنْبِیَاءَ وَ الْمُرْسَلِیْنَ بَلِ الْخَلْقَ اَجْمَعِیْنَ وَ نَبِیُّنَا صَلَّی اللّٰهُ عَلَیْهِ وَ سَلَّمَ اُوْتِیَ مِنَ الْجَمَالِ مَا لَمْ یُؤْتَهٗ اَحَدٌ وَّ لَمْ یُؤْتَ یُوْسُفُ اِلَّا شَطْرَ الْحُسْنِ وَ اُوْتِیَ نَبِیُّنَا صَلَّی اللّٰهُ عَلَیْهِ وَ سَلَّمَ جَمِیْعَهٗ

હઝરત યૂસુફ علیہ السلام ને તમામ અંબિયા તથા મુરસલીન (નબીઓ તથા રસૂલો) બલ્કે તમામ મખ્લૂક કરતાં વધુ હુસ્નો જમાલ અતા થયો કે જે કોઈ અન્ય મખ્લૂકને અતા નથી થયો. હઝરત યૂસુફ علیہ السلام ને હુસ્નો જમાલનો એક ભાગ મળ્યો હતો અને આપ ﷺ ને કુલ હુસ્ન આપવામાં આવ્યું છે.

ઝુર્કાનીમાં હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ની રિવાયત નકલ થયેલી છે કે આપ ફર્માવે છે :–

كَانَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَحْسَنَ النَّاسِ وَجْهًا وَ اَنْوَرَهُمْ لَوْنًا لَّمْ يَصِفْهُ وَاصِفٌ قَطُّ اِلاَّ شَبَّهَ وَجْهَهٗ بِالْقَمَرِ لَيْلَةَ الْبَدْرِ

''રસૂલુલ્લાહ ﷺ સર્વ લોકો કરતાં અધિક ખૂબસૂરત અને ખુશ રંગ હતા. જે કોઈએ પણ આપની પ્રશંસા કરી તેણે આપને ચૌદમીના ચાંદ સાથે સરખામણી કરી.

હઝરત જાબિર બિન સમુરહ رضی اللہ عنہ ફર્માવે છે કે ચાંદની રાત હતી અને હુઝૂર ﷺ લાલ ચાદર ઓઢીને સૂતેલા હતા. હું કદીક ચાંદને જોતો અને કદી હુઝૂર ﷺ ના ચહેરાએ અન્વરને, છેવટે મારો ફૈસલો એ જ હતો કે હુઝૂર ﷺ ચાંદથી અધિક ખૂબસૂરત છે. *(મિશ્કાત, પેજ–૫૧૮)*

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ખાન ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

*યહ જો મેહરો માહ પે હૈં ઈત્લાક઼ આતા નૂરકા*
*ભીક તેરે નામ કી હૈ ઈસ્તિઆરા નૂર કા*

અમીરુલ મોમિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ફર્માવે છે :

كُنْتُ اَخِيْطُ فَسَقَطَتْ مِنِّى الْاِبْرَةُ فَطَلَبْتُهَا فَلَمْ اَقْدِرْ عَلَيْهَا فَدَخَلَ رَسُوْلُ اللّٰهِ ﷺ فَتَبَيَّنَتِ الْاِبْرَةُ بِشُعَاعِ نُوْرِ وَجْهِهٖ فَاَخْبَرْتُهٗ

''હું અંધારામાં બેસીને કાંઈક સીવી રહી હતી. મારા હાથથી સોય પડી ગઈ. ખૂબ જ શોધી પણ અંધારાના કારણે ન મળી. એટલામાં હુઝૂર ﷺ તશરીફ લાવ્યા તો આપના રૂએ અન્વરની રોશનીથી આખો ઓરડો

રોશન થઈ ગયો અને સોય ચમકવા લાગી, તો મને એનો પતો મળી ગયો.
*(ખસાઈસે કુબ્રા, ૧/૬૨)*

*સૂઝન ગુમ શુદા મિલતી હૈ તબસ્સુમસે તેરે*
*શામકો સુબ્હ બનાતા હૈ ઉજાલા તેરા*

હક઼ીક઼ત એ છે કે આપનો પૂરો હુસ્નો જમાલ લોકો સમક્ષ જાહેર નથી કરવામાં આવ્યો બલ્કે પર્દામાં રાખવામાં આવ્યો, નહીં તો કોઈનામાં શક્તિ ન હતી કે હુસ્ને મુહમ્મદી ﷺની તાબ લાવી શકે.

હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે મારા વાલિદ માજિદ શાહ અબ્દુર્રહીમ સાહબે હુઝૂરે અકરમ ﷺને ખ્વાબમાં જોયા તો અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ યૂસુફ علیہ السلامને જોઈને મિસરની સ્ત્રીઓએ પોતાના હાથ કાપી નાખ્યા હતા અને અમુક લોકો તેમને જોઈને મરી જતા હતા, પણ આપને જોઈને કોઈની એવી હાલત નથી થઈ. તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, મારો જમાલ લોકોની આંખોથી અલ્લાહે ગૈરતના કારણે છુપાવી રાખ્યો છે અને જો જાહેર થઈ જાય તો લોકોનો હાલ એનાથી પણ અધિક થાય જે યૂસુફ علیہ السلامને જોઈને થયો હતો.

એટલે ફર્માવ્યું કે હું અલ્લાહનો મહબૂબ છું અને મુહિબ્બતની ગૈરતે મહબ્બતનો તકાઝો હોય છે કે તેના મહબૂબને તેના સિવાય અન્ય કોઈ ન જુએ. એના કારણે અલ્લાહ તઆલાએ મારા હુસ્નો જમાલને કેવળ પોતે જોવા માટે લોકોની નજરોથી છુપાવી રાખેલ છે.

અલ્લામા કુર્તબી رحمۃ اللہ علیہ ફર્માવે છે ! હુઝૂર ﷺનું પૂરો હુસ્નો જમાલ આપણા પર જાહેર નથી કરવામાં આવ્યો. જો આપનો પૂરો હુસ્નો જમાલ જાહેર કરવામાં આવત તો આપણી આંખો આપના દીદારની શક્તિ ન ધરાવતી. *(ઝુર્કાની અલલ મવહિબ, ૪/૭૧)*

*ઈક ઝલક દેખનેકી તાબ નહીં આલમકો*
*વો અગર જલ્વા કરેં કોઈ તમાશાઈ હો*

## ★ જબીને સઆદત (પેશાની મુબારક) ★

રહમતે આલમ ﷺની મુબારક પેશાની વિશાળ અને ચમકદાર હતી, જેના પર બેઝારી અને દુનિયવી ફિકરો ચિંતનોની અસરો પણ ન હતી. ઈબ્ને અસાકિરે હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاથી રિવાયત કરી છે. તે ફર્માવે છે કે, હું એક દિવસ રેંટિયો કાંતી રહી હતી અને હુઝૂર ﷺ મારી સામે નાલૈન પાકને થીંગડુ મારી રહ્યા હતા. મેં આપની પેશાની મુબારક પર પરસેવાનાં ટીપાં જેમાંથી નૂરનાં કિરણો નીકળી રહ્યાં હતાં. હું એ ખૂબસૂરત મન્ઝરને જોવામાં મારું કામ ભૂલી ગઈ. આકા ﷺએ ફર્માવ્યું, શું મામલો છે ?! મેં અર્ઝ કરી, આપની મુબારક પેશાની પર પરસેવાનાં ટીપાં લાગી રહ્યાં છે જેમ કે નૂરના તારાઓ હોય !

તાજદારે અહલે સુન્નત મુજદ્દિદે દીનો મિલ્લત આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલવી رحمۃ اللہ علیہ ફર્માવે છે :

*જિસકે માથે શફાઅત કા સહેરા રહા*
*ઉસ જબીને સઆદત પે લાખોં સલામ*

બીજા ઠેકાણે ફર્માવે છે :–

*તેરે હી માથે રહા અય જાન સેહરા નૂરકા*
*બખ્ત જાગા નૂરકા ચમકા સિતારા નૂરકા*

## ★ ભવાં મુબારક ★

નબી કરીમ ﷺના ભવાં મુબારક લાંબાં અને બારીક તથા મહેરાબી સ્થિતિમાં હતાં. બંને ભવાંની વચ્ચે એટલુ થોડુ અંતર હતું કે ધ્યાનપૂર્વક જોવા પર જ સ્પષ્ટ થતું. એટલા માટે અમુક સહાબાએ કિરામે ભવાં મુબારકને આપસમાં મળી ગયેલાં હોવાનો ઉલ્લેખ કરેલો છે, જ્યારે કે હકીકતમાં એ ભેગાં થયેલાં ન હતાં. ભવાં મુબારકની પ્રશંસા કરતાં આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે :

*જિનકે સજદે કો મેહરાબે કા'બા ઝુકી – ઉન ભવોંકી લતાફત પે લાખોં સલામ*

હઝરત હિંદ બિન અલી હાલા رضی اللہ عنہ ફર્માવે છે : રહમતે આલમ ﷺનાં ભવાં મુબારક વાંકા, બારીક, ગાઢ અને અલગ અલગ હતાં. બંને ભવાંઓની વચ્ચે એક રગ હતી જે જલાલના સમયે લાલ થઈ જતી હતી. આ'લા હઝરત رضی اللہ عنہએ આ રગને હાશમિયત ઠરાવતાં આ પ્રમાણે સલામ અર્ઝ કરી :–

*ચશ્મએ મહરમેં મોજે નૂરે જલાલ*
*ઉસ રગે હાશમિયત પે લાખોં સલામ*

## ★ મુબારક આંખો ★

આપની આંખો નૂરાની અને ખૂબ જ ખૂબસૂરત હતી. સુરમાના વગર જ જણાતું કે આપે સુરમો લગાડયો છે. આંખોની સફેદીમાં બારીક લાલ રેખાઓ હતી જેમને નબુવ્વતની નિશાનીમાં ગણવામાં આવેલ છે. પાપણો ખૂબસૂરત અને લાંબી હતી. આ'લા હઝરત ફર્માવે છે :–

*સુરમગીં આંખેં હરી મે હક્ક઼ કે મશકેં ગઝાલ*
*હૈ ફઝાંએ લામકાં તક જિનકા રમ્ના નૂરકા*

એ આંખોમાં અલ્લાહ ﷻએ નૂરે બશારતની સાથોસાથ નૂરે બસીરત પણ રાખી દીધું હતું કે આપ નજીકની ચીજોને તો જોતા જ હતા, દૂરની ચીજોને ત્યાં સુધી કે દિલોની કૈફિયતોને પણ જોઈ લીધા કરતા હતા. ખુદ પોતાના સહાબાથી ફર્માવે છે :–

هَلْ تَرَوْنَ قِبْلَتِی هٰهُنَا فَوَاللّٰهِ مَا يَخْفٰی عَلَیَّ رُكُوْعُكُمْ وَ لَا خُشُوْعُكُمْ اِنِّیْ لَاَرَاكُمْ مِنْ وَّرَآءِ ظَهْرِیْ

''તમે મારું મો કિબ્લાની જ તરફ જુઓ છો. ખુદાની ક઼સમ ! મારા પર ન તમારા રુકૂઅ અને ન તમારા ખુશૂઅ (દિલની તલ્લીનતા) છુપાં છે, અને બેશક ! હું તમને મારી પાછળથી પણ જોઉં છું. *(બુખારી શરીફ)*

*શશ જેહત સિમ્તે મુક઼ાબિલ શબો રોઝ એક હી હાલ*
*ધૂમ વન્નજ્મ મેં હૈ આપકી બિનાઈ કી*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, બેશક ! અલ્લાહે મારા માટે દુનિયાની આડો ઉઠાવી દીધી છે, જેથી હું દુનિયા અને જે કાંઈ પણ એમાં કયામત સુધી થનારુ છે સૌને એવી રીતે જોઈ રહ્યો છું જેવી રીતે કે મારી આ હથેળીને જોઉં છું.''

*(ઝુર્કાની અલલ મવાહિબ, ૭/૨૦૪)*

હઝરત ઉક્બા બિન આમિર رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું : اِنَّ مَوْعِدَكُمُ الْحَوْضُ وَاِنِّىْ لَاَنْظُرُ اِلَيْهِ وَاَنَا فِىْ مَقَامِىْ هٰذَا ''તમારી મુલાક઼ાતની જગા હૌઝે કૌષર છે અને હું તેને અહીંથી જોઈ રહ્યો છું.'' *(બુખારી, મુસ્લિમ)*

આ રિવાયતથી સાબિત થયું કે નિગાહે નબુવ્વતથી કાયનાતની કોઈ ચીજ છુપી નથી. કયામત સુધી જે કાંઈ પણ થવાનુ છે આપ હાથની હથેળ ીની જેમ તેને જોઈ રહ્યા છે.

હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું :–

مَامِنْ شَيْئٍ لَّمْ اَكُنْ رَأَيْتُهٗ اِلاَّ قَدْ رَأَيْتُهٗ فِىْ مَقَامِىْ هٰذَا حَتَّى الْجَنَّةَ وَالنَّارَ ''કોઈ ચીજ એવી નથી જે થવાની હોય પણ મેં તેને એ સ્થળે જોઈ લીધી છે, ત્યાં સુધી કે જન્નત તથા દોઝખને પણ.'' *(બુખારી શરીફ)*

જન્નત સાતેવ આસ્માનોની ઉપર અને દોઝખ સાતેવ જમીનોની નીચે છે. જાણવા મળ્યું કે નિગાહે મુસ્તફા ﷺની પહોંચ તહતુષ્ષરાથી લઈને ષુરૈયા બલ્કે એનાથી પણ ઉપર સુધી છે.

*સરે અર્શ પર હૈ તેરી ગુઝર દિલે ફર્શ પર હૈ તેરી નઝર*
*મલકૂતો મલકમેં કોઈ શય નહીં વો જો તુઝસે અયાં નહીં*

જંગે મૌતા જે મુલ્કે શામમાં થઈ રહી હતી. એના સર્વ હાલાત હુઝૂર ﷺએ મદીના મુનવ્વરામાં બેઠા બેઠા જ સહાબાએ કિરામને બતાવ્યા. જે ઈસ્લામનો ઝંડો ઉઠાવતો અને જે જે સ્થિતિમાં તે શહીદ થતો તેને આપ બતાવતા જઈ રહ્યા હતા, અને આપની આંખોથી આસું વહેવાનું ચાલુ હતું. *(મિશ્કાત, પેજ–૫૩૨)*

એ જ અરસામાં આપ મુસ્કુરાવા લાગ્યા. આપને મુસ્કુરાવાનો સબબ પૂછવામાં આવ્યો તો આપે ફર્માવ્યું, હું મારા દોસ્તોના કત્લ થઈ જવા પર ગમગીન થયો, પણ હવે તેમને જન્નતમાં એકબીજાની સામે તખ્તો પર બેસેલા જોઈને ખુશીથી મુસ્કુરાયો છું. *(ખસાઈસે કુબ્રા, ૧/૨૬૦)*

હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને આઈશ رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મેં મારા રબ તઆલાને અહસન સૂરતમાં જોયો.

*(મિશ્કાત, પેજ–૬૯)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે : ''વિના શંકાએ મુહમ્મદ ﷺએ પોતાના રબને બેવાર જોયો. એકવાર માથાની આંખો વડે એકવાર દિલની આંખોથી.'' *(ખસાઈસે કુબ્રા, ૧/૧૬૧)*

ટૂંકમાં એ કે જે આંખોએ ગયબુલ ગુયૂબ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતનો મુશાહેદો કર્યો (જોયો) તે આંખોથી ખુદાની ખુદાઈ કેવી રીતે છુપાય શકે છે ?! આ'લા હઝરત ફર્માવે છે :–

*ઔર કોઈ ગયબ કયા તુમસે નિહાં હો ભલા*
*જબ ન ખુદા હી છુપા તુમપે કરોળોં દુરૂદ*

## ★ કાન મુબારક ★

હુઝૂર નબી અકરમ ﷺના ગોશહાએ મુબારક (કાનો) તથા શ્રવણ શક્તિ આમ માણસો જેવી ન હતી બલ્કે એમનામાં અસંખ્ય વિશિષ્ટતાઓ છુપાયેલી હતી. આપ દૂર તથા નજીકની વાતો સમાન રીતે સાંભળ્યા કરતા. વિવિધ હદીષોમાં આપની શ્રવણ શક્તિનો ઉલ્લેખ મૌજૂદ છે. જેમ કે હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર ﷺએ હઝરત બિલાલ رضی اللہ عنہને ફર્માવ્યું :

يَا بِلَالُ هَلْ تَسْمَعُ مَا اَسْمَعُ قَالَ لَا وَ اللّٰهِ يَا رَسُوْلَ اللّٰهِ مَا اَسْمَعُهٗ قَالَ اَلَا تَسْمَعُ اَهْلَ الْقُبُوْرِ يُعَذَّبُوْنَ

''હે બિલાલ ! શું તમે સાંભળો છો જે હું સાંભળુ છું ? તેમણે અર્ઝ કર્યું, નહીં ! યા રસૂલલ્લાહ ! ﷺ હું નથી સાંભળતો. ફર્માવ્યું, શું તું નથી

સાંભળતો આ કબ્રવાળા (યહૂદી)ઓ પર અઝાબ થઈ રહ્યો છે.

*(મુસ્તદરક લિલ્ હાકિમ)*

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ખાન قدس سرہٗ ફર્માવે છે :–

*દૂરો નઝદીક કે સુનને વાલે વો કાન*
*કાને લઅ્લે કરામત પે લાખોં સલામ*

હઝરત અબૂઝર رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું :

لَیْسَ مِنْ عَبْدٍ یُّصَلِّی عَلَیَّ اِلاَّ بَلَغَنِیْ صَوْتُہٗ حَیْثُ کَانَ قُلْنَا وَ بَعْدَ وَفَاتِکَ قَالَ وَ بَعْدَ وَفَاتِیْ اِنَّ اللّٰہَ حَرَّمَ عَلَی الْاَرْضِ اَنْ تَأْکُلَ اَجْسَادَ الْاَنْبِیَاءِ

''કોઈ શખ્સ એવો નથી જે મારા પર દુરૂદ પઢે પણ તેનો અવાજ મને પહોંચે છે (એટલે તેનો અવાજ હું સાંભળુ છું) ચાહે તે ક્યાંય પણ હોય, સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ વફાતના પછી પણ ? ફર્માવ્યું, વફાત પછી પણ. કેમ કે અલ્લાહ તઆલાએ જમીન પર અંબિયાના શરીરોને ખાવું હરામ કરી આપ્યું. *(જમાઉલ ઈફહામ, ઈબ્ને કૈય્યિમ, પેજ–૭૩)*

## ★ હોઠ મુબારક અને દાંત મુબારક ★

હુઝૂર ﷺના હોઠ મુબારક ખૂબ જ ખૂબસૂરત અને લાલશ પડતા હતા. આપના દાંત મુબારક પહોળા, રોશન તથા ચમકદાર હતા. જ્યારે આપ વાત કરતા હતા તો સામેવાળા દાંતોથી નૂર નીકળતુ હતું અને જ્યારે આપ સ્મિત કરતા હતા તો દીવાલો રોશન થઈ જતી, આપને કદી બગાસુ આવતુ ન હતું.

*પતલી પતલી ગુલે કુદ્સકી પત્તિયાં*
*ઉન લબોંકી નઝાકત પે લાખોં સલામ*

આપના દાંત મુબારક અત્યંત ચમકીલા અને સાફ હતા છતાં પણ આપ એમની સફાઈની ખૂબ જ કાળજી લેતા. હદીષોમાં આવે છે કે આપ કોઈ નમાઝ માટે તશરીફ ન લઈ જતા જ્યાં સુધી મિસ્વાક ન કરી લેતા, અને જ્યારે ક્યાંક બહારથી તશરીફ લાવતા તો સૌ પ્રથમ મિસ્વાક કરતા.

આ સર્વ કાંઈ ઉમ્મતની તાલીમ માટે હતું.

## ★ મોંઢુ મુબારક ★

હુઝૂર ﷺનું દહન મુબારક (મોં) પહોળુ, ચહેરો મુબારક સપાટ હતો. આપ સૌથી વધુ ખૂબસૂરત તથા સુંદર દેખાવવાળા હતા. ખુશ અવાજ હોવાની સાથોસાથ આપ બુલંદ અવાજ એટલા હતા કે જ્યાં સુધી આપનો અવાજ પહોંચતો કોઈનો અવાજ ન પહોંચતો હતો. ખાસ કરીને ખુત્બાઓમાં આપનો અવાજ ઘરોમાં પર્દાનશીન સ્ત્રીઓ પણ સાંભળી લીધા કરતી અને હજારોના ઈજતેમામાં જે રીતે આપનો અવાજ સૌથી આગળવાળો શખ્સ સાંભળતો એવી જ રીતે સૌથી પાછળવાળો પણ સાંભળી લીધા કરતો.

## ★ ઝબાન મુબારક ★

હુઝૂર રહમતે આલમ ﷺની ઝબાન મુબારક અત્યંત પાકીઝા અને ઈલ્મ તથા અદબ, ફસાહત તથા બલાગત, હક્ક઼ તથા સદાક઼ત અને લુત્ફો ઈનાયતની મઝહર (ઉગમ સ્થાન) હતી. આપની વાતચીતમાં મીઠાશ હોતી. આપની જીભેથી નીકળનારા શબ્દો હક્ક઼ તથા બાતિલની વચ્ચે ફરક કરનારા, સ્પષ્ટ તથા સાફ હોતા અને ઈફરાત તથા તફરીત, જૂઠ, ગીબત, બદગોઈ અને ફુહશ કલામી વગેરેથી પાક હોતા. આપની ઝબાનથી નીકળનારા શબ્દો કાનૂને ઈલાહી બની જતા. રબ્બે ક઼દીરે ફર્માવ્યું : وَمَا يَنْطِقُ عَنِ الْهَوٰى اِنْ هُوَ اِلَّا وَحْىٌ يُّوْحٰى "અને તે કોઈ વાત પોતાની ઈચ્છાથી નથી કરતા, એ તો નહીં પણ વહી જે એમને કરવામાં આવે છે." *(સૂ. નજ્મ, આ. ૩,૪)*

તાજદારે અહલે સુન્નત ઈમામ અહમદ રઝાખાં ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

*વો દહન જિસકી હર બાત વહીયે ખુદા*
*ચશ્મએ ઈલ્મો હિકમત પે લાખોં સલામ*
*વો ઝબાં જિસકો સબ કુનકી કુંજી કહેં*
*ઉસ્કી નાફિલ હુકૂમત પે લાખોં સલામ*

આપને વિવિધ ભાષાઓ પણ મહારત હાંસલ હતી કે આપ દરેક ભાષામાં મુહાવરા સાથે વાતચીત કરતા હતા. જ્યારે કોઈ બીજી ભાષામાં વાતચીત કરતો તો એ ભાષાના કાયદા ફસાહત પ્રમાણે (ઉમદા રીતે) કરતા કે ભાષાના જાણનારા પણ આશ્ચર્યમાં પડી જતા.

શિફા શરીફમાં વર્ણન થયેલ છે : "જ્યારે કોઈ માણસ ભલે તે કોઈ દેશનો હોતો આપની સમક્ષ હાજર થઈને પોતાની ભાષામાં કાંઈ બોલતો તો આપ એ જ ભાષામાં તેની સાથે વાતો કરતા. આ આપની ઝબાનમાં ખુદાદાદ શક્તિ તથા કુદરત મળી હતી.

## ★ દાઢી મુબારક ★

હુઝૂર રહમતે આલમ ﷺની દાઢી મુબારક ગાઢ અને ખૂબ જ અધિક ખુશનુમા હતી. આપ દાઢી મુબારકને તેલ લગાડયા અને કાંસકા વડે આઢ યા પણ કર્યા કરતા અને મુબારક મૂછો કપાવ્યા કરતા. આપે કદી ખિઝાબ વગેરે નથી કર્યો, કેમ કે આપની દાઢી મુબારક અને સર મુબારકમાં વીસથી વધુ સફેદ વાળ ન હતા.

## ★ ગરદન તથા ખભો ★

હુઝૂર ﷺની ગરદન મુબારક મધ્યમ રીતે લાંબી અને ચાંદીની જેમ સફેદ હતી અને હસીન એવી કે ખસાઈસે કુબ્રામાં ફર્માવવામાં આવ્યું : كَأَنَّ عُنُقَهُ اِبْرِيْقُ فِضَّةٍ "જાણે આપની ગરદન ચાંદીની સુરાહી હતી."

આપના મુબારક ખભા પણ અજબની શાનવાળા હતા. અતિશય ખૂબસૂરત કે કોઈ અન્ય માણસના એવા ન હતા. ઝુર્કાનીમાં વર્ણન કરવામાં આવ્યું છે : اِنَّهُ كَانَ اِذَا جَلَسَ يَكُوْنُ كَتِفُهُ اَعْلٰى مِنْ جَمِيْعِ الْجَالِسِيْنَ : "જ્યારે આપ લોકોમાં બેઠેલા હોતા તો આપનો ખભો સૌથી ઊંચો હોતો."

## ★ પીઠ મુબારક ★

હુઝૂર રહમતે આલમ ﷺની પીઠ મુબારક પહોળી અને એવી ચમકદાર હતી કે જાણે પીગાળેલી ચાંદી છે. હઝરત મહરશ બિન અબ્દુલ્લાહ

અલ્કઅબી رضی اللہ عنہ ફર્માવે છે કે જયારે સરકારે દો આલમ ﷺ જિઈર્રાનામાં ઉમરાનો એહરામ બાંધી રહ્યા હતા ત્યારે મેં આપની પીઠ મુબારકની ઝિયારત કરી અને એને એવી પામી જાણે ચાંદીને પીગાળવામાં આવી હોય. *(મુસ્નદે અહમદ)*

બુખારી તથા મુસ્લિમમાં આ રિવાયત વર્ણન થયેલી છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું : હું તમને મારી પીઠની પાછળથી પણ જોઉં. આ'લા હઝરત ફર્માવે છે.

*રૂએ આઈનએ ઈલ્મ પુશ્તે હુઝૂર*
*પુશ્તીએ કસ્રે મિલ્લત પે લાખોં સલામ*

## ★ મુહરે નબુવ્વત ★

સરવરે કાઈનાત ફખ્રે મૌજૂદાત ﷺના બંને ખભાઓની વચ્ચે અલ્લાહ عزوجل એ મોહરે નબુવ્વત જમાવેલી હતી. એ જાહેરી રીતે લાલશ પડતો ઉભરાયેલો ગોશ્ત હતો. એના પર આ લખાણ લખાયેલ હતું : اَللّٰہُ وَحْدَہٗ لَاشَرِیْکَ لَہٗ بِوَجْہٍ حَیْثُ کُنْتَ فَاِنَّکَ مَنْصُوْرٌ ''અલ્લાહ એક છે એનો કોઈ શરીક નથી (હે નબી !) આપ જ્યાં પણ રહેશો આપની મદદ કરવામાં આવશે.'' રાવીઓએ આ મોહરે નબુવ્વતની માત્રા કબૂતરના ઈંડા જેટલી બતાવી છે. *(હાશિયા તિર્મિઝી)*

## ★ બગલ મુબારક ★

હુઝૂરે અકરમ ﷺની મુબારક બગલો અતિશય પાકીઝા, સાફ તથા ખુશ્બોદાર હતી. આપની બગલોનો રંગ ફેરફાર થતો હતો અને ન તો આપની મુબારક બગલોમાં વાળ હતા, એમાંથી કસ્તૂરીની જેમ ખુશ્બુ આવતી હતી.

## ★ દસ્તો બાઝૂએ મુબારક (હાથો તથા બાવડાં) ★

નબીયે અકરમ નૂરે મુજસ્સમ ﷺની હથેળીઓ અને મુબારક હાથો પર ગોશ્ત હતો. આપની હથેળી નરમ અને ખુશ્બોદાર હતી. આપ જેની સાથે મુસાફો કરતા તે દિવસભર પોતાના હાથોથી ખુશ્બુ પામતો, અને જે બાળકના માથા પર દસ્ત મુબારક રાખી દેતા તે ખુશ્બુમાં બીજા બાળકો

કરતાં વિશિષ્ટ થઈ જતો. સહાબાએ કિરામ આપના મુબારક હાથોને ચહેરાઓ પર ઘસ્યા કરતા હતા. એ જ હાથોમાં અલ્લાહ ﷻએ દુનિયાના તમામ ખજાનાઓની ચાવીઓ રાખી દીધી છે. એ જ હાથોના બારામાં અલ્લાહ ﷻએ ફર્માવ્યું : وَمَا رَمَيْتَ اِذْ رَمَيْتَ وَلٰكِنَّ اللّٰهَ رَمٰى "અને હે મેહબૂબ ! એ જે તમે ફેંકી, તમે ન ફેંકી હતી બલ્કે અલ્લાહે ફેંકી." (સૂ. અન્ફાલ, ૮/૧૭) બીજે ઠેકાણે ફર્માવ્યું : يَدُ اللّٰهِ فَوْقَ اَيْدِيْهِمْ "અલ્લાહનો દસ્તે કુદરત તેમના હાથો પર છે." *(સૂ. ફતહ, ૪૮/૧૦)*

## ★ પેટ મુબારક તથા સીના મુબારક ★

હુઝૂરે અકરમ રહમતે આલમ ﷺનું પેટ મુબારક અને સીના મુબારક સપાટ તથા સરખાં હતાં. આપનો સીનો કાંઈક અંશે ઉઠેલો અને પહોળો હતો. સીનએ અક્દસની વચ્ચે વાળોની એક બારીક રેખા હતી જે ડૂંટી સુધી હતી અને સીનએ અક્દસની ઉપર બંને તરફ વાળ ન હતા.

## ★ ગુઠણ મુબારક તથા મુબારક પગો ★

હુઝૂર સરવરે કાઈનાત ﷺના ઝાનૂ (ગુઠણ) મુબારક અને પિંડલીઓ નરમ અને ગોશ્તથી ભરેલ હતી, અને ખૂબસૂરત એવાં કે કોઈ ઈન્સાનના એવા ન હતાં. જ્યારે ચાલતા તો કદમ મુબારકને શક્તિ તથા વકાર તેમજ આજીજી સાથે ઉઠાવતા, જેમ કે હિકમત તથા બહાદુરીવાળાઓનો કાયદો છે. આપ પથ્થર પર કદમ રાખી દેતા તો પથ્થર નરમ થઈ જતા.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને બરીદા رضی اللہ عنہ ફર્માવે છે : كَانَ ﷺ اَحْسَنَ الْبَشَرِ قَدَمًا હુઝૂર ﷺના કદમ મુબારક સૌથી વધુ હસીન હતા. *(ઝુર્કાન)*

## ★ કદ મુબારક ★

હુઝૂર સરવરે આલમ ﷺ ને બહુ લાંબા હતા ન ટૂંકા, દરમિયાની કદવાળા લંબાઈ તરફ હતા, પણ જ્યારે લોકોની સામે હોતા તો સૌથી ઊંચા

તથા સરફરાઝ હોતા. હકીકતમાં આ આપનો મોજિઝો હતો કે બાતિનની જેમ જાહેરમાં પણ કોઈ આપનાથી બુલંદોબાલા (ઊંચુ) ન થાય.

સારાંશ એ કે રહમતે આલમ નૂરે મુજસ્સમ ﷺ જાહેરી શકલો સૂરતમાં પણ સર્વ ઈન્સાનોમાં અજોડ તથા અનુપમ હતા, ન આપના જેવો કોઈ થયો ન થશે.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

*યહી બોલે સિદરાવાલે ચમને જહાં કે થાલે*
*સભી મૈં ને છાન ડાલે તેરે પાયેકા ન પાયા*
*તુઝે હમ્દ હૈ ખુદાયા !*

**તેરે દામને કરમ મેં જિસે નીંદ આ ગઈ હૈ**

તેરે દામને કરમ મેં જિસે નીંદ આ ગઈ હૈ
જો ફના ન હોગી ઐસી ઉસે જિંદગી મિલી હૈ

મુઝે ક્યા પળી કિસી સે કરૂં અર્ઝે મુદ્દઆ મૈં
મેરી લૌ તો બસ ઉન્હીં કે દરે જૂદ સે લગી હૈ

દો જહાં ભર કે દાતા મુઝે ફેર દેંગે ખાલી
મેરી તૌબા ઐ ખુદા ! યે મેરે નફ્સ કી બદી હૈ

મૈં મરું તો મેરે મૌલા યે મલાએકહ સે કેહ દે
કોઈ ઉસ કો મત જગાના અભી આંખ લગ ગઈ હૈ

મૈં ગુનાહગાર હૂં ઔર બળે મરતબોં કી ખ્વાહિશ
તૂ મગર કરીમ હૈ જો તેરી બંદા પરવરી હૈ

તેરી યાદ થપકી દેકર મુઝે અબ શહા સુલા દે
મુઝે જાગતે હૂએ યૂં બળી દેર હો ગઈ હૈ

તેરા દિલ શિકસ્તા **"અખ્તર"** ઈસી ઈન્તેઝાર મેં હૈ
કે અભી નવીદે વસલત તેરે દર સે આ રહી હૈ

*(અઝ : હુઝૂર તાજુશ્શરીઅહ અખ્તર રઝા અઝહરી مدظلہ العالی)*

## મુસ્તફા ﷺ ના અખ્લાક઼ તથા આદતો

**સચ્ચાઈ** : સદાક઼ત (સચ્ચાઈ) નબુવ્વત તથા રિસાલતની અનિવાર્ય ખૂબી (ગુણ) છે કેમ કે રિસાલત તથા નબુવ્વતની સચ્ચાઈની દલીલ નબીનું સ્વજાતે વાતચીતમાં સાચા હોવું છે. રબ્બે ઝુલ જલાલે સર્વ અંબિયાને આ વસ્ફ (ગુણ)થી નવાઝયા. અમુક નબીઓના આ ગુણને કુર્આનમાં પણ વર્ણવ્યો. હઝરત ઈબ્રાહીમ علیہ السلامના બારામાં ઈર્શાદ ફર્માવ્યો : وَاذْكُرْ فِي الْكِتٰبِ اِبْرٰهِيْمَ ۬ؕ اِنَّهٗ كَانَ صِدِّيْقًا نَّبِيًّا ''અને કિતાબમાં ઈબ્રાહીમને યાદ કરો, બેશક ! તે અત્યંત સાચા નબી હતા.'' *(સૂ. મરયમ, આ. ૧૯/૪૧)*

હઝરત ઈસ્માઈલ علیہ السلامના બારામાં ઈર્શાદ ફર્માવ્યો : وَاذْكُرْ فِي الْكِتٰبِ اِسْمٰعِيْلَ ۬ اِنَّهٗ كَانَ صَادِقَ الْوَعْدِ وَكَانَ رَسُوْلًا نَّبِيًّا ''અને કિતાબમાં ઈસ્માઈલનો પણ ઉલ્લેખ કરો, તે વાયદાના સાચા અને અમારા મોકલેલા નબી હતા.'' *(સૂ. મરયમ, ૧૯/૫૪)*

હુઝૂર નબી અકરમ ﷺ અસદકુસ્સાદિક઼ીન હતા, સૌથી વધીને સાચા હતા. આપની સદાક઼ત તથા અમાનતનો એ આલમ હતો કે એલાને નબુવ્વતથી પહેલાં સર્વ મક્કાવાસીઓએ આપને સાદિક઼ તથા અમીનનો લક઼બ આપી દીધો હતો અને પોતાના મુક઼દ્દમાઓના ફૈંસલા માટે આપની બારગાહમાં હાજર થતા હતા. અબૂ જહલ જે આપનો દુશ્મન હતો તે કહેતો હતો કે હે મુહમ્મદ ! (ﷺ) હું તમને જૂઠા નથી સમજતો પરંતું આપની તાલીમ પર મારો અદ્‌લ નથી ટકતો.

**બહાદુરી** : રુકાના જે અરબનો મશહૂર પહેલવાન હતો તેણે કહ્યું કે આપ મને પછાડી દો તો હું મુસલમાન થઈ જઈશ. આપે તેને ત્રણવાર પછાડી દીધો.

**સહાનશીલતા તથા દરગુઝર** : સહનશીલતા (સંયમ) એક અખ્લાકી ગુણ (સંસ્કારી ગુણ) છે જે સારા અખ્લાક તથા કિરદારનું પ્રતિબિંબ છે.

સહનશીલતા એવી ખૂબી છે કે જે શખ્સમાં જેટલા પ્રમાણમાં અધિક હોય તે એટલો જ અધિક અખ્લાક઼વાળો તથા બાવક઼ાર હોય છે. ઈસ્લામી સંસ્કારોમાં સહનશીલતા અને દરગુઝરને ખુલ્કે અઝીમ સમજવામાં આવે છે.

હુઝૂર ﷺની સહનશીલતા તથા દરગુઝર (માફીની વૃત્તિ) અજોડ તથા અનુપમ છે. આપની જિંદગીનું દરેક પાસુ સહનશીલતાથી ભરેલુ છે. ઈસ્લામના દુશ્મનોએ નબીયે રહમત ﷺને જિંદગીભર કેટલી તકલીફો આપી રાત દિવસ જુલ્મો સિતમના પહાડ તોડવામાં આવ્યા, ડગલે ને પગલે આપને સતાવવામાં આવ્યા, છતાં પણ હુઝૂર ﷺ સારા અખ્લાક઼થી પેશ આવતા. આપની સહનશીલતા તથા માફી દરગુઝર કરવાના અસંખ્ય બનાવો આપણા માટે સહનશીલતાનો અમૂલ્ય સરમાયો છે જે ક઼યામતના દિવસ સુધી આપણા માટે ઉઘાડા દિવસની જેમ દીવાદાંડી સમાન છે.

મારા પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ ! હુઝૂર રહમતે આલમ ﷺના અફ્વો કરમ (માફી દરગુઝર)નું દષ્ટાંત પૂરા માનવ ઈતિહાસમાં ક્યાંય નથી મળતું. આપના દરગુઝર તથા માફીની અમુક ઝલકો જોઈ લઈએ :

જંગે ઓહદમાં ઉત્બા બિન અબી વક્ક઼ાસે આપના દાંત મુબારકને શહીદ કરી આપ્યા અને અબ્દુલ્લાહ ઈબ્ને ક઼મિયાએ ચેહરએ અન્વરને ઝખ્મી તથા ખૂનથી લથપથ કરી આપ્યો. પણ આપે એ લોકોના માટે એના સિવાય કાંઈ પણ ન કહ્યું કે : اَللّٰهُمَّ اهْدِ قَوْمِیْ فَاِنَّهُمْ لَا يَعْلَمُوْنَ "હે અલ્લાહ ! મારી ક઼ૌમને હિદાયત આપ ! કેમ કે એ લોકો મને નથી જાણતા." ખૈબરમાં ઝયનબ નામની યહૂદી સ્ત્રીએ આપને ઝહેર આપ્યું પણ આપે તેણીથી કોઈ બદલો ન લીધો. લબીદ ઈબ્ને અઅ્સમે આપના પર જાદૂ કર્યો અને વહી થકી તેનો સર્વ હાલ માલૂમ થયો પણ આપે તેનાથી કોઈ પૂછતાછ ન કરી. ગોરષ બિન હારિષે આપની ક઼ત્લના ઈરાદાથી આપની તલ્વાર લઈને મિયાનમાંથી ખેંચી લીધી. જ્યારે હુઝૂર ﷺ ઊંઘમાંથી જાગૃત થયા તો ગોરષ કહેવા લાગ્યો કે, મુહમ્મદ ! (ﷺ) હવે કોણ છે જે આપને મારાથી બચાવશે ? આપે ફર્માવ્યું કે, અલ્લાહ ! નબુવ્વતની હયબત (પ્રભાવ)થી તલ્વાર તેના હાથથી પડી ગઈ અને હુઝૂર ﷺએ તલ્વાર હાથમાં લઈને ફર્માવ્યું કે,

બોલ ! હવે તને મારા હાથથી કોણ બચાવનાર છે ?! ગોરષ ગદ ગદ થઈને કહેવા લાગ્યો કે આપ જ મારી જાન બચાવી દો ! રહમતે આલમ ﷺએ તેને છોડી આપ્યો અને માફ કરી દીધો. જેથી ગોરષ પોતાની ક઼ૌમમાં જઈને કહેવા લાગ્યો કે, હે લોકો ! હું એવા શખ્સની પાસેથી આવ્યો છું જે સર્વ દુનિયાના ઈન્સાનોમાં સૌથી બેહતર છે.

મક્કાવાસીઓ એલાને નબુવ્વત બાદથી લગભગ ૧૫ વરસો સુધી આપના પર અને આપના સહાબીઓ પર અનહદ જુલ્મો કરતા રહ્યા. આપની વિરૂધ્ધ ષડયંત્રો રચતા રહ્યા, પરંતું ફતહે મક્કાના દિવસે જ્યારે એ કુરેશી જાલિમ અન્સાર તથા મુહાજિરના લશ્કરોના ઘેરાવમાં ઘેરાયને મજબૂર થઈને કા'બાના હરમમાં ડર તથા ગભરાહટથી કાંપી રહ્યા હતા અને બદલાના ડરથી તેમના શરીરનો એક એક વાળ કાંપી રહ્યો હતો ત્યારે હુઝૂર રહમતે આલમ ﷺએ એ મુજરિમો તથા પાપીઓને એવું ફર્માવીને છોડી આપ્યા અને માફ કરી આપ્યા કે : لَاتَثْرِيْبَ عَلَيْكُمُ الْيَوْمَ فَاذْهَبُوْا اَنْتُمُ الطُّلَقَآءُ "આજે તમને કોઈ પૂછતાછ નથી જાવ ! તમે સૌ આઝાદ છો !"

મારા પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ ! આ પ્રકારના હજારો બનાવો નબીયે રહમત ﷺની હયાતે તયબાહમાં છે જેનાથી પતો લાગે છે કે સહનશીલતા તથા માફી દરગુઝર અને મુસીબતો તકલીફોને સહેવી તેમજ મુજરિમોને શક્તિ હોવા છતાં બદલો લીધા વિના છોડી આપવા અને માફ કરી દેવા એ આપના અખ્લાક઼ે હસનાનું અઝીમ કારનામુ છે અને અજોડ તથા અનુપમ નમૂનો છે. આપણે પણ આપણા પ્યારા રસૂલ ﷺની એ અનુપમ અદાઓને અપનાવવી જોઈએ. રબ્બે કદીર આપણને સૌને તૌફીક઼ અતા ફર્માવે. આમીન.

## ★ તવાઝોઅ–આજીજી નમ્રતા ★

હુઝૂર ﷺની તવાઝોઅની શાન પણ નિરાલી હતી. અલ્લાહ તઆલાએ આપને એ અખત્યાર અતા કર્યો કે, હે હબીબ ! જો આપ ચાહો તો શાહાના (બાદશાહ જેવી) જિંદગી પસાર કરો અને જો આપ ચાહો તો

એક બંદાની જિંદગી ગુજારો. તો આપે બંદો બનીને જિંદગી ગુજારવાનું પસંદ કર્યું.

હઝરત ઈસ્રાફીલ علیہ السلام એ આપની આ તવાઝોઅ (નમ્રતા) જોઈને ફર્માવ્યું કે યા રસૂલલ્લાહ ! ﷺ આપની આ તવાઝોઅના સબબે અલ્લાહ તઆલાએ આપને આ જલીલુલ કદર મર્તબો અતા કર્યો છે અને કયામતના દિવસે સૌથી પ્રથમ આપને આપની કબ્રે અન્વરથી ઉઠાડવામાં આવશે અને હશ્રના મેદાનમાં સૌ પ્રથમ આપ શફાઅત કરશો.

*(સીરતુલ મુસ્તફા, બહવાલા ઝુર્કાની, ૪/૨૬૨)*

હઝરત અબ્દુલ્લાહ બિન આમિર رضی اللہ عنہ બયાન કરે છે કે એકવાર આપનાં નાલૈન મુબારકની દોરી તૂટી ગઈ અને આપ આપના દસ્તે મુબારકથી તેને ઠીક કરવા લાગ્યા. મેં અર્ઝ કર્યું કે યા રસૂલલ્લાહ ! ﷺ મને આપો, હું એને ઠીક કરી આપું. મારી આ દરખાસ્ત પર ઈર્શાદ ફર્માવ્યો કે એ સહીહ છે કે તમે એને ઠીક કરશો પણ હું એને પસંદ નથી કરતો કે હું તમારા લોકો પર મારી ઉચ્ચતા તથા મોટાઈ જાહેર કરું.

એ જ પ્રમાણે સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ આપને કોઈ કામમાં મશગૂલ થઈને વારંવાર દરખાસ્ત કરતા કે યા રસૂલલ્લાહ ! આપ જાતે એ કામ ન કરો, આ કામને અમે લોકો અંજામ આપીશું, પણ આપ એ જ કહેતા કે એ સાચુ છે કે તમે લોકો મારુ સર્વ કામ કરશો પણ મને એ માન્ય નથી કે હું તમારા લોકોની વચ્ચે કોઈ વિશિષ્ટ શાનની સાથે રહું

*(સીરતુલ મુસ્તફા, ઝુર્કાની, ૪/૨૬૫)*

## ★ હુસ્ને મુઆશેરત – સદ્ વહેવાર ★

હુઝૂરે અક્દસ ﷺ પોતાની પાક બીવીઓ, પોતાના સહાબા, સાથીઓ, પોતાના સગા સંબંધીઓ તથા પડોશીઓ દરેકની સાથે એટલી ખુશ અખ્લાકી (સદ વર્તાવ) તથા મિલનસારીનો વર્તાવ કરતા હતા કે તેમનામાંથી દરેક આપના સારા અખ્લાકનો દીવાનો તથા પ્રશંસક હતો.

આપના ખાસ ખાદિમ હઝરત અનસ رضی اللہ عنہ નું બયાન છે કે મેં દસ

વરસો સુધી સફર તથા હજર (મકામ પર) હુઝૂર ﷺની ખિદમતનો શરફ હાંસલ કર્યો પણ :–

مَاقَالَ لِیْ اُفٍّ قَطُّ وَ مَاقَالَ لِشَیْءٍ صَنَعْتُهٗ لِمَ صَنَعْتَهٗ وَ لَا لِشَیْءٍ تَرَكْتُهٗ لِمَ تَرَكْتَهٗ

(હુઝૂરે ન મને ધમકાવ્યો ન તતડાવ્યો) બલ્કે કદાપિ ઉફ પણ ન કહ્યું અને ન કદી એવું ફર્માવ્યું કે તેં ફલાણુ કામ કેમ કર્યું અને ફલાણુ કામ કેમ ન કર્યું. *(તિર્મિઝી, ૨/૨૨)*

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે જો કોઈ શખ્સ હુઝૂર ﷺના કાનમાં સરગોશીની વાત કરતો તો આપ એ સમય સુધી પોતાનુ માથુ તેના મોઢેથી અલગ ન કરતા જ્યાં સુધી કાનમાં તે કાંઈ કહેતો રહેતો, અને આપ પોતાના સહાબાની મજલિસમાં કદી પગો ફેલાવીને બેસતા ન હતા, અને જે આપની સામે આવતો આપ સલામ કરવામાં પહેલ કરતા અને મુલાકાતીઓ સાથે મુસાફો કરતા. અને મોટાભાગનો સમય પોતાની પાસે આવનારા મુલાકાતીઓના માટે આપ પોતાની ચાદર મુબારક બિછાવી દેતા અને પોતાના અસ્હાબને તેમની કુન્નિયતો અને સારા નામોથી પુકારતા. કદી કોઈ વાત કરનારાની વાતને કાપતા ન હતા. દરેક શખ્સથી ખુશ ચહેરે સસ્મિત વદને મુલાકાત કરતા. મદીનાના ખાદિમો તથા નોકર ચાકર વાસણોમાં સવારે પાણી લઈને આવતા જેથી હુઝૂર ﷺ તેમનાં વાસણોમાં હાથ મુબારક ડૂબાડી આપે અને પાણી મોતબર્રક થઈ જાય, તો સખત ઠંડીની ઋતુમાં પણ સવારે હુઝૂર ﷺ દરેકના વાસણમાં પોતાનો મુકદ્દસ હાથ રાખી દીધા કરતા હતા અને શિયાળાની ઠંડી છતાં કોઈને મેહરૂમ કરતા ન હતા. *(મિશ્કાત, પેજ–૫૧૯, ૫૨૦)*

આપ દરરોજ પોતાની પાક બીવીઓથી મુલાકાત કરતા અને પોતાની સાહબઝાદીઓનાં ઘરો પર પણ હાજર થયા કરતા હતા, તેમની ખબરગીરી કરતા અને પોતાના નવાસાઓ તથા નવાસીઓને પણ પોતાના પ્યાર મહોબ્બતથી વારંવાર નવાઝતા, અને સૌના દિલને રાજી કરતા, અને બાળકોથી પણ વાતચીત કરીને તેમની વાતચીતથી પોતાનું દિલ ખુશ કરતા

અને તેમનું પણ દિલ બેહલાવતા. પોતાના પડોશીઓની પણ ખબરગીરી અને તેમની સાથે ખૂબ જ કરીમાના અને પ્રેમાળ વર્તાવ કરતા.

મારા પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ ! હુઝૂરે અક઼્દસ ﷺએ પોતાની કાર્યશૈલી અને પોતાની પાક સીરતથી એવા ઈસ્લામી સમાજનું ઘડતર કર્યુ કે જો આજે પણ દુનિયાવાળા આપના જીવન ચરિત્ર પર અમલ કરવા લાગે તો પૂરી દુનિયામાં અમ્નો સુકૂન અને મહોબ્બત તથા રહમતનો દરિયો વહેવા લાગે અને પૂરા જગતનો લડાઈ ઝઘડા અને જંગનો માહોલ ખત્મ થઈ જાય અને દુનિયા અમ્નો અમાન તથા પ્યાર મહોબ્બતનો ગેહવારો (સ્થાન) બની જાય. આવો હવે અખ્લાક઼ે કરીમાનાની એક અધિક ખૂબી "હયા" (શરમ)ના વિશે વાંચો અને તમારા દિલને મહબ્બતે રસૂલ ﷺથી લબરેઝ કરો.

## ★ હયા (શરમ) ★

હુઝૂરે અક઼્દસ ﷺની હયાના બારમાં અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતનું આ ફર્માન સૌથી મોટુ સાક્ષી છે કે, "બેશક ! તમારી આ વાત નબીને ઈજા પહોંચાડે છે પણ તે તમારા લોકોથી હયા કરે છે.

આપની શાને હયાની તસ્વીર ખેંચતાં એક મોઅઝ્ઝઝ્ સહાબી હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہએ ફર્માવ્યું, "આપ કુંવારી પર્દાનશીન સ્ત્રી કરતાં કેટલાય અંશે હયાદાર હતા." *(બુખારી શરીફ, ૧/૫૦૩, બાબે સિફતુન્નબી ﷺ)*

એટલા માટે દરેક બુરા ક઼ૌલ તથા ફેઅલ (વાણી તથા વર્તન) અને દરેક ટીકાપાત્ર હરકતોથી તથા વર્તનોથી જીવનભર હમેશાં આપનો દામને અસ્મત પાક તથા સાફ જ રહ્યો અને પૂરા જીવન મુબારકમાં વક઼ાર તથા મુરવ્વતની વિરૂધ્ધ આપનાથી કોઈ અમલ અસ્તિત્વમાં નથી આવ્યો.

હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاએ ફર્માવ્યું કે હુઝૂર ﷺ ન ફુહશ કલામ (બિભત્સ વાણીવાળા) હતા ન બેહૂદા વાણીવાળા, ન બજારોમાં શોર મચાવનારા હતા. બુરાઈનો બદલો બુરાઈથી આપ્યા કરતા ન હતા, બલ્કે માફ કર્યા કરતા હતા. *(મિશ્કાત, પેજ–૫૧૯)*

એ જ પ્રમાણે વાયદો પૂરો કરવો એ પણ આપની હયાતે તયબહનું એક ઉજજવળ પાસુ અને સદર્તાવનો એક મહાન હિસ્સો છે.

## ★ વાયદાની પાબંદી ★

વાયદાનું પાલન પણ અખ્લાકે હસનાનો ખૂબ જ મહત્વનો ભાગ છે. આ વિશિષ્ટતામાં પણ રસૂલે અરબી ﷺનો ખુલ્કે અઝીમ અજોડ જ છે.

હઝરત અબુલ હમ્સા رضی اللہ عنہ કહે છે કે એલાને નબુવ્વતથી પહેલાં મેં હુઝૂર ﷺથી કેટલોક સામાન ખરીદયો એના અનુસંધાનમાં મારી કેટલીક રકમ આપના જિમ્મે રહી ગઈ. મેં આપને કહ્યું કે આપ અહીં થોભો, હું હમણા ઘરેથી રકમ લાવીને આ જ જગાએ આપને આપી દઉં છું. હુઝૂર ﷺએ એ જ જગાએ રોકાય રહેવાનો વાયદો કરી લીધો, પણ હું ઘરે આવીને મારો વાયદો ભૂલી ગયો. પછી ત્રણ દિવસ પછી જ્યારે મને ખયાલ આવ્યો તો રકમ લઈને એ જગાએ પહોંચું છું તો શું જોઉં છું કે હુઝૂર ﷺ એ જ જગાએ રોકાયેલા રહીને મારી રાહ જોઈ રહ્યા છે ! મને જોઈને જરા પણ આપની પેશાની પર કરચલી ન પડી, અને એના સિવાય આપે કાંઈ ન ફર્માવ્યું કે હે નવજવાન ! તમે મને તકલીફમાં નાખી દીધો, કેમ કે હું મારા વાયદા મુજબ ત્રણ દિવસથી અહીં રાહ જોઈ રહ્યો છું. *(શિફા શરીફ, ૧/૭૪)*

## ★ અદ્લ (ન્યાય) ★

ખુદાના મુકદ્દસ રસૂલ ﷺ તમામ જહાનમાં સૌથી અધિક અમીન, સૌથી વધીને આદિલ અને પાક દામન અને સત્યનિષ્ઠ હતા. આ તે રોશન હકીકત છે કે આપના મોટા મોટા દુશ્મનોએ પણ એનો સ્વીકાર કર્યો. જેમ કે એલાને નબુવ્વતથી પહેલાં સર્વ મક્કાવાસીઓ આપને "સાદિકુલ વઅદ" તથા "અમીન"ના મોઅઝ્ઝઝ્ લકબથી યાદ કરતા હતા.

હઝરત રબીઅ ઈબ્ને ખૈષમ رضی اللہ عنہનું બયાન છે કે મક્કાવાસીઓની એ વાત પર એકમતી હતી કે આપ ઉચ્ચ કક્ષાના અમીન તથા આદિલ છે. એટલા માટે એલાને નુબવ્વતથી પહેલાં મક્કાવાસીઓ પોતાના કેસો તથા ઝઘડાઓનો આપનાથી ફેંસલો કરાવ્યા કરતા હતા અને આપના સર્વ ફેંસલાઓને ખૂબ જ માનપૂર્વક ચૂંચા કર્યા વિના સ્વીકારી લીધા કરતા હતા,

અને કહ્યા કરતા કે આ અમીનનો ફેંસલો છે. *(શિફા શરીફ, ૧/૭૮,૭૯)*

આપ કેટલા પ્રમાણમાં બુલંદ મર્તબાના આદિલ હતા એના બારામાં બુખારી શરીફની એક રિવાયત શાહિદે અદલ છે કે કુરેશ કબીલાના ખાનદાન બની મખ્ઝૂમની એક સ્ત્રીએ ચોરી કરી. ઈસ્લામમાં ચોરીની સજા એ છે કે તેનો જમણો હાથ પંજાએથી કાપી નાખવામાં આવે. કુરેશ કબીલાને આ બનાવથી ઘણી જ ફિકર પેઠી કે જો આપણા કબીલાની આ સ્ત્રીનો હાથ કાપી નાખવામાં આવ્યો તો એ આપણી ખાનદાની શરાફત પર એવો ખરાબ ડાઘ પડશે જે કદી નષ્ટ થઈ શકશે નહીં, અને અમે લોકો સર્વ અરબની નિગાહોમાં ઝલીલોખાર થઈ જઈશું. જેથી એ લોકોએ એવું નક્કી કર્યું કે બારગાહે રિસાલતમાં કોઈ જબરદસ્ત સિફારિશ પેશ કરી દેવામાં આવે જેથી આપ એ સ્ત્રીનો હાથ ન કાપે. જેથી એ લોકોએ હઝરત ઓસામા બિન ઝયદ رضی اللہ عنہما ને જે નબુવ્વતની નિગાહમાં અતિશય મહબૂબ હતા તેમના પર દબાણ કરીને આ વાતના માટે તૈયાર કરી લીધા કે તે દરબારે રિસાલતમાં સિફારિશ કરે. હઝરત ઓસામા બિન ઝયદ رضی اللہ عنہ એ કુરૈશના શરીફોના આગ્રહવશ થઈને બારગાહે રિસાલતમાં સિફારિશ અર્ઝ કરી આપી. આ સાંભળીને નબુવ્વતની પેશાની પર જલાલની અસરો જાહેર થઈ અને આપે અતિશય ગઝબનાક લહેજામાં ફર્માવ્યું કે اَتَشْفَعُ فِیْ حَدٍّ مِّنْ حُدُوْدِ اللّٰہِ હે ઓસામા ! તું અલ્લાહની નિશ્ચિત કરેલી સજાઓમાંથી એક સજાના બારામાં સિફારિશ કરે છે ! પછી ત્યારબાદ આપે ઉભા થઈને એક ખુત્બો આપ્યો અને એ ખુત્બામાં એ ઈર્શાદ ફર્માવ્યો કે :–

یَاَیُّهَا النَّاسُ اِنَّمَا ضَلَّ مَنْ قَبْلَکُمْ اِنَّهُمْ کَانُوْا اِذَا سَرَقَ الشَّرِیْفُ تَرَکُوْهُ وَاِذَا سَرَقَ الضَّعِیْفُ فِیْهِمْ اَقَامُوْا عَلَیْهِ الْحُدُوْدَ وَایْمُ اللّٰهِ لَوْ اَنَّ فَاطِمَةَ بِنْتَ مُحَمَّدٍ سَرَقَتْ لَقَطَعَ مُحَمَّدٌ یَدَهَا

''હે લોકો ! તમારાથી પહેલાંના લોકો એ કારણે ગુમરાહ થઈ ગયા કે જ્યારે એમનામાં કોઈ શરીફ ચોરી કરતો હતો તો તેને છોડી દેતા હતા અને જ્યારે કોઈ કમજોર માણસ ચોરી કરતો તો તેના પર સજાઓ લગાડતા

હતા. ખુદાની કસમ ! જો મુહમ્મદની પુત્રી ફાતિમા પણ ચોરી કરશે તો યકીનન ! મુહમ્મદ (ﷺ) તેનો હાથ કાપી લેશે. *(બુખારી શરીફ, ભાગ–૨, બાબે કરાહિયતુશ્શફાઅત ફીલ્ હુદૂદ)*

મારા પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ ! આ તો અદ્લે મુસ્તફા ﷺની એક ઝલક છે, નહીં તો આપના પવિત્ર જીવનમાં અદ્લો ઈન્સાફના સેંકડો બનાવો મળે છે.

## ★ વક઼ાર (પ્રતિષ્ઠા તથા પ્રભાવ) ★

હઝરત ખારિજા બિન ઝયદ رضی اللہ عنہ ફર્માવ્યા કરતા હતા કે હુઝૂર નબી કરીમ ﷺ પોતાની મજલિસોમાં જે રીતે વક઼ારની સાથે રોનક અફરોઝ રહેતા હતા મોટામાં મોટા બાદશાહોના દરબારમાં પણ તેનું દષ્ટાંત નથી મળી શકતું. હઝરત જાબિર બિન સમુરહ رضی اللہ عنہ ફર્માવ્યા કરતા હતા કે આપની મજલિસ હિલમ તથા અને ખૈર તથા અમાનતની મજલિસ રહેતી. આપની મજલિસમાં કદી કોઈ બુલંદ અવાજથી વાતચીત કરી શકતુ ન હતું. અને જ્યારે આપ વાત કરતા હતા તો તમામ મજલિસવાળા એ રીતે માથુ નમાવીને એક ચિત્તે આપની વાત સાંભળતા હતા કે જાણે એમનાં માથાંઓ પર પક્ષી બેસેલ હોય.

હઝરત બીબી આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا ફર્માવે છે કે હુઝૂર ﷺ ખૂબ જ વક઼ારની સાથે એ રીતે અટકી અટકીને વાત કરતા હતા કે જો કોઈ શખ્સ આપના વાક્યોને ગણવા ચાહતો તો તે ગણી શકતો હતો.

મારા પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ ! આ સુન્નતને આજે ઝિંદા કરવાની સખત જરૂરત છે. આપણે સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَની જીવન શૈલી પરથી સબક હાંસલ કરવો જોઈએ અને જ્યારે મોટેરાઓ, બુઝુર્ગોની મેહફિલોમાં જઈએ તો અદલો એહતેરામનો સંપૂર્ણ લેહાઝ કરીએ.

## ★ ખોરાક વિશે હિદાયત ★

હુઝૂર ﷺ રાતે ભૂખ્યા સૂવાથી મના કરતા હતા. એટલા માટે કે

એનાથી ઘડપણ જલ્દી આવે છે, અને ખાવા ખાયને તરત સૂઈ જવાથી પણ મના કર્યું. ઓછુ ખાવાથી હિદાયત આપતા અને ફર્માવતા કે પેટનો ત્રીજો ભાગ ખાવા માટે, ત્રીજો પાણી માટે અને ત્રીજો ભાગ ખુદ પેટ માટે છોડવો જોઈએ. ફળો અને શાકભાજીઓનો ઉપયોગ તેમની ચીજોની સાથે કરતા.

મારા પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ ! આ હિદાયતો પર અમલ કરવાની આજે સખત જરૂરત છે. આજે આપણામાંથી મોટાભાગના લોકો પેટની ખરાબીની શિકાયત કરે છે. યક઼ીનન ! જો એવા લોકો આ હિદાયતો પર અમલ કરે તો જિંદગીભર કદી તેમને પેટની ખરાબીની શિકાયત ન થશે અને એનાથી ખબર પડે છે કે સાયન્સ આજે જે મશ્વરાઓ તથા હિદાયતો આપી રહી છે હુઝૂર રહમતે આ'લમ ﷺએ ૧૪૦૦ વરસ પહેલાં જ એના જેવી સેંકડો હિદાયતો અને હિકમતપૂર્ણ ઈર્શાદો (આદેશો)થી મુસ્લિમ ઉમ્મતને નવાઝી છે.

## ★ ખોરાક વિશે હિદાયત ★

ચેપી બીમારીઓથી બચાવ રાખતા અને તંદુરસ્તોને તેનાથી બચવાનો હુકમ આપતા. નિષ્ણાત તબીબ (ડોક્ટર)થી ઈલાજ કરાવવાનો મશ્વરો આપતા અને પરહેઝ કરવાની પણ હિદાયત કરતા.

## ★ અયાદત (બીમારપુર્સી) ★

જો કોઈ સહાબી બીમાર થઈ જતા તો તેમની અયાદતના માટે તશરીફ લઈ જતા, બીમારની પાસે બેસીને તેને તસલ્લી આપતા અને ફર્માવતા لَا بَأْسَ طَهُوْرٌ અથવા كَفَّارَةٌ اِنْ شَآءَ اللّٰه બીમારને પૂછતા કે કઈ ચીજ માટે દિલ ચાહે છે, જો તે ચીજ નુકસાનકારક ન હોતી તો તેની વ્યવસ્થા કરી આપતા. એક યહૂદી છોકરો આપની ખિદમત કર્યા કરતો હતો. જ્યારે તે બીમાર થઈ ગયો તો આપ તેની અયાદત માટે તશરીફ લઈ ગયા.

મારા પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ ! એનાથી એ દર્સ મળે છે કે મોટાઓએ જોઈએ કે નાના જ્યારે બીમાર થઈ જાય તો તેમની અયાદત

કરે (ખબર અંતર લે). આ બનાવથી તો એ જાણવા મળે છે કે હુઝૂર ﷺ ન કેવળ સહાબા બલ્કે જો આપનાથી સંબંધિત કોઈ ગૈર મુસ્લિમ પણ બીમાર થઈ જતો તો તેની ખબર અંતર પૂછવા જતા. એનાથી વધીને ઈન્સાન દોસ્તીનું દષ્ટાંત બીજુ શું હોઈ શકે છે ?!

## ★ ઈલાજ ★

બીમારીની હાલતમાં પોતાનો ઈલાજ કરાવતા અને લોકોને પણ ઈલાજ કરાવવાનો હુકમ ફર્માવતા કે હે ખુદાના બંદાઓ ! દવા કર્યા કરો, કેમ કે ખુદાએ દરેક બીમારીની દવા પેદા કરી છે સિવાય ઘડપણના.

મારા પ્યારા આકા ﷺના પ્યારા દીવાનાઓ ! જાણવા મળ્યું કે ઈલાજ કરવો કરાવવો અલ્લાહના તવક્કુલ વિરૂધ્ધ નથી બલ્કે બીમારીની સ્થિતિમાં ઈલાજ કરાવવો મુસ્તફા ﷺની સુન્નત છે. આ હદીષે પાકથી એ પણ જાણવા મળ્યું કે ઘડપણનો કોઈ ઈલાજ નથી. જેથી અલ્લાહના રસૂલ ﷺ પર ઈમાન લાવનારાઓએ લોકોના ધોકામાં ન આવવું જોઈએ જેઓ એવો દાવો કરે છે કે અમે ઘડપણને જવાનીમાં તબદીલ કરી શકીએ છીએ.

## ★ સદક઼ો તથા હદિયો ★

સદક઼ાની ચીજ કદાપિ ન વાપરતા, અલ્બત્ત તોહફો તથા હદિયો કબૂલ કરતા. મુસલમાન, યહૂદી, ઈસાઈનો તોહફો કબૂલ કરતા અને મુશ્રિકોનો તોહફો કબૂલ ન કરતા.

મારા પ્યારા આકા ﷺના પ્યારા દીવાનાઓ ! આપણે પણ જોઈએ કે ખુદા વ રસૂલના દુશ્મનોથી દોસ્તી ન રાખીએ અને તેમના તોહફા ભેટો પણ કબૂલ ન કરીએ.



# હુઝૂર ﷺના પ્રિય ખોરાકો

મારા પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ ! આપણે રસૂલે આ'ઝમ ﷺથી મહોબ્બતનો દાવો કરીએ છીએ, જ્યારે કે મહોબ્બતનો તક઼ાઝો એ છે કે આપણે દરેક તે ચીજથી મહોબ્બત કરીએ જે આપણા આક઼ા ﷺને મહબૂબ હતી. આમ તો સરકારે દો આલમ ﷺની આદતે કરીમા હતી કે આપને જે પણ હલાલ ખોરાકો મયસ્સર થઈ જતા આપ અલ્લાહ ﷻનો શુક્ર અદા કરીને ખાય લેતા હતા. જે ચીજોને આપે ખોરાક તરીકે ઉપયોગમાં લીધી એના વિશે વાંચો અને સુન્નતે રસૂલ પર અમલ કરો.

## ★ ઘઉં તથા જવની રોટી ★

હુઝૂર ﷺએ અધિકતર ઘઉંના ઘટ્ટ આટાની અને જવની રોટી ખાધી છે, અને મેદાની રોટલી કદી નથી ખાધી. ડોકટરી દષ્ટિએ પણ રોટલી શરીરના માટે જરૂરી ખોરાક છે. હુઝૂર ﷺએ ઘઉંના આટાને ચાર્યા વિના વાપરવાને અગ્રતા આપી છે, કેમ કે એનાથી પેટ પર ભાર મેહસૂસ નથી થતો. આપ રોટલી કેવળ એટલી માત્રામાં ખાતા હતા જેટલા પ્રમાણમાં યોગ્ય જરૂરત હોય, નફ્સની લિજ્જત માટે ખાતા ન હતા. હઝરત મસ્રૂક رضی اللہ عنہ ફર્માવે છે, હું હઝરત આઈશા رضی اللہ عنہاની પાસે હાજર થયો તો તેમણે મારા માટે ખાવા મંગાવ્યું અને ફર્માવ્યું, હું પેટ ભરીને ખાવા ખાઉં છું તો રડી દઉં છું. મેં પૂછયું, આપ એવું શા માટે કરો છો ? તો તેમણે ફર્માવ્યું, હું એ હાલને યાદ કરું છું જેમાં નબી પાક ﷺએ આ દુનિયાથી પર્દો કર્યો. અલ્લાહની ક઼સમ ! આપે એક દિવસમાં બેવાર ન રોટી ધરાઈને ખાધી ન ગોશ્ત. *(તિર્મિઝી)*

એ જ પ્રમાણે હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاથી રિવાયત છે. તેમણે ફર્માવ્યું : مَا شَبِعَ رَسُوْلُ اللّٰهِ ﷺ مِنْ خُبْزِ الشَّعِيْرِ يَوْمَيْنِ مُتَتَابِعَيْنِ حَتّٰى قُبِضَ "રસૂલુલ્લાહ ﷺએ વિસાલ મુબારક સુધી કદી બે દિવસ સતત જવની રોટી પેટ ભરીને નથી ખાધી. *(તિર્મિઝી)*

આ'લા હઝરત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ફર્માવે છે :–

*કુલ જહાં મિલ્ક ઔર જવકી રોટી ગિઝા*
*ઉસ શિકમ કી કનાઅત પે લાખોં સલામ*

## ★ ચાવલ ★

રોટલી ઉપરાંત ચાવલ પણ હુઝૂર ﷺ ખાવામાં ઉપયોગમાં લેતા હતા. ચાવલ પણ ઘઉંની જેમ ખોરાકના પ્રકારમાંથી છે. હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺને "ષુફ્લ" પસંદ હતું. હઝરત અબ્દુલ્લાહ કહે છે કે "ષુફ્લ" હાંડલીમાં ખાણાના બાકી હિસ્સાને (જે તળીયે ચોંટી જાય છે તેને) કહે છે.

## ★ બકરાનો ગોશ્ત ★

હુઝૂર નબીયે અકરમ નૂરે મુજસ્સમ ﷺએ ગોશ્તને પસંદ પણ કર્યો છે મોટાભાગે તેને ઉપયોગમાં પણ લીધો છે. રિવાયતોમાં છે કે આપ ભૂંજેલો ગોશ્ત અને રસાવાળો ગોશ્ત શોખથી ખાતા હતા. જેથી ખાવામાં ગોશ્તનો ઉપયોગ નબી કરીમ ﷺની સુન્નતે મુબારકા છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને હારિષ બિન જઝૂઅ رضی اللہ عنہથી રિવાયત છે. તેમણે ફર્માવ્યું,

اُتِیَ رَسُوْلُ اللّٰہِ ﷺ بِخُبْزٍ وَّ لَحْمٍ وَّ هُوَ فِی الْمَسْجِدِ فَاَکَلَ وَ اَکَلْنَا مَعَهٗ ثُمَّ قَامَ فَصَلّٰی وَ صَلَّيْنَا مَعَهٗ

"રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં ગોશ્ત તથા રોટીઓ લાવવામાં આવી જ્યારે કે આપ મસ્જિદમાં હતા. આપે ખાધુ અને અમે પણ આપની સાથે ખાધુ. પછી આપે ઉભા થઈને નમાઝ પઢાવી અને અમે પણ આપની સાથે નમાઝ પઢી. *(ઈબ્ને માજહ)*

હઝરત અમ્ર બિન ઉમૈયાથી રિવાયત છે કે તેમણે નબી અકરમ ﷺને બકરીની દસ્તી (આગળની રાન) કાપીને ખાતાં જોયા જે આપના હાથ મુબારકમાં હતી. એટલામાં અઝાન થઈ તો આપે તેને અને તે છરી જેના વડે આપ કાપી રહ્યા હતા ત્યાં જ રાખી દીધી અને નમાઝ અદા કરી. *(મિશ્કાત)*

## ★ મરઘીનો ગોશ્ત ★

હુઝૂર ﷺએ મરઘીનો ગોશ્ત પણ ખાધો છે, એટલા માટે એવી મરઘીનો ગોશ્ત ખાવો સરકારે રહમત ﷺની સુન્નતે મુબારકા છે. મરઘીના ગોશ્તમાં ગિઝાઈયત (ખોરાક હોવાના પ્રમાણ)ની માત્રા અધિક છે, બુધ્ધિને વધારે છે, સમજ તથા દીર્ઘદષ્ટિને તેજ કરે છે, અને દિમાગને ચુસ્ત બનાવે છે. શરીરને મજબૂત કરનાર છે, મોટાભાગના બુઝુર્ગાને દીને પણ તેને સુન્નત સમજીને ઉપયોગમાં લીધેલ છે. હઝરત ઝહદમ જરમી رضی اللہ عنہ ફર્માવે છે :

كُنَّا عِنْدَ اَبِىْ مُوْسٰى رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ فَاُتِىَ بِلَحْمِ دُجَاجٍ فَتَنَحّٰى رَجُلٌ مِّنَ الْقَوْمِ فَقَالَ مَا لَكَ قَالَ اِنِّىْ رَاَيْتُهَا تَاْكُلُ شَيْئًا نَتْنًا فَحَلَفْتُ اَنْ لَّا اٰكُلَهَا قَالَ اُدْنُ فَاِنِّىْ رَاَيْتُ رَسُوْلَ اللّٰهِ ﷺ يَاْكُلُ لَحْمَ الدُّجَاجِ

''અમે હઝરત અબૂ મૂસા رضی اللہ عنہની પાસે હતા કે આપની પાસે મરઘીનો ગોશ્ત લાવવામાં આવ્યો. હાજરજનોમાંથી એક માણસ દૂર હટી ગયો. હઝરત મૂસા رضی اللہ عنہએ ફર્માવ્યું, તને શું થયું ? તેણે કહ્યું, મેં એને ગંદી ચીજ ખાતાં જોઈ તો મેં કસમ ખાધી કે એને ખાઈશ નહીં ? એના પર આપે ફર્માવ્યું કે નજીક આવી જાવ ! બેશક ! મેં રસૂલુલ્લાહ ﷺને મરઘીનો ગોશ્ત ખાતાં જોયા છે.'' *(જામેઅ તિર્મિઝી)*

## ★ માછલી ★

હુઝૂર નબી અકરમ ﷺએ માછલી પણ ખાધી છે. માછલી હજમમાં આસાન અને શક્તિ આપવાવાળી હોય છે. માછલી તાજી ખાવી જોઈએ. અશક્ત તથા કમજોર લોકો માટે ખૂબ જ ઉમદા ખોરાક છે. મર્ઝે સિલ (ફેફસાની બીમારી) અને ડાયાબિટિસમાં લાભકારક છે. માછલીમાં પ્રોટિનની માત્રા ખૂબ જ અધિક માત્રામાં હોય છે એટલા માટે એ ગોશ્તનો ઘણો જ સારો બદલ છે. હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : مَا مِنْ دَابَّةِ الْبَحْرِ اِلَّا وَقَدْ ذَكَّاهَا اللّٰهُ لِبَنِىْ اٰدَمَ ''સમુદ્રમાં કોઈ જાનવર નથી પણ તેને અલ્લાહ તઆલાએ આદમની ઔલાદ માટે ઝબહ કરી આપ્યું છે.'' *(દારકુત્ની)*

### ★ પનીર (માખણ) ★

પનીર દૂધને ફાડીને બનાવવામાં આવે છે એમાં તૈલી અંશો ખૂબ જ અધિક પ્રમાણમાં હોય છે. તેનો તિબ્બી મિજાઝ ખૂબ જ અધિક ઠંડો છે. એ પેટ, કીડની તથા આંતરડાં માટે ખૂબ જ ફાયદાકારક છે. નબી અકરમ ﷺએ એને પણ પસંદ કરેલ છે જેથી એને સુન્નત રૂપે ઉપયોગમાં લેવું જોઈએ. હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ફર્માવ્યું : ''اُتِیَ النَّبِیُّ ﷺ بِجُبْنَةٍ فِیْ تَبُوْكٍ فَدَعَا بِالسِّكِّيْنِ فَسَمّٰی وَ قَطَعَ'' તબૂકના સ્થળે નબી કરીમ ﷺની ખિદમતમાં પનીર પેશ કરવામાં આવ્યું. આપે છરી મંગાવી અને بسم اللہ الرحمن الرحیم પઢીને તેને કાપ્યું. *(અબૂ દાઊદ શરીફ)*

### ★ હરીરા (ગૅંસ) ★

હરીરા ઘી, આટો, ખાંડ અને દૂધ મિલાવીને બનાવવામાં આવે છે. એ કમજોર માણસના માટે લાભદાયી હોય છે. નબી કરીમ ﷺએ એને લેવા માટે તજવીઝ ફર્માવેલ છે. હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاથી રિવાયત છે. તે ફર્માવે છે :–

كَانَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِذَا اَخَذَ اَهْلَهُ الْوَعْكُ اَمَرَ بِالْحَسَاءِ فَصُنِعَ ثُمَّ اَمَرَهُمْ فَحَسُوْا مِنْهُ وَ كَانَ يَقُوْلُ اِنَّهُ لَيَرْتُوْ فُؤَادَ الْحَزِيْنَ وَ يَسْرُوْ عَنْ فُؤَادِ الْحَزِيْنِ وَ يَسْرُوْ عَنْ فُؤَادِ السَّقِيْمِ كَمَا تَسْرُوْ اِحْدَاكُنَّ الْوَسْخَ بِالْمَاءِ عَنْ وَّجْهِهَا

રસૂલુલ્લાહ ﷺનાં ઘરવાળાંઓમાંથી જ્યારે કોઈને તાવ ચઢી જતો તો હરીરાનો હુકમ ફર્માવતા જે બનાવવામાં આવતો, પછી તેને ઘૂંટડો ઘૂંટડો પીવાનો હુકમ ફર્માવતા. અને ફર્માવ્યા કરતા, આ ગમગીન દિલમાં શક્તિ પહોંચાડે છે અને બીમારના દિલથી બેચેની દૂર કરે છે, જેવી રીતે તમારામાંથી કોઈ પાણીની સાથે પોતાના ચહેરાનો મેલ દૂર કરે છે. *(તિર્મિઝી શરીફ)*

### ★ કદ્દુ શરીફ (દૂધી) ★

હુઝૂર નબીએ અકરમ ﷺ ગોશ્ત તથા માછલી ઉપરાંત

શાકભાજીઓ પણ ખાતા હતા. શાકભાજીઓમાં આપ સૌથી અધિક દૂધી પસંદ કરતા હતા. ડોકટરી દષ્ટિએ દૂધીમાં કેટલાય ફાયદા છે : બુધ્ધિમાં વધારો, દિમાગનું સમતોલપણુ આ સર્વ ખૂબીઓ દૂધીમાં મૌજૂદ છે. તાવની હાલતમાં દૂધીના મોટા મોટા ટુકડા હાથો તથા પગોનાં તળીયાંઓમાં ઘસવાથી તાવમાં કમી થઈ જાય છે. મોટાભાગે બુઝુર્ગાને દીને સુન્નત સમજીને ઉપયોગમાં લીધેલ છે.

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ ફર્માવે છે :

كَانَ النَّبِىُّ ﷺ يُعْجِبُهُ الدُّبَّائُ فَاُتِىَ بِطَعَامٍ اَوْ دُعِىَ لَهُ فَجَعَلْتُ اَتَتَبَّعُهُ فَاَضَعُهُ بَيْنَ يَدَيْهِ لِمَا اَعْلَمُ اَنَّهُ يُحِبُّهُ

નબી પાક ﷺ દૂધી પસદ કર્યા કરતા હતા. તો જ્યારે આપના માટે ખાવા લાવવામાં આવ્યું અથવા આપને ખાવા માટે બોલાવવામાં આવ્યા તો હું શોધીને દૂધી આપની પાસે રાખ્યા કરતો હતો, કેમ કે મને ખબર હતી કે એને આપ પસંદ કરો છો. *(તિર્મિઝી શરીફ)*

એ જ પ્રમાણે હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. તે ફર્માવે છે :

رَأَيْتُ النَّبِىَّ ﷺ يَتَتَبَّعُ الدُّبَّائَ حَوَالَى الْقَصْعَةِ فَلَنْ اَزَلْ اُحِبُّ الدُّبَّائَ مِنْ يَّوْمِئِذٍ

''મેં નબી કરીમ ﷺને જોયા કે આપ પ્યાલાના કિનારાઓએથી દૂધી તલાશ કરી રહ્યા છે. એ દિવસથી હું હમેશાં દૂધી પસંદ કરતો હતો.

ઉપરોક્ત હદીષોમાં નબી કરીમ ﷺનું દૂધી પસંદ કરવું અને સહાબાનું નબી કરીમ ﷺના પ્રિય ખાણાને પોતાના માટે પ્રિય બનાવી લેવું એકદમ સ્પષ્ટ છે, અને કેમ ન હોય કે જ્યારે કોઈ શખ્સ કોઈની સાથે મહોબ્બત કરે છે તો તેની દરેક પ્રિય ચીજ સાથે મહોબ્બત કરવા લાગે છે. આજે પણ હુઝૂર ﷺથી મહોબ્બતનો દાવો ત્યારે જ સાચો થઈ શકે છે જ્યારે આપણે તેમની દરેક અદાને સુન્નત સમજીને અપનાવી લઈએ.

## ★ ષરીદ ★

રોટીને રસામાં પકાવવી અથવા ગોશ્તના રસામાં તોડીને પલાળવી કે

જેથી સારી રીતે ઓગળી જાય એને રોટલીનું ષરીદ કહે છે. એક ષરીદ ખારેકો, ઘી અને પનીર મિલાવીને તૈયાર કરવામાં આવે છે અને કદી કદી એમાં રસો પણ મિલાવી દેવામાં આવે છે. અને તેને હૈષનું ષરીદ કહે છે. એવુ ષરીદ ખૂબ જ સ્વાદિષ્ટ હોય છે અને એને ખાવાથી શરીરમાં શક્તિ પણ પેદા થાય છે. ષરીદ આપને ઘણુ પસંદ હતું અને ઘણીવાર તેને આપ ખાતા હતા.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે : كَانَ اَحَبَّ الطَّعَامِ اِلٰى رَسُوْلِ اللّٰهِ ﷺ الثَّرِيْدُ مِنَ الْخُبْزِ وَ الثَّرِيْدُ مِنَ الْحَيْسِ ''રસૂલુલ્લાહ ﷺને સર્વ ખાણાઓ કરતાં રોટલીનું ષરીદ અને હૈષનું ષરીદ સૌથી અધિક મેહબૂબ હતું.''

## ★ સિરકો ★

સિરકો શેરડીનો રસ, બીટ, જાંબુડા, દ્રાક્ષ, સૂકી મોટી દ્રાક્ષ, મેવા (ડ્રાય ફ્રૂટ), ઘઉં, જવ તથા અન્યો ફળોથી તૈયાર થાય છે. સિરકો ઠંડક તથા ગરમીનો હસીન ફરક છે. તબીઅતમાં રાહત પેદા કરે છે ખોરાકને હજમ કરે છે અને પેટના કીડા મારી દે છે, જેથી એનો ઉપયોગ દરેક લેહાઝથી લાભદાયી છે. સિરકાના ઘણા બધા ફાયદા છે એટલા માટે નબીયે અકરમ ﷺએ સિરકાને પોતે પણ ઉપયોગમાં લીધો અને લોકોને પણ ઉપયોગ કરવાનો હુકમ ફર્માવ્યો, ત્યાં સુધી કે આપે તેને સાલન સાથે સરખાવેલ છે. જેમ કે હઝરત ઉમ્મે હાની رضی اللہ عنہاએ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺ મારી પાસે તશરીફ લાવ્યા અને ફર્માવ્યું : اَعِنْدَكِ شَيْءٌ قُلْتُ لَا اِلَّا خُبْزٌ يَابِسٌ وَ خَلٌّ فَقَالَ هَاتِيْ مَا اَفْقَرَ بَيْتٌ مِّنْ اُدُمٍ فِيْهِ خَلٌّ ''શું તમારી પાસે કોઈ ચીજ છે ? મેં અર્ઝ કરી, સૂકી રોટી અને સિરકા સિવાય કાંઈ જ નથી. ફર્માવ્યું, લઈ આવો ! એ ઘર સાલનથી ખાલી નથી જેમાં સિરકો હોય.'' *(તિર્મિઝી)*

એ જ પ્રમાણે હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે કે નબી કરીમ ﷺએ પોતાનાં ઘરવાળાંઓથી સાલન માગ્યું. અર્ઝ કરવામાં આવી કે

અમારી પાસે કેવળ સિરકો છે. આપે એને જ મંગાવ્યો અને તેની સાથે જ ખાવા લાગ્યા અને ફર્માવતા હતા : نِعْمَ الْاِدَامُ الْخَلُّ نِعْمَ الْاِدَامُ الْخَلُّ "સિરકો સારું સાલન છે, સિરકો સારુ સાલન છે." *(મુસ્લિમ)*

## ★ ખજૂર ★

ખજૂર અરબમાં ખૂબ જ અધિક પ્રમાણમાં થતુ હતું. આ ફળ હુઝૂર ﷺને ખૂબ જ પસંદ હતું અને આપે તેને ખૂબ અધિક પ્રમાણમાં ઉપયોગમાં લીધેલું છે. ખજૂર સાલેહ લોહી પેદા કરે છે. પેટ તથા કલેજાને મજબૂત કરે છે. શરીરને તાજુ કરે છે, જેથી ખજૂરનો ખોરાકમાં વધુ પ્રમાણમાં ઉપયોગ હુઝૂર ﷺની સુન્નત છે. તેના ફઝાઈલ તથા ફાયદાઓમાં હદીષ પણ આવેલી છે. જેમ કે હઝરત સઅદ رضی اللہ عنہનું બયાન છે. તેમણે કહ્યું :

سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ ﷺ يَقُوْلُ مَنْ تَصَبَّحَ بِسَبْعِ تَمَرَاتِ عَجْوَه لَمْ يَضُرُّهُ ذٰلِكَ الْيَوْمَ سَمٌّ وَّ لَا سِحْرٌ

"જે સવારના સમયે સાત અજવા ખજૂરો ખાય તો તે દિવસે તેને કોઈ ઝહેર કે જાદૂ નુકસાન નહીં પહોંચાડે." *(મુસ્લિમ શરીફ)*

એ જ પ્રમાણે ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદીક઼ા رضی اللہ عنہا ફર્માવે છે :

كَانَ النَّبِيُّ ﷺ يَاتِيْنِىْ فَيَقُوْلُ اَعِنْدَكِ غِذَاءٌ فَاَقُوْلُ لَا قَالَتْ فَيَقُوْلُ اِنِّىْ صَائِمٌ قَالَتْ فَاَتَانَا يَوْمًا فَقُلْتُ يَا رَسُوْلَ اللّٰهِ اِنَّهٗ اُهْدِيَتْ لَنَا هَدْيَةٌ قَالَ وَمَا هِىَ قُلْتُ حَيْسٌ قَالَ اَمَّا اِنِّىْ اَصْبَحْتُ صَائِمًا قَالَتْ ثُمَّ اَكَلَ"

"નબી પાક ﷺ મારી પાસે તશરીફ લાવતા અને ફર્માવતા, શું તમારી પાસે અત્યારે ખાવાનું છે ? હું અર્ઝ કરતી, નહીં ! તો આપ ફર્માવતા, મેં રોઝાની નિય્યત કરી લીધી. પછી એક દિવસે આપ અમારે ત્યાં તશરીફ લાવ્યા. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમને ક્યાંકથી તોહફો આવ્યો છે. તો આપે ફર્માવ્યું, એ શું છે ? મેં અર્ઝ કરી, ખજૂરનો હલ્વો. આપે ફર્માવ્યું, હું સવારથી રોઝાદાર છું, પછી હલ્વો ખાધો.

## ★ મધ ★

મધ એક પ્રકારની માખીથી હાંસલ થાય છે. તે ફળોનો રસ ચૂંસીને પૂડાના રૂપમાં એકત્ર કરી આપે છે, અને પછી તે મધપૂડાથી રસ કાઢીને ઉપયોગમાં લેવામાં આવે છે. અલ્લાહ عزّوجلّએ કુર્આને મુકદસમાં મધના વિશે ફર્માવ્યું :–

وَ اَوۡحٰی رَبُّکَ اِلَی النَّحۡلِ اَنِ اتَّخِذِیۡ مِنَ الۡجِبَالِ بُیُوۡتًا وَّ مِنَ الشَّجَرِ وَ مِمَّا یَعۡرِشُوۡنَ ۙo ثُمَّ کُلِیۡ مِنۡ کُلِّ الثَّمَرٰتِ فَاسۡلُکِیۡ سُبُلَ رَبِّکِ ذُلُلًا ؕ یَخۡرُجُ مِنۡۢ بُطُوۡنِہَا شَرَابٌ مُّخۡتَلِفٌ اَلۡوَانُہٗ فِیۡہِ شِفَآءٌ لِّلنَّاسِ ؕ اِنَّ فِیۡ ذٰلِکَ لَاٰیَۃً لِّقَوۡمٍ یَّتَفَکَّرُوۡنَ o

''અને તમારા રબે મધમાખીને ઈલ્હામ કર્યો કે પહાડોમાં ઘર બનાવ અને ઝાડોમાં અને પૂડાઓમાં, પછી દરેક પ્રકારના ફળોમાંથી ખા અને પોતાના રબના માર્ગોએ ચાલ કે તારા માટે નરમ તથા આસાન છે. તેના પેટમાંથી એક પીવાની ચીજ રંગબેરંગી નીકળે છે જેમાં લોકોની તંદુરસ્તી છે. બેશક ! એમાં નિશાની છે ધ્યાન કરનારાઓ માટે. *(સૂ. નહ્લ, ૬૮,૬૯)*

મધ ખોરાક પણ છે અને દવા પણ. તેનો મિજાઝ ગરમ શુષ્ક છે એટલા માટે કફની બીમારીઓ અને પેટના વાયુની બીમારીઓના માટે ખૂબ જ લાભદાયી છે, ખાંસીના માટે ખાસ કરીને લાભકારક છે. હુઝૂર ﷺએ એને પણ ખૂબ જ પસંદ કર્યુ અને જ્યારે પણ આપને મયસ્સર થતું આપ ખાતા હતા. મધમાં અલ્લાહ عزّوجلّએ ખાસ ફાયદા રાખેલા છે. એટલા માટે હુઝૂર ﷺએ તેને ખુદ તનાવુલ ફર્માવ્યું (ખાધુ) અને બીજા લોકોને પણ તેને ઉપયોગમાં લેવાનો હુકમ કર્યો. જેમ કે આઈશા સિદીકા رضی اللہ عنہاથી મરવી છે. આપ ફર્માવે છે : کَانَ رَسُوۡلُ اللہِ ﷺ یُحِبُّ الۡحَلۡوَاءَ وَ الۡعَسَلَ ''રસૂલુલ્લાહ ﷺ મીઠી ચીજ અને મધ પસંદ કર્યા કરતા હતા.'' *(બુખારી શરીફ)*

મદારિજુન્નબુવ્વતમાં છે કે હુઝૂર ﷺ સામાન્યપણે વહેલી સવારે મધમાં પાણી મિલાવીને પીધા કરતા હતા. પછી જ્યારે અમુક સમય પસાર થઈ જતો અને ભૂખ મેહસૂસ થવા લાગતી તો જે મયસ્સર થતુ ખાય લેતા.

## ★ અંજીર ★

અંજીર એક ઝાડનું ફળ છે. એ ખૂબ જ નાઝુક હોય છે. પાકયા બાદ

ઝાડની ડાળીઓએથી આપોઆપ ખરી જાય છે. ઘણા લોકો તેને સૂકવીને મેહફૂઝ કરી લે છે. આ ફળ ઘણુ જ લાભકારક છે. હુઝૂર નબીયે અકરમ ﷺએ એને પણ પસંદ ફર્માવેલ છે અને તેના ફાયદા પણ વર્ણન કર્યા છે. નીચેની રિવાયતમાં તેને ફાયદા વર્ણન થયેલા છે.

હઝરત અબૂ દર્દા رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺની ખિદમતમાં ક્યાંકથી અંજીરનો ભરેલો થાળ આવ્યો. આપે ફર્માવ્યું કે ખાવ ! અમે એમાંથી થોડુક ખાધુ. પછી ઈર્શાદ ફર્માવ્યો, જો કોઈ કહે કે કોઈ ફળ જન્નતથી જમીન પર આવી શકે છે તો હું કહીશ કે આ જ તે ફળ છે જે જન્નતનું છે, એમાંથી ખાવ કેમ કે એ પાઈલ્સ (મસા) તથા સાંધાઓના દુઃખાવામાં ફાયદાકારક છે. *(કન્ઝુલ ઉમ્માલ)*

મારા પ્યારા આકા ﷺના પ્યારા દીવાનાઓ ! જે ખોરાકોનું ઉપર વર્ણન થયું એના ઉપરાંત હુઝૂર નબી કરીમ ﷺએ સસલાનો ગોશ્ત, ઘી, માખણ, ઝૈતૂનનું તેલ, કાકડી, સકરટેટી, દ્રાક્ષ, સૂકી દ્રાક્ષ, પીલુડી, બીટ તથા મેથી વગેરેને પસંદ કર્યા છે. આપણે પણ એ ખોરાકોને સુન્નત સમજીને ઉપયોગમાં લાવવા જોઈએ કે તેનાથી આપણને દુનિયવી ફાયદા પણ પ્રાપ્ત થશે અને સુન્નતે રસૂલ પર અમલ કરવાનો સવાબ પણ મળશે. ઈન્શા અલ્લાહ !

**નાઅતે મુસ્તફા ﷺ**

**અઝ : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા** رضی اللہ عنہ

હમારે દર્દે જિગર કી કોઈ દવા ન કરે,
કમી હો ઈશ્કે નબી મેં કભી ખુદા ન કરે
રૂખે નબી સે હય ફિર લાફ ઝિંદગી ગુલ કો
ખુદા કિસી કો બસ ઈત્ના ભી ના–સઝા ન કરે
ઈશારા કર દેં અગર વો કમાને અબરૂ કા
હમારા તીરે દુઆ, ફિર કભી ખતા ન કરે
હમારે દેખે હૂએ હંય મદીને કે ઝર્રે
સુના દો મહેર કો, અબ દા'વ–એ–ઝિયા ન કરે
નહીં મૈં રોતા હૂં, કુછ યાદે બાગો–ગુલશન મેં,
હમારે રોને પે, ઐ ગુલ, કોઈ હંસા ન કરે
યે દિલ કો ભાયા ગુલ, ઝખ્મ ઈશ્ક઼ કા લિખા
હઝાર ફૂલે ચમન, ક઼સ્દે ઈન્તેહા ન કરે
**'રઝા'**એ નામા સિયાહ કા, કહાં ઠિકાના હય
શફાઅત ઉસ કી જો મેહશર મેં મુસ્તફા ન કરે

# નબવી દુઆઓ

નીચેના લખાણમાં અમે કેટલીક એવી દુઆઓ લખીએ છીએ જે હદીષોની કિતાબોમાં મૌજૂદ છે એ દુઆઓને યાદ કરો અને દારૈનની ભલાઈઓ હાંસલ કરો.

## ★ દુનિયા તથા આખેરતની ભલાઈઓ માટે ★

હઝરત અનસ رضی اللہ عنہનું બયાન છે કે નબી કરીમ ﷺ મોટાભાગે આ દુઆ કર્યા કરતા હતા :–

اَللّٰھُمَّ رَبَّنَا اٰتِنَا فِی الدُّنْیَا حَسَنَةً وَّ فِی الْاٰخِرَةِ حَسَنَةً وَّ قِنَا عَذَابَ النَّارِ

''(બુખારી શરીફ) જે શખ્સ આ દુઆને પોતાનો પઢવાનો નિયમ બનાવશે ઈન્શા અલ્લાહ ! તેને દુનિયા તથા આખેરતમાં ભલાઈ મયસ્સર થશે.

## ★ દરેક બલાથી નજાતના માટે ★

હુઝૂરે અક્દસ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો જે શખ્સ સવાર સાંજ ત્રણવાર આ દુઆ પઢે તો તેને દુનિયાની કોઈ ચીજ ચીજ નુકસાન પહોંચાડશે નહીં :

بِسْمِ اللّٰهِ الَّذِیْ لَا یَضُرُّ مَعَ اسْمِهٖ شَیْءٌ فِی الْاَرْضِ وَ لَا فِی السَّمَآءِ وَ هُوَ السَّمِیْعُ الْعَلِیْمُ

## ★ બેચેનીના સમયની દુઆ ★

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે હુઝૂર ﷺને જ્યારે કોઈ બેચીની તથા પરેશાની લાગુ થયા કરતી હતી તો એ વખતે આપ આ દુઆનો વિર્દ કરતા હતા :–

لَا اِلٰهَ اِلَّا اللّٰهُ الْحَلِیْمُ الْحَكِیْمُ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ رَبُّ الْعَرْشِ الْعَظِیْمِ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ رَبُّ السَّمٰوٰتِ وَ الْاَرْضِ وَ رَبُّ الْعَرْشِ الْكَرِیْمِ

## ★ બીમારીઓથી શિફા માટે ★

રિવાયત છે કે અબ્દુલ અઝીઝ બિન સુહૈબ અને ષાબિત બુનાની رضی اللہ عنہما બંને હઝરત અનસ رضی اللہ عنہની ખિદમતમાં હાજર થયા અને ષાબિત બુનાનીએ અર્ઝ કરી કે હે અબૂ હમ્ઝા ! (અનસ) હું બીમાર થઈ ગયો છે. હઝરત અનસ رضی اللہ عنہએ ફર્માવ્યું, શું હું આ દુઆથી તમારી બીમારીનું ઝાડ ફૂંક ન કરી આપું જે દુઆથી હુઝૂર બીમારો પર શિફા માટે દમ ફર્માવ્યા કરતા હતા ? હઝરત ષાબિત બુનાનીએ કહ્યું, કેમ નહીં ! ત્યારબાદ હઝરત અનસ رضی اللہ عنہએ આ દુઆ પઢી :–

اَللّٰھُمَّ رَبَّ النَّاسِ مُذْھِبَ الْبَأْسِ اِشْفِ اَنْتَ الشَّافِی لَاشَافِیَ اِلَّا اَنْتَ شِفَاءً لَّا یُغَادِرُ سَقَماً

## ★ મુસીબત પર નેઅમલ બદલ (બદલો) મળવાની દુઆ ★

હઝરત ઉમ્મુલ મોમિનીન ઉમ્મે સલમા رضی اللہ عنہا કહે છે કે મેં હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلمથી એ સાંભળ્યું હતું કે કોઈ મુસલમાનને કોઈ મુસીબત પહોંચે તો તે : اِنَّا لِلّٰہِ وَ اِنَّآ اِلَیْہِ رَاجِعُوْنَ اَللّٰھُمَّ اَجِرْنِیْ فِیْ مُصِیْبَتِیْ وَ اخْلُفْ لِیْ خَیْرًا مِّنْھَا પઢી લે તો અલ્લાહ તઆલા એ મુસલમાનને તેની ગુમ થયેલી ચીજથી બેહતર ચીજ અતા ફર્માવશે.

## ★ કરજ અદા થવાની દુઆ ★

હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ મને ઈર્શાદ ફર્માવ્યો, શું હું તમને એક એવો કલામ ન તાલીમ કરી આપુ કે જ્યારે તમે એને પઢો તો અલ્લાહ તઆલા તમારી ફિકરને દૂર કરી આપશે અને તમારા કરજને અદા કરી આપશે. હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہએ અર્ઝ કરી, કેમ નહીં ! યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم જરૂર તાલીમ ફર્માવો. તો આપે ઈર્શાદ ફર્માવ્યો કે તમે દરરોજ સવાર સાંજ આ દુઆ પઢયા કરો.

"اَللّٰھُمَّ اِنِّیْ اَعُوْذُبِکَ مِنَ الْھَمِّ وَ الْحُزْنِ وَ اَعُوْذُبِکَ مِنَ الْعَجْزِ وَ الْکَسْلِ وَ اَعُوْذُبِکَ مِنَ الْجُبْنِ وَ الْبُخْلِ وَ اَعُوْذُبِکَ مِنْ غَلْبَۃِ الدَّیْنِ وَ قَھْرِ الرِّجَالِ"

## ★ માલદારી તથા ખુશહાલી માટે દુઆ ★

જે શખ્સ માલદાર તથા તવંગર થવા ચાહે તે ફજરની નમાઝ બાદ દરરોજ પચીસ વાર :–

اِذَاجَآءَ نَصْرُ اللّٰهِ وَالْفَتْحُ o وَرَأَيْتَ النَّاسَ يَدْخُلُوْنَ فِيْ دِيْنِ اللّٰهِ اَفْوَاجاً o فَسَبِّحْ بِحَمْدِ رَبِّكَ وَاسْتَغْفِرْهُ o اِنَّهٗ كَانَ تَوَّاباً

દિલ હાજર રાખીને પઢયા કરે. ઈન્શા અલ્લાહ ! થોડાક જ દિવસોમાં મુશ્કેલી આસાન થશે અને મુફલિસ માલામાલ થતો જશે.

## ★ ખાવા ખાધા પછીની દુઆ ★

ખાણુ ખાધા પછી આ દુઆ પઢે :

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ اَطْعَمَنَا وَسَقَانَا وَهَدٰنَا وَجَعَلَنَا مِنَ الْمُسْلِمِيْنَ۔

## ★ જ્યારે કોઈ નેઅમત મળે તો આ દુઆ પઢે ★

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ بِنِعْمَتِهٖ تَتِمُّ الصَّالِحَاتُ۔

## ★ સૂવાની દુઆ ★

اَللّٰهُمَّ بِاسْمِكَ اَمُوْتُ وَاَحْيٰى۔

## ★ સૂઈને ઉઠો તો આ દુઆ પઢો ★

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ اَحْيَانَا بَعْدَ مَا اَمَاتَنَا وَاِلَيْهِ النُّشُوْرُ

## ★ જ્યારે નવો પોશાક પહેરો તો આ દુઆ પઢો ★

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ كَسَانِیْ مَا اُوَارِیْ بِهٖ عَوْرَتِیْ وَاَتَجَمَّلُ بِهٖ فِیْ حَيَاتِیْ۔

## સફરની દુઆ

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે સફર પર જતી વખતે ઊંટ પર સવાર થતા તો ત્રણવાર "અલ્લાહુ અકબર" કહેતા ત્યારબાદ ફર્માવતા :

سُبۡحٰنَ الَّذِیۡ سَخَّرَ لَنَا هٰذَا وَمَا کُنَّا لَهٗ مُقۡرِنِیۡنَ ۝ اَللّٰهُمَّ اِنَّا نَسۡـَٔلُکَ فِیۡ سَفَرِنَا
هٰذَا الۡبِرَّ وَالتَّقۡوٰی وَمِنَ الۡعَمَلِ مَا تَرۡضٰی ۔ اَللّٰهُمَّ هَوِّنۡ عَلَیۡنَا هٰذَا السَّفَرَ وَاطۡوِ عَنَّا
بُعۡدَهٗ اَللّٰهُمَّ اَنۡتَ الصَّاحِبُ فِی السَّفَرِ وَالۡخَلِیۡفَةُ فِی الۡاَهۡلِ اَللّٰهُمَّ اِنِّیۡ اَعُوۡذُ بِکَ
مِنۡ وَّعۡثَاءِ السَّفَرِ وَکَاٰبَةِ الۡمَنۡظَرِ وَسُوۡءِ الۡمُنۡقَلَبِ فِی الۡاَهۡلِ وَالۡمَالِ وَالۡوَلَدِ ۔

અને જયારે સફરથી પરત થતા તો આ દુઆ પઢતા : اٰئِبُوۡنَ تَائِبُوۡنَ عَابِدُوۡنَ لِرَبِّنَا حَامِدُوۡنَ ۔ *(મુસ્લિમ)*

## અપને દરપે જો બુલાઓ તો.....

**અઝ : હુઝૂર તાજુશ્શરીઅહ અખ્તર રઝા અઝહરી** مدظلہ العالی

અપને દરપે જો બુલાઓ તો બહોત અચ્છા હો
મેરી બિગળી જો બનાઓ તો બહોત અચ્છા હો
કૈદે શયતાંસે છુળાઓ તો બહોત અચ્છા હો
મુઝકો અપના જો બનાઓ તો બહોત અચ્છા હો
ગર્દિશે દૌરને પામાલ કિયા મુઝકો હુઝૂર !
અપના કદમોંમેં સુલાઓ તો બહોત અચ્છા હો
યૂં તો કહલાતા હું બંદા મૈં તુમ્હારા લેકિન
અપના કહ કે જો બુલાઓ તો બહોત અચ્છા હો
ગમે પયહમસે યહ બસ્તી મેરી વિરાં હૂઈ
દિલમેં અબ ખૂદકો બસાઓ તો બહોત અચ્છા હો
કૈફ ઈસ બાદએ ગુલઝારસે મિલતા હી નહીં
અપની આંખોંસે પિલાઓ તો બહોત અચ્છા હો
તુમ તો મુર્દો કો જિલા દેતે હો મેરે આકા !
મેરે દિલ કો ભી જિલાઓ તો બહોત અચ્છા હો
જિસને શર્મિંદા કિયા મહરો માહો અન્જુમકો
એક ઝલક ફિર વો દિખાઓ તો બહોત અચ્છા હો
રો ચૂકા યૂં તો મૈં ઔરોં કે લિયે ખૂબ મગર
અપની ઉલ્ફતમેં રુલાઓ તો બહોત અચ્છા હો
યૂં ન **'અખ્તર'** કો ફિરાઓ મેરે મૌલા દર દર
અપની ચૌખટ પે બિઠાઓ તો બહોત અચ્છા હો

# રિસાલત તથા નબુવ્વત

## ★ નબીનો શાબ્દિક અર્થ ★

نبی (નબી)નો શબ્દ ક્યાં તો نَبَاوَةٌથી બન્યો છે જેનો અર્થ થાય છે મર્તબાની બુલંદી, અથવા આ શબ્દથી બન્યો છે نَبَأٌ જેનો અર્થ થાય છે ખબર આપવી, જાહેર કરવું. અથવા આ શબ્દથી બન્યો છે : نَبْأَةٌ જેનો અર્થ થાય છે ગયબી (છુપો) અવાજ.

પહેલા અર્થના લેહાઝથી નબીને નબી એટલા માટે કહે છે કે તે સર્વ મખ્લૂક઼થી ઉચ્ચ મર્તબો ધરાવે છે. બીજા અર્થના લેહાઝથી એટલા માટે કે તે હક્ક઼ વાતને જાહેર કરે છે, અને ગયબી ખબરો આપે છે. અને ત્રીજા અર્થના લેહાજથી એટલા માટે કે તે વહીને સાંભળે છે જે અવાજ બીજાઓ પર છુપી હોય છે. એ જ પ્રમાણે એક સંભાવના એ પણ છે કે આ શબ્દ અસલમાં نَبِيٌّ છે તો એ વખતે અર્થ થાય છે રસ્તો. આ સ્થિતિમાં નબીને નબી કહેવાનું કારણ એ થશે કે તે અલ્લાહ તઆલા અને મખ્લૂક઼ની દરમિયાન વાસ્તો હોય છે, જેવી રીતે રસ્તો મંઝિલ મકસૂદ સુધી પહોંચવાનો ઝરીયો હોય છે એ જ પ્રમાણે અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَامُ રબ તઆલાનો કુર્બ હાંસલ કરવા અને મંઝિલે મુરાદને પામી લેવાનો ઝરીયો તથા વાસ્તો હોય છે.

## રસૂલ અને નબી

''રસૂલ''નો અર્થ છે ખુદાને ત્યાંથી બંદાઓની પાસે ખુદાનો પયગામ લાવનાર. ''નબી'' તે માણસ છે જેની પાસે વહી એટલે ખુદાનો પયગામ આવ્યો લોકોને ખુદાનો રસ્તો બતાવવા માટે.

## શું અકીદો રાખીએ ?

મુસલમાનો માટે જેવી રીતે ઝાત તથા સિફાતે ઈલાહીનું જાણવું જરૂરી છે એ જ પ્રમાણે એ જાણવું પણ જરૂરી છે કે નબી તથા રસૂલના બારામાં

કેવો અક઼ીદો રાખવો જોઈએ કે જેથી કુફ્ર તથા બદઅક઼ીદગીથી મેહફૂઝ રહીએ.

વહી નબીઓની નબુવ્વતના ખાસ છે, જે એને કોઈ ગૈર નબીના માટે માને તે કાફિર છે. નબીને ખ્વાબમાં જે ચીજ બતાવવામાં આવે તે પણ વહી છે તેના જૂઠા હોવાની સંભાવના નથી. નબુવ્વત કસબી (કોશિશ કરીને હાંસલ કરવાની ચીજ) નથી કે માણસ ઈબાદત તથા રિયાઝતના ઝરીયાથી હાંસલ કરી શકે બલ્કે કેવળ અલ્લાહની અતા છે કે તે જેને ચાહે છે પોતાના ફઝ્લથી આપે છે. હા ! આપે તેને જ છે જેને આ મહાન મન્સબ (સ્થાન)ને લાયક બનાવે છે, જે નબુવ્વત પ્રાપ્ત કર્યા પહેલાં તમામ બુરી આદતોથી પાક અને તમામ ઉમદા આદતોથી સજ્જ થઈને વિલાયતના સર્વ મર્તબાઓ પાર કરી ચૂક્યો હોય છે. અને પોતાના નસબ તથા હસબ, ક઼ૌલ તથા ફેઅલ, હાલ ચાલ તથા સ્થિરતામાં દરેક એવી વાતથી પાક હોય છે જે ધૃણાને પાત્ર હોય. તેને કામિલ બુધ્ધિ અતા કરવામાં આવે છે જે અન્યોની બુધ્ધિ કરતાં અનંતગણી વધુ છે. કોઈ હકીમ તથા કોઈ ફિલોસોફરની બુધ્ધિ તેના લાખોમાં હિસ્સા સુધી નથી પહોંચી શકતી. જેમ કે રબ તઆલાનો ઈર્શાદ છે : اَللّٰهُ اَعْلَمُ حَيْثُ يَجْعَلُ رِسَالَتَهٗ ''અલ્લાહ સારી રીતે જાણે છે જ્યાં પોતાની રિસાલત રાખે.'' (સૂ. અન્આમ, ૬/૧૨૪) બીજા મક઼ામ પર ફર્માવે છે : وَاللّٰهُ يَخْتَصُّ بِرَحْمَتِهٖ مَنْ يَّشَآءُ وَاللّٰهُ ذُو الْفَضْلِ الْعَظِيْمِ ''અને અલ્લાહ પોતાની રહમતથી ખાસ કરે છે જેને ચાહે અને અલ્લાહ ઘણો જ ફઝ્લવાળો છે.''

*(સૂ. બક઼રહ, ૨/૧૦૫)*

જે એને એ રીતે માને કે માણસ પોતાના ક઼સબ (કોશિશ) તથા રિયાઝતથી નબુવ્વતના મન્સબ સુધી પહોંચી શકે છે તે કાફિર છે. જે શખ્સ નબીથી નબુવ્વતનો ઝવાલ (જતી રહેવું) જાઈઝ માને તે કાફિર છે.

## ★ ઈસ્મતે અંબિયા (નબીઓ પવિત્રતા) ★

નબીનું માસૂમ હોવું જરૂરી છે અને આ ઈસ્મત (પવિત્રતા) નબી તથા ફરિશ્તાની વિશિષ્ટતા છે કે **નબી તથા ફરિશ્તા સિવાય કોઈ માસૂમ**

**નથી, ઈમામોને અંબિયાની જેમ માસૂમ સમજવા ગુમરાહી તથા બદદીની** છે. ઈસ્મતે અંબિયાનો એ અર્થ છે કે તેમના માટે હિફ્ઝે ઈલાહી (અલ્લાહ તરફથી હિફાઝત)નો વાયદો થઈ ગયો છે, ઈમામો તથા અકાબિર અવલિયાથી ઉલ્ટુ કે અલ્લાહ ﷻ તેમને મેહફૂઝ રાખે છે, તેમનાથી ગુનાહ નથી થતા પણ થાય તો શરઅન અશક્ય પણ નથી. અંબિયા عَلَيْهِمُ السَّلَام શિર્ક તથા કુફ્ર અને દરેક તેવા કામથી જે મખ્લૂક઼ના માટે નફરતનો સબબ હોય જેમ કે જૂઠ તથા ખયાનત વગેરે નીચ (બુરી) આદતો (દુર્ગુણો) તેમજ એવાં કામોથી જે પ્રતિષ્ઠા તથા મુરવ્વતની વિરૂધ્ધ છે. નબુવ્વત પહેલાં તથા નબુવ્વત બાદ ઈજમાઅ સાથે મા'સૂમ છે. તેમના શરીરને કોઢ તથા રક્તપિત્ત વગેરે એવી બીમારઓથી જેનાથી ઘૃણા ઉપજે તેમનાથી પાક જાણવું જરૂરી છે.

અલ્લાહ તઆલાએ અંબિયા عليه السلام પર બંદાઓ માટે જેટલા હુકમો નાઝિલ ફર્માવ્યા તેમણે એ સૌ પહોંચાડી આપ્યા. જે એવું કહે કે કોઈ હુકમને કોઈ નબીએ છુપાવી રાખ્યો તક઼િય્યા એટલે ખૌફના કારણે અથવા અન્ય કોઈ કારણે ન પહોંચાડયો તે કાફિર છે.

## ★ ઈલ્મે ગયબ ★

અલ્લાહ ﷻએ અંબિયા عَلَيْهِمُ السَّلَامને પોતાના ગયબો પર ખબર આપી. જમીન તથા આસ્માનનો દરેક રજકણ નબીની નજરો સમક્ષ છે. પણ એ ઈલ્મે ગયબ જે એમને છે તે અલ્લાહની અતાથી છે, જેથી તેમનો ઈલ્મ અતાઈ થયો અને ઈલ્મે અતાઈ અલ્લાહ ﷻના માટે મુહાલ છે કે તેની કોઈ સિફત કોઈ કમાલ કોઈનો આપેલો નથી હોઈ શકતો, બલ્કે ઝાતી છે. જે લોકો અંબિયા બલ્કે સૈયદુલ અંબિયા ﷺના સંબંધે ઈલ્મે ગયબનો ઈન્કાર કરે છે તેઓ કુર્આને અઝીમની આ આયતના મિસ્દાક઼ (માફક) છે : اَفَتُؤْمِنُوْنَ بِبَعْضِ الْكِتَابِ وَتَكْفُرُوْنَ بِبَعْضٍ (તો શું ખુદાના અમુક હુકમો પર ઈમાન લાવો છો અને અમુકથી ઈન્કાર કરો. સૂ. બકરહ, ૨/૮૫) એટલે કે કુર્આને અઝીમની અમુક વાતો માનો છો અને અમુકની સાથે કુફ્ર કરો છો કે નકારની આયત જુઓ છો અને એ આયતોથી જેમાં અંબિયા عَلَيْهِمُ السَّلَام ને

ગયબી ઈલ્મો અતા કરવામાં આવ્યાનું બયાન કરવામાં આવ્યું છે તેનાથી ઈન્કાર કરો છો. જ્યારે નકાર તથા સાબિતી બંને હક્ક છે, કે નકાર ઝાતી ઈલ્મનો છે કે એ ઉલૂહિયતની વિશિષ્ટતા છે. સાબિતી અતાઈની છે કે એ અંબિયાની જ શાનને શોભે છે અને ઉલૂહિયત માટે વિરૂધ્ધ છે.

એ કહેવું કે દરેક રજકણનો ઈલ્મ નબી માટે માનવામાં આવે તો ખાલિક તથા મખ્લૂકની મસાવાત (બરાબરી) લાઝિમ આવશે, એ બાતિલ મહઝ (તદ્દન ખોટુ) છે, કે બરાબરી તો ત્યારે લાઝિમ થશે કે અલ્લાહ عَزَّوَجَلَّ માટે પણ એટલો જ ઈલ્મ સાબિત કરવામાં આવે, અને એવું ન કહેશે પણ કાફિર. અંબિયા عَلَيْهِمُ السَّلَام ગયબની ખબરો આપવા માટે જ આવે છે કે જન્નત તથા જહન્નમ, હશ્ર તથા નશ્ર તથા અઝાબ તથા સવાબ એ ગયબ નથી તો બીજુ શું છે ?! તેમનો મન્સબ (સ્થાન) જ એ છે કે તે વાતો જણાવે જેના સુધી બુધ્ધિ તથા હવાસને પહોંચ નથી અને એનું જ નામ ગયબ છે. અવલિયાને અતાઈ ગયબનો ઈલ્મ હોય છે પણ અંબિયાના વાસ્તાથી હોય છે.

## ★ અંબિયા (નબીઓ) ની ફઝીલત ★

અંબિયાએ કિરામ સર્વ મખ્લૂક ત્યાં સુધી કે ફરિશ્તામાંના રસૂલો કરતાંય અફઝલ છે. વલી કેટલોય મહાન મર્તબાવાળો હોય પણ કોઈ નબી બરાબર નથી થઈ શકતો. **જે કોઈ ગૈર નબીને નબી કરતાં અફઝલ અથવા નબી બરાબર બતાવે તે કાફિર છે.** નબીનું આજ્ઞાપાલન (ઈતાઅત) ફર્ઝે અયન બલ્કે તમામ ફર્ઝોની અસલ છે. કોઈ પણ નબી અદના (મામૂલી સરખી) તૌહીન કે જૂઠલાવું કુફ્ર છે.

## ★ નબીઓની સંખ્યા ★

નબીઓની કોઈ સંખ્યા નિશ્ચિત કરવું જાઈઝ નથી કે ખબરો (હદીષો) આ બારામાં વિવિધ છે, અને નબીઓની સંખ્યા નિશ્ચિત રાખવામાં કોઈ નબીને નબુવ્વતથી બહાર માનવું અથવા ગૈર નબીને નબી જાણવાની સંભાવના છે, અને આ બંનેવ વાત કુફ્ર છે. જેથી આ એતેકાદ (માન્યતા) હોવો જોઈએ કે અલ્લાહના દરેક નબી પર અમારું ઈમાન છે. હઝરત આદમ

عليه السلامથી આપણા હુઝૂર ﷺ સુધી અલ્લાહે ઘણા બધા નબી મોકલ્યા. અમુકનું સ્પષ્ટ વર્ણન કુર્આન મજીદમાં છે તે આ મુજબ છે : હઝરત આદમ عليه السلام હઝરત નૂહ عليه السلام, હઝરત ઈબ્રાહીમ عليه السلام, હઝરત ઈસ્માઈલ عليه السلام, હઝરત ઈસ્હાક઼ عليه السلام, હઝરત યાકૂબ عليه السلام, હઝરત યૂસુફ عليه السلام, હઝરત મૂસા عليه السلام, હઝરત હારૂન عليه السلام, હઝરત શોએબ عليه السلام, હઝરત લૂત عليه السلام, હઝરત હૂદ عليه السلام, હઝરત દાઊદ عليه السلام, હઝરત સુલૈમાન عليه السلام, હઝરત ઐયૂબ عليه السلام, હઝરત ઈલ્યાસ عليه السلام, હઝરત યૂસઅ عليه السلام, હઝરત ઝકરિયા عليه السلام, હઝરત યહ્યા عليه السلام, હઝરત ઈસા عليه السلام, હઝરત યૂનુસ عليه السلام, હઝરત ઈદરીસ عليه السلام, હઝરત ઝુલ કિફ્લ عليه السلام, હઝરત સાલેહ عليه السلام, હુઝૂર સૈયદુલ મુરસલીન મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ. સૌથી પહેલાં નબી હઝરત આદમ عليه السلام થયા, અને સૌમાં પહેલા રસૂલ જે કાફિરો પર, મોકલવામાં આવ્યા તે હઝરત નૂહ عليه السلام છે.

## ★ નબીઓના દરજાઓ ★

નબીઓના વિવિધ દરજાઓ છે. અમુકને અમુક પર ફઝીલત છે અને સૌમાં અફઝલ આપણા આક઼ા તથા મૌલા સૈયદુલ મુરસલીન છે. હુઝૂર ﷺ બાદ સૌથી મોટો મર્તબો હઝરત સૈયદુલ મુરસલીનનો છે. હુઝૂર ﷺ બાદ સૌથી મોટો મર્તબો હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ عليه السلامનો છે, પછી હઝરત મૂસા عليه السلام પછી હઝરત ઈસા عليه السلام અને નૂહ عليه السلامનો. આ હઝરાતને મુરસલીને ઉલૂલ અઝ્મ કહે છે, અને એ પાંચેવ હઝરાત બાકીના તમામ નબીઓ તથા રસૂલો ઈન્સાન તથા ફરિશ્તા તથા જિન તથા અલ્લાહની સર્વ મખ્લૂક઼ાત કરતાં અફઝલ છે. જે રીતે રસૂલ ﷺ તમામ રસૂલોના સરદાર અને સૌથી અફઝલ છે એ જ પ્રમાણે હુઝૂરના સદક઼ામાં હુઝૂરની ઉમ્મત સર્વ ઉમ્મતોથી અફઝલ છે.

અંબિયા (નબીઓ) અલ્લાહ عزوجلની હુઝૂર મહાન પ્રતિષ્ઠા તથા ઈજ્જતવાળા છે. તેમને અલ્લાહ તઆલાની નજીક મઆઝલ્લાહ ! ચોળ્હે ચમાર (મોચી)ની જેમ કહેવું ઉઘાડી ગુસ્તાખી છે.

## ★ અંબિયાની હયાત ★

અંબિયા عَلَيْهِمُ السَّلَام પોત પોતાની કબરોમાં એ રીતે હક઼ીક઼ી હયાતની સાથે ઝિંદા છે જેવી રીતે દુનિયામાં હતા. ખાય પીએ છે, જ્યાં ચાહે આવજા કરે છે. રબના વાયદાના કારણે એક ક્ષણ માટે તેમના પર મૌત છવાઈ પછી રાબેતા મુજબ ઝિંદા થઈ ગયા. હદીષ શરીફમાં છે : اِنَّ اللّٰهَ حَرَّمَ عَلَى الْاَرْضِ اَنْ تَاْكُلَ اَجْسَادَ الْاَنْبِيَاءِ فَنَبِيُّ اللّٰهِ حَيٌّ يُّرْزَقُ ''બેશક ! અલ્લાહ તઆલાએ જમીન પર હરામ કરી આપ્યું કે તે નબીઓના શરીરોને ખાય, તો અલ્લાહના નબી ઝિંદા છે, રોજી આપવામાં આવે છે.'' *(મિશ્કાત)*

તેમની હયાત શહીદો કરતાં ખૂબ જ ઉચ્ચ તથા આ'લા છે. શહીદનો વારસો વહેંચાશે, તેની પત્ની ઈદ્દત બાદ નિકાહ કરી શકે છે. અંબિયા عَلَيْهِمُ السَّلَامથી ઉલ્ટુ કે તેમને ત્યાં આ જાઈઝ નથી.

## જરૂરી નોંધ

અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَامથી જે લગ્ઝિશો ઉપસ્થિત થઈ છે તેનો ઉલ્લેખ કુર્આનની તિલાવત હદીષની રિવાયત સિવાય હરામ અને સખત હરામ છે. અન્ય લોકોને એ સરકારોમાં ઝબાન ખોલવાની શું મજાલ ?! મૌલા عَزَّوَجَلَّ એમનો માલિક છે જે સ્થળે જે રીતે ચાહે તા'બીર કરે, તે એના પ્યારા બંદાઓ છે. પોતાના રબના માટે જેટલા પ્રમાણમાં ચાહે આજીજી કરે, બીજો એ શબ્દોને સનદ નથી બનાવી શકતો. અને ખુદ એમનો ઈત્લાક (લાગુ) કરશે તો બારગાહે રબનો મરદૂદ થશે.

પછી તેમના એ અફઆલ (કાર્યો) જેને લગ્ઝિશથી તાબીર કરવામાં આવે એ હજારો હિકમતો તથા મસ્લેહતો પર આધારિત છે, હજારો ફાયદાઓ તથા બરકતોનો લાભ આપનાર હોય છે. આદમ عَلَيْهِ السَّلَامની એક લગ્ઝિશ જુઓ કે જો તે ન થાત તો જન્નતથી ન ઉતરતા, દુનિયા આબાદ ન થાત, ન કિતાબો ઉતરતી, ન રસૂલ આવતા, ન જેહાદ થતા લાખો કરોડો સારા અમલોના સવાબના દરવાજા બંધ રહેતા, આ સર્વનો દરવાજો આદમની એક લગ્ઝિશનું આ મુબારક પરિણામ તથા પવિત્ર ફળ છે. સર્વ અંબિયા

عليه السلامની લગ્ઝિશો આપણે તો શું સિદ્દીકોની નેકીઓ કરતાં પણ અફઝલ તથા આ'લા છે. حَسَنَاتُ الْاَبْرَارِ سَیِّاٰتُ الْمُقَرَّبِیْنَ۔

## ★ ખાતમુલ અંબિયા ﷺ વિશે ખાસ અકીદા ★

સૌ પ્રથમ નબુવ્વતનો મર્તબો હુઝૂર ﷺને મળ્યો. મીષાકના દિવસે સર્વ અંબિયાથી હુઝૂર ﷺ પર ઈમાન લાવવા અને હુઝૂર ﷺની મદદ કરવાનો વાયદો લેવામાં આવ્યો, અને એ જ શર્ત એ મહાન મન્સબ (નબુવ્વતનો) તેમને આપવામાં આવ્યો. હુઝૂર ﷺ અંબિયા عَلَيْهِمُ السَّلَامના નબી છે, અને સર્વ નબીઓ હુઝૂર ﷺના ઉમ્મતી છે. સૌએ પોત પોતાના મુબારક સમયમાં હુઝૂર ﷺના નાયબપણા હેઠળ કામ કર્યું. અલ્લાહ عَزَّوَجَلَّએ હુઝૂર ﷺને પોતાની ઝાતના મઝહર બનાવ્યા અને હુઝૂરના નૂરથી સર્વ આલમને મુનવ્વર કર્યું. અન્ય નબીઓની બઅષત (મોકલવું) કોઈ એક ખાસ કૌમની તરફ થઈ પણ હુઝૂરે અકદસ ﷺ તમામ મખ્લૂક ઈન્સાન તથા જિન બલ્કે ફરિશ્તા, જાનવરો તથા નિર્જીવ ચીજો સૌની તરફ મબઊષ થયા (મોકલવામાં આવ્યા). જેવી રીતે માણસના જિમ્મે હુઝૂર ﷺની ફર્માંબરદારી જરૂરી છે. હુઝૂરે અકદસ ﷺ ફરિશ્તા તથા ઈન્સાન તથા જિન તથા હૂરો ગિલ્માન તથા જાનવરો તથા નિર્જીવ ચીજો, વનસ્પતિઓ, સારાંશ સર્વ આલમના માટે રહમત છે અને મુસલમાનો પર તો અતિશય મહેરબાન છે. ફર્માને ખુદાવંદી છે : وَمَاۤ اَرْسَلْنٰکَ اِلَّا رَحْمَةً لِّلْعٰلَمِيْنَ "અને અમે તમને નથી મોકલ્યા પણ રહમત સર્વ જહાન માટે." *(સૂ. અંબિયા, આ. ૧૦૭)*

બીજી જગાએ :–

لَقَدْ جَآءَكُمْ رَسُوْلٌ مِّنْ اَنْفُسِكُمْ عَزِيْزٌ عَلَيْهِ مَا عَنِتُّمْ حَرِيْصٌ عَلَيْكُمْ بِالْمُؤْمِنِيْنَ رَءُوْفٌ رَّحِيْمٌ

"બેશક ! તમારી પાસે તશરીફ લાવ્યા તમારામાંથી તે રસૂલ જેમના પર તમારું તકલીફોમાં પડવું ભારે છે, તમારી ભલાઈના અતિશય ચાહવાવાળા, મુસલમાનો પર કમાલના મહેરબાન મહેરબાન." *(સૂ. તૌબા, આ. ૧૨૮)*

## ★ હુઝૂર ﷺનો કમાલ ★

હુઝૂર ﷺ રબની સંપૂર્ણ મખ્લૂકમાં અફઝલ છે કે અન્યોને વ્યક્તિગત રીતે જે કમાલાત અતા થયા હુઝૂર ﷺમાં તે સૌ જમા કરી દેવામાં આવ્યા, અને એમના સિવાય હુઝૂર ﷺને તે કમાલો મળ્યા જેમાં કોઈનો હિસ્સો નથી, બલ્કે અન્યોને જે કાંઈ મળ્યું તે હુઝૂર ﷺના તુફૈલથી હુઝૂરના દસ્તે અક્દસથી મળ્યું. અને કોઈ કમાલ એટલા માટે કમાલ બન્યો કે તે હુઝૂરની સિફત (ખૂબી) છે, અને હુઝૂર પોતાના રબના કરમથી પોતાની સ્વજાતમાં કામિલ તથા અકમલ (પરિપૂર્ણ) છે. હુઝૂરનો કમાલ કોઈ વસ્ફથી (ખૂબીથી) નથી બલ્કે એ વસ્ફનો કમાલ છે કે કામિલની સિફત બનીને ખુદ કામિલ તથા મુકમ્મલ કમાલ બની ગયો કે જેમાં એ પામવામાં આવે તેને કામિલ બનાવી દે. અશક્ય છે કે કોઈના મિષ્લ (જેવો) થાય. જે કોઈ ખાસ સિફતમાં કોઈને હુઝૂરના મિષ્લ બતાવે તે ગુમરાહ અથવા કાફિર છે.

હુઝૂર ﷺને અલ્લાહ عزوجلએ મહબૂબિયતે કુબરાના મર્તબાથી સરફરાઝ કર્યા કે તમામ ખલ્ક઼ (મખ્લૂક઼) રબ તઆલાની રઝા ચાહે છે અને અલ્લાહ عزوجل મુસ્તફા ﷺની રઝા ચાહે છે. હુઝૂર ﷺની ખાસિયતોમાંથી મેઅરાજ છે કે મસ્જિદે હરામથી મસ્જિદે અકસા સુધી અને ત્યાંથી સાતેવ આસ્માનો અને કુર્સી તથા અર્શ સુધી બલ્કે અર્શની ઉપર રાતના એક ટૂંક હિસ્સામાં શરીર સાથે તશરીફ લઈ ગયા, અને તે કુર્બ હાંસલ થયો કે કોઈ બશર (માનવ) તથા ફરિશ્તાને કદી હાંસલ ન થયો, ન થશે. અને રબનો જમાલ માથાની આંખો વડે જોયો અને કલામે ઈલાહી વિના વાસ્તાએ સાંભળ્યું અને તમામ મખ્લૂક઼ાત આસ્માનો તથા જમીનની વિગતવાર રજકણ રજકણ જોઈ.

## ★ હુઝૂર ﷺની શફાઅત ★

ક઼યામતના દિવસે શફાઅતે કુબ્રાનો મર્તબો એ હુઝૂર ﷺની વિશિષ્ટતાઓમાંથી છે કે જ્યાં સુધી હુઝૂર ﷺ શફાઅતનો દરવાજો ખોલશે નહીં ત્યાં સુધી કોઈને શફાઅતની મજાલ થશે નહીં, બલ્કે હક઼ીક઼તમાં જેટલા

શફાઅત કરાવાવાળા છે હુઝૂરના દરબારમાં શફાઅત લાવશે અને અલ્લાહ ﷻની હુઝૂર (સમક્ષ) મખ્લૂક઼ાતમાં કેવળ હુઝૂર જ શફીઅ છે. અને આ શફાઅતે કુબ્રા મોમિન, કાફિર, મુતીઅ (ફર્માંબરદાર), ગુનેહગાર સૌના માટે છે કે તે હિસાબનો ઈન્તેઝાર સખત પીડાદાયક હશે, જેના માટે લોકો તમન્ના કરશે કે કાશ ! જહન્નમમાં ફેંકી દેવામાં આવતા અને આ ઈન્તેઝારથી નજાત પામતા. આ બલાથી છૂટકારો કાફિરોને પણ હુઝૂર ﷺના સબબથી મળશે જેના પર અવ્વલીન તથા આખરીન, મુવાફિકો (સમર્થકો) તથા મુખાલિફીન (વિરોધીઓ), મોમિનો તથા કાફિરો સૌ હુઝૂર ﷺની હમ્દ (પ્રશંસા) કરશે. એનું નામ "મક઼ામે મહમૂદ" છે. આ વાત યાદ રાખશો કે શફાઅતનો મન્સબ હુઝૂર ﷺને આપવામાં આવી ચૂક્યો. આપ પોતે જ ઈર્શાદ ફર્માવે છે : "મને શફાઅતનો મર્તબો અતા કરવામાં આવી ચૂક્યો છે.

## ★ હુઝૂર ﷺનો અધિકાર (અખત્યાર) ★

હુઝૂરે અક઼દસ ﷺ અલ્લાહ ﷻના મુત્લક઼ નાયબ છે. સર્વ જહાન હુઝૂરના તસર્રુફ હેઠળ કરી દેવામાં આવ્યું, જેવુ ચાહે કરે, જેને જે ચાહે આપે, જેનાથી જે ચાહે પરત લઈ લે, સર્વ જહાનમાં એમના હુકમને ફેરવનારો કોઈ નથી. સર્વ જહાન તેમની હુકૂમત હેઠળ છે, અને તે પોતાના રબના સિવાય કોઈના મહકૂમ નથી. સર્વ માણસોના માલિક છે, જે તેમને પોતાના માલિક ન જાણે તે ઈમાનની મીઠાશથી વંચિત છે. સર્વ જમીન તેમની મિલ્કિયત (માલિકીમાં) છે. સર્વ જન્નત તેમની જાગીર છે. આસ્માનો તથા જમીનના ફરિશ્તા હુઝૂર ﷺના ફર્માન હેઠળ છે. જન્નત તથા દોઝખની ચાવીઓ આપના દસ્તે અક઼દસમાં આપી દેવામાં આવી. રોજી તથા ભલાઈ તથા દરેક પ્રકારની અતાઓ હુઝૂરના દરબારથી જ વહેંચાઈ છે. દુનિયા તથા આખેરત હુઝૂરની અતાનો એક હિસ્સો છે. શરીઅતના હુકમો હુઝૂરના કબજામાં કરી દેવામાં આવ્યા કે જેના પર જે ચાહે હરામ કરી આપે અને જેના માટે જે ચાહે હલાલ કરી આપે અને જે ફર્ઝ ચાહે માફ કરી આપે.

*(બહારે શરીઅત, ભાગ–૧)*

## ★ ખત્મે નબુવ્વત ★

અલ્લાહ عزوجل એ કુર્આને મુક઼દસમાં ઈર્શાદ ફર્માવ્યો :–

مَا كَانَ مُحَمَّدٌ اَبَآ اَحَدٍ مِّنْ رِّجَالِكُمْ وَ لٰكِنْ رَّسُوْلَ اللّٰهِ وَ خَاتَمَ النَّبِيّٖنَ ؕ وَ كَانَ اللّٰهُ بِكُلِّ شَيْءٍ عَلِيْمًا ۝

''મુહમ્મદ તમારા પુરૂષોમાં કોઈના બાપ નથી, હા ! અલ્લાહના રસૂલ છે અને સર્વ નબીઓમાં પાછલા, અને અલ્લાહ સર્વ કાંઈ જાણે છે.''

*(સૂ. અહઝ઼ાબ, આ. ૪૦)*

આ આયતમાં અલ્લાહ عزوجل એ પોતાના મહબૂબે મુકર્રમ ﷺનું મુબારક નામ લઈને ફર્માવ્યું કે મુહમ્મદ (ફીદા અબીઓ ઉમ્મી) અલ્લાહ તઆલાના રસૂલ છે અને ખાતમુન્ નબીય્યીન છે, એટલે કે નબીઓના ક્રમ ખત્મ કરનાર છે. જ્યારે મૌલા કરીમ જે **بِكُلِّ شَيْءٍ عَلِيْم** છે તેણે ફર્માવ્યું કે મુહમ્મદ મુસ્તફા ﷺ નબીઓને ખત્મ કરનારા આખરી નબી છે તો હુઝૂરના બાદ તેણે કોઈને નબી માન્યો તેણે અલ્લાહ તઆલાના આ આદેશને જૂઠલાવ્યો. અને જે શખ્સ અલ્લાહ તઆલાના કોઈ ઈર્શાદને જૂઠલાવે છે તે મુસલમાન નથી રહી શકતો. એટલા માટે પૂરી ઉમ્મતે મુહમ્મદિયાની આ વાત પર એકમતી છે કે હુઝૂર ﷺ ખાતમુન્નબીય્યીન છે. એટલે અલ્લાહ عزوجل એ નબુવ્વતનો ક્રમ હુઝૂર ﷺ પર ખત્મ કરી આપ્યો કે હુઝૂરના જમાનામાં અથવા હુઝૂર ﷺ પછી કોઈ નવો નબી નથી થઈ શકતો. જે શખ્સ હુઝૂર ﷺના જમાનામાં અથવા હુઝૂર ﷺના પછી કોઈને નબુવ્વત મળવાનું માને અથવા જાઈઝ જાણે તે કાફિર છે. સારાંશ હુઝૂર ﷺનો આ વસ્ફ ''ખત્મે નબુવ્વત'' ઉમ્મતની એકમતીએ દીનના પાયાના અક઼ીદાઓમાંથી એક અક઼ીદો છે. જેથી જે કોઈ એનો મુન્કિર થશે તે વાજિબુલ ક઼ત્લ થશે. તેનું દષ્ટાંત પ્રથમ ખલીફા હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہએ ક઼ાયમ કરી કે આપે મુસૈલમા કઝ્ઝાબ (નબુવ્વતનો જૂઠો દાવેદાર) અને તેના માનનારા મુર્તદોને કત્લે આમ કરાવ્યા જેથી હમેશાં હમેશ માટે નામૂસે રિસાલત મેહફૂઝ થઈ જાય.

# ઉમ્મત પર હુઝૂર ﷺના હક્કો

મારા પ્યારા આકા ﷺના પ્યારા દીવાનાઓ ! ઈતિહાસનો અભ્યાસ કરીએ તો એ વાતનો અંદાઝો થશે કે અલ્લાહના પ્યારા રસૂલ ﷺએ અમો ગુનેહગારોના માટે કેટલી મુશ્કેલીઓ વેઠી છે. જ્યારે આપે ફારાનની ટોચથી કલ્મએ હક્કનું એલાન કર્યું તો તે જ અરબ જે આજ સુધી આપને "અમીન" તથા "સાદિક઼"ના નામથી યાદ કરતા હતા અને કેટલીક ક્ષણો પહેલાં તેમણે આપની દરેક વાતનું સમર્થન કરવાનો વાયદો કર્યો હતો, તે જ મક્કાવાસીઓ આપને ગાળો દેવા લાગ્યા, અને એ દિવસ બાદ જાણે તેમણે આપને તકલીફ પહોંચાડવું પોતાનો ધંધો સમજી લીધો હતો. આપના માર્ગોમાં કાંટા બિછાવવામાં આવતા, આપ સજદાની હાલતમાં હોતા તો આપની પીઠ મુબારક પર હોજરી રાખી દેવામાં આવતી, તાઈફમાં જ્યારે આપે હક્કની દાવત પેશ કરી તો આપના પર પથ્થરોની વર્ષા કરવામાં આવી જેનાથી આપના ક઼દમ મુબારક લોહી લોહાણ થઈ ગયા.

પણ સરકારે દો આલમ ﷺએ તે સૌ મુસીબતોને સહન કરીને દુનિયાની ક઼ૌમોને હક્કના માર્ગની દાવત પેશ કરતા રહ્યા. તેમને એક મઅબૂદે બરહક્કની તરફ બોલાવતા રહ્યા. તેમને દીને હનીફ, દીને ઈબ્રાહીમની પયરવી, દીને ઈસ્લામની પયરવી કરવાની તાકીદ કરતા રહ્યા. આજે આપણને જે ઈમાનની દોલત મયસ્સર આવી, ખુદાની મઅરેફત હાંસલ થઈ, મઅબૂદે બરહક્કની ઈબાદતનો સલીક઼ો મળ્યો, રાહે હક્કનો પતો મળ્યો, જિંદગી પસાર કરવાના કાયદા તથા બંધારણ મળ્યાં, કુર્આન મળ્યું, કુર્આનના હુકમોને સમજવાનો સલીક઼ો મળ્યો, અલ્લાહની કરવાની બાબતો તથા ન કરવાની બાબતો (અવામિરો નવાહી)નો પતો લાગ્યો, હલાલ તથા હરામની તમીઝ સમજમાં આવી. આપણને આજે જે જિંદગી મળી, બંદગીની લિજ્જત મળી, ત્યાં સુધી કે આપણા એકે એક શ્વાસ પર સરકારે દો આલમ ﷺનું એહસાન છે, કેમ કે આપના જ સદકા વ તુફૈલ દુનિયા તથા તેમાં જે કાંઈ છે તેનું સર્જન થયું.

જ્યારે આટલા પ્રમાણમાં આપણા પર આપના એહસાન છે તો અમો ઉમ્મત પર પણ કેટલાક હક્કો હશે. એ હક્કોને અલ્લામા કાઝી અયાઝ رحمۃ اللہ علیہ એ શિફા શરીફમાં ખૂબ જ વિગતવાર વર્ણન કર્યા એને અમે ટૂંકાણમાં વર્ણવી રહ્યા છીએ. ઉમ્મત પર હુઝૂર ﷺના આઠ હક્કો છે :

## ★ ઈમાન બિર્રસૂલ ★

**હુઝૂર રહમતે આલમ ﷺની નબુવ્વત તથા રિસાલત અને જે કાંઈ આપ અલ્લાહ તઆલાની તરફથી લાવ્યા છે એ તમામ પર ઈમાન લાવવું અને દિલથી એને સાચુ માનવું દરેક ઉમ્મતી પર ફર્ઝ છે.** રસૂલ પર ઈમાન લાવ્યા વિના કોઈ શખ્સ કદાપિ મુસલમાન (Believer) નથી થઈ શકતો. અલ્લાહ عزوجل ઈર્શાદ ફર્માવે છે : وَمَنْ لَّمْ يُؤْمِنْ بِاللّٰهِ وَرَسُوْلِهٖ فَاِنَّاۤ اَعْتَدْنَا لِلْكٰفِرِيْنَ سَعِيْرًا ''જે અલ્લાહ અને તેના રસૂલ પર ઈમાન ન લાવ્યો તો યક઼ીનન ! અમે કાફિરો માટે ભડકતી આગ તૈયાર કરી રાખી છે.'' *(સૂ. ફતહ, ૪૮/૧૩)*

આ આયતમાં એ વાતની સંપૂર્ણપણે સ્પષ્ટતા છે કે જે લોકો રસૂલની રિસાલત પર ઈમાન નહીં લાવે તેઓ ભલે જિંદગીભર ખુદાની તૌહીદનો ઈક઼રાર કરતા રહે પણ તેઓ કાફિર અને જહન્નમી જ રહેશે. એટલા માટે કે રિસાલત પર ઈમાન લાવ્યા વિના તૌહીદ પર ઈમાન મોઅતબર (વિશ્વસનીય) જ નથી.

## ★ રસૂલ ﷺની ઈત્તેબાઅ (પયરવી) ★

હુઝૂર રહમતે આલમ ﷺની પયરવી (અનુસરણ) અને આપની સુન્નતોને અપનાવવું દરેક ઉમ્મતીની જિમ્મેદારી અને ફરીઝો છે, કેમ કે સરકાર રહમતે આલમ ﷺની સુન્નતો પર અમલ બંને જહાનમાં ભલાઈ તથા નજાતનો સબબ છે. અલ્લાહ عزوجل ઈર્શાદ ફર્માવે છે :–

قُلْ اِنْ كُنْتُمْ تُحِبُّوْنَ اللّٰهَ فَاتَّبِعُوْنِىْ يُحْبِبْكُمُ اللّٰهُ وَيَغْفِرْ لَكُمْ ذُنُوْبَكُمْ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ

''હે મહબૂબ ! તમે ફર્માવી દો કે લોકો ! જો તમે અલ્લાહને દોસ્ત

રાખો છો તો મારા આજ્ઞાંકિત બની જાવ ! અલ્લાહ તમને દોસ્ત રાખશે અને તમારા ગુનાહો બખ્શી આપશે, અને અલ્લાહ બખ્શનાર મહેરબાન છે.

*(સૂ. આલે ઈમરાન, આ. ૩૧)*

આ આયતમાં સરકારે દો આલમ ﷺની ઈત્તેબાઅ (પયરવી) તથા અનુસરણને ખુદા તઆલાની મહોબ્બતની દલીલ ઠરાવી છે, એટલે રસૂલના અનુસરણ વગર **જો કોઈ શખ્સ ખુદાથી મહોબ્બતનો દાવો કરે તો તે પોતાના દાવામાં જૂઠો છે.** એ જ પ્રમાણે બીજી જગાએ ફર્માવવામાં આવ્યું :

لَقَدْ كَانَ لَكُمْ فِيْ رَسُوْلِ اللّٰهِ اُسْوَةٌ حَسَنَةٌ لِّمَنْ كَانَ يَرْجُو اللّٰهَ وَالْيَوْمَ الْاٰخِرَ "બેશક ! તમને રસૂલુલ્લાહ ﷺની પયરવી બેહતર છે એના માટે કે જે અલ્લાહ અને પાછલા દિવસની ઉમ્મીદ ધરાવતો હોય." *(સૂ. અહઝાબ, આ. ૨૧)*

ઉપરોક્ત આયતમાં સુન્નતે રસૂલ ﷺ પર અમલ કરવાને એ લોકો માટે બેહતરીન રાહ બતાવવામાં આવી જેઓ અલ્લાહની બારગાહનો કુર્બ ચાહે છે અને આખેરતના દિવસે કામયાબી ચાહે છે. જેમ કે ઈતિહાસ સાક્ષી છે કે જે લોકો જેટલા પ્રમાણમાં સુન્નતે રસૂલના પાબંદ રહ્યા તે લોકો દુનિયા તથા આખેરતમાં એટલા જ પ્રમાણે કામયાબ તથા સફળ રહ્યા.

સિદ્દીકે અકબર رضی اللہ عنہને કોણ નથી જાણતું ? આપના જેવો કામયાબ તથા સફળ ઈન્સાન મળી જ નથી શકતો. આપને આ કામયાબી તથા કામરાની સુન્નતે રસૂલની પયરવીના આધારે જ મય્યસર થઈ. આપ એટલા પ્રમાણમાં સુન્નતે રસૂલ ﷺની પયરવી કર્યા કરતા હતા કે આપની જિંદગીની દરેક પળ મહબૂબની અદાઓના માળખામાં ઢળેલી હોતી. આપની સુન્નતની પયરવીનું એક દષ્ટાંત જે બુખારીમાં વર્ણન થયેલ છે તે જુઓ અને અંદાઝો લગાડો કે આપ કેટલા પ્રમાણમાં સુન્નતની પયરવી કરનારા હતા.

સિદ્દીકે અકબર رضی اللہ عنہએ પોતાની વફાતના કેવળ થોડાક કલાકો પહેલાં ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاથી પૂછયું કે રસૂલુલ્લાહ ﷺના કફન મુબારકમાં કેટલાં કપડાં હતાં અને આપની વફાત કયા દિવસે થઈ ? આ સવાલનું કારણ એ હતું કે આપની એ અતિશય

કક્ષાની તમન્ના હતી કે જિંદગીની સર્વ પળોમાં તો મેં મારા સર્વ મામલાઓમાં હુઝૂર ﷺની મુબારક સુન્નતોની સંપૂર્ણપણે પયરવી કરી છે તો મૃત્યુ બાદ કફન અને વફાતના દિવસે પણ મને આપની સુન્નતની પયરવી નસીબ થઈ જાય.

## ★ ઈતાઅતે રસૂલ (રસૂલ ﷺનું આજ્ઞાપાલન) ★

નબી અકરમ ﷺનો હુકમ માનવો આપની ઈતાઅત છે. રસૂલ ﷺની ઈતાઅત (ફર્માંબરદારી) દરેક ઉમ્મતીના માટે લાઝિમ તથા જરૂરી છે. હુઝૂર નબી અકરમ ﷺ જે વાતનો હુકમ ફર્માવી દે બાલના કરોડમાં હિસ્સા બરાબર પણ તેના વિરૂધ્ધ વર્તવાનો ખયાલ ન કરશો, કેમ કે આપની ઈતાઅત તથા આપના હુકમોની સામે સ્વીકારનું માથુ નમાવી દેવું જ દરેક ઉમ્મતી પર ફર્ઝે અયન છે. રસૂલ ﷺની ફર્માંબરદારીનો હુકમ ફર્માવતાં કુર્આન મુક્દસમાં અલ્લાહ عَزَّوَجَلَّએ ફર્માવ્યું : يَآيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اَطِيْعُوا اللّٰهَ وَ اَطِيْعُوا الرَّسُوْلَ ''હે ઈમાનવાળાઓ ! હુકમ માનો અલ્લાહનો હુકમ માનો રસૂલનો.'' *(સૂ. નિસાઅ, આ. ૫૮)*

એક અન્ય સ્થળે ઈર્શાદ ફર્માવ્યો : وَ مَنْ يُّطِعِ الرَّسُوْلَ فَقَدْ اَطَاعَ اللّٰهَ જેણે રસૂલનો હુકમ માન્યો બેશક ! તેણે અલ્લાહનો હુકમ માન્યો. *(સૂ. નિસાઅ, આ. ૭૯)*

અને એક મકામ પર ઈર્શાદ ફર્માવ્યો :

وَ مَنْ يُّطِعِ اللّٰهَ وَ الرَّسُوْلَ فَاُولٰٓئِكَ مَعَ الَّذِيْنَ اَنْعَمَ اللّٰهُ عَلَيْهِمْ مِّنَ النَّبِيّٖنَ وَ الصِّدِّيْقِيْنَ وَ الشُّهَدَآءِ وَ الصّٰلِحِيْنَ وَ حَسُنَ اُولٰٓئِكَ رَفِيْقًا

''અને જે અલ્લાહ અને તેના રસૂલનો હુકમ માને તો એને એમનો સાથ મળશે જેમના પર અલ્લાહે ફઝ્લ કર્યો, એટલે અંબિયા અને સિદીક્ અને શહીદ અને નેક લોકો, આ કેટલા સારા સાથી છે.'' *(સૂ. નિસાઅ, આ. ૬૯)*

કુર્આને મુક્દસની ઉપરોક્ત આયતોમાં એ વાતની સંપૂર્ણપણે સ્પષ્ટતા છે કે રસૂલની ફર્માંબરદારી વગર ઈમાનની કલ્પના કરી જ નથી શકાતી. અને રસૂલની ફર્માંબરદારી કરનારાઓ માટે જ એવા એવા ઉચ્ચ દરજાઓ

છે કે તે હઝરાત અંબિયા તથા સિદ્દીકો અને શહીદો તથા સાલેહીનની સાથે રહેશે. આ વાતની અધિક સ્પષ્ટતા આ હદીષથી થાય છે જેવો કે સરકારે દો આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : لَا يُؤْمِنُ اَحَدُكُمْ حَتّٰى يَكُوْنَ هَوَاهُ تَبَعًا لِّمَا جِئْتُ بِهٖ "તમારામાંથી કોઈ ત્યાં સુધી કામિલ મોમિન નથી થઈ શકતુ જ્યાં સુધી કે તેનું દિલ મારાં લાવેલાં ફર્માનોનું ફર્માબરદાર ન થઈ જાય." *(બુખારી શરીફ)*

સહાબાએ કિરામ કેવી રીતે રસૂલે પાક ﷺની ઈતાઅત કર્યા કરતા હતા એનો અંદાઝો હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماની આ રિવાયતથી થઈ જશે. આપ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ એક શખ્સને જોયો કે તે સોનાની વીંટી પહેરેલ છે. આપે તેના હાથેથી વીંટીને ફેંકી દીધી અને ફર્માવ્યું કે શું તમારામાંથી કોઈ ચાહે છે કે આગના અંગારાને પોતાના હાથમાં રાખે ? હુઝૂર ﷺના તશરીફ લઈ ગયા બાદ લોકોએ તે શખ્સને કહ્યું કે, તું તારી વીંટી ઉઠાવી લે (અને તેને વેચીને) તેનાથી ફાયદો ઉઠાવ. તો તેણે જવાબ આપ્યો કે, ખુદાની કસમ ! જ્યારે રસૂલુલ્લાહ ﷺએ એ વીંટીને ફેંકી દીધી તો હવે હું એ વીંટી કદાપિ નથી ઉઠાવી શકતો. *(મિશ્કાત શરીફ)*

## ★ મહબ્બતે રસૂલ ﷺ ★

ઉમ્મતીનો એ પણ ફરીઝો છે કે નબી અકરમ નૂરે મુજસ્સમ ﷺની મહોબ્બત તેના દિલમાં સર્વ જહાનોથી વધીને હોય અને દુનિયાની પ્રિય ચીજો પોતાના નબીની મહોબ્બત પર કુર્બાન કરી આપે. મહબ્બતે રસૂલના હવાલાથી કુર્આને મુકદ્દસ ફર્માવી રહેલ છે :–

قُلْ اِنْ كَانَ اٰبَآؤُكُمْ وَ اَبْنَآؤُكُمْ وَ اِخْوَانُكُمْ وَ اَزْوَاجُكُمْ وَ عَشِيْرَتُكُمْ وَ اَمْوَالُنِ
اقْتَرَفْتُمُوْهَا وَ تِجَارَةٌ تَخْشَوْنَ كَسَادَهَا وَ مَسٰكِنُ تَرْضَوْنَهَآ اَحَبَّ اِلَيْكُمْ مِّنَ اللّٰهِ وَ
رَسُوْلِهٖ وَ جِهَادٍ فِىْ سَبِيْلِهٖ فَتَرَبَّصُوْا حَتّٰى يَاْتِىَ اللّٰهُ بِاَمْرِهٖ وَ اللّٰهُ لَا يَهْدِى الْقَوْمَ الْفٰسِقِيْنَ

"તમે ફર્માવો, જો તમારા બાપ અને તમારા પુત્રો અને તમારા ભાઈ અને તમારી સ્ત્રીઓ અને તમારા કુટુંબો અને તમારી કમાઈના માલો અને

સોદાઓ જેના નુકસાનનો તમને ડર છે, અને તમારાં પસંદીદા મકાનો, આ ચીજો અલ્લાહ અને તેના રસૂલ અને તેની રાહમાં લડવાથી અધિક પ્યારી હોય તો રાહ જુઓ ત્યાં સુધી કે અલ્લાહ પોતાનો હુકમ લાવે, અને અલ્લાહ ફાસિક઼ોને માર્ગ નથી આપતો. *(સૂ. તૌબા, ૯/૨૪)*

આ આયતમાં એ વાતની સ્પષ્ટતા છે કે મહબ્બતે રસૂલ એ રીતે ફર્ઝ છે જેવી રીતે ખુદાની મહોબ્બત ફર્ઝ છે ત્યાં સુધી કે દુનિયાની કોઈ ચીજની મહોબ્બત એક મોમિનના દિલમાં અલ્લાહ અને તેના રસૂલની મહોબ્બતથી વધુ ન હોવી જોઈએ. તેની અધિક સ્પષ્ટતા આ હદીષથી થઈ જાય છે : સરવરે કૌનેન ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :

لَا یُؤْمِنُ اَحَدُکُمْ حَتّٰی اَکُوْنَ اَحَبَّ اِلَیْہِ مِنْ وَّالِدِہٖ وَوَلَدِہٖ وَالنَّاسِ اَجْمَعِیْنَ

"તમારામાંથી કોઈ ત્યાં સુધી કામિલ મોમિન નથી થઈ શકતો જ્યાં સુધી કે મારી મહોબ્બત તેના દિલમાં તેના બાપ, તેના બેટા અને સર્વ લોકોની મહોબ્બત કરતાં અધિક ન થઈ જાય." *(બુખારી શરીફ)*

આયત અને હદીષનો ખુલાસો એ છે કે એક મોમિન માટે જરૂરી છે કે દુનિયાની સર્વ ચીજોથી વધીને પોતાના દિલમાં ખુદા અને તેના રસૂલ ﷺની મહોબ્બતને જગા આપે કેમ કે એ જ અસલ ઈમાન છે. (શેઅર)

*મુહમ્મદ ﷺકી મહ઼બ્બત દીને હક઼્ક઼ કી શર્તે અવ્વલ હૈ*

*ઈસીમેં હો અગર ખામી તો સબ કુછ નામુકમ્મલ હૈ*

આપણે જો સહાબાએ કિરામની જિંદગીનો અભ્યાસ કરીએ તો તેમના દિલમાં કેટલા પ્રમાણમાં રસૂલે પાક ﷺની મહોબ્બત હતી એનો અંદાઝો આપણને આવી જશે.

હઝરત અબૂબક્ર સિદીક઼ رضی اللہ عنہએ ગારે ષૌરમાં પોતાની જાનની પરવા કર્યા વિના સાપના દર પર પોતાની એડી રાખી દીધી, અને જ્યારે સાપે કરડવાનું શરૂ કર્યું તો એ ખયાલથી કે જો પગ હટાવીશ તો નબી કરીમ ﷺની ઊંઘમાં ખલેલ પડશે આપે આપનો પગ ન હટાવ્યો. આપે નબી કરીમ ﷺના એક અવાજ પર પોતાના ઘરનો પૂરો માલ સામાન લાવીને

આપના કદમો પર રાખી દીધો અને ખુદ ટાટ લપેટીને બાવળના કાંટાઓના બટન બનાવી લીધા.

એ જ પ્રમાણે હઝરત અલી رضی اللہ عنہ એ મહબ્બતે રસૂલમાં નમાઝની કુર્બાની આપી દીધી, પણ ઈશ્કે રસૂલ કુર્બાન થાય એ આપે માન્ય ન કર્યુ.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ફર્માવે છે :–

*મૌલા અલીને વારી તેરી નીંદ પર નમાઝ*
*વો ભી નમાઝે અસ્ર જો આ'લા ખતરકી હૈ*
*ષાબિત હુવા કે જુમ્લા ફરાઈઝ ફુરૂઅ હૈં*
*અસ્લલ ઉસૂલે બંદગી ઉસ તાજવરકી હૈ*

## ★ તાઝિમે રસૂલ ﷺ ★

રસૂલ ﷺની તાઝીમ મુસ્લિમ ઉમ્મતનો એક એવો ફરીઝો છે કે એમાં જો રજમાત્ર પણ ઉણપ રહી જાય તો ઈમાન વિદાય થઈ જશે. દરેક ઉમ્મતી પર ફર્ઝ છે કે સરવરે આલમ ﷺ અને આપનાથી સંબંધી રાખનારી સર્વ ચીજોની તાઝીમ તથા ઈજ્જત કરે, અને કદાપિ કદાપિ આપની પવિત્ર શાનમાં કોઈ એવો શબ્દ પોતાની જીભથી ન કાઢે જેમાં આપની તૌહીન (બેઅદબી) થાય, નહીં તો એ ઈમાની વર્તુળથી બહાર થઈ જશે અને તેને ખબર પણ ન થશે.

તાઝીમે રસૂલ ﷺનો હુકમ આપતાં કુર્આન મુકદસમાં ફર્માવવામાં આવ્યું :

اِنَّآ اَرْسَلْنٰكَ شَاهِدًا وَّ مُبَشِّرًا وَّ نَذِيْرًا ۝ لِّتُؤْمِنُوْا بِاللّٰهِ وَ رَسُوْلِهٖ وَ تُعَزِّرُوْهُ وَ تُوَقِّرُوْهُ وَ تُسَبِّحُوْهُ بُكْرَةً وَّ اَصِيْلًا ۝

"બેશક ! અમે તમને મોકલ્યા હાઝિર તથા નાઝિર અને ખુશી તથા ડર સંભળાવતા જેથી હે લોકો ! તમે અલ્લાહ તથા રસૂલ પર ઈમાન લાવો, અને રસૂલની તાઝીમ તથા તૌકીર કરો, અને સવાર સાંજ અલ્લાહની પાકી બોલો. *(સૂ. ફતહ, આ. ૯)*

વર્ણવેલ આયતમાં વિચારણા કરીએ તો એ વાતનો અંદાઝો થશે કે

તાઝીમે રસૂલના માટે અલ્લાહે કોઈ સમય નિશ્ચિત નથી કર્યો પરંતું તસ્બીહના માટે સવાર સાંજનો સમય નિશ્ચિત કરી આપ્યો. એટલે આયતનો ખુલાસો એ થશે કે જ્યાં સુધી તમારાથી શક્ય બને અલ્લાહની હમ્દો ષના કરો અને તસ્બીહ તથા તહલીલ કરો, પરંતું તાઝીમે રસૂલ દરેક સમયે, દરેક પળે, દરેક ક્ષણે જરૂરી છે. બીજી આયતમાં કુર્આને મુકદ્દસ તાઝીમે રસૂલનો સલીકો શીખવતાં ફર્માવે છે :–

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَرْفَعُوْۤا اَصْوَاتَكُمْ فَوْقَ صَوْتِ النَّبِيِّ وَ لَا تَجْهَرُوْا لَهٗ بِالْقَوْلِ كَجَهْرِ بَعْضِكُمْ لِبَعْضٍ اَنْ تَحْبَطَ اَعْمَالُكُمْ وَ اَنْتُمْ لَا تَشْعُرُوْنَ

''હે ઈમાનવાળાઓ ! તમારા અવાજો ઊંચા ન કરો એ ગયબ બતાવનાર નબીના અવાજ કરતાં, અને તેમની સમક્ષ ચિલ્લાઈને વાત ન કહો જેવી રીતે આપસમાં એકબીજા સામે ચિલ્લાવ છો કે ક્યાંક તમારા અમલ નષ્ટ થઈ જાય અને તમને ખબર ન થાય.'' *(સૂ. હુજુરાત, આ. ૨)*

આ આયતમાં મુસલમાનોને નબી અકરમ નૂરે મુજસ્સમ ﷺના અવાજ કરતાં પોતાના અવાજને મોટો કરવા અને આપની સમક્ષ મોટા અવાજે વાત કરવાથી મના કરવામાં આવ્યું, અને એવું કહેવામાં આવ્યું કે આ એવા અમલો છે કે એમના કારણે માણસના અમલો બર્બાદ થઈ જાય છે અને તેને ખબર પણ નથી પડતી.

એક આયતમાં તો ત્યાં સુધી ફર્માવવામાં આવ્યું કે તાઝીમે રસૂલમાં કામયાબીનું રાઝ છુપાયેલું છે. જેમ કે ઈર્શાદે ખુદાવંદી છે :–

فَالَّذِيْنَ اٰمَنُوْا بِهٖ وَ عَزَّرُوْهُ وَ نَصَرُوْهُ وَ اتَّبَعُوا النُّوْرَ الَّذِیْۤ اُنْزِلَ مَعَهٗۤ اُولٰٓئِكَ هُمُ الْمُفْلِحُوْنَ

''તો તે જે એના પર ઈમાન લાવે અને એની તાઝીમ કરે અને તેને મદદ આપે અને એ નૂરની પયરવી કરે જે એની સાથે ઉતર્યું તે જ બામુરાદ છે. *(સૂ. અઅરાફ, આ. ૧૫૭)*

## ★ રસૂલ ﷺની પ્રશંસા કરવી ★

સરકાર ﷺની મદહો ષના (પ્રશંસા, તારીફ), આપની ખૂબીઓને

વર્ણવવી અને આપના ફઝાઈલ તથા કમાલો અલલ એલાન બયાન કરવા એ પણ દરેક ઉમ્મતી પર લાઝિમ છે. અલ્લાહ તઆલાએ કુર્આને મુકદસમાં ફર્માવ્યું : وَرَفَعْنَالَكَ ذِكْرَكَ અને અમે તમારા માટે તમારો ઝિક્ર બુલંદ કરી આપ્યો.'' *(સૂ. અલમ નશ્રહ, આ.૪)*

કુર્આને મુકદસમાં વિવિધ ઠેકાણે સરકારે દો આલમ ﷺની મદહો ષનામાં આયતો મૌજૂદ છે જેનાથી એ વાતની સાબિતી મળે છે કે ખુદ અલ્લાહ ﷻએ પણ રસૂલે અકરમ નૂરે મુજસ્સમ ﷺની પ્રશંસા તથા તારીફ કરી છે.

*યૂં તો કુર્આં હૈ હિદાયતકી કિતાબ – પર કિસીકા તઝકેરા મક્સૂદ હૈ*

સહાબાના દૌરમાં હઝરત હસ્સાન બિન ષાબિત, હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા અને હઝરત કઅબ બિન ઝુબૈર વગેરે સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ સરકારે દો આલમ ﷺની મદહો ષના શેઅરોના રૂપમાં કર્યા કરતા હતા અને ખુદ નબી અકરમ ﷺ તેને સાંભળતા અને એ હઝરાતને ઈનામો ઈકરામ તથા દુઆઓથી નવાઝતા. આજે આપણે પણ નઅતે રસૂલ પઢીશું, આપની ખૂબીઓની ચર્ચા કરીશું તો યકીનન ! અલ્લાહના પ્યારા રસૂલ ﷺ પોતાના લાંબા લાંબા હાથો વડે આપણને પણ ઈનામો ઈકરામથી નવાઝશે.

## ★ દુરૂદ શરીફ ★

નબીયે અકરમ ﷺ પર દુરૂદ શરીફ પઢવું અને સલાતો સલામના ગુલદસ્તા આપની બારગાહમાં પેશ કરવા પણ મુસલમાનો પર હુઝૂર ﷺનો હક્ક બને છે. દુરૂદ શરીફ સંબંધે હુકમ કરતાં અલ્લાહ ﷻએ ઈર્શાદ ફર્માવ્યો :

اِنَّ اللّٰهَ وَمَلٰٓئِكَتَهٗ يُصَلُّوْنَ عَلَى النَّبِيِّ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا صَلُّوْا عَلَيْهِ وَسَلِّمُوْا تَسْلِيْمًا

''બેશક ! અલ્લાહ અને તેના ફરિશ્તા દુરૂદ મોકલે છે એ ગયબ બતાવનાર નબી પર, હે ઈમાનવાળાઓ ! એમના પર દુરૂદ અને ખૂબ સલામ મોકલે. *(સૂ. અહઝાબ, આ. ૫૬)*

આ આયતમાં અલ્લાહ ﷻએ એ વાતનો ઉલ્લેખ કર્યો કે અલ્લાહ પણ પોતાના નબી પર દુરૂદ મોકલે છે, તેના ફરિશ્તાઓ પણ નબી પર દુરૂદ મોકલે છે. વળી ઈમાનવાળાઓને એ હુકમ ફર્માવી રહ્યો છે કે તમે પણ મારા નબી પર દુરૂદો સલામનું નઝરાણુ પેશ કરો. જાણવા મળ્યું કે દુરૂદ શરીફ પઢવું કોઈ બિદઅત નથી બલ્કે ખુદ અલ્લાહ ﷻની સુન્નત છે. દુરૂદો સલામના ફઝાઈલ પર અગણિત કિતાબો લખવામાં આવી. એક મહત્વની કિતાબ "દલાઈલુલ ખૈરાત શરીફ" પણ છે.

દલાઈલુલ ખૈરાત શરીફનું આખુ નામ "દલાઈલુલ ખૈરાત વ શવારિકુલ અન્વાર ફી ઝિક્રિસ્સલાતિ અલન્નબીય્યીલ મુખ્તાર અલૈહિસ્સલાતુ વસ્સલામ" છે એના સંપાદનના સબબે એક અતિશય ઈમાન અફરોઝ બનાવ છે.

હઝરત શયખ જઝૂલી رحمۃ اللہ علیہ પોતાના મુરીદોની સાથે સફર કરતા કરતા ફાસ શહેરના એક ગામમાં પહોંચ્યા. સફર દરમિયાન જ ઝોહરની નમાઝનો સમય થઈ ગયો. પાણીની શોધ કરવામાં સમય તંગ થતો જઈ રહ્યો હતો. છેવટે એક કૂવો મળ્યો પરંતું મુશ્કેલી એ ઉભી થઈ કે પાણી કાઢવા માટે ડોલ રસ્સી કાંઈ ન હતું. આપ પરેશાન થઈને ઉભા ઉભા વિચારી રહ્યા હતા કે પાણી હાંસલ કરવાની શું યુક્તિ કરવામાં આવે ! એવામાં અચાનક એક આઠ નવ વરસની બાળકીનો અવાજ સંભળાયો : આપ કોણ છો ? અને આટલા બધા શા માટે પરેશાન છો ? ફર્માવ્યું, હું શયખ જઝૂલી છું, સખત પરેશાન છું, નમાઝનો સમય તંગ થઈ રહ્યો છે અને સૌએ વુઝૂ કરવાનું છે, બેટી ! અમારી મદદ કરો અને ડોલ તથા રસ્સી લાવી દો જેથી અમે પાણી કાઢીને વુઝૂ કરી લઈએ. બાળકી દોડતી દોડતી આવી અને બોલી, આપ તો ઘણા જ મોટા શયખ અને અલ્લાહના વલી છો. મેં આપની નેકીઓનો ખૂબ ચર્ચો સાંભળ્યો છે. આશ્ચર્ય છે કે એક મામૂલી જરૂરત આપ પૂરી નથી કરી શકતા. બાળકી કૂવાની નજીક ગઈ અને એમાં થૂકી દીધું તો તે જ ઘડીએ કૂવો ઝરણુ બની ગયો અને પાણી ઉપર સુધી આવીને વહેવા લાગ્યું. હઝરત શયખ પરસેવે રેબઝેબ થઈ ગયા અને આપના મુરીદો આશ્ચર્યમાં ડૂબી ગયા. જેમ તેમ કરીને સૌએ પોતે પોતાને કન્ટ્રોલ કર્યા અને હઝરત શયખે બાળકીને અલ્લાહનો વાસ્તો આપતાં કહ્યું કે થોડી વાર અહીં થોભો અમે નમાઝ પઢી લઈએ પછી તમારાથી કાંઈક વાત કરવી છે. સૌએ

વુઝૂ કર્યું, નમાઝ પઢી અને પાણીથી ખૂબ તૃપ્ત થયા.

ફારિગ થઈને હઝરત શયખ رحمۃ اللہ علیہ બાળકીની તરફ ધ્યાનિત થયા અને ફર્માવ્યું : હે બેટી ! અલ્લાહ તમને જઝાએ ખૈર આપે કે તમે નમાઝ કઝા થવાના ગુનાહથી અમને બચાવીને અમારા પર મહાન એહસાન કર્યું છે. હું તમને અલ્લાહ વ રસૂલનો વાસ્તો આપુ છું કે તમે મને એ બનાવી દો કે આ ઉમરમાં તમને આ બુલંદ મર્તબો તથા મકામ કયા અમલથી હાંસલ થયો ? બાળકી શર્મિંદા થઈને બોલી, એવું ન કહો ! મારી પાસે ન તો કોઈ મર્તબો છે ન મકામ છે. હું તો બકરીઓ ચરાવનારી એક ગામડાવાસી છોકરી છું. હા ! **આ સદકો એ આકા ﷺ પર ખૂબ જ પ્રમાણમાં દુરૂદ શરીફ પઢવાનો છે** જેની રહમતના દામનમાં કેવળ ઈન્સાનોને જ નહીં જંગલી જાનવરોને પણ પનાહ નસીબ થાય છે. હું આખો દિવસ બકરીઓ ચરાવતાં ચરાવતાં આપણા એ જ આકા ﷺ પર દુરૂદ શરીફ પઢતી રહું છું. તેમણે પણ એકવાર કૂવામાં લુઆબે દહન (થૂક મુબારક) નાખીને તેનાથી પોતાના ગુલામોને તૃપ્ત કર્યા હતા, મેં એમની જ સુન્નત પર અમલ કર્યો અને તેમના જ રહમતના દરિયાથી આપ લોકો સૈરાબ થયા છે.

હઝરત શયખ જઝૂલી رحمۃ اللہ علیہ એ આ બનાવથી પ્રભાવિત થઈને પોતાના મુજર્રબ (અજમાવેલ) દુરૂદ શરીફ કિતાબી સ્વરૂપમાં જમા કરવાનો ફેંસલો કર્યો અને દલાઈલુલ ખૈરાત શરીફના સ્વરૂપમાં આપણને એ ખજાનો બખ્શ્યો. આપે એ બાળકીનું બતાવેલું દુરૂદ શરીફ પણ એ કિતાબના સાતમા ભાગમાં સામેલ કર્યું છે, તેને સલાતુલ બીર કહે છે. ટૂંકુ પણ બેહદ અસરકારક તથા લાભદાયી છે.

**اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَّ عَلٰى اٰلِ سَيِّدِنَا مُحَمَّدٍ صَلٰوةً دَائِمَةً مَّقْبُوْلَةً تُؤَدِّىْ بِهَا عَنَّا حَقَّهُ الْعَظِيْمَ**

''હે અલ્લાહ ! અમારા આકા હઝરત મુહમ્મદ ﷺ અને આપની આલ પર એવું દુરૂદ મોકલ જે હમેશાં બાકી રહે અને મકબૂલ થાય કે અદા ફર્માવી આપ તું એના સબબે અમારી તરફથી તેના મહાન હક્કને.''

અમે નીચેના લખાણમાં કાંઈક અન્ય શબ્દો દુરૂદ શરીફના નકલ કરીએ છીએ જેથી ગુલામાને રસૂલ પોતાના આકા ﷺ પર દુરૂદ શરીફ નિછાવર કરીને દારૈનની સઆદતોથી માલામાલ થઈ શકે.

# અમુક દુરૂદના શબ્દો ફઝાઈલ સાથે

## ★ દુરૂદે રઝવિય્યહ તથા તેના ફઝાઈલ તથા ફાયદાઓ ★

صَلَّى اللّٰهُ عَلَى النَّبِيِّ الْاُمِّيِّ وَاٰلِهٖ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ

صَلٰوةً وَّسَلَامًا عَلَيْكَ يَا رَسُوْلَ اللّٰهِ

એના ચાલીસ ફાયદા છે જે સહીહ તથા મોઅતબર હદીષોથી સાબિત છે. અહીં અમુક નમૂનારૂપે રજૂ કરીએ છીએ. જે શખ્સ રસૂલુલ્લાહ ﷺથી મહોબ્બત રાખશે, જે તેમની અઝમત સર્વ જહાન કરતાં વધુ દિલમાં રાખશે, જે તેમની શાન ઘટાડવાવાળાથી, તેમનો પાક ઝિક્ર મિટાવવાવાળાઓથી દૂર રહેશે, દિલથી બેઝાર થશે, એવો કોઈ મુસલમાન આ દુરૂદ શરીફને પઢશે તો અલ્લાહ તઆલા ત્રણ હજાર નેઅમતો તેના પર ઉતારતો રહેશે.

★ એના પર બે હજારવાર પોતાના સલામ મોકલશે.

★ પાંચ હજાર નેકીઓ તેના આમાલનામામાં લખી દેશે.

★ તેના પાંચ હજાર ગુનાહ માફ કરી આપશે.

★ કયામતમાં રસૂલુલ્લાહ ﷺ તેની સાથે મુસાફો કરશે.

★ તેના માથા પર એ લખી આપશે કે આ મુનાફિક્ નથી.

★ તેના માથા પર એ લખી આપશે કે આ દોઝખથી આઝાદ છે.

★ અલ્લાહ તઆલા એને કયામતના દિવસે શહીદોની સાથે રાખશે.

★ તેના માલમાં વૃધ્ધિ કરશે.

★ તેની ઔલાદ અને ઔલાદની ઔલાદની ઔલાદમાં બરકત આપશે.

★ દુશ્મનો પર સરસાઈ આપશે.

★ દિલોમાં એની મહોબ્બત રાખશે.

★ કોઈ દિવસ ખ્વાબમાં ઝિયારતે અક્દસની બરકતથી મુશર્રફ થશે.

★ ઈમાન પર ખાત્મો થશે.

★ કયામતમાં રસૂલુલ્લાહ ﷺની શફાઅત તેના માટે વાજિબ થશે.

★ અલ્લાહ ﷻ એનાથી એવો રાજી થશે કે કદી એનાથી નારાજ ન થશે.

આ દુરૂદ શરીફની સર્વ સુન્નીઓ માટે ઈજાઝત ફર્માવી છે શર્ત એ કે બદમઝહબોથી બચે.

## ★ "દુરૂદે રઝવિય્યહ" પઢવાનો તરીકો ★

આ દુરૂદે મકબૂલને મોટાભાગના હઝરાત "દુરૂદે જુમ્આ" પણ કહે છે. જુમ્આની નમાઝ બાદ મદીના શરીફની તરફ મોં કરીને હાથ બાંધીને ઉભા રહીને સો વાર પઢે. બેહતર છે કે બે ચાર દસ વીસ હઝરાત ભેગા મળીને પઢે. એ એક દુરૂદ દસના બરાબર છે અને દરેક દુરૂદનો સવાબ દસ ગણો છે, એટલે જે આ દુરૂદને એક વાર પઢે તો સો દુરૂદનો સવાબ પામે, એ જ પ્રમાણે દસ વ્યક્તિઓ મળીને એક એક વાર પઢે તો દરેક વ્યક્તિ એક હજારનો સવાબ પામે, એક હજાર ગુનાહ દૂર થાય, એક હજાર નેકીઓ મળે, એક હજાર વાર તેના પર રહમત થાય. આ તો કેવળ એકવાર પઢવાનો બદલો છે, એ જ પ્રમાણે દરેકે સો સો વાર પઢયું તો કેટલો સવાબ મળશે ?!

જે હઝરાત સુધી આ ચીજ પહોંચે તેમણે જોઈએ કે પોતાના દોસ્તો સાથીઓ સગાંઓ અને જુમ્આની નમાઝ પઢનારા સાથીઓને પણ એના પ્રતિ ધ્યાનિત કરે જેથી દુરૂદ પઢવાવાળાઓની પણ ખૂબ જ અધિક થઈ જયા કરે, કેમ કે જેટલા અધિક લોકો સામેલ થશે તેમનો દસગણો સવાબ દરેકને મળશે. અને જે ધ્યાનિત કરશે તેને સૌનો દસ ગણો થઈને એ એકલાને મળશે અને પઢનારાઓના સવાબમાંથી કાંઈ ઓછુ નહીં થાય.

એને એ રીતે સમજો કે દસ વ્યક્તિઓએ સામેલ થઈને એક એક વાર પઢયું તો દરેકને એક હજારનો સવાબ મળશે. અને જેણે બીજાઓને ધ્યાનિત કર્યા તેને તે સૌનું દસ ગણુ થઈને દસ હજારનો સવાબ મળશે. મૌલા તઆલા તૌફીક બખ્શે. આમીન.

જ્યારે દુરૂદ ખત્મ કરે તો દુઆના માટે જે રીતે હાથ ઉઠાવવામાં આવે ઉઠાવીને દુઆએ શજરા મન્ઝૂમ, ઈમામ અથવા કોઈ એક વ્યક્તિ પઢે અને

સૌ આમીન કહે. ત્યાર બાદ ફાતિહા પઢીને હુઝૂર સૈયદે આલમ ﷺ તથા સહાબાએ કિરામ તથા અન્ય બુઝુર્ગોને દીનની રૂહને સવાબ બખ્શે, ત્યારબાદ મુનાજાત મન્ઝૂમ પઢે અને પોતાના માટે દુઆ કરે, સાથોસાથ તમામ સુન્ની મુસલમાનો માટે પણ ઈમાન પર ખાત્મા અને બખ્શિશની દુઆ કરે.

મદીના મુનવ્વરાની દિશા અહીં (India) થી પશ્ચિમ અને ઉત્તર દિશા વચ્ચે (વાયવ્ય ખૂણા) તરફ પડે છે, એટલા માટે ક઼િબ્લાથી જમણા હાથ બાજુ ત્રાંસા થઈને ઉભા રહો તો આપનું મુખ મદીના મુનવ્વરા બાજુ થઈ જશે.

## ★ દુરૂદે શિફા શરીફ ★

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ طِبِّ الْقُلُوْبِ وَ دَوَآئِهَا وَ عَافِيَةِ الْاَبْدَانِ وَ شِفَآئِهَا وَ نُوْرِ الْاَبْصَارِ وَ ضِيَآئِهَا وَ عَلٰى اٰلِهٖ وَ صَحْبِهٖ وَ سَلِّمْ

તર્જુમો : હે અલ્લાહ ! દુરૂદ મોકલ અમારા સરદાર હઝરત મુહમ્મદ ﷺ પર જે દિલોના તબીબ અને તેમની દવા છે, અને શરીરની આફિયત (રાહત) અને તેની શિફા છે, અને આંખોનું નૂર તેમની ચમક છે અને આપની આલ તથા અસ્હાબ પર દુરૂદો સલામ મોકલ. *(જવાહિરુલ બિહાર, ૩/૪૦)*

આ દુરૂદને પઢવાથી શારીરિક તથા રૂહાની બીમારીઓથી શિફા હાંસલ થાય છે.

## ★ સલાતે હલ્લે મુશ્કિલાત (મુશ્કેલીઓ હલ માટેનું દુરૂદ) ★

اَللّٰهُمَّ صَلِّ وَ سَلِّمْ وَ بَارِكْ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ قَدْ ضَاقَتْ حِيْلَتِىْ اَدْرِكْنِىْ يَا رَسُوْلَ اللّٰهِ

"યા અલ્લાહ ! અમારા સરદાર હઝરત મુહમ્મદ ﷺ દુરૂદો સલામ અને બરકતો મોકલ. યા રસૂલલ્લાહ ! ﷺ દસ્તગીરી કરો મારો હીલો તથા કોશિશ તંગ આવી ચૂકેલ છે."

મુફતીએ દમિશ્ક હામિદ આફંદી رحمۃ اللہ علیہ એકવાર સખત મુશ્કેલીઓમાં સપડાયા, ત્યાંનો વઝીર તેમનો સખત દુશ્મન થઈ ગયો. આપ રાતમાં ખૂબ જ બેચૈની તથા ચિંતામાં હતા એવામાં આંખ મીચાઈ ગઈ.

નબી અકરમ ﷺ તશરીફ લાવ્યા, તસલ્લી આપી અને આ દુરૂદ શરીફ શીખવ્યું કે જ્યારે તું એને પઢીશ તો અલ્લાહ કરીમ તારી મુશ્કેલી હલ કરી આપશે. આંખ ખુલી ગઈ અને આ દુરૂદ શરીફ પઢયું તો મુશ્કેલી હલ થઈ ગઈ.

મિલ્લતના મહાન બુઝુર્ગોએ મોટાભાગે મુશ્કેલીઓમાં એને પઢયું છે. ફતાવા શામીના સંપાદક અલ્લામા સૈયદ ઈબ્ને આબિદીન رحمۃ اللہ علیہના લખાણમાં એની બાકાયદા સનદ મૌજૂદ છે. *(અફઝલુસ્સલાત, પેજ–૧૫૪)*

## ★ પઢવાનો તરીકો ★

એને પઢવાનો તરીક઼ો એ છે કે ઈશાની નમાઝ બાદ તાજુ વુઝૂ કરીને બે રકાત નફ્લ નમાઝ પઢે. પ્રથમ રકાતમાં અલ્હમ્દુ શરીફ પછી **قل یایہا الکافرون** અને બીજી રકાતમાં અલ્હમ્દુ શરીફ પછી સૂરએ ઈખ્લાસ (કુલહુ વલ્લાહ શરીફ) પઢે. ફારિગ થઈને ક઼િબ્લા બાજુ એવી જગાએ બેસે જ્યાં સૂઈ જવાનું હોય અને સાચા દિલથી તૌબા કરીને એક હજાર વાર **اَستَغفِرُ اللہَ العَظِیْم** પઢે ત્યારબાદ પગોવાળીને અદબપૂર્વક બેસીને એ તસવ્વુર (ખયાલ) બાંધી લે કે રસૂલે કરીમ ﷺના હુઝૂરમાં હાજર છું અને અર્ઝ કરી રહ્યો છું, સો વાર બસો વાર, ત્રણસો વાર....મતલબ કે પઢતો જાય, જ્યારે ઊંઘ છવાવા લાગે તો એ જ જગાએ જમણા પડખે કિબ્લા તરફ મોં કરીને સૂઈ જાય. જ્યારે પાછલી રાતે જાગે તો ફરી એ જ જગાએ અદબપૂર્વક બેસીને સવારની નમાઝ સુધી દુરૂદ શરીફ પઢતો રહે, પઢતી વખતે પોતાની હાજત કે મુશ્કેલીના હલનો ખયાલ રાખે, ઈન્શા અલ્લાહુ તઆલા ! એક રાતમાં કે ત્રણ રાતોમાં મુરાદ બર આવશે. આખરી રાત જુમ્આની હોય તો બેહતર છે.

## ઝિયારતે રોઝએ રસૂલ ﷺ

જેવી રીતે વર્ણવેલ સર્વ વાતો એક ઉમ્મતી પર રસૂલ ﷺના હક્ક઼ો છે એવી જ રીતે સરકારે કૌનેન ﷺના રોઝાની ઝિયારત કરવી અને આપની બારગાહમાં હાજરી આપવી એ પણ એક મુસલમાન પર રસૂલ ﷺનો હક્ક઼ છે અલ્લાહ عزوجل ઈર્શાદ ફર્માવે છે :

وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْٓا اَنْفُسَهُمْ جَآؤُكَ فَاسْتَغْفَرُوا اللّٰهَ وَاسْتَغْفَرَ لَهُمُ الرَّسُوْلُ لَوَجَدُوا اللّٰهَ تَوَّابًا رَّحِيْمًا

"અને જો જ્યારે તેઓ પોતાની જાનો પર જુલ્મ કરે તો હે મહબૂબ ! તમારી સમક્ષ હાજર થાય અને પછી અલ્લાહથી માફી ચાહે અને રસૂલ એમની શફાઅત ફર્માવે તો જરૂર અલ્લાહને ખૂબ જ તૌબા કબૂલ કરનાર તથા મહેરબાન પામશે." *(સૂ. નિસાઅ, આ. ૬૪)*

નબી અકરમ ﷺએ પણ પોતાના રોઝાની ઝિયારત કરનારાઓના ફઝાઈલ વર્ણવતાં ઈર્શાદ ફર્માવ્યો : مَنْ زَارَ قَبْرِيْ وَجَبَتْ لَهُ شَفَاعَتِيْ "જેણે મારી કબરની ઝિયારત કરી તેના માટે મારી શફાઅત વાજિબ થઈ ગઈ." *(બયહક઼ી)*

બીજા ઠેકાણે ફર્માવ્યું :–

مَنْ زَارَنِيْ بَعْدَ مَمَاتِيْ فَكَاَنَّمَا زَارَنِيْ فِيْ حَيَاتِيْ وَ مَنْ مَّاتَ بِاَحَدِ الْحَرَمَيْنِ بُعِثَ مِنَ الْاٰمِنِيْنَ يَوْمَ الْقِيٰمَةِ

"જેણે મારી વફાતના પછી મારી ઝિયારત કરી તેણે જાણે મારી હયાતમાં મારી ઝિયારત કરી, અને જે હરમૈન શરીફૈનમાંથી એકમાં મરી ગયો તેને ક઼યામતના દિવસે અમ્નવાળાઓની જમાઅતમાં ઉઠાડવામાં આવશે." *(દારક઼ુત્ની)*

એક અન્ય સ્થળે ફર્માવે છે : مَنْ حَجَّ الْبَيْتَ وَلَمْ يَزُرْنِيْ فَقَدْ جَفَانِيْ "જેણે બયતુલ્લાહનો હજ કર્યો અને મારી ઝિયારત ન કરી તેણે મારા પર જુલ્મ કર્યો." *(કામિલ ઈબ્ને અદી)*

મારા પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ ! તે નબી જે આપણી ખાતર રાત રાતભર રડયા કરતા હતા અને આપણી બખ્શિશ માટે ગિર્યાઓ ઝારી કર્યા કરતા હતા, તે નબી જેમણે પોતાની પાકીઝા હયાતની ઘડીઓ ઉમ્મતની ખૈરખ્વાહીમાં ગુજારી દીધી, તે નબી જેમણે અમો ગુનેહગારો માટે કેટલી મુસીબતો તથા પીડાઓ સહન કરી, આપણા પર પણ ઉપર વર્ણવેલ આઠ હક્ક઼ો છે તો આપણે એ વાતની ભરપૂર કોશિશ કરવી જોઈએ કે કોઈ પણ સ્થિતિમાં એ આઠેવ હક્ક઼ોમાં કોઈ પ્રકારની ઉણપ ન થવા પામે.

અલ્લાહ عزوجل આપણને સૌને કામિલ મો'મિન અને સાચા આશિક઼ બનીને જિંદગી ગુજારવાની તૌફીક અતા કરે, અને અલ્લાહના હક્કો, રસૂલના હક્કો તથા બંદાઓના હક્કોની અદાયગી કરવાની તૌફીક઼ અતા કરે અને છેલ્લા શ્વાસ સુધી આપણા પ્યારા હબીબ صلی اللہ علیہ وسلمના દયારમાં બે ગજ જમીન અતા ફર્માવે.

آمین بجاہ النبی الکریم علیہ افضل الصلوٰۃ و التسلیم

## ❀ ફિર કે ગલી ગલી તબાહ ઠોકરેં સબકી ખાએ ક્યૂં ❀

અઝ : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

ફિર કે ગલી ગલી તબાહ ઠોકરેં સબકી ખાએ ક્યૂં
દિલ કો જો અક્લ દે ખુદા તેરી ગલીસે જાએ ક્યૂં

રુખ્સતે કા઼ફલા કા શોર ગ઼શસે હમેં ઉઠાએ ક્યૂં
સોતે હૈં ઉન્કે સાયામેં કોઈ હમેં જગાએ ક્યૂં

યાદે હુઝૂર કી ક઼સમ ગફલતે ઐશ હૈ સિતમ
ખૂબ હૈં કૈ઼દે ગ઼મમેં હમ કોઈ હમેં છુળાએ ક્યૂં

દેખ કે હઝરતે ગ઼ની ફૈલ પળે ફક઼ીર ભી
છાઈ હૈ અબ તો છાવની હશ્ર હી આ ન જાએ ક્યૂં

જાન હૈ ઈશ્કે મુસ્તફા રોઝ ફુઝૂં કરે ખુદા
જિસ કો દર્દ કા મઝા નાઝે દવા ઉઠાએ ક્યૂં

ખુશ રહે ગુલસે અન્દલીબ ખારે હરમ મુઝે નસીબ
મેરી બલા ભી ઝિક્ર પર ફૂલ કે ખાર ખાએ ક્યૂં

જાને સફર નસીબ કો કિસને કહા મઝેસે સો
ખટકા અગર સહ઼ર કા હો શામસે મૌત આએ ક્યૂં

અબ તો ન રોક અય ગ઼ની આદતે સગ બિગળ ગઈ
મેરે કરીમ પહલે હી લુક઼માએ તર ખિલાએ ક્યૂં

સંગે દરે હુઝૂરસે હમ કો ખુદા ન સબ્ર દે
જાના હૈ સર કો જો ચુકે દિલ કો ક઼રાર આએ ક્યૂં

હૈ તો **'રઝા'** નરા સિતમ જુર્મ પે ગર લજાએં હમ
કોઈ બજાએ સોઝે ગ઼મ સાઝે તરબ બજાએ ક્યૂં

## મોહસિને ઈન્સાનિયત ﷺનો દુનિયાના ઈન્સાનોના નામે વિશ્વવ્યાચી સંદેશ

હવે આવો ! ''હજજતુલ વિદાઅ''ના મોકા પર અલ્લાહના રસૂલ ﷺએ માનવ જાતીના માટે જે બુધ્ધિપૂર્ણ અને ઈલ્મ તથા હિકમતથી લબરેઝ મુસ્લેહાના (સુધારણાયુક્ત) ખિતાબ ફર્માવ્યો હતો તેને જુઓ. આપનું એ પ્રવચન હક઼ીક઼તમાં એક આંતરરાષ્ટ્રીય સંબોધન હતું :

''હે લોકો ! તમારી જાનો અને તમારા માલો તમારા પર ઈજ્જત તથા હુર્મત (આબરૂ)વાળા છે ત્યાં સુધી કે તમે તમારા રબથી મુલાકાત કરો. એ એવી રીતે છે જેવી રીતે તમારો આજનો દિવસ હુર્મતવાળો છે, જેવી રીતે તમારો આ મહીનો હુર્મતવાળો છે, અને જેવી રીતે તમારું આ શહેર હુર્મતવાળુ છે. બેશક ! તમે તમારા રબથી મુલાકાત કરશો, તે તમને તમારા અમલોના વિશે પૂછશે.

સાંભળો ! અલ્લાહનો પયગામ મેં પહોંચાડી આપ્યો. અને જે શખ્સની પાસે કોઈએ અમાનત રાખી હોય તેના પર લાઝિમ છે કે તે અમાનતને એના માલિક સુધી પહોંચાડી આપે. બધુ વ્યાજ માફ છે, પરંતું તમારા માટે અસલ માલ (રૂપિયા) છે, ન તમે કોઈના પર જુલ્મ કરો ન કોઈ તમારા પર જુલ્મ કરે.

અલ્લાહ તઆલાએ ફેંસલો ફર્માવી આપ્યો છે કે કોઈ વ્યાજ નથી. સૌ પ્રથમ જે વ્યાજને હું નષ્ટ કરું છું તે અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલિબનું વ્યાજ છે. એ પૂરે પૂરું બધું જ માફ છે. જાહિલિયતના જમાનાની દરેક ચીજને હું નાબૂદ કરું છું, અને સર્વ ખૂનોમાંથી જે ખૂન હું માફ કરી રહ્યો છું તે અબ્દુલ મુત્તલિબના પુત્ર હારિષના પુત્ર રબીઆનું ખૂન છે જે એ વખતે બનૂ સઅદને ત્યાં દૂધ પીતુ બાળક હતો અને હઝીલ કબીલાએ તેને ક઼ત્લ કરી આપ્યો.

હે લોકો ! શૈતાન એ વાતથી નિરાશ થઈ ગયો છે કે આ જમીનમાં કદી તેની ઈબાદત કરવામાં આવશે, પરંતું તેને આશા છે કે તે નાના નાના ગુનાહો

કરાવવામાં કામયાબ થઈ જશે એટલા માટે તમે એ નાના નાના અમલોથી સાવધાન રહેજો.

પછી ફર્માવ્યું કે જે દિવસે અલ્લાહ તઆલાએ જમીન તથા આસ્માનને પેદા કર્યાં, સાલને બાર મહીનાઓમાં વહેંચ્યું એમાંથી ચાર મહીના હુર્મતવાળા છે. (ઝી કૂઅદા, ઝીલ હજ્જ, મુહર્રમ અને રજબ) એ મહીનાઓમાં જંગ લડાઈ જાઈઝ નથી.

કાફિરો પોતાના મકસદોને ખાતર એ મહીનાઓમાં ફેરફાર કરી લીધા કરતા હતા.

હે લોકો ! અલ્લાહ તઆલાથી ડરીને રહ્યા કરો. હું તમને સ્ત્રીઓ સાથે ભલાઈની વસિયત કરું છું કેમ કે તેણીઓ તમારા હાથ હેઠળ છે, તેઓ પોતાના બારામાં કોઈ અખત્યારની માલિક નથી અને એ તમારી પાસે અલ્લાહ તઆલાની તરફથી અમાનત છે અને અલ્લાહના નામની સાથે તેણીઓ તમારા પર હલાલ થઈ છે. તમારા એમના માથે હક્કો છે અને એમના તમારા પર પણ હક્કો છે. તમારો એમના પર એ હક્ક છે કે તે તમારા બિસ્તરની આબરૂને સલામત રાખે.

અને એમના પર એ લાઝિમ છે કે તેણીઓ ઉઘાડી બેહયાઈમાં ન પડે. અને જો તેમનાથી બેહયાઈની કોઈ હરકત થઈ જાય પછી અલ્લાહ તઆલાએ તમને ઈજાઝત આપી છે કે તમે તેમને પોતાના શયનકક્ષથી દૂર કરી દો અને તેમને સજા રૂપે તમે મારી શકો છો પરંતુ જે માર સખત ન હોય. અને જો તેણીઓ સુધરી જાય તો પછી તમારા પર લાઝિમ છે કે તમે તેમના ખાવા પીવા તથા લિબાસની ઉમદા રીતે વ્યવસ્થા કરો. બેશક ! મેં અલ્લાહનો પયગામ તમને પહોંચાડી આપ્યો. અને હું તમારામાં એવી બે ચીજો છોડીને જઈ રહ્યો છું કે જો તમે એમને મજબૂતીથી પકડી રાખશો તો કદાપિ ગુમરાહ ન થશો, અલ્લાહ તઆલાની કિતાબ (કુર્આને કરીમ) અને એના નબી ﷺની સુન્નત.

હે લોકો ! મારી વાત ધ્યાનથી સાંભળો અને એને સમજો. તમને એ ચીજ માલૂમ હોવી જોઈએ કે દરેક મુસલમાન બીજા મુસલમાનનો ભાઈ છે

અને બધા મુસલમાન આપસમાં ભાઈ ભાઈ છે. કોઈ માણસના માટે જાઈઝ નથી કે પોતાના ભાઈના માલમાંથી તેની રઝામંદી વિના કોઈ ચીજ લે, તો તમે પોતે પોતાના પર જુલ્મ ન કરશો.

જાણી લો ! દિલ આ ત્રણ વાતો પર હસદ તથા અદાયગી નથી કરતાં : કોઈ અમલને કેવળ અલ્લાહ તઆલાની રઝાના માટે કરવો, સમયના હાકિમને શુભેચ્છા રૂપે નસીહત કરવી, મુસલમાનોની જમાઅતની સાથે સામેલ રહેવું. અને બેશક઼ ! એમની દાવત એ લોકોને પણ સમાવે છે જે એમના સિવાયના છે જેની નિય્યત દુનિયાની તલબ હોય. અલ્લાહ તઆલા તેની મુફલિસી તથા ગરીબીને તેની આંખો સમક્ષ જાહેર કરી આપે છે અને તેના ધંધાની આવક વેર વિખેર થઈ જાય છે અને નથી હાંસલ થતું તેને તેનાથી પણ એટલું જે એની તકદીરમાં લખી દેવામાં આવ્યું છે. અને જેની નિય્યત આખેરતમાં કામયાબી હાંસલ કરવાની છે તો અલ્લાહ તઆલા તેના દિલને ગની કરી દે છે અને તેનો ધંધો તેના માટે પૂરતો થઈ જાય છે અને દુનિયા તેની પાસે આવે છે એ હાલમાં કે તે પોતાનું નાક ઘસેડીને આવે છે.

અલ્લાહ તઆલા એ શખ્સ પર રહમ કરે જેણે મારી વાતને સાંભળી અને અન્યો સુધી પહોંચાડી. ઘણીવાર તે માણસ જે ફિક઼્હનો જાણકાર છે તે ખુદ ફક઼ીહ નથી હોતો, અને કેટલીક વાર ફિક઼્હ ધરાવનાર કોઈ એવા શખ્સને વાત પહોંચાડે છે જે એના કરતાં અધિક ફક઼ીહ હોય છે.

તમારા ગુલામને જે તમે ખાવ છો એમાંથી તેમને ખવડાવો, જે તમે ખુદ પહેરો છો એમાંથી એમને પહેરાવો. જો તેમનાથી કોઈ એવી ભૂલ થઈ જાય જેને તમે માફ કરવાનું પસંદ નથી કરતા તો એને તેમને વેચી દો.

હે અલ્લાહના બંદાઓ ! તેમને સજા  ન આપો. હું પડોશીના બારામાં તમને નસીહત કરું છું. (આ વાક્ય સરકારે દો આલમ ﷺએ એટલીવાર દોહરાવ્યું કે અમને એવો અંદેશો થઈ ગયો કે હુઝૂર ﷺ પડોશીને વારસદાર ન બનાવી દે !)

હે લોકો ! અલ્લાહે હક઼્દારને તેનો હક઼્ આપી દીધો છે, એટલા માટે કોઈ શખ્સના માટે જાઈઝ નથી કે પોતાના કોઈ વારસદારના માટે વસિયત

કરે. બેટો બિસ્તરવાળાનો હોય છે એટલે કે પતિનો અને બદકારના માટે પથ્થર (સંગસારી). જે શખ્સ પોતે પોતાને પોતાના બાપના સિવાય કોઈની તરફ સંબંધિત કરે છે તેના પર અલ્લાહ તઆલા, ફરિશ્તાઓ અને સર્વ લોકોની લઅનત થાય.

ન કબૂલ કરશે અલ્લાહ તઆલા તેનાથી કોઈ બદલો અને કોઈ માલ. જે ચીજ કોઈનાથી માગી લો તેને પરત કરો, અતિયો જરૂર પરત થવો જોઈએ અને કરજો લાઝમી રીતે તેને અદા કરવો જોઈએ અને જે જામિન થાય તેના પર તેની જમાનત જરૂરી છે.

તમારાથી મારા બારામાં પૂછવામાં આવશે તો શું જવાબ આપશો ? તેમણે કહ્યું, અમે ગવાહી આપીશું કે આપે અલ્લાહનો પૈગામ પહોંચાડયો, તેને અદા કર્યો અને ખુલૂસની હદ કરી આપી.''

મારા પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ ! ૯–ઝીલ હજ્જ હિ.સ. ૧૦ના રોજ અરફાતના મેદાનમાં અલ્લાહના રસૂલ ﷺનો બયાન કરેલો આ તે મહાન ખુત્બો છે જેમાં આપે ઈન્સાનોના લભગભ સર્વ મહત્વના હક્ક઼ો તથા ફર્ઝો વર્ણવી આપ્યા. આ તે પવિત્ર ખુત્બો છે જેમાં આપે ઈન્સાનોના સામાજિક, આર્થિક, તાલીમી, માલી પ્રગતિઓની પ્રતિ રહનુમાઈ ફર્માવી. દરેક બુરી તથા ગલત રસ્મ અને નુકસાનકર્તા આદતો તથા અમલોની સખત બુરાઈ વર્ણવી. આ ખુત્બાને વારંવાર વાંચો અને પોતાની તથા પોતાના સમાજની ઈસ્લાહ તથા સુધારણાની ફિકર કરો. અલ્લાહ તબારક વ તઆલા આપણને સૌને પોતાના હબીબ ﷺનાં ફર્માનો તથા આદેશો પર અડગ રહેવાની તૌફીક઼ અતા કરે. આમીન.

# સીરતે મુસ્તફા ﷺનો આઈનો

**પિતા :** હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્દુલ મુત્તલિબ رضی اللہ عنہ.

**માતા :** હઝરત આમિના બિન્તે વહબ رضی اللہ عنہا

**જન્મ મુબારક :** હુઝૂર રહમતે આલમ ﷺનો જન્મ મુબારક મશહૂર કથન પ્રમાણે અસ્હાબે ફીલના બનાવના ૫૫ દિવસો બાદ ૧૨ રબીઉલ અવ્વલ, ઈ.સ. પ્રમાણે ૨૦, એપ્રિલ ૫૭૧ના સોમવારના રોજ મક્કા મુકર્રમામાં સુબ્હ સાદિક઼ના સમયે થઈ.

વંશવેલો મુબારક : સૈયદના મુહમ્મદ બિન અબ્દુલ્લાહ બિન અબ્દુલ મુત્તલિબ બિન હાશિમ બિન અબ્દે મુનાફ બિન કુસય બિન કિલાબ બિન મુર્રા બિન કઅબ બિન લુવય બિન ગાલિબ, બિન ફિહ્ર બિન માલિક બિન નઝર બિન કિનાના બિન ખુઝૈમા બિન મુદરિકા બિન ઈલ્યાસ બિન મુઝર બિન નઝાર બિન મુઈદ બિન અદનાન.

### ★ મુસ્તફા ﷺના જીવનના અમુક બનાવો એક નજરમાં ★

| ક્રમ | મહત્વના બનાવો | તારીખ |
|---|---|---|
| ૧ | હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہની વફાત | વિલાદતે મુસ્તફા ﷺથી ૬ મહીના અગાઉ બનૂ અદી બિન નજારમાં |
| ૨ | હઝરત આમિના رضی اللہ عنہاની વફાત | હુઝૂર ﷺની ઉમર છ વરસની થઈ ત્યારે |
| ૩ | હઝરત અબ્દુલ મુત્તલિબની વફાત | ઉમર મુબારક જયારે આઠ વરસની થઈ |
| ૪ | શામનો પહેલો સફર | ૧૨ વરસની વયે. |
| ૫ | જંગે ફુજજારમાં શરીક થવું | ૧૪ વરસની વયે. |
| ૬ | હલફુલ ફુઝૂલ | ફુજજારની જંગથી પરત થયા બાદ |
| ૭ | શામનો બીજો સફર | ૨૫ વરસની ઉમરમાં |
| ૮ | મક્કાવાસીઓએ આપને સાદિક તથા અમીનનો લક઼બ આપ્યો. | ૨૫ વરસની ઉમર બાદ |

| | | |
|---|---|---|
| ૯ | નસ્તૂરા રાહિબનો બનાવ | બસરા શહેરમાં શામના બીજા સફરમાં |
| ૧૦ | હઝરત ખદીજા رضي الله عنها ની નિકાહ | ૨૫ વરસની ઉમરમાં |
| ૧૧ | કાબાના બાંધકામ વખતે હજરે અસ્વદનો મસ્અલો | ૩૫ વરસની ઉમરમાં |
| ૧૨ | ગારે હિરામાં સવાર સાંજ ઈબાદત | ૩૭ વરસની ઉમરમાં |
| ૧૩ | બઅયત તથા વહીનો પ્રારંભ | ૪૦ વરસની ઉમરમાં |
| ૧૪ | ઈસ્લામની તબ્લીગની શરૂઆત | સન ૧ એલાને નુબવ્વતમાં સૂરએ મુદષ્ષિરની આયતોના નુઝૂલ બાદ |
| ૧૫ | છુપી રીતે ઈસ્લામની દાવત | સન ૧ થી ૩ એલાને નબુવ્વત |
| ૧૬ | એલાનિયા તબ્લીગની શરૂઆત | સન ૪ એલાને નબુવ્વત |
| ૧૭ | હબ્શાની હિજરતનો હુકમ | સન ૫ એલાને નબુવ્વત |
| ૧૮ | અમીરે હમ્ઝા رضي الله عنه નું ઈમાન લાવવું | સન ૬ એલાને નબુવ્વત |
| ૧૯ | ફારૂકે આ'ઝમ رضي الله عنه નું ઈમાન લાવવું | સન ૬ એલાને નબુવ્વત |
| ૨૦ | શોઅબે અબી તાલિબમાં ઘેરાવુ | સન ૭ થી ૧૦ એલાને નબુવ્વત |
| ૨૧ | મુશ્ફિક઼ કાકા અબૂ તાલિબનું મૃત્યુ | સન ૧૦ એલાને નબુવ્વત |
| ૨૨ | હઝરત ખદીજા કુબ્રા رضي الله عنها નો ઈન્તેકાલ | સન ૧૦ એલાને નબુવ્વત |
| ૨૩ | તાઈફમાં ઈસ્લામની તબ્લીગ | સન ૧૦ એલાને નબુવ્વત |
| ૨૪ | મેઅરાજે મુસ્તફા ﷺ | સન ૧૦ એલાને નબુવ્વત |
| ૨૫ | પંજ વક્તા નમાઝોની ફર્ઝિયત | સન ૧૦ એલાને નબુવ્વત મેઅરાજનો સફરમાં |
| ૨૬ | પ્રથમ બયઅતે ઉક઼બા | સન ૧૨ એલાને નબુવ્વત |
| ૨૭ | બીજી બયઅતે ઉક઼બા | સન ૧૩ એલાને નબુવ્વત |
| ૨૮ | મક્કાથી મુસ્તફા ﷺ ની હિજરત | ૨૭ સફરુલ મુઝફ્ફર ૧૩ એલાને નબુવ્વત |
| ૨૯ | ગારે ષૌરથી રવાનગી | સોમવાર ૧–રબીઉલ અવ્વલ સન ૧૩ એલાને નબુવ્વત |
| ૩૦ | કુબામાં આગમન | સોમવાર ૮–રબીઉલ અવ્વલ સન ૧૩ એલાને નબુવ્વત |
| ૩૧ | સૌ પ્રથમ જુમ્આ | બનુ સાલિમમાં ૧૨ રબીઉલ અવ્વલ ૧૩ એલાને નબુવ્વત |
| ૩૨ | મદીના મુનવ્વરામાં આગમન | જુમ્આના રોજ ૧૨ રબીઉલ અવ્વલ, ૧૩, એલાને નબુવ્વત, ૨૩ સપ્ટેમ્બર, ઈ.સ. ૬૨૨. |

| | | |
|---|---|---|
| ૩૩ | મસ્જિદે નબવીનું બાંધકામ | હિ.સ. ૧ |
| ૩૪ | અઝાનની શરૂઆત | હિ.સ. ૧ |
| ૩૫ | અકદે મવાખાત (ભાઈચારાનો કરાર) | મસ્જિદે નબવીમાં બાંધકામ વખતે હિ.સ.૧ |
| ૩૬ | હઝરત સલ્માન ફારસી رضي الله عنه મુસલમાન થયા | હિ.સ. ૧ |
| ૩૭ | રોઝા તથા ઝકાતની ફર્ઝિયતનો હુકમ | રમઝાન હિ.સ. ૨ |
| ૩૮ | ઈદગાહ પ્રથમ ઈદુલ ફિત્રની નમાઝની અદાયગી | શવ્વાલ હિ. સ. ૨ |
| ૩૯ | જેહાદની ઈજાઝત | ૧૨ સફરુલ મુઝફ્ફર હિ.સ. ૨ |
| ૪૦ | ગઝવએ બદર | ૧૭ રમઝાન શરીફ હિ.સ. ૨ |
| ૪૧ | તહવીલે કિ઼બ્લા (કિબ્લાનું બદલાવું) | હિ.સ. ૨ |
| ૪૨ | સદક઼એ ફિત્રનો હુકમ | હિ.સ. ૨ |
| ૪૩ | કે઼સાસ તથા દિયતના કાયદા ઘડાવું | હિ.સ. ૨ |
| ૪૪ | ગઝવએ ઓહદ | શવ્વાલુલ મુકર્રમ હિ.સ. ૩ |
| ૪૫ | વારસાના હુકમો તથા કાયદા | હિ.સ. ૩ |
| ૪૬ | મુશ્રિક સ્ત્રીઓ સાથે નિકાહ હરામ થવું | હિ.સ. ૩ |
| ૪૭ | બીરે મઊનાનો બનાવ | સફરુલ મુઝફ્ફર હિ.સ. ૪ |
| ૪૮ | શરાબ હરામ થવાનો હુકમ | હિ.સ. ૪ અથવા હિ.સ. ૬ |
| ૪૯ | ગઝબે બદર સુગરા | હિ.સ. ૪ |
| ૫૦ | પર્દાની ફર્ઝિયત | હિ.સ. ૫ |
| ૫૧ | ગઝવએ ખંદક | ઝુલ ક઼અદા હિ.સ. ૫ |
| ૫૨ | ઝિનાની તોહમત તથા લિઆન તથા ઝેહારના હુકમો | હિ.સ. ૫ |
| ૫૩ | તયમ્મુમની આયતનું ઉતરવું | હિ.સ. ૫ |
| ૫૪ | ઉફ્કનો બનાવ | હિ.સ ૫ |
| ૫૫ | ગઝવએ હુદૈબિયા | ઝી ક઼અદા હિ.સ. ૬ |
| ૫૬ | બયઅતે રિદ્દ઼વાન | ઝી ક઼અદા હિ.સ. ૬ |
| ૫૭ | હજની ફર્ઝિયાતનો હુકમ | હિ.સ. ૬ |
| ૫૮ | દુનિયાના રાજાઓને ઈસ્લામની દાવત | મુહર્રમુલ હરામ હિ.સ. ૭ |
| ૫૯ | ગઝવએ ખૈબર | મુહર્રમુલ હરામ હિ.સ. ૭ |
| ૬૦ | મુત્અહ હરામનો હુકમ | ગઝવએ ખૈબરના પ્રસંગે હિ.સ. ૭ |

| | | |
|---|---|---|
| ૬૧ | ફતહે મક્કા | રમઝાનુલ મુબારક હિ.સ. ૮ |
| ૬૨ | ગઝવએ હુનૈન | શવ્વાલુલ મુકર્રમ |
| ૬૩ | ચોરી પર હાથ કાપવાની સજા | હિ.સ. ૮ |
| ૬૪ | શરાબ પીવું, જૂગાર રમવું હરામ વિશે | |
| | કતઈ હુકમ | હિ.સ. ૮ |
| ૬૫ | ગઝવએ તબૂક | માહે રજબુલ મુરજ્જબ હિ.સ. ૯ |
| ૬૬ | વ્યાજ હરામ હોવાનો હુકમ | હિ.સ. ૯ |
| ૬૭ | હજ્જતુલ વિદાઅ | હિ.સ. ૧૦ |
| ૬૮ | વિસાલવેળા બીમારીની શરૂઆત | સોમવાર ૨૯ મુહર્રમુલ હરામ હિ.સ. ૧૧ |
| ૬૯ | વિસાલે હબીબે ખુદા ﷺ | સોમવાર ૧૨ મુહર્રમુલ હરામ હિ.સ. ૧૧ |
| ૭૦ | કફન દફનવિધિ | બુધવાર ૧૪ રબીઉલ અવ્વલ હિ.સ. ૧૧ |

## ★ હુઝૂર ﷺના પત્રો દુનિયાના રાજાઓના નામે ★

| ક્રમ | રસૂલુલ્લાહ ﷺના એલચી | રાજકર્તાનું નામ | દેશનું નામ |
|---|---|---|---|
| ૧. | અમ્ર ઈબ્ને ઉમૈયા ઝમરી رضی اللہ عنہ | નજાશી | હબ્શા |
| ૨. | હઝરત દહિયા બિન ખલીફા કલ્બી | હિરકલ | રોમ |
| ૩. | હઝરત અબ્દુલ્લાહ બિન હુઝાફા | ખુસ્રૂપરવેઝ બિન હરમઝ | ઈરાન |
| ૪. | હઝરત હાતિબ બિન અબી બલ્તઆ | મકૂનસ | મિસર |
| ૫. | હઝરત સલીત બિન અમ્ર આમિરી | હૌઝા બિન અલી હનફી | યમામા |
| ૬. | હઝરત શુજાઅ બિન વહબ | હારિષ બિન અબી શિમર ગસ્સાની | દમિશ્ક |
| ૭. | હઝરત અલાઅ બિન હઝરમી | મુન્ઝર બિન સાવી | બહરૈન |
| ૮. | હઝરત અમ્ર બિન આસ | જયફર બિન જુલંદી બિન આમિર | ઓમાન |

## ★ હુઝૂર ﷺના પત્રો દુનિયાના રાજાઓના નામે ★

| ક્રમ | પવિત્ર પત્ની સાહેબા | પુત્ર/પુત્રીનું નામ | જન્મ | વફાત |
|---|---|---|---|---|
| ૧. | હઝરત ખદીજતુલ કુબ્રા رضی اللہ عنہا | હઝરત કાસિમ | એલાને નબુવ્વત પહેલાં | બચપનમાં જ |
| | | હઝરત ઝયનબ | એલાને નબુવ્વત પહેલાં | હિ. સ. ૮ |
| | | હઝરત રુકૈયા | એલાને નબુવ્વત પહેલાં | હિ. સ. ૨ |

| | | | | |
|---|---|---|---|---|
| | | હઝરત અબ્દુલ્લાહ | એલાને નબુવ્વત પહેલાં | બચપનમાં જ |
| | | હઝરત ઉમ્મ કુલ્સૂમ | એલાને નબુવ્વત પહેલાં | શાબાન હિ. ૯ |
| | | હઝરત ફાતિમા | એલાને નબુવ્વત પહેલાં કે પછી | ૩ રમઝાન હિ.૧૧ |
| ૨. | હઝરત મારિયા કિબ્તિયા | હઝરત ઈબ્રાહીમ | ઝિલ હજ્જ હિ.સ. ૮ | ૨૯.અવ્વલ હિ.૧૦ |

નોંધ : હઝરત મારિયા કિબ્તિયા رضی اللہ عنہا હુઝૂર રહમતે આલમના બાંદી હતાં.

## ★ હુઝૂર રહમતુલ્ લિલ્આલમીન ﷺની પાક બીવીઓ ★

| ક્રમ નં. | પાક બીવી | નિકાહનું વરસ | નબી ﷺની ઉમર | પત્નીની ઉમર | નબીનો સંગાથ | વિસાલની સન | કુલ ઉમર | મઝાર | નિકાહ વખતની સ્થિતિ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | હઝરત ખદીજા | ૨૫ વિલાદત | ૨૫ વરસ | ૪૦ વરસ | ૨૫ વરસ | ૧૦ રમઝાન એલાને નબુવ્વત | ૬૫ વરસ | મક્કા મુકર્રમા | તેમની બે શાદી પહેલાં થઈ ચૂકી હતી |
| ૨ | હઝરત સૌદા | સન ૧૦ એલાને નબુવ્વત | ૫૦ વરસ | ૫૦ વરસ | ૧૪ વરસ | ૨૩ હિ. કે શવ્વાલ ૫૪ હિ. | ૭૬/૧૦૬ વરસ | મદીના મુનવ્વરા | વિધવા હતાં |
| ૩ | હઝરત આઈશા | શવ્વાલ હિ.૨ | ૫૪ વરસ | ૦૯ વરસ | ૦૯ વરસ | ૧૭ રમઝાન ૫૭ કે ૫૮ હિ.સ. | ૬૪/૬૪ વરસ | મદીના મુનવ્વરા | હુઝૂરને સૌથી અધિક પ્રિય હતાં |
| ૪ | હઝરત હફસા | શાબાન હિ.૩ | ૫૫ વરસ | ૨૦ વરસ | ૦૮ વરસ | જમાદીયુલ ઉલા હિ.સ. ૪૫ | ૬૦ કે ૬૩ વરસ | મદીના મુનવ્વરા | વિધવા હતાં |
| ૫ | હઝરત ઝયનબ બિન્તે ખુઝૈમા | શાબાન હિ.૩ | ૫૫ વરસ | ૩૦ વરસ | ૦૩ વરસ | હિ. ૩ | ૩૦ વરસ | મદીના મુનવ્વરા | વિધવા હતાં |
| ૬ | હઝરત ઉમ્મે સલમા | શવ્વાલ હિ.૪ | ૫૬ વરસ | ૨૬ વરસ | ૦૭ વરસ | હિ. ૫૯ | ૮૦ વરસ | મદીના મુનવ્વરા | વિધવા હતાં |
| ૭ | હઝરત ઝયનબ બિન્તે જહશ | હિ. ૫ | ૫૭ વરસ | ૩૬ વરસ | ૦૬ વરસ | હિ. ૨૦ | ૫૧ વરસ | મદીના મુનવ્વરા | તલાક પામેલ હતા |
| ૮ | હઝરત જુવૈરિયા | શાબાન હિ.૫ | ૫૭ વરસ | ૨૦ વરસ | ૦૬ વરસ | રબીઉલ અવ્વલ હિ. ૫૬ | ૭૧ વરસ | મદીના મુનવ્વરા | કેદી બનીને આવ્યાં હતાં |
| ૯ | હઝરત ઉમ્મે હબીબા | હિ.સ. ૬ | ૫૭ વરસ | ૩૬ વરસ | ૦૬ વરસ | હિ. ૪૪ | ૭૨ વરસ | મદીના મુનવ્વરા | આ અબૂ સુફયાનનાં પુત્રી હતાં |
| ૧૦ | હઝરત સફિય્યા | મુહર્રમ હિ.૭ | ૫૯ વરસ | ૧૭ વરસ | પોણા ચાર વરસ | હિ. ૫૦ | ૬૦ વરસ | મદીના મુનવ્વરા | વિધવા હતાં |
| ૧૧ | હઝરત મૈમૂના | હિ.સ. ૭ | ૫૯ વરસ | ૩૬ વરસ | પોણા ચાર વરસ | હિ. ૫૧ | ૮૦ વરસ | મદીના મુનવ્વરા | વિધવા હતાં |

# મુસ્તફા ﷺના ગઝવાત

**ગઝવા કોને કહે છે ? :** મારા પ્યારા આકા ﷺના પ્યારા દીવાનાઓ ! ઈસ્તિલાહમાં (શરઈ બોલીમાં) ગઝવા એ જેહાદને કહે છે જેમાં હુઝૂર રહમતુલ લિલ આલમીન ﷺ જાતે પોતે ખુદ હાજર રહ્યા હોય, જંગ થઈ હોય કે ન થઈ હોય. અને તે ઈસ્લામી જંગો જે હુઝૂર ﷺની જાહેરી હયાતે પાકમાં લડવામાં આવી પરંતું એમાં આપ ﷺએ શિર્કત ન કરી હોય બલ્કે કોઈ સહાબીને તેમનો અમીન બનાવીને રવાના કરેલ હોય તો તે "સરય્યા" કહેવાય છે. ગઝવાનું બહુવચન ગઝવાત અને સરય્યાનું બહુવચન "સરાયા" છે.

સરાયા તથા ગઝવાત બંનેની સંખ્યાના બારામાં ઈતિહાસકારોએ મતભેદ કર્યો છે. ગઝવાતની સૌથી ઓછી સંખ્યા "૧૯" અને સૌથી વધુ "૨૭" વર્ણવવામાં આવેલી છે, જ્યારે કે "સરાયા"ની સૌથી ઓછી સંખ્યા "૪૭" અને વધુમાં વધુ "૫૬" વર્ણવવામાં આવેલી છે.

| ક્રમ | ગઝવાનું નામ | મુજાહિદોની સંખ્યા | ઈસ્લામના દુશ્મનોની સંખ્યા | તારીખ |
|---|---|---|---|---|
| ૧. | અબ્વા | ૬૦ | કુરૈશી કાફલો | સફર હિ.૨ |
| ૨. | બવાત | ૨૦૦ | ૧૦૦ (વેપારી કાફલો) | રબી.અવ્વલ હિ. ૨ |
| ૩. | સફવાન | ૭૦ | કુર્ઝ ફહરી અને તેમના હમનવા | રબી. અવ્વલ હિ.૨ |
| ૪. | ઝીલ ઉશૈરા | ૧૫૦ | વેપારી કારવાં | જમાદિયુલ આખર હિ.૨ |
| ૫. | બદરુલ કુબરા | ૩૧૩ | ૧૦૦૦ | ૧૭ રમઝાન હિ. ૨ |
| ૬. | બનૂ કનીકાઅ | વિવિધ સહાબા | ૭૦૦ | શવ્વાલ હિ. ૨ |
| ૭. | સવીક | ૨૦૦ | ૨૦૦ | ઝીલ હજ્જ હિ.સ. ૨ |
| ૮. | બનૂ સુલૈમ | ૨૦૦ | બનુ ગુત્ફાન તથા સુલૈમ | મુહર્રમ હિ. ૩ |
| ૯. | ગુત્ફાન | ૪૫૦ | બનૂ ષઅલ્બા તથા મહારિબ | રબી. અવ્વલ હિ. ૩ |
| ૧૦ | ઓહદ | ૧૦૦૦ | ૩૦૦૦ | ૬ શવ્વાલ હિ. ૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧ | હમરાઉલ અસદ | ૫૪૦ | ૨૯૭૦ | ૭ શવ્વાલ હિ. ૩ |
| ૧૨ | બનૂ નઝીર | વિવિધ સહાબા | બનૂ નઝીર | રબી. અવ્વલ હિ. ૪ |
| ૧૩ | બદરે સુગરા | ૧૫૧૦ | ૨૦૫૦ | ઝીક઼અદા હિ. ૪ |
| ૧૪ | ઝાતુર્રિક઼ાઅ | ૪૦૦ | બનૂ ષઅલ્બા તથા અન્માર | ૧૦ મુહર્રમ હિ. ૫ |
| ૧૫ | ઝવમતુલ જંદલ | ૧૦૦૦ | દવમતુલ જંદલના રહેવાસી | રબી. અવ્વલ હિ. ૫ |
| ૧૬ | મરીસીઅ (બની મુખ્તલક઼ | ૭૦૦ | લગભગ ૮૦૦ | ૩ શાબાન હિ. ૫ |
| ૧૭ | ખંદક | ૩૦૦૦ | ૧૦૦૦૦ | શવ્વાલ/ઝીક઼અદા હિ.૫ |
| ૧૮ | બની કુરૈઝા | વિવિધ સહાબા | વર્ણવેલ ક઼બીલો | ઝીલ હજ્જ હિ. ૫ |
| ૧૯ | બની લહ્યાન | ૨૦૦ | વર્ણવેલ ક઼બીલો | રબી. અવ્વલ હિ. ૬ |
| ૨૦ | ઝી ક઼રૂહ | ૫૦૦ | બનૂ ગુત્ફાન | રબી. આખર હિ. ૬ |
| ૨૧ | હુદૈબિયા | ૧૪૦૦ | મક્કાવાસીઓ | ઝી ક઼અદા હિ. ૬ |
| ૨૨ | ખૈબર | ૧૬૦૦ | ૧૦૦૦૦ | મુહર્રમ હિ. ૭ |
| ૨૩ | વાદીયુ કુરા | ૧૩૮૨ | યહૂદી રહેવાસીઓ | મુહર્રમ હિ. ૭ |
| ૨૪ | ફતહે મક્કા | ૧૦૦૦૦ | મક્કાના કુરૈશ | રમઝાન હિ. ૮ |
| ૨૫ | હુનૈન | ૧૨૦૦૦ | બનુ હવાઝિન તથા ષકીફ | શવ્વાલ હિ. ૮ |
| ૨૬ | તાઈફ | ૧૨૦૦૦ | બનૂ ષક઼ીફ તથા હવાઝિન | શવ્વાલ હિ. ૮ |
| ૨૭ | તબૂક | ૩૦૦૦૦ | રૂમી તથા અરબી | રજબ હિ.સ. ૯ |

## ★ ઈદે મીલાદની સાબિતી અને મનાવવાનો તરીકો ★

મારા પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ ! અલ્લાહ عَزَّوَجَلَّએ આપણને અસંખ્ય નેઅમતોથી નવાઝયા છે, જેની આપણે ગણત્રી નથી કરી શકતા. અલ્લાહ عَزَّوَجَلَّએ ઈર્શાદ ફર્માવ્યો : وَاِنۡ تَعُدُّوۡا نِعۡمَةَ اللّٰهِ لَا تُحۡصُوۡهَا (અને જો અલ્લાહની નેઅમતો ગણો તો તેને ગણી શકશો નહીં. સૂ. ઈબ્રાહીમ, ૧૪/૩૪ તેમજ સૂ. નહ્‌લ, ૧૬/૧૮) અલ્લાહ عَزَّوَجَلَّએ જે નેઅમતોથી આપણને નવાઝયા છે એના કેટલાય પ્રકારો છે. કેટલીક નેઅમતો હર પળ આપણી સાથે હોય છે, દા.ત. શ્વાસ કે દરેક શ્વાસમાં અલ્લાહ عَزَّوَجَلَّની બે નેઅમતો છે : બહાર નીકળનારો શ્વાસ અંદર ન જાય તો પણ આપણી

જિંદગીનો અંતિમ શ્વાસ છે, અને જો અંદર જનારો શ્વાસ બહાર ન નીકળી શકે તો પણ તે આપણી જિંદગીનો અંતિમ શ્વાસ હશે. જેથી દરેક શ્વાસ પર આપણને અલ્લાહ ﷻનો બે શુક્ર બજાવી લાવવો જોઈએ.

અલ્લાહે આપણને આંખ અતા ફર્માવી, કાન અતા કર્યા, ઝબાન આપી, બોલવાની શક્તિ આપી, આ સર્વ ચીજો અલ્લાહ ﷻની નેઅમત છે, પણ કોઈ નેઅમતને અતા કર્યા બાદ તેણે ઈન્સાનો પર એહસાન નથી જતાવ્યું. હા ! એક નેઅમત એવી છે કે જ્યારે તેણે આપણને અતા કરી તો ઈર્શાદ ફર્માવ્યો :–

لَقَدْ مَنَّ اللّٰهُ عَلَى الْمُؤْمِنِيْنَ اِذْ بَعَثَ فِيْهِمْ رَسُوْلاً مِّنْ اَنْفُسِهِمْ يَتْلُوْا عَلَيْهِمْ اٰيٰتِهٖ وَ يُزَكِّيْهِمْ وَيُعَلِّمُهُمُ الْكِتٰبَ وَ الْحِكْمَةَ وَاِنْ كَانُوْا مِنْ قَبْلُ لَفِىْ ضَلٰلٍ مُّبِيْنٍ

(બેશક ! અલ્લાહનું મહાન એહસાન થયું મુસલમાનો પર કે એમનામાં એમના જ માંથી એક રસૂલ મોકલ્યા જે એમના પર તેની આયતો પઢે છે અને તેમને પાક કરે છે અને તેમને કિતાબ તથા હિકમત શીખવાડે છે. અને તેઓ જરૂર એનાથી પહેલાં ઉઘાડી ગુમરાહીમાં હતા. સૂ. આલે ઈમરાન, ૩/૧૬૪) અલ્લાહની અતા કરેલ સર્વ નેઅમતોમાં સૌથી મહાન નેઅમત સરકારે દો આલમ ﷺની બઅષતે મુબારકા છે, કેમ કે અન્ય નેઅમતો કેવળ દુનિયાની હદ સુધી સીમિત છે પણ સરકારે દો આલમ ﷺની બઅષતના ફાયદા દુનિયામાં તો હાંસલ થાય જ છે, આખેરતમાં પણ તેના ફળો જાહેર થશે.

જ્યારે એ વાત સાબિત થઈ ગઈ કે રસૂલુલ્લાહ ﷺની તશરીફ આવરી મહાન નેઅમત છે તો જુઓ કે પરવરદિગાર નેઅમતના ચર્ચાનો હુકમ આપી રહ્યો છે. રબ તઆલાનો ઈર્શાદ છે. وَاَمَّا بِنِعْمَةِ رَبِّكَ فَحَدِّثْ (અને પોતાના રબની નેઅમતનો ખૂબ ચર્ચા કરો. સૂ. દુહા, ૯૩/૧૧) ઈદે મીલાદુન્નબી ﷺ અસલમાં તહદીષે નેઅમતે ઈલાહિયા છે.

સરકારે દો આલમ ﷺએ ભટકેલા ઈન્સાનોને ખુદાની મઅરેફત કરાવી, બુરાઈઓની ઊંડી ખાઈથી કાઢીને કુર્બે ઈલાહી (રબની નિકટતા)ની

દોલતથી સરફરાઝ કર્યા, તેમના દિલોએથી હસદ, અદાવત, કીનાની બીમારીઓ કાઢીને મહબ્બતે ઈલાહીથી સજાવી દીધા. તેમના દરમિયાન રિવાજ પામેલી જાત જાતની રસમો રિવાજોને ખત્મ કરીને એક ખૂબસૂરત સમાજનું સર્જન કર્યું અને આટલા મહાન રસૂલ કે જો મોમિનો તકલીફ કે પરેશાનીમાં પડી જાય તો તકલીફ રસૂલને થાય છે. જેવું કે અલ્લાહ ﷻએ એક સ્થળે ઈર્શાદ ફર્માવ્યો :

لَقَدْ جَآءَكُمْ رَسُوْلٌ مِّنْ اَنْفُسِكُمْ عَزِيْزٌ عَلَيْهِ مَا عَنِتُّمْ حَرِيْصٌ عَلَيْكُمْ بِالْمُؤْمِنِيْنَ رَءُوْفٌ رَّحِيْمٌ

''બેશક ! તમારી પાસે તશરીફ લાવ્યા તમારામાંથી તે રસૂલ જેમના પર તમારું તકલીફમાં પડવું ભારે પડે છે, તમારી ભલાઈના અતિશય ચાહવાવાળા, મુસલમાનો પર કમાલના મહેરબાન.'' *(સૂ. તૌબા, ૯/૧૨૮)*

જ્યારે સરકારે દો આલમ ﷺનાં આપણે ગુનેહગારો પર આટલાં બધાં એહસાનો છે તો શા માટે આપણે આપની વિલાદતના દિવસે આપના પર સલાતો સલામ ન પહોંચાડીએ ? આપના અખ્લાક઼ે કરીમાના અને આપની આદતો તથા ખૂબીઓને લોકો સમક્ષ કેમ ન વર્ણવીએ ?

## ★ સુન્નતે ઈલાહિયા ★

મારા પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ ! સૌ પ્રથમ જે મેહફિલે મીલાદુન્નબી ﷺ ગોઠવાઈ તેના હવાલાથી કુર્આને મુક઼દસ ઈર્શાદ ફર્માવે છે :

وَ اِذْ اَخَذَ اللّٰهُ مِيْثَاقَ النَّبِيّٖنَ لَمَاۤ اٰتَيْتُكُمْ مِّنْ كِتٰبٍ وَّ حِكْمَةٍ ثُمَّ جَآءَكُمْ رَسُوْلٌ مُّصَدِّقٌ لِّمَا مَعَكُمْ لَتُؤْمِنُنَّ بِهٖ وَ لَتَنْصُرُنَّهٗ قَالَ ءَاَقْرَرْتُمْ وَ اَخَذْتُمْ عَلٰى ذٰلِكُمْ اِصْرِیْ قَالُوْۤا اَقْرَرْنَا قَالَ فَاشْهَدُوْا وَ اَنَا مَعَكُمْ مِّنَ الشّٰهِدِيْنَ ۝

''અને યાદ કરો એ સમયને જ્યારે અલ્લાહે સર્વ અંબિયાથી વાયદો લીધો કે જ્યારે હું તમને કિતાબ તથા હિકમત આપીને મોકલું, ત્યારબાદ તમારી પાસે તે રસૂલ આવી જાય જે તમારા પર નાઝિલ થયેલી ચીજોનું સમર્થન કરે તો તમારે એમના પર જરૂર ઈમાન લાવવું પડશે અને તેમના

સહાયક બનવું પડશે. ફર્માવ્યું, શું તમે ઈક્રાર કરો છો ? સૌએ કહ્યું કે અમે એનો ઈક્રાર કર્યો. ફર્માવ્યું, ગવાહ બની જાવ અને હું પણ તમારી સાથે ગવાહ છું. *(સૂ. આલે ઈમરાન, આ. ૮૧)*

જણાવેલ ઈજતેમામાં હાજરજનો તથા શ્રોતાઓ સૌ નબીઓ હતા. એ મેહફિલનો વિષય નબી ﷺના ફઝાઈલ તથા સારી આદતો વિશે હતો. અલ્લાહ عزوجلએ સર્વ નબીઓથી નબી અકરમ ﷺ પર ઈમાન લાવવા અને (દીનના પ્રચારમાં) આપની મદદ કરવાનો વાયદો લીધો. જાણો કે ઝિક્રે મુસ્તફા ﷺના માટે મેહફિલ ગોઠવવી અલ્લાહ عزوجلની સુન્નત છે અને સૌ પ્રથમ મેહફિલ અલ્લાહ عزوجلએ ગોઠવી.

એક સ્થળે રબનું ફર્માન છે :

إِنَّ اللّٰهَ وَمَلٰٓئِكَتَهٗ يُصَلُّوْنَ عَلَى النَّبِيِّ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا صَلُّوْا عَلَيْهِ وَسَلِّمُوْا تَسْلِيْمًا

"બેશક ! અલ્લાહ અને તેના ફરિશ્તા દુરૂદ મોકલે છે તે ગયબ બતાવનાર (નબી) પર, હે ઈમાનવાળાઓ ! તેમના પર દુરૂદ અને ખૂબ સલામ મોકલો." *(સૂ. અહઝાબ, આ. ૫૬)*

તો નબી કરીમ ﷺ પર દુરૂદો સલામ પેશ કરવું અલ્લાહ عزوجلની સુન્નત છે, અને તેના ફરિશ્તા પણ આ કામમાં વ્યસ્ત રહે છે.

## ★ સહાબાએ કિરામ મીલાદ કેવી રીતે મનાવતા ? ★

સરકારે દો આલમ ﷺની વિલાદત પર ખુશી મનાવવી એ કોઈ બિદઅત નથી, બલ્કે ખુદ સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَએ રસૂલ ﷺની વિલાદતની ખુશી મનાવી. સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ મીલાદે પાકની ખુશીમાં દરેક પીર (સોમવાર)ના દિવસે રોઝો રાખતા હતા અને ફર્માવ્યા કરતા કે આ પીરનો દિવસ કેટલો પ્યારો દિવસ છે કે એ દિવસે સર્વ કાઈનાતના આકા વ મૌલા ﷺ તશરીફ લાવ્યા.

એક સહાબી જેમનું નામ કઅબ ઈબ્ને અહબાર رضی اللہ عنہ છે, એ ઈસ્લામ લાવતા પહેલાં યહૂદી હતા અને તૌરાત શરીફ જે અલ્લાહે હઝરત સૈયદના મૂસા પર નાઝિલ કરી હતી તેના ઘણા જ મહાન આલિમ તથા હાફિઝ હતા.

તેમના મુસલમાન થયા બાદ સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْن તેમની પાસે તશરીફ લઈ જતા અને તેમને કહેતા કે, ભાઈ કઅબ ! અમને તૌરાત શરીફની તે આયતો સંભળાવો જેમાં આકાએ દો જહાં ﷺની વિલાદતનો ઉલ્લેખ અલ્લાહ عَزَّوَجَلَّએ કર્યો છે. તો હઝરત કઅબ અહબાર رضی اللہ عنہ સહાબાએ કિરામને પોતાના ઘરે બેસાડીને તૌરાત ખોલીને તે મુબારક આયતો સંભળાવ્યા કરતા. જેમનામાં અલ્લાહ તઆલાએ હુઝૂર ﷺની શાન વર્ણવી છે સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْن જયારે અલ્લાહના પ્યારા હબીબ ﷺનો મીલાદ શરીફ સાંભળતા તો અલ્લાહ عَزَّوَجَلَّની હમ્દો ષના અને હુઝૂર નબીયે અકરમ ﷺ પર દુરૂદો સલામનું નઝરાણુ પેશ કરવા લાગતા. *(મિશ્કાત, બાબે ફઝાઈલે સૈયદુલ મુરસલીન ﷺ)*

હઝરત મુઆવિયહ رضی اللہ عنہ વર્ણવે છે કે એક દિવસે રસૂલે અકરમ નૂરે મુજસ્સમ ﷺ પોતાના હુજરા અન્વરથી બહાર તશરીફ લાવ્યા. સહાબાને બેઠેલા જોઈને ફર્માવ્યું : ؟مااجلسکم "આજે શા માટે બેઠા છો ? "તેમણે અર્ઝ કરી," અમે બેસીને તે રબ્બે કરીમનો ઝિક્ર કરી રહ્યા છીએ જેણે ફક્ત પોતાના ફઝ્લ તથા કરમથી ઈસ્લામ ધર્મ કબૂલ કરવાની હિદાયત આપી અને પોતાનો પ્યારો હબીબ અમને અતા કર્યો."

આપે તેમના આ શબ્દો સાંભળીને ઈર્શાદ ફર્માવ્યો : ان اللہ عزوجل یباھی بکم الملئکۃ "તમારા આ અમલ પર અલ્લાહ عَزَّوَجَلَّ પોતાના ફરિશ્તાઓ પર ફખ્ર ફર્માવી રહ્યો છે."

અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہથી મરવી છે કે કેટલાક સહાબા બેસીને વિવિધ અંબિયા عَلَیْهِمُ السَّلَام નો ઝિક્ર કરી રહ્યા હતા. એકે કહ્યું, હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ હતા. બીજાએ હઝરત મૂસા علیہ السلامનો ઉલ્લેખ કર્યો અને કહ્યું, તે અલ્લાહના કલીમ હતા. ત્રીજાએ હઝરત ઈસા علیہ السلامના બારામાં કહ્યું, તે કલિમતુલ્લાહ હતા. કોઈએ કહ્યું, હઝરત આદમ علیہ السلام સફીયુલ્લાહ હતા. એટલામાં હુઝૂર ﷺ તશરીફ લાવ્યા અને ફર્માવ્યું, જે કાંઈ તમે કહ્યું તે મેં સાંભળી લીધું અને એ સૌ હક્ક છે, અને મારા બારામાં

સાંભળી લો ! اَلَاوَاَنَاحَبِيْبُ اللهِ وَلَافَخْرَ ''હું અલ્લાહનો હબીબ છું અને એના પર ફખ્ર નથી.''

સ્પષ્ટ થયું કે રસૂલે ગિરામી વક઼ાર ﷺની વિલાદતના ઝિક્રને પઢવું, સાંભળવું, અને લોકોને એકત્ર કરીને તેમને સંભળાવવું એ બિદઅત નથી પણ સહાબાએ કિરામની સુન્નત છે.

અને સરકારે દો આલમ ﷺએ ફર્માવ્યું : اَصْحَابِىْ كَالنُّجُوْمِ بِاَيِّهِمُ اقْتَدَيْتُمْ اهْتَدَيْتُمْ ''મારા સહાબા તારાઓની જેમ છે, એમનામાંથી જે કોઈની પયરવી કરશો હિદાયત પર રહેશો.'' જેથી સરકારે દો આલમ ﷺની મીલાદ મનાવવામાં કોઈ પ્રકારની કોઈ ખરાબી નથી, બલ્કે સહાબાની પણ સુન્નત છે.

## ★ મીલાદુન્નબી ﷺની હક઼ીક઼ત ★

સૌ પ્રથમ એ વાત યાદ રાખી લો કે મુસલમાનોની નજીક મેહફિલે મીલાદ અથવા જશ્ને મીલાદથી મુરાદ ફક્ત હુઝૂર રહમતે આલમ ﷺના ઝિક્રે પાકના માટે ઈજતેમા કરવો જેમાં આપની પવિત્ર જિંદગી, આપના કમાલો તથા દરજાઓનું વર્ણન, આપની સૂરતમાં અલ્લાહ ﷻની મહાન નેઅમતનો ઉલ્લેખ કરવો, વિલાદતના વિષય પર અજાયબીઓનો ઉલ્લેખ, ખુશીમાં જુલૂસ કાઢવો, મુસલમાનોને દીને ઈસ્લામની તાલીમાતથી માહિતગાર કરવા અને નઅતખ્વાની તથા સદક઼ા, ખૈરાત કરવા વગેરે.

ઈમામ જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ મીલાદે રસૂલ ﷺની હક઼ીક઼ત વર્ણવતાં લખે છે :–

اِنَّ اَصْلَ الْمَوْلِدِ هُوَ اِجْتِمَاعُ النَّاسِ وَ قِرَائَةُ مَا تَيَسَّرَ مِنَ الْقُرْاٰنِ وَ رِوَايَةِ الْاَخْبَارِ الْوَارِدَةِ فِىْ مَبْدَئِ اَمْرِ النَّبِىِّ ﷺ وَ مَا وَقَعَ فِىْ مَوْلِدِهٖ مِنَ الْاٰيَاتِ ثُمَّ يُمَدُّ لَهُمْ سِمَاطٌ يَّاكُلُوْنَهٗ وَ يَنْصَرِفُوْنَ مِنْ غَيْرِ زِيَادَةٍ عَلٰى ذٰلِكَ مِنَ الْبِدَعِ الْحَسَنَةِ الَّتِىْ يثاب عَلَيْهَا صَاحِبُهَا لِمَا فِيْهِ مِنْ تَعْظِيْمِ قَدْرِ النَّبِىِّ ﷺ وَ اِظْهَارِ الْفَرْحِ وَ الْاِسْتِبْشَارِ بِمَوْلِدِهِ الشَّرِيْفِ ﷺ

''મેહફિલે મીલાદની અસ્લ એ છે કે લોકો ભેગા થઈને કુર્આનની તિલાવત કરે, અને તે હદીષોને વર્ણવે અને સાંભળે જેમાં આપના જન્મ મુબારકનો ઉલ્લેખ છે અને પછી શીરીની વહેંચવામાં આવે. આ સારા અમલો છે, તેના પર સવાબ છે, કેમ કે એમાં રિસાલત મઆબ ﷺની કદર તથા દરજાઓ અને આપના આગમન પર ખુશી પ્રદર્શિત કરવું છે.'' *(હસનુલ મક્સદ ફી અમલિલ મૌલુદ લિલ્ ફતાવા, ૨/૧૮૯)*

એ જ પ્રમાણે આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہના વાલિદે ગિરામી મૌલાના નકી અલીખાં બરેલ્વી رحمۃ اللہ علیہ લખે છે :

''મેહફિલે મીલાદની હકીકત એ છે કે એક શખ્સ કે અમુક માણસો શરીક થઈને ખુલૂસ સાથે અકીદત તથા મહોબ્બતપૂર્વક હઝરત રિસાલત મઆબ ﷺની વિલાદતે પાકની ખુશી તથા આ મહાન નેઅમત અલ્લાહની અઝીમ નેઅમતના શુક્રમાં ઝિક્ર શરીફના માટે મેહફિલ ગોઠવે અને વિલાદત બાસઆદતના હાલાત તથા રઝાઅત (દૂધ પીવાના ગાળા વિશે) તથા વહીના નુઝૂલની કૈફિયત તથા રિસાલતના મર્તબાની પ્રાપ્તિ તથા મેઅરાજના અહવાલ તથા હિજરત તથા ઈરહાસાત તથા મોજિઝાઓ તથા હુઝૂર ﷺના અખ્લાકો આદાત અને હુઝૂરની મહાનતા અને અઝમત જે ખુદા તઆલાએ ઈનાયત ફર્માવી અને હુઝૂર ﷺની તાઝીમ તથા તૌકીરની તાકીદ અને તે ખાસ મામલાઓ તથા ફઝાઈલો કમાલાત જેનાથી હઝરતે અહદિયત عزوجلએ પોતાના હબીબ ﷺને ખાસ તથા સર્વ મખ્લૂકથી વિશિષ્ટ કર્યા, અને એ પ્રકારના હાલાત તથા બનાવો હદીષો તથા સહાબાના આષાર મોઅતબર કિતાબોથી મજમામાં વર્ણન કરવામાં આવે, અને બયાન દરમિયાનમાં કિતાબ પઢનાર તથા વાઈઝ દુરૂદ પઢતાં જાય અને શ્રોતાઓ તથા હાજરજનો પણ દુરૂદ પઢે. ત્યારબાદ માહઝર (શીરીની વગેરે) વહેંચે. આ સૌ ચીજો મુસ્તહસન તથા મુહઝ્ઝબ છે અને તેની ખૂબી કતઈ દલીલો તથા રોશન દલીલોથી સાબિત છે. *(ઈઝાકતુલ અષામ લિમાનઈ અમલુલ મૌલુદો કયામ, પેજ–૩૯)*

સરકારે દો આલમ ﷺની વિલાદતની ખુશીમાં આપણે આપણા

ઘરોમાં લાઈટીંગ કરવું, જો અલ્લાહ ﷻએ હૈસિયતવાળા બનાવ્યા છે તો પોતાના અને પોતાના બીવી બચ્ચાં માટે નવાં કપડાં સીવડાવવાં, વિલાદતની રાત્રે શબ બેદારી અને નફ્લો તથા ઝિક્રમાં ગુજારવી, ઝિક્ર તથા દુરૂદની મેહફિલો ગોઠવવી, લોકોને ભેગા કરીને સરકારે દો આલમ ﷺના ફઝાઈલ તથા કમાલો અને વિલાદતના સમયે પ્રદર્શિત થનારી અજાયબીઓનો ઉલ્લેખ કરવો, સુબ્હ સાદિક઼ વખતે ઉભા થઈને સલાતો સલામ પઢવી, વિલાદતના દિવસે રોઝો રાખવો, સવારે ગુસ્લ કરવું, સુરમો લગાડવું, અત્તર લગાડવું, ગરીબો, યતીમો, મિસ્કીનો પર ઉદાર દિલે ખર્ચ કરવું, આપસમાં એકબીજાને મુબારકબાદ પેશ કરવી, વગેરે વગેરે એ સર્વ અમલો મુસ્તહબ તથા મુસ્તહસન છે, કે એમને કરવામાં સવાબ જ સવાબ છે.

અમુક લોકોને જોવામાં આવ્યા છે કે બારહ રબીઉલ અવ્વલના મોકા પર જાત જાતની બેહૂદગીઓ કરે છે, કેટલાક લોકો ફટાકડા ફોડે છે, શોર ધાંધલ મચાવે છે, એ સરાસર ગુનાહનાં કામો છે. અલ્લાહ ﷻએ ઈર્શાદ ફર્માવ્યો : اِنَّ الْمُبَذِّرِيْنَ كَانُوْٓا اِخْوَانَ الشَّيٰطِيْنِ ''ફુઝૂલખર્ચી'' કરવાવાળા શૈતાનોના ભાઈ છે.'' (સૂ. બની ઈસ્રાઈલ, ૧૭/૨૭) જેથી એવાં કામોથી દૂર રહેવું પડશે જે અલ્લાહ ﷻના ગઝબના સબબ બને.

## ★ ઈદે મીલાદ મનાવવાનો ફાયદો ★

મારા પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ ! રહમતે આલમ ﷺની મીલાદ મનાવવાના અગણિત ફાયદા ઈલ્મવાળાઓ એ કિતાબોમાં લખ્યા છે, અમે અહીં બુખારી શરીફની એક રિવાયત લખીએ છીએ :

''મશહૂર દુશ્મને રસૂલ અબૂ લહબ જે સરવરે કૌનેન ﷺનો કાકો હતો. એને આપની વિલાદતની એટલી ખુશી થઈ હતી કે તેણે પોતાની તે લોંડી જેણે તેને ખુશખબર સંભળાવી હતી તેને તરત જ આઝાદ કરી આપી. મરવી છે કે જ્યારે તેની લોંડી ષૌબિયાએ આવીને તેને બતાવ્યું કે તમારા મર્હૂમ ભાઈ અબ્દુલ્લાહ (رضی اللہ عنہ)ના ઘરે ખુદાએ પુત્ર અતા કર્યો છે, તો એ ખુશીના આલમમાં લોંડીને કહ્યું કે, ''જા ! હું તને આઝાદ કરું છું !''

મૃત્યુ બાદ હઝરત અબ્બાસ رضی اللہ عنہ એ અબૂ લહબને ખ્વાબમાં જોયો અને પૂછયું કે જહન્નમમાં તારો શો હાલ છે ? બોલ્યો, મેં ષૌબિયાને જે મુહમ્મદ (ﷺ)ની વિલાદતની ખુશખબરી સાંભળીને આઝાદ કરી આપી હતી, એના કારણે સોમવારના દિવાસે મારા અઝાબમાં ઘટાડો થઈ જાય છે. *(બુખારી)*

વિચારવાનો મક઼ામ છે કે એક કાફિર હુઝૂર રહમતે આલમ ﷺની વિલાદતની ખુશી મનાવે છે તો તેના અઝાબમાં કમી થઈ જાય છે, જો મુસલમાન હુઝૂર નૂરે મુજસ્સમ ﷺની વિલાદતની ખુશીમાં ઈદે મીલાદુન્નબી ﷺના જલસા તથા જુલૂસ કાયમ કરે તો તેમને કેટલો સવાબ મળશે ?!

## દિલ કી યે આરઝૂ હૈ દરે મુસ્તફા મિલે

અઝ : હઝરત હસ્નૈનમિયાં નઝમી મારેહરવી رحمۃ اللہ علیہ

દિલ કી યે આરઝૂ હૈ દરે મુસ્તફા મિલે
અબ ઈસ કે આગે ઔર દુઆ ક્યા હો ક્યા મિલે
રાહે ખુદા મેં વક઼્ફ કરેં સારી ઝિંદગી
યા રબ હમેં ભી જઝબએ શેરે ખુદા મિલે
મોમિન વહી હૈ જો કે ફના ફિર્રસૂલ હો
ઈશ્ક઼ે નબી જો પા લે ઉસી કો ખુદા મિલે
સરકાર ઈસ ગુલામ પે હો જાએ એક નઝર
બસ એક ક઼બ્ર ભર કી મદીને મેં જા મિલે
કલમા પઢે રસૂલ કા ઔર ગાલિયાં ભી દે
હૈરાન હૂં કે ઐસોં કો કૈસી સઝા મિલે
તબ્લીગે દીં કી આળ મેં ફૈલાએ નજદિયત
ઐસે મુનાફિક઼ીન સે મેરી બલા મિલે
રબ કે કરમ સે હમ કો હિદાયત કે વાસ્તે
અજમેર વાલે હઝરત ખ્વાજા પિયા મિલે
ઈશ્ક઼ે રસૂલે પાક સે સરશાર કર દિયા
રેહબર કે રૂપ મેં હમેં અહમદ રઝા મિલે
આસાન પુલ સિરાત હો 'નઝમી' કે વાસ્તે
આમીન જિબ્રઈલ સે મેરી દુઆ મિલે

# કરોળોં દુરૂદ

કઅબેકે બદરુદ્દુજા તુમ પે કરોળોં દુરૂદ
તયબહ કે શમ્સુદુહ઼ા તુમપે કરોળોં દુરૂદ

શાફએ રોઝે જઝા તુમપે કરોળોં દુરૂદ
દાફએ જુમ્લા બલા તુમપે કરોળોં દુરૂદ

જાન વ દિલે અસ્ફિયા તુમપે કરોળોં દુરૂદ
આબ વ ગુલે અંબિયા તુમપે કરોળોં દુરૂદ

લાએં તો યહ દુસરા દુસરા જિસકો મિલા
કૌશકે અર્શ વ દના તુમપે કરોળોં દુરૂદ

ઔર કોઈ ગયબ ક્યા તુમસે નિહાં હો ભલા
જબ ન ખુદા હી છુપા તુમપે કરોળોં દુરૂદ

તૂર પે જો શમ્અ થા ચાંદ થા સાઈ઼રકા
નય્યરે ફારાં હુવા તુમપે કરોળોં દુરૂદ

દિલ કરો ઠંડા મેરા વો કફે પા ચાંદસા
સીના પે રખ દો ઝરા તુમપે કરોળોં દુરૂદ

શાફએ રોઝે જઝા તુમ પે કરોળોં દુરૂદ
દાફએ જુમ્લા બલા તુમપે કરોળોં દુરૂદ

લાએં તો યહ દુસરા દુસરા જિસકો મિલા
કૌશકે અર્શો દના તુમ પે કરોળોં દુરૂદ

ઔર કોઈ ગયબ ક્યા તુમસે નિહાં હો ભલા
જબ ન ખુદા હી છુપા તુમપે કરોળોં દુરૂદ

તૂર પે જો શમ્અ થા ચાંદ થા સાઈરકા
નૈયરે ફારાં હુવા તુમ પે કરોળોં દુરૂદ

દિલ કરો ઠંડા મેરા વો કફે પા ચાંદસા
સીના પે રખ દો ઝરા તુમપે કરોળોં દુરૂદ

ઝાત હૂઈ ઈન્તિખાબ વસ્ફ હૂવે લાજવાબ
નામ હુવા મુસ્તફા તુમ પે કરોળોં દુરૂદ

તુમસે જહાંકી હયાત તુમસે જહાંકા ષબાત
અસ્લસે ઝિલ્લ બંધા તુમપે કરોળોં દુરૂદ

મગ્ઝ હો તુમ ઔર પોસ્ત ઔર હૈં બાહર કે દોસ્ત
તુમ હો દરૂને સિરા તુમપે કરોળોં દુરૂદ

ક્યા હૈં જો બેહદ હૈં લોષ તુમ તો હો ગ઼ૈષ ઔર ગ઼ૌષ
છીંટે મેં હોગા ભલા તુમ પે કરોળોં દુરૂદ

તુમ હો હફીઝો મુગ઼ીષ ક્યા હે વો દુશ્મન ખબીષ
તુમ હો તો ફિર ખૌફ ક્યા તુમ પે કરોળોં દુરૂદ

વો શબે મેઅરાજ રાજ વો સફે મહશરકા તાજ
કોઈ ભી ઐસા હુવા તુમ પે કરોળોં દુરૂદ

જાન વ જહાને મસીહ દાદ કે દિલ હૈ જરીહ
નબ્ઝેં છુટેં દમ ચલા તુમ પે કરોળોં દુરૂદ

ઉફ ! વો રહે સંગલાખ આહ ! યે પા શાખ શાખ
અય મેરે મુશ્કિલ કુશા તુમ પે કરોળોં દુરૂદ

તુમસે ખુલા બાબે જૂદ તુમસે હૈ સબકા વજૂદ
તુમસે હૈ સબકી બક઼ા, તુમ પે કરોળોં દુરૂદ

ખસ્તા હૂં ઔર તુમ મઆઝ બસ્તા હૂં ઔર તુમ મલાઝ
આગે જો શહકી રઝા તુમપે કરોળોં દુરૂદ

ગરચે હૈં બેહદ કુસૂર તુમ હો અફૂવ્વુ ગફૂર
બખ્શ દો જુર્મો ખતા તુમ પે કરોળોં દુરૂદ

મહરે ખુદા નૂર નૂરે દિલ હૈ સિયહ દિન હૈ દૂર
શબમેં કરો ચાંદના તુમ પે કરોળોં દુરૂદ

તુમ હો શહીદો બસીર ઔર મૈં ગુનાહ પર દિલેર
ખોલ દો ચશ્મે હયા તુમ પે કરોળોં દુરૂદ

છીંટ તુમ્હારી સહર છૂટ તુમ્હારી કૃમર
દિલમેં રચા દો ઝિયાઅ્ તુમપે કરોળોં દુરૂદ

તુમસે ખુદા કા ઝહૂર ઉસસે તુમ્હારા ઝહૂર
لِمْ હૈં યહ વો اِنْ હુવા તુમપે કરોળોં દુરૂદ

બેહુનર વ બેતમીઝ કિસકો હૂએ હૈં અઝીઝ
એક તુમ્હારે સિવા તુમ પે કરોળોં દુરૂદ

આસ હૈ કોઈ ન પાસ એક તુમ્હારી હૈ આસ
બસ યહી હૈ આસરા તુમપે કરોળોં દુરૂદ

તારિમે આ'લા કા અર્શ જિસ કફે પા કા હૈ ફર્શ
આંખોં પે રખ દો ઝરા, તુમપે કરોળોં દુરૂદ

કહને કો હૈં આમ વ ખાસ એક તુમહી હો ખલાસ
બંદ સે કર દો રિહા તુમ પે કરોળોં દુરૂદ

તુમ હો શિફાએ મર્ઝ, ખલ્કે ખુદા ખૂદ ગરઝ
ખલ્ક કી હાજત ભી કયા, તુમ પે કરોળોં દુરૂદ

આહ ! વો રાહે સિરાત બંદો કી કિતની બિસાત
અલ્મદદ અય રહનુમા ! તુમ પે કરોળોં દુરૂદ

બેઅદબો બદ લિહાઝ કર ન સકા કુછ હુફ્ફાઝ
અફુવ પે ભૂલા રહા તુમ પે કરોળોં દુરૂદ

લો તહે દામન કે શમ્અ ઝોંકોંમેં હૈ રોઝે જમઅ
આંધીયોં સે હશ્ર ઉઠા તુમ પે કરોળોં દુરૂદ

સીના કે હૈ દાગ દાગ કહ દો કરે બાગ બાગ
તયબહસે આકર સબા તુમ પે કરોળોં દુરૂદ

ગેસૂઓ કદ લામ અલિફ કર દો બલા મુન્સરિફ
લા કે તહ તેગ લા તુમપે કરોળોં દુરૂદ

તુમને બરંગે ખુલ્ક જૈબે જહાં કરકે શક
નૂર કા તળકા કિયા તુમ પે કરોળોં દુરૂદ

નોબતે દર હૈ ફલક ખાદિમે દર હૈં મલક
તુમ હો જહાં બાદશાહ તુમ પે કરોળોં દુરૂદ

ખલ્ક તુમ્હારી જમીલ ખુલ્ક તમ્હારા જલીલ
ખલ્ક તુમ્હારી ગદા તુમપે કરોળોં દુરૂદ

તયબહ કે માહે તમામ જુમ્લા રુસુલ કે ઈમામ
નવશએ મુલ્કે ખુદા તુમપે કરોળોં દુરૂદ

તુમસે જહાં કા નિઝામ તુમ પર કરોળોં સલામ
તુમપે કરોળોં ષના તુમપે કરોળોં દુરૂદ

તુમ હો જવ્વાદો કરીમ તુમ હો રરફો રહીમ
ભીક હો દાતા અતા તુમ પે કરોળોં દુરૂદ

ખલ્ક કે હાકિમ હો તુમ રિઝ્ક કે કાસિમ હો તુમ
તુમસે મિલા જો મિલા તુમ પે કરોળોં દુરૂદ

નાફેઅ વ દાફેઅ હો તુમ શાફેઅ વ રાફેઅ હો તુમ
તુમસે બસ અફઝૂં ખુદા તુમપે કરોળોં દુરૂદ

શાફી વ નાફી હો તુમ કાફી વ વાફી હો તુમ
દર્દ કી કર દો દવા તુમપે કરોળોં દુરૂદ

કામ વો લે લીજિએ તુમકો જો રાઝી કરે
ઠીક હો નામે **‘રઝા’** તુમ પે કરોળોં દુરૂદ

❑ ❑ ❑